Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# भजनपदसंग्रह

भाग ६

अध्यात्मज्ञानप्रसारक मंडळ

मुंबई

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्रीमद् बुद्धिसागरजी ग्रन्थमाला, ग्रन्थांक—२१.

# ભજન કવ્વાલિ કાવ્યસંગ્રહ.

## ભાગ છઠ્ઠો.

કર્ત્તા

योगनिष्ठ मुनिराज श्रीबुद्धिसागरजी.

મુંબાઈ ઝવેરી મંડળની મદદથી.

પ્રસિદ્ધકર્તા

श्री अध्यात्मज्ञानप्रसारक मंडळ. मुंबाई.

( चंपागली )

હા. શા. લલ્લુભાઈ કરમચંદ દલાલ.

પ્રત ૧૦૦૦.

વીરસંવત્ ૨૪૩૮. વિક્રમ સં. ૧૯૬૮.

મુંબાઈ:—નિર્ણયસાગર પ્રેસ.

કિં. ૦-૧૨-૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Printed by B. R. Ghanekar, at the "Nirnaya-sagar" Press,
23, Kolbhat Lane, Bombay.

and

Published by Lallubhai Karamchand Dalal for Adhyatma
Genanaprasarak Mandal, Champagalli :

BOMBAY.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભજન કવ્વાલિ કાવ્યસંગ્રહ.

## ભાગ છઠ્ઠો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

गुणदृष्टि, ए, मोक्षमार्गनी निस्सरणी छे.

ॐ

ज्ञान, ए, सर्वोत्तम लक्ष्मी छे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રસ્તાવના.

## ભજનકવ્વાલિકાવ્યસંગ્રહ ભાગ છઠ્ઠો અને તત્સંબંધી વિચારો.

**શ્રી**મદ્ સદ્ગુરૂરાજ મુનીશ્રી બુદ્ધિસાગરમહારાજરચિત ભજન (કવ્વાલિ) કાવ્યસંગ્રહ ભાગ છઠ્ઠાનું મનન કરીએ છીએ ત્યારે તેમાં અનેક બાબતો સંબંધી હૃદયોદ્ગારના ઉભરાઓ પ્રતિભાસે છે. **હૃદયકવિથીજ** સરસ કાવ્ય બને છે. કાવ્યોના તે તે વિષયના અધિકાર અને પ્રસંગને લેઈ અનેક ભેદો પડે છે. કેટલાક કવિયો શૃઙ્ગારરસમય કવિતાઓને રચવામાં સ્વબુદ્ધિ કૌશલ્યનો ઉપયોગ કરે છે. કેટલાકો વીરરસમય કવિતાઓમાં મશગુલ બને છે. પણ મનુષ્યોની ઉન્નતિ કરવામાં કયા કયા વિષયોની આવશ્યકતા છે, તેનું જ્ઞાન ધરાવનારા મહાત્માઓના હૃદયમાંથી તો સ્વાભાવિકરીત્યા તે તે વિષયના ઉભરાઓના પ્રવાહો વહે છે. જગત્કલ્યાણ કરવામાં તત્પર થએલા મહાત્માઓના હૃદયમાંથી જે સરસ અને તાત્વિક ઉદ્ગારો નીકળે છે તેને વાંચનાર મનુષ્યો તે તે દિશા તરફ પ્રવૃત્તિ કરીને સ્વકીયોન્નતિ કરે છે. જ્ઞાનિ મહાત્માઓના મનમાં જે ઉભરાઓ પ્રગટે છે તે વૈખરી વાણીદ્વારા, બહિર્—કાવ્યરચનારૂપે જગત્માં પ્રકાશે છે; માટે તત્તત્ વિષયસંબંધી કાવ્યો, ખરેખર ઔષધીઓ, નદીઓ, મેઘો, અન્ન, જલ અને પ્રાણવાયુની માફક જગત્માં અનેક પ્રકારના ઉપકાર કરવા સમર્થ બને છે. **"હૈયે તેવું હોઠે"** આજ કહેવત પ્રાયઃ જ્યાં ત્યાં ખરી દેખવામાં આવે છે. **શ્રી**મદ્ના રચિત કાવ્યોમાં પણ આ પ્રકારે હૃદયોદ્ગાર કાવ્યની ઝાંખી જ્યાં ત્યાં અવભાસે છે. તેમના હૃદયમાં તે તે વિષયોની કેટલી રમણતા હશે અને તે તે વિષયોને તેઓ કેટલાબધા ઉંડા ઉતરીને અનુભવે છે અને તેને તે તે રૂપે હૃદયવીણારૂપ મુખદ્વારથી બહાર પ્રકાશે છે તે, આ કાવ્યોથી સુજ્ઞોને સમજાશે, સુજ્ઞ વાચકોના હૃદયમાં પ્રકાશ અને અસર કર્યાવિના આ કાવ્યો રહેશે નહિ.

આ કવ્વાલિ કાવ્યસંગ્રહને સ્થિર ચિત્તથી જેમ જેમ ઉંડા ઉતરીને વાંચવામાં આવે છે તેમ તેમ વાચકના હૃદયપર શબ્દોની દઢ અસર એવી સરસ થાય છે કે તેનું સ્વરૂપ દર્શાવવાને કયા શબ્દો વાપરવા તેની પણ સમજ પડતી નથી. સાક્ષર વર્ગને આ કાવ્ય અભિનવ આવશ્યક, સરસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રતિભા અર્પે છે. તેઓ શ્રીકૃત અમારી સેવા એ નામનું પ્રથમ કાવ્ય વસ્તુતઃ અવલોકતાં અવબોધાય છે કે, તે સેવાદ્વારા ઉન્નતિક્રમ આ પ્રમાણે સાધી શકાય છે. તેની થોડી કડીઓ અત્ર વિચારીએ.

**दउं उपदेश जीवोने, प्रतिफलनी नथी इच्छा।**
**फरज म्हारी अदा करवी, पडे जो प्राण तो पण शुं ? ॥**
**बधांने बोध देवाने, हलावीशुं भली जिव्हा।**
**दयाभक्तो बनावाने, पडे जो प्राण तोपण शुं ? ॥**
**जीवोनी शान्तिनामाटे, भला लेखो लख्या लखशुं।**
**खरो उपदेश देतां रे, पडे जो प्राण तोपण शुं ? ॥**

**શ્રી**મદ્ કથે છે કે હું ઉપદેશ દઉં છું પણ મારે તેનો બદલો લેવાની ઇચ્છા નથી; આ ઉપરથી તેઓ નિષ્કામ સેવાને સ્વીકારે છે અને અન્યોને પણ નિષ્કામ સેવાનું ઉત્તમ રહસ્ય આ કાવ્યથી અવબોધે છે. સાધુઅવસ્થામાં ઉપદેશ દેવો એ પોતાની ફરજ છે એમ હૃદયથી ખુલ્લું પ્રકાશે છે. સર્વને પ્રસંગોપાત્ત બોધ અર્પવા ભલી જિવ્હા હલાવીશું. આ કડીથી તેમના આત્મામાં ઉપકારબુદ્ધિ કેટલી બધી જાગ્રત્ થઈ છે તે સહેજે પ્રકાશિત થાય છે. સર્વને દયાના સિદ્ધાંતના ભક્તો બનાવવાને તેમનું મન દૃઢ સંકલ્પ કરે છે. **सर्वे धर्मस्य मूलं दया, अहिंसा परमोधर्मः** ॥ આજ સિદ્ધાંત **શ્રી**મદ્‌ના હૃદયમાં રમી રહ્યો છે. સર્વને દયાદૃષ્ટિમય કરી દેવાની અત્યુત્તમ ભાવના તેમની અત્યન્ત પ્રશંસનીય છે, એમ આ વાક્યોથી માન્યા વિના છૂટકો થતો નથી. મનુષ્યો, પશુઓ, પંખીઓ અને અન્ય જીવોની શાંતિમાટે દયા, પ્રેમ અને ભ્રાતૃભાવવાળા સરસ લેખો લખ્યા છે અને ભવિષ્યમાં લખીશું. આવી તેમની હૃદયભાવના કેટલી બધી ઉચ્ચ છે તેનો વાચકો ખ્યાલ કરશે. કેમકે, ઉપદેશ દેવો અને લેખ લખવા, તેમજ સર્વને દયામય બનાવવા, આવા પ્રકારની ઉત્તમ ભાવના ધરવી, ઇત્યાદિમાં જો પ્રાણ પડે તોપણ તેનો હિસાબ નથી; આજ તેમની સાધુતાનું ઉત્તમ લક્ષણ છે. મનુષ્યની વાણીના ઉદ્ગારથી, ઉત્તમતા અવલોકી શકાય છે. **સવી જીવ કરૂં શાસન રસી, એસી ભાવદયા મન ઉલ્લસી.** આવી ભાવના થતાં તીર્થંકર નામકર્મ બંધાય છે. તેમ **શ્રી**મદ્‌ની પણ સર્વ જીવોને દયાભક્તો બનાવવાની અત્યુત્તમ ભાવના છે, તેથી તેમનો આત્મા, શ્રીતીર્થંકરપદની યોગ્યતાને પાત્ર ચઢતે ભાવે કોઈ ભવમાં થાય તો તેમાં કશું આશ્ચર્ય નથી. તેઓ શ્રી **अमारो प्रेम** એ કાવ્યમાં પોતાના શુદ્ધ પ્રેમનો ઉત્તમ ચિતાર વાચકની દૃષ્ટિ આગળ ખડો કરે છે.

**" अमारो प्रेम सर्वत्र, जरा नहि स्वार्थनो छांटो. "**
**" सजीवन प्रेमथी सघळा, नवुं जीवन जणातुं रे. "**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**म्हने तो सर्व जीवोपर, हृदयमां प्रेम बहु थावे ।**
**जगत्नो बाग जीवोनो, बनी माळी वधो सिञ्चुं. " ॥**

**શ્રી**મદ્ કથે છે કે અમારો પ્રેમ સર્વ, સર્વ જીવોપર છે, સ્વાર્થનો છાંટો પણ તેમાં નથી. જે પ્રેમમાં સ્વાર્થ હોય છે તે ઉચ્ચ પ્રેમ ગણાતો નથી. સ્વાર્થનો પ્રેમ મલીન અને ક્ષણિક છે. પ્રેમથી સઘળા સજીવન લાગે છે અને શુદ્ધ પ્રેમથી મનુષ્યજીવન અભિનવ પ્રકારનું જણાય છે. પ્રેમ વિનાનું જીવન શુષ્ક છે. પોતાના હૃદયઉદ્ગાર કાઢી જણાવે છે કે મ્હને તો સર્વ જીવોપર શુદ્ધ પ્રેમ પ્રગટે છે અને તેથી જગત્ના જીવોના બાગને શુદ્ધ પ્રેમ મૂર્તિમય માળી બનીને તેને સિઞ્ચું અને સર્વ જીવોના ગુણોનો વિકાસ કરૂં; એવી ભાવના થાય છે. અહા!!! આ વાક્ય કેટલું બધું ઉત્તમોત્તમ છે. મહાત્માના હૃદય વિના આવા ઉદ્ગાર અન્યત્ર ક્યાંથી પ્રગટી શકે ? તેઓ શ્રી પુનઃ ઉચ્ચ શુદ્ધ પ્રેમનું સ્વાનુભવથી સ્વરૂપ નીચે પ્રમાણે પ્રગટાવે છે.

**हृदयप्रेमाद्रिथी झरतां, दया झरणां भलां म्हारां ।**
**करावुं स्नान जीवोने, शीतलता आपवी नक्की ॥**

હૃદયના પ્રેમરૂપ પર્વતમાંથી ભલાં એવાં દયાજલનાં ઝરણાં ઝરે છે, તેમાં જગત્જીવોને સ્નાન કરાવીને તેઓને નક્કી મ્હારે શીતલતા આપવી છે. આ વાક્યથી **શ્રી**મદ્નું હૃદય કેટલા ઉત્તમ દયાના ઉદ્ગારોથી સરોવરવત્, છલાં છલાં થઈ રહ્યું છે, તે વાચકો અવબોધી શકશે. કલાપી પોતાના કાવ્યોથી એક વ્યક્તિમાં સાંસારિક પ્રેમ સ્થાપે છે. નરસિંહ અને દયારામ કવિ, તેમના માનેલા કૃષ્ણપરમાત્મામાંજ મુખ્યતાએ પ્રેમની સ્થાપના કરે છે. પણ **શ્રી**મદ્ સદ્ગુરુ તો સર્વત્ર, સર્વ જીવોપર પ્રેમની વૃષ્ટિ વર્ષાવે છે. એમર્સનના કાવ્યમાં તેનો પ્રેમ સર્વત્ર સર્વ જીવોપર ભાસે છે અને **શ્રી**મદ્નો પ્રેમ તો તેનાથી પણ ઉત્તમોત્તમ, સર્વ જીવોપર વર્ષે છે. વિશાળ દયા અને પરોપકારમય પ્રેમ જેનામાં હોય છે તેજ મહાત્માના પદને પાત્ર થાય છે. **શ્રી**મદ્ના ઉદ્ગારોથી તેઓ શ્રી મહાત્મા સિદ્ધ ઠરે છે. કેમકે તેઓ શ્રીનો શુદ્ધ પ્રેમ સર્વ જીવોપર વર્તે છે; પ્રેમ વાણીમાં એકલો ન હોવો જોઇએ પણ ચારિત્રમાં દેખાવો જોઇએ–સાધુ થઇને સર્વ જીવોની દયા પાળે છે તેથી કહેણીમાં અને રહેણીમાં પ્રેમની બરાબર સત્યતા, તેમનામાં અવલોકાય છે. જેને સર્વે જીવો પોતાના આત્મસમાન લાગે છે, તેને આખું જગત્ એક કુટુમ્બસમાન ભાસે છે. આવા પ્રેમની અવધિ હોતી નથી. કેટલાક લોકો પોતાના દેશીય મનુષ્યોપરજ પ્રેમ રાખે છે અને ઇતર દેશીયને અરિભૂત કલ્પીને તેઓનું ઇષ્ટિતત્ત્વ ચુસવા પ્રયત્ન કરે છે, કિન્તુ **શ્રી**મદ્ને સર્વત્ર આત્મભાવના પ્રગટ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાથી, સ્વદેશીય અને વિદેશીય મનુષ્યોમાં (સ્વાર્થનો ભેદ અપસરવાથી) ઐક્યભાવ લાગે છે તે નીચેની કડીથી સિદ્ધ થાય છે.

**हृदयना प्रेमी बंधुओ, स्वदेशी के विदेशी सहु ।**
**जरा नहि भेद हुं तुंनो, बधामां ज्ञाननी ज्योति ॥**

બે સરોવર વચ્ચે પાળ હોય અને તે પાળના ભેદે બે સરોવરો દેખાતાં હોય, કિન્તુ જો વચ્ચેની પાળને તોડી નાખવામાં આવે તો બન્નેનું ઐક્ય થાય છે, તદ્વત્ સ્વદેશીય અને વિદેશીયની જે જે ઉપાધિ હોય છે તે શુદ્ધ પ્રેમના બળ આગળ ટકી શકતી નથી. અને તેથી તેમાં, શુદ્ધ પ્રેમીને હું તું નો અંશમાત્ર પણ ભેદ લાગતો નથી. આવી શુદ્ધ પ્રેમની લહેરી જ્યારે હૃદયમાં પ્રગટે છે ત્યારે હૃદયવીણા અભેદ ભાવનાના સ્વર કાઢે છે. **बधामां ज्ञाननी ज्योति.** આ વાક્યથી સકલમાં જ્ઞાનની જ્યોતિ છે તેથી સર્વ એકસરખા છે, એ હેતુથી **શ્રી**મદ્‌થી સર્વત્ર પ્રેમ ધારણ કરવામાં આવ્યો છે તે યથાયોગ્ય સત્ય ઠરે છે. આવો અપૂર્વ શુદ્ધ પ્રેમનો પ્રાદુર્ભાવ જેના હૃદયમાં થાય છે, તે મનુષ્ય અન્યોને આત્મદૃષ્ટિથી દેખી શકે છે. કહ્યું છે કે **आत्मवत् सर्वे जीवेषु यः पश्यति स पश्यति.** અર્થાત્ પોતાના આત્માની પેઠે જે અન્યને દેખે છે તેજ દેખનાર ધારવો. શામળ, દલપતરામ અને પ્રેમાનન્દે આવી રીતે શુદ્ધ પ્રેમનું સ્વરૂપ સ્વાનુભવોદ્વારે બહિર પ્રકાશ્યું હોય, એવું તેઓના કાવ્યોથી પ્રાયઃ જણાતું નથી; જે કાવ્યોમાં હૃદય રેડવામાં આવ્યું હોય તે સરસ કાવ્ય ગણાય છે. **શ્રી**મદ્ ગુરૂશ્રીના કાવ્યમાં નૂતન કાવ્યરચના પદ્ધતિ અવલોકાય છે. વસ્તુતઃ વિચારીએ તો હૃદયનો સ્ફુરણારસ જેમાં રેડાય છે તે કાવ્યનેજ કાવ્ય તરીકે ઉલ્લેખી શકાય. આધુનિક કવિયો કલાપીને અને મસ્તાન કવિને કવિ તરીકે ઉપર્યુક્ત પદ્ધતિએ ગણે તો તે યથાયોગ્ય છે. કિન્તુ કલાપી અને બાળાશંકરની કવિતામાં એક મર્યાદિત,–સાધ્યબિન્દુમાં પ્રેમનો પ્રવાહ રેડાયો છે; પણ **શ્રી**મદ્‌નો શુદ્ધ પ્રેમપ્રવાહ તો સર્વત્ર અમર્યાદિત વહ્યો છે; તેથી વાચકોની પ્રેમની સંકુચિત મર્યાદા ટળી જાય અને સર્વત્ર, સર્વ જીવોપર અનવધિ દયામય પ્રેમ પ્રગટે; એ વિશાલ પ્રેમભાવનાનો ઉદ્દેશ આ કાવ્યથી સિદ્ધ થાય છે. આ કાવ્યના મનનથી જો સર્વત્ર, સર્વ જીવોપર શુદ્ધ પ્રેમ ધારણ કરનારા મનુષ્યો પ્રગટે તો રાજ્યકલહ, ગૃહકલહ, દેશયુદ્ધ, સ્વાર્થદૃષ્ટિ અને હિંસકબુદ્ધિ, વગેરે દોષોને રહેવાનું સ્થાન ન મળે એ બનવા યોગ્ય છે.

**શ્રી**મદે " **म्हारो जन्म शा सारु** " એ હેડીંગવાળું કાવ્ય રચ્યું છે તેની કેટલીક કડીઓ નીહાળીએ.

**जगत्मां जन्म शामाटे, थयो शा पुण्यथी म्हारो ।**
**विचारे सत्य परखायुं, घणुं छे कार्य करवानुं ॥ १ ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ग्रह्युं जे जे बधामांथी, बधांने आपवुं पाछुं ।**
**सकलने आत्मवत् लेखी, यथाशक्ति भलुं करवुं ॥ २ ॥**

**આ** બે કડીયોમાં સ્વાત્મોન્નતિ અને અન્ય આત્માઓના શ્રેયઃસારૂ મારો મનુષ્યજન્મ છે, એમ તેમના હૃદયનો સમુચ્ચયાર્થ ભાસે છે. મનુષ્યજન્મ પામીને જ્ઞાન, દર્શન અને ચારિત્રની પ્રાપ્તિરૂપ, અન્યોને સુખનું સ્વરૂપ બતાવવું, અન્યોના દોષ ટાળવા, ઉપદેશ દેવા, અન્યોના ઉપકારને પાછા વાળવા; અને ઉન્નતિક્રમના પગથીયાપર ચઢવું ઇત્યાદિ ઘણું કાર્ય કરવાનું છે. ખાવું, પીવું, એશઆરામ કરવો, પેશાબ કરવો, ઝાડે જવું, બેસવું અને સુઈ રહેવું આટલામાટે કંઈ મનુષ્યજન્મ નથી. કેમકે પશુઓ કરતાં મનુષ્યનો આત્મા અનન્તગણો ઉત્તમ છે. વ્યાપાર, હુન્નર કરવા અને પોતાના કુટુમ્બનું રક્ષણ કરવું એટલામાત્રથી મનુષ્યજન્મની સાર્થકતા સિદ્ધ થતી નથી,–પણ **શ્રી**મદે મનુષ્યજન્મના જે જે ઉદ્દેશો પ્રકાશ્યા છે તે પ્રમાણે આત્માની ઉચ્ચતા માટે પ્રવૃત્તિ કરવાથી મનુષ્યજન્મની સફલતા થાય છે. "**यद्यदाचरति श्रेष्ठः तत्तदेवेतरो जनः**" ॥ **શ્રેષ્ઠ જે પ્રમાણે આચરણ કરે છે તે પ્રમાણે ઇતર મનુષ્ય પણ આચરણ કરે છે.** ॥ શ્રેષ્ઠ મનુષ્ય, જન્મની સફળતા અર્થે જે જે ઉદ્દેશોને ધારી પ્રવૃત્તિ કરે છે, તે પ્રમાણે અન્ય મનુષ્યો પણ પ્રવૃત્તિ કરે છે. **શ્રી**મદ્દના જન્મઉદ્દેશ કાવ્યને વાચકો પણ અંગીકાર કરી તે પ્રમાણે આચરણ કરે તો તેથી જગત્‌ને **શ્રી**મદ્દનું કાવ્ય કેટલું હિતકર થાય તે વાચકોજ અવબોધી શકશે.

**સદ્ગુરૂ** મહાત્મા **खरेखर त्याग ए क्यांथी** એ હેડીંગવાળા કાવ્યમાં ત્યાગનું ખરેખરૂં સ્વરૂપ પ્રગટ કરે છે. મમતાનો ત્યાગ કરવાથી ખરેખરો ત્યાગ કથી શકાય છે. સંસારનો ત્યાગ કરતાં પૂર્વે મનમાંથી સર્વે વસ્તુઓની તૃષ્ણા ટળવી જોઈએ. જગત્‌ના પદાર્થોમાં અહંવૃત્તિ પ્રગટવી ન જોઇએ અને મનમાં ઉત્પન્ન થતા દોષોનો ત્યાગ કરવો જોઈએ. ઈત્યાદિ ત્યાગીની ઉત્કૃષ્ટ દશા છે તે તેમાં વર્ણવી છે. જે જે અંશે દોષાદિકનો ત્યાગ કરવામાં આવે છે તે તે અંશે ત્યાગીપણું અવબોધવું. આ કાવ્ય મનુષ્યમાત્રને ત્યાગની આવશ્યકતા છે, એમ સુચવનારૂં છે. સાધુઓપર આક્ષેપ કરવા આ કાવ્ય નથી. **નથી લેવું નથી દેવું** આ સંજ્ઞાવાળું કાવ્ય નિર્લેપ જ્ઞાનની ઉદાસીન વૃત્તિથી રચાયું છે. તેમાં કથેલો ભાવાર્થ ઉદાસીન અને સમતાભાવપ્રદ છે.

ગુરૂશ્રી **भलुं लेवुं भलुं देवुं** એ હેડીંગવાળા કાવ્યમાં ભલું લેવું અને ભલું આપવું એ વિષયમાં બહુ ઉંડા ઉતરીને હૃદયવાદ્ય વગાડે છે. તેમાંની થોડીક કડીઓ નીચે આપીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" भलानां सहु पगथीयां छे, जीवो नान्हा अने मोटा।
सकल छे आत्मवत् प्यारा, भलुं लेवुं भलु देवुं. "॥
" परस्पर मदद जीवोने, परस्पर सर्व उपकारो।
खरो सिद्धांत ए ज्यां त्यां, भलुं लेवुं भलुं देवुं "॥
" शुभार्थे सर्व इन्द्रियो, शुभार्थे देह आ धार्यो।
चढ्या चढशुं चढावीशुं, भलुं लेवुं भलुं देवुं "॥

ઉપર આપેલી કડીઓમાં અપૂર્વ ભાવાર્થ સમાયો છે, તેનું વિશેષ વિવેચન કરતાં, એક ગ્રન્થ થઈ જાય એમ જાણી સામાન્યતઃ અલ્પ શબ્દોમાં તેનું રહસ્ય વિચારતાં ઘણું જ્ઞાન મળે છે. **परस्परोपग्रहो जीवानाम्** આટલું લઘુસૂત્ર **શ્રીમદ્ઉમાસ્વાતિ** વાચકે બનાવ્યું છે, તેનો ભાવાર્થ ઉપરના કાવ્યમાં ઝળકી ઉઠે છે. જીવોને પરસ્પર ઉપકાર હોય છે. ઉપકારની સાંકળથી સર્વ જીવો પરસ્પર બંધાયા છે. સર્વની પાસેથી ભલું લેવું જોઇએ અને અન્યોને ભલું દેવું જોઇએ. કોઈનું બુરૂં કરવા અંશમાત્ર પણ ઇચ્છા ન કરવી જોઇએ. પાંચ ઇંદ્રિયો અને છઠું મન એ પોતાના અને પરજીવોના ભલામાટે છે અને દેહ પણ પોતાના આત્માની ઉન્નતિ અને અન્ય મનુષ્યોના ઉપકારમાટે છે; એમ શ્રીમદ્ હૃદયાનુભવથી કથે છે. શ્રીમદ્ કહે છે કે બાલ્યાવસ્થાથી જ્ઞાનાદિકની શ્રેણિપર યથાશક્તિ ચઢ્યા છીએ અને ભવિષ્યમાં અન્યોની સહાયથી ચઢીશું; અને તેમજ અન્યોને ચઢાવવા પ્રયત્ન કરીશું. આવો ઉત્તમ હૃદયોલ્લેખ વાંચીને સુજ્ઞોના હૃદયની ઉચ્ચતામાં વૃદ્ધિ થાય તેમાં કંઈ આશ્ચર્ય નથી. ઉપર્યુક્ત કાવ્યમાં અદ્ભુત રહસ્ય સમાયું છે, જેમ જેમ તત્ તત્ સંબંધી વિશેષ મનન કરવામાં આવે છે તેમ તેમ તેમાંથી અભિનવજ્ઞાન પ્રગટે છે. તેનો વાંચકોને પણ સ્વયમેવ અનુભવ થશે.

**थयो जाग्रत हवे नक्की.** એ હેડીંગવાળું કાવ્ય વાંચતાં હૃદય ખરેખર, આત્માની જાગ્રત્દશાના પ્રદેશ તરફ આકર્ષાય છે. આત્માએ મોહદશાથી જે જે વિરૂદ્ધ આચરણ કર્યું છે, તેને ત્યાગ કરવાનું મન થાય છે અને **ભૂલ્યા ત્યાંથી ફરીથી ગણવાની** પેઠે હૃદયમાં નૂતન ચૈતન્ય સ્ફુરાયમાન થાય છે.

**नथी मारी अरे दुनिया.** આ કાવ્ય વૈરાગ્યરસથી ભરપૂર છે. સાંસારિક પ્રવૃત્તિયોના સંયોગોમાં હર્ષ અને શોકની દશાઓ વારંવાર આવ્યા કરે છે તેનું સહૃદય ચિત્ર ખડું કરીને અસારતા દર્શાવી છે. પાષાણસમાન કઠીન હૃદયવાળા મનુષ્યના હૃદયને પણ પીંગળાવી નાખે તેવું તેમાં વર્ણન કરીને શાંતરસનું પોષણ કર્યું છે.

**विचारी ले सुधारी ले** એ હેડીંગવાળું કાવ્ય હૃદયને શાંતરસમય બનાવવા અત્યન્ત ઉપયોગી છે. જો કે તેઓ શ્રીએ પોતાના આત્માનેમાટે તત્ત્વ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રૂપમય ઉદ્‌ગારો કાઢ્યા છે, કિન્તુ તે ઉદ્‌ગારોની અસર અન્ય આત્માઓ ઉપર ઉત્તમ પ્રકારે થવાનીજ.

बनो मारायकी सारुं આ કાવ્યમાં શ્રીમદ્ ગુરૂશ્રીએ સ્વકીય હૃદયની શુદ્ધ સ્વચ્છ ભક્તિ, પશ્ચાત્તાપ અને પરકલ્યાણકરણ રૂચિનો અત્યુત્તમ ભાવનામૃત રસ રેડ્યો છે. જગજ્જીવોનું ભલું કરવા પોતાના હૃદયમાં કેટલી બધી દાઝ છે તે એકેક શબ્દે પ્રગટી નીકળે છે. પોતાની જનનીનું શુભ, તેમણે શુદ્ધ પ્રેમના આવેશમાં આવીને ઇચ્છ્યું છે તે ખરેખર બહુ મનનીય છે. અને તત્સંબંધી નીચેની કડીઓ વાંચવા લાયક છે.

"ઉદરમાં રાખનારી મા, ઘણો ઉપકાર ત્હારો છે,
અનન્તાં સુખ દેવાને, બનો મ્હારાથકી સારૂં."
"અરે અમ્બા કૃપાળ તું, કરાયું નહીં ભલું ત્હારૂં,
જિગરથી હું જણાવું છું, બનો મ્હારા, થકી સારૂં."
"સદાનો સ્નેહ ધરનારી, ખરૂં તું તીર્થ વ્યવહારે,
મળોને બોધિની પ્રાપ્તિ, બનો મ્હારાથકી સારૂં."

સાંસારિક દશાની, પોતાની જનની પ્રતિ તેઓશ્રી કથિત વચનો વાચકોને માતૃભક્તિ અર્થે અત્યંત ઉપયોગી છે. ગૃહસ્થદશામાં માતાના સ્નેહસમાન અન્યનો સ્નેહ નથી. માતા અને પિતા વ્યવહારથી તીર્થરૂપ ગણાય છે, તે તેમના ઉદ્‌ગારોથી જણાઈ આવે છે. પોતાની માતાને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાઓ; એવી પરોક્ષદશામાં—સાધુની અવસ્થામાં—પણ ભાવના ઉલ્લસી છે તે ઉપરથી તેઓની ઉપકારદૃષ્ટિ કેટલી ખીલેલી છે તેનો વાચકો ખ્યાલ કરી શકશે. પરમાત્મા શ્રીમાન્ મહાવીરદેવે જનનીના પેટમાં રહી, માતા અને પિતા જીવે ત્યાંસુધી ચારિત્ર અંગીકાર કરું નહિ એવી પ્રતિજ્ઞા કરી હતી; તેમ ઉપકારીના ઉપકારને ઉત્તમ મનુષ્યો જીવનચારિત્રપર્યંત સ્મરણ કરે તેમાં શું આશ્ચર્ય? અધમ મનુષ્યો પોતાને શક્તિ ન પ્રાપ્ત થઈ હોય ત્યાંસુધી માતા અને પિતાની ગરજ રાખે છે. મધ્યમ પુરૂષો માતા અને પિતાથી પોતાનું શ્રેયઃ અને સ્વકીય સ્વાર્થ સિદ્ધ થાય તાવત્ માતા અને પિતાની સેવા કરે છે. શ્રીમદ્ ગુરૂએ પણ શ્રી માતા અને પિતા જીવે ત્યાંસુધી દીક્ષા અંગીકાર કરવી નહિ એવી પ્રતિજ્ઞા કરી હતી અને તે પ્રમાણે પ્રતિજ્ઞા પાળીને સાધુની દીક્ષા અંગીકાર કરી છે. પોતાની માતા અને પિતાને, પ્રત્યુપકાર ન વાળ્યો તે માટે આ કાવ્ય કરીને ખમાવે છે અને તેમના ગુણોને પ્રકટ કરી બતાવે છે. તેમજ તે કાવ્યમાં બેનોનું, ભ્રાતાઓનું, ગુરૂઓનું, પરોપકારીઓનું, શત્રુઓનું, પ્રતિપક્ષીઓનું, મિત્રોનું, સલાહકારોનું, પ્રેમીઓનું, ભક્તોનું, મહન્તોનું, શ્રાવકોનું, સાધુઓનું અને સર્વ અન્ય મનુ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ણ્યોનું ભલું ઇચ્છવા જે ભાવના ભાવી છે તે અત્યંત આદેય છે. વાંચકોના મનમાં આ કાવ્યમાંના હૃદય ઉભરા ઊંડી અસર કરે તેમાં નવાઈ નથી.

" **करो उद्यम विजय भावी** " આ હેડીંગવાળું કાવ્ય ઉદ્યમમાં પ્રેરણા કરવાને અત્યન્ત ઉપયોગી છે. " **अमारो जन्म छे आ तो** " આ હેડીંગવાળા કાવ્યમાં પોતાના જન્મમાં કરણીય કૃત્યોનો વિચાર ચિતર્યો છે. તે અત્યન્ત મનન કરવા યોગ્ય છે. " **रुचे तो मानजो म्हारुं** " આ કાવ્ય એક અલૌકિક માનસિક નિસ્પૃહદશાના ઊંડા પ્રદેશમાંથી ઉદ્‌ભવેલું છે એમ અવબોધાય છે. મ્હારૂં કથેલું હે મનુષ્યો! તમને રૂચે તો માનશો. મારા કથનની અપેક્ષાઓ ભિન્ન ભિન્ન છે. સર્વના માટે એક નથી. જેને જે જે બાબત રૂચે તે ગ્રહણ કરશો. સર્વ પ્રકારની ઔષધિયો ભિન્ન ભિન્ન રોગમાટે છે; તદ્વત્ મારા હૃદયના કાવ્યરૂપ ઉભરાઓ છે; એમ ગુરૂશ્રીના કથવાનો સારાંશ છે, તે ખરેખર સાપેક્ષવાદના સિદ્ધાંતને સિદ્ધ કરનાર છે.

" **फळो इच्छा अमारी ए** " આ હેડીંગવાળા કાવ્યમાં ગુરૂશ્રીના હૃદયમાં ઉદ્‌ભવેલી શુભેચ્છાના ઉભરાઓ દેખાય છે. પરોપકારમય આવી શુભેચ્છાઓ ઉચ્ચ મહાત્માઓના હૃદયમાં પ્રગટે છે. આ કાવ્યમાં શુભેચ્છારૂપ એવો શુદ્ધ રસ રેડાયો છે કે, તેની પ્રશંસા કરવાને માટે પણ પુરતા શબ્દો જડી આવતા નથી. આ કાવ્યનું વારંવાર વાચન કરતાં શુભેચ્છાઓ કરવાનો અને તે પ્રમાણે વર્તવાનો જુસ્સો વાંચકોને પ્રગટે છે. " **सदा धंधो अमारो ए** " એ કાવ્યમાં ગુરૂશ્રીએ પોતાના ધંધાનું ચિત્ર ખડું કર્યું છે. જગત્‌માં ધંધા અનેક પ્રકારના છે કિન્તુ સાધુનો ધંધો સર્વથી ઉત્તમ કેવો છે તે આ કાવ્યથી સ્પષ્ટ જણાઈ આવે છે.

" **खरो उद्देश ए म्हारो** " એ નામના કાવ્યમાં પોતાના ઉદ્દેશોનું સ્વચ્છ ચિત્ર ચિતર્યું છે.

" **अमारुं साध्य साधीशुं** " આ કાવ્યમાં પોતાનું સાધ્ય શું છે અને તે કેવી રીતે સાધવું તેનો ચિતાર આપ્યો છે. જગત્‌માં ભિન્ન ભિન્ન મતિની અપેક્ષાએ ભિન્ન ભિન્ન સાધ્ય કલ્પાયાં છે પણ ઉત્તમોત્તમ સાધ્ય આ છે: એમ સુજ્ઞ વાચકોને અવબોધાયા વિના રહેશે નહિ.

" **रुचे उद्यम म्हने मनमां** " આ કાવ્યમાં પોતાને ઉદ્યમ પ્રતિ કેટલી અભિરૂચિ છે અને ઉદ્યમથી શું હિત થાય છે તેનો સારો ખ્યાલ આપ્યો છે. ઉદ્યમના ભેદો અને અન્તે સર્વ ઉદ્યમમાં કયો ઉદ્યમ શ્રેષ્ઠ છે તેનું આ કાવ્યમાં ઉત્તમ વિવેચન કર્યું છે. આ કાવ્યમાં મનુષ્યોની ઉન્નતિ કરવાને માટે અપૂર્વ હૃદયભાવનાને લોકોની આગળ રજુ કરી છે.

" **अमारी लक्ष्मी छे पासे** " આ નામનું કાવ્ય શ્રીમદે પોતાની ખરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લક્ષ્મીને અવબોધીને બનાવ્યું છે. ખરી લક્ષ્મીનો નિશ્ચય કરીને પ્રસંગોપાત્ત ખરી લક્ષ્મીના વિચારોને સ્થૂલશબ્દાત્મક કાવ્યમાં ગોઠવ્યા છે તે વારંવાર વાંચવા યોગ્ય છે.

" **अमारा बन्धुओ जागो** " આ હેડીંગવાળા કાવ્યમાં ગુરૂવર્ય મહાત્માએ જૈન બન્ધુઓને જાગ્રત્ થવાનો અત્યન્ત સરસ સદુપદેશ આપ્યો છે. આ કાવ્ય ઔપદેશિક છે.

" **म्हने निश्चय थयो एवो** " આ હૃદયકાવ્ય છે. તેમાં ગુરૂશ્રીએ પોતાના આનુભવિક વિચારો દર્શાવ્યા છે. ખરેખર તત્સંબંધી જેમ જેમ વિશેષ વિચાર કરવામાં આવે છે, તેમ તેમ આ કાવ્યની અપૂર્વ ઉત્તમતા ભાસે છે. અનુભવજ્ઞાનના ઉંડા પ્રદેશમાં ઉતરીને ગુરૂશ્રીએ જે ગાયું છે તેનો ખ્યાલ, સહૃદય સાક્ષરોના મનમાં આવશે અને ખરેખર રીતે તેજ આ કાવ્યરસનું આસ્વાદન કરી શકશે.

" **अमारा बन्धुओ समजो** " આ કાવ્ય ઔપદેશિક છે; આ કાવ્ય પ્રમાણે વર્તન કરવાથી વાચકો ઉચ્ચ દશાના અધિકારને પ્રાપ્ત કરે એ બનવા યોગ્ય છે.

ગુરૂશ્રીએ "**अमारा शिष्य ते नक्की**" એ હેડીંગવાળા કાવ્યમાં ગુરૂના જે ખરા શિષ્યો હોય તેઓનાં લક્ષણ બતાવ્યાં છે. **શિષ્યો** બનવાને માટે ઘણા આવે છે, પણ શિષ્યની યોગ્યતાનો અધિકાર પ્રાપ્ત કર્યા વિના ઉપરઉપરના શિષ્યો પોતાનું અને પરનું કલ્યાણ કરવાને સમર્થ થતા નથી. શિષ્યો સદ્ગુણોની પ્રાપ્તિ કર્યા વિના, ગુરૂની પાસેથી આત્મજ્ઞાનાદિ લાભ પ્રાપ્ત કરી શકતા નથી; ઇત્યાદિ બાબતનું ચિત્ર આ કાવ્યમાં જોવામાં આવે છે. ઉત્તમ શિષ્યોથી જગત્નું ભલું થાય છે. ઉપર્યુક્ત ગુણોનો અધિકાર પ્રાપ્ત કર્યા વિનાના શિષ્યો તે ખરેખરા શિષ્યો નથી. શિષ્ય થવું એ કંઈ સામાન્ય વાત નથી. **ઘટના દૃષ્ટાન્ત** પ્રમાણે અનેક દુઃખોને વેઠી શિષ્યની યોગ્યતા પ્રાપ્ત કરે તેને, સદ્ગુરૂઓ પોતાના ખરા શિષ્ય તરીકે સ્વીકારે છે.

" **अमारा जैनबन्धुओ** " એ હેડીંગવાળું કાવ્ય જૈનબન્ધુઓને ઉદ્દેશી ખાસ લખાયું છે. અમારા જૈનબન્ધુઓ જો તે કાવ્ય વાંચીને તે પ્રમાણે વર્તે તો શીઘ્ર જૈનોન્નતિ થાય એમ નિશ્ચય છે.

" **समागम सन्तनो थाशो** " આ હેડીંગવાળું કાવ્ય **શ્રી**મદે પોતાના હૃદયોદ્ગારથી રચ્યું છે. સન્તના ગુણો અને સન્ત પુરૂષોની સેવાસંબંધી અપૂર્વ બોધમય કાવ્ય વાંચીને વાચકોનું મન સન્તોના સમાગમાર્થે આકર્ષાય એમ બનવા યોગ્ય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**" मळो नहि सङ्ग दुर्जननो "** આ કાવ્યમાં દુર્જનનું હૃદય સારી રીતે ચિતર્યું છે. દુર્જનના સમાગમથી બાળ જીવોને અત્યન્ત હાનિ થાય છે. એ બાબતમાં સ્વહૃદયાનુભવને સારી રીતે બહાર કાઢ્યો છે.

**" अमारुं कार्य करवानुं "** આ હેડીંગવાળું કાવ્ય હૃદયોદ્ગારથી બનેલું છે તેથી તેને વાંચતાંજ હૃદયમાં અલૌકિક પ્રતિભા સ્ફુરે છે; અને લેખકરૂપ પાત્રના લેખ્ય વિષયને વાચકો હૃદયમાં સ્મરીને ઉત્તમ કોટીમાં પ્રવેશ કરે એ સ્વાભાવિક છે.

**" भलो जो हुं भली दुनिया "** આ હેડીંગવાળું કાવ્ય આત્માની ભલાઇ માટે અત્યુત્તમ ભાન કરાવે છે. મનુષ્ય પોતે સારો હોય છે તો તેને દુનિયા સારી લાગે છે; જેવી પોતાની દષ્ટિ હોય છે તેવું મનુષ્યને આ જગત્ દેખાય છે, તે આ કાવ્યથી સિદ્ધ થાય છે.

**"सतावो नहि हवे मुजने"** આ કાવ્ય ગુરૂશ્રીના સહવાસી કોઈ વ્યક્તિ-સંબંધી હાર્દિક પ્રસંગવાળું છે. અમુક ઉપાધિ પ્રસંગે ગુરૂના હૃદયમાંથી કેવી ઉત્તમ ભાવના પ્રગટે છે, તે ગુરૂના હૃદયસ્પર્શીઓજ પરિપૂર્ણપણે જાણી શકે છે, અન્ય તો તે તે કાલાદિક હેતુઓના અનુમાને આ કાવ્યનું મર્મ અને તેમાં રેડાયલી હૃદયની ઉચ્ચ લાગણીને અવબોધી શકે.

**" फकीरोने फिकर शानी "** આ હેડીંગવાળા કાવ્યમાં ફકીરોને ચિન્તા હોતી નથી. ફકીરોએ ફિકર નહિ કરવી જોઈએ એવું હૃદયોદ્ગારથી જણાવે છે. કેમ કે **फिकर सबकुं खागइ, फिकर सबका पीर ॥ फिकरकी फाकी भरे, ताका नाम फकीर ॥** ફકીરને કયાંથી ચિન્તા હોય? પોતાના હૃદયમાં અનેક ચિન્તાઓ ઉઠવાના પ્રસંગો તેમને અમુક વખતે મળ્યા હશે તે વખતે ગુરૂશ્રીએ સાધુએ ચિન્તા કેમ કરવી જોઈએ? એવો ઉત્તમ ભાવ પ્રગટાવીને, ચિન્તાઓ સામું યુદ્ધ કરતી વખતે ઉપર્યુક્ત કાવ્યમાં હૃદયસ્ફુરણાઓ જે જે પ્રગટેલી તે તે લખી હશે એમ અનુમાન થાય છે. અન્તરના જ્ઞાનમસ્તાની મહાત્માઓ જે જે ફીકરો આવે તેને ધકેલી મૂકે છે અને અલખની મોજમાં મસ્તાન રહે છે તે આ કાવ્યથી માલુમ પડે છે.

**"तमारा चित्तने पूछो "** આ કાવ્ય અન્તરના ઉદ્ગારમય છે. કોઈ પોતાના ગૃહસ્થ ભક્તને ઉદ્દેશી આ કાવ્ય લખાયું હોય એમ પ્રતિભાસ થાય છે. ગૃહસ્થ ભક્તને અસરકારક અને ઉચ્ચ ગૂઢ મર્મોમાં બોધ આપ્યો છે. ગૃહસ્થભક્ત વ્યક્તિના નામનો સ્પષ્ટ ઉલ્લેખ અત્ર કરવામાં આવ્યો નથી. નિઃસ્પૃહ અને દયાવંત મહાત્માના મુખમાંથી આવા શબ્દો નીકળી શકે છે. કોઈની સ્પૃહા નહિ રાખતાં પ્રાસંગિક ઉત્તમ આવશ્યક સદુપદેશને, નિર્ભયપણે આપવો એ મહાત્માઓનું કર્તવ્ય છે.

**" प्रगट थाता विचारो बहु "** આ હેડીંગવાળું કાવ્ય, હૃદયના વિચારોથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉભરાઈ ગયું લાગે છે. આ કાવ્યમાં તેમણે પોતાના ઉત્તમ વિચારોનો ઉલ્લેખ કર્યો છે. જમાનાને અનુસરીને કેટલાક વિચારો થએલા છે તે કાવ્યમાં ચિતરવાથી કાવ્યની ઉત્તમતામાં અપૂર્વ ઉમેરો થયો છે.

" **हृदय मारुं घणुं तल्पे** " આ કાવ્ય પણ આંતરિક ઉદ્ગારમય છે. આ કાવ્યમાં લખાયલા ઉદ્ગારો બહુ પ્રશંસનીય અને આદરણીય છે.

" **बनो बहादूर सकल जैनो** " આ હેડીંગવાળું કાવ્ય જૈનોની નસોનસમાં શૂરાતન પ્રગટાવવાવાળું કયા જૈનને પ્રિય ન થઈ પડે? અર્થાત્ સર્વને પ્રિય થઈ પડે તેમ છે. સર્વ જૈનોને આ કાવ્ય ધર્મસેવા અને ધર્મોન્નતિમાં પ્રેરણા કરવામાં અપૂર્વ શૂરરસ ચઢાવનારૂં અને ઔપદેશિક છે. જેમણે જૈનોના ભલા માટે પોતાનો આત્મભોગ આપ્યો છે, તેમનાજ હૃદયમાંથી આવા ઉત્તમ અસરકારક શબ્દો નીકળી શકે છે.

" **अमारा दीलना उभरा** " આ કાવ્ય બનાવતી વખતે સદ્ગુરૂ મહારાજ અનુભવ જ્ઞાનના ઊંડા પ્રદેશમાં સ્થિરતા પામ્યા હોય અને અમુક સાધ્યને લક્ષ્મી વદતા હોય તેમ સહેજે જણાઈ આવે છે. આ કાવ્યની એકેક કડીમાં અપૂર્વ જ્ઞાનની ખુબીઓ અવબોધાય છે. જ્ઞાનિના હૃદયમાં ઉદ્ભવતા ઉભરાઓને કાવ્યરૂપે ગુંથવાથી અન્ય મનુષ્યોને ઉત્તમ લાભ સંપ્રાપ્ત થાય છે. પાત્રજીવો અને વસ્તુની સંપ્રાપ્તિ કેવી રીતે અને કયા અધિકારથી થાય છે, તેની ઝાંખી આ કાવ્યમાં દેખાય છે.

" **अमारा चित्तमां आव्युं** " આ સંજ્ઞાવાળું કાવ્ય પોતાની ઉચ્ચ માનસિક વિચારશ્રેણિથી અત્યન્ત સુન્દર બન્યું છે—કવિનું હૃદય કેવું છે તેને નિરીક્ષવા માટે કવિનું કાવ્ય એ એક પ્રકારનો આદર્શ ( આરીસો ) છે. ભક્ત કવિનું કાવ્ય નિરીક્ષીને તેના હૃદયજ્ઞાનની ઉત્તમતાનો ખ્યાલ કરી શકાય છે. આ કાવ્યમાં એકેક કડીમાં જે અનુભવ જ્ઞાનરસ ભર્યો છે તે કેટલોબધો હિતકર છે તે વાચકો સ્વયમેવ અવબોધી શકશે.

" **विचारो पत्र हे साधो** " આ સંજ્ઞાવાળું કાવ્ય મુંબાઇમાં એક સાધુની માંદગીમાં આશ્વાસનાર્થે લખાયું છે. કાવ્ય ઔપદેશિક અને રોગ પ્રસંગે મનની સમાનતા જાળવવામાટે અત્યન્ત હિતકર છે.

" **अपेक्षा वाणी** " આ સંજ્ઞાવાળું કાવ્ય સ્યાદ્વાદનયજ્ઞાનથી ભરપૂર છે. નયોના જ્ઞાનમાં ગુરૂશ્રીની અત્યન્ત કુશલતા આ કાવ્યથી પ્રતીત થાય છે. જો તેઓશ્રી આ કાવ્યનું વિવેચન કરવા ધારે તો એક ગ્રંથ બનાવી શકે. નયોની સાપેક્ષતા અવબોધ્યાવિના અજ્ઞ મનુષ્યો વિવાદથી કલેશ કરે છે અને સ્વમત કદાગ્રહ ગ્રસિત થઈ જનસમૂહમાં પ્રવર્તતી શાન્તિનો ભંગ કરે છે.

"**अपेक्षा वाद आ म्हारो**" આ કાવ્ય મુંબાઈ આવતાં પરેલમાં લખાયું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અત્રથી મુંબાઇનાં કાવ્યોની શરૂઆત થાયછે. આ કાવ્યમાં પોતાના ગ્રન્થો, લેખો અને ભાષણો આદિ સર્વે સાપેક્ષ વાણીથી સમજવા; એમ દર્શાવ્યું છે. ક્ષેત્ર, કાલ, તે વખતના સંયોગો કોની મુખ્યતા, કોની ગૌણતા, શા હેતુથી, ઇત્યાદિ બાબતોને અવબોધ્યાવિના અપેક્ષાવાદમય પુસ્તકો અને ભાષણો (તેઓ શ્રીનાં) અન્ય મનુષ્યો અવબોધી શકે નહિ અને એકાન્ત વાદમાં શ્રીમદ્દનાં વચનોને લઈ જાય તો તેમાં વાચકોની એકાન્ત દૃષ્ટિનો દોષ છે, એમ તેઓ પ્રથમતઃ વાણીથી સ્પષ્ટ આઘોષ કરે છે અને સત્ય તત્ત્વ લેવાની યુક્તિયોને જાહેર કરે છે.

"**सदा आनन्दमां रहीशुं**" આ સંજ્ઞાવાળા કાવ્યમાં આનન્દમાં રહેવાની મનમાં ઉઠતી સ્ફુરણાઓને ગુંથી છે. અધ્યાત્મ વિષયમાં ઉંડા ઉતરીને આનન્દમાં રહેવાની ગર્જના કરી છે. આત્મસ્વરૂપની પ્રસંગોપાત્ત વ્યાખ્યા પણ તેમાં કરેલી છે; આ કાવ્યથી જ્ઞાનિયોની અધ્યાત્મભાવના આવા પ્રકારની હોય તેની ઝાંખી વાચકને થયાવિના રહેશે નહિ.

"**वैराग्य ब्रह्मोद्गार**" આ કાવ્યમાં નામ પ્રમાણે ગુણની પ્રતીતિ થાય છે. વૈરાગ્ય અને બ્રહ્મજ્ઞાનનો અપૂર્વ રસ આ કાવ્યમાંથી ઝરે છે. સુજ્ઞ વાચકો આ કાવ્ય વાંચીને આત્માની ઉચ્ચતા કરવા પ્રયત્ન કરશે. અત્રથી આગળનાં કેટલાંક કાવ્યોમાં મહારાજશ્રીને અમુક સંયોગોમાં કેટલાક મનુષ્યો તરફથી ઉપાધિ થઈ હોય અને તે પ્રસંગોમાં પોતાના આત્માને સ્વયમેવ બોધ આપ્યો હોય તેવું પ્રતીત થાય છે. સુરતમાં પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી અને પન્યાસ શ્રીઆનન્દસાગરજી વચ્ચે લાલન અને શિવજીની ચાલુ ચર્ચા માટે સંઘમાં ઠરાવ કર્યાબાદ મતભેદ થયો અને તેની જોશભર ચર્ચા ગામોગામ અને છાપાઓમાં પણ પ્રસિદ્ધ થવા લાગી, તેવામાં મુંબાઈના અમુક પક્ષના કેટલાક શ્રાવકોએ મહારાજશ્રીને પૂછયું કે તમે ઉપર્યુક્ત બે મુનિ પૈકી કોના પક્ષમાં છો **ગુરૂશ્રીએ કહ્યું કે મ્હારા પૂજ્ય ગુરૂ શ્રીસુખસાગરજીની આજ્ઞા એવી છે કે કોઇ સાધુ પક્ષ સંબંધી સંપ્રતિ કલેશ થાય તેવું વદવું નહિ અને મારો પણ એવો વિચાર છે કે બન્ને પક્ષવાળા મુનિયોના આ બાબત સંબંધી સમ્પૂર્ણ આશયોને યાવત્ મારાથી ગ્રહણ કરી શકાય નહિ અને બન્નેની ચાલુ ચર્ચા પ્રસંગમાં પુરતી દલીલો યાવત્ જાણી શકાય નહિ તાવત્ હું તટસ્થ રહીને, બન્નેમાં સમ્પ કરાવવા અને બન્નેની વિચાર દિશા અવલોકવા બનતો પ્રયત્ન કરીશ. એકદમ પરિપૂર્ણ લાભ અને શાન્તિ અને જૈનોદયના ઉપાયોનો નિશ્ચય કર્યા વિના કેટલાક સમયપર્યંત માધ્યસ્થ ભાવનું અવલંબન મને શ્રેયસ્કર લાગે છે.** અમદાવાદ અને સુરત આદિના શ્રીચતુર્વિધસંઘના જિનાજ્ઞા સિદ્ધ ઠરાવો અમને પણ સમ્મત છે. સારાંશમાં અવબોધવાનું કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમારા ગુરૂની આજ્ઞા પ્રમાણે અમારો પક્ષ છે. જૈનશાસનની વિરૂદ્ધ વર્તનારના પક્ષની અમારે જરૂર નથી. સાધુઓમાં પરસ્પર કલેશ થાય તેમ કરવું અગર કહેવું તે મને ઇષ્ટ લાગતું નથી, ગુરૂ મહારાજની આજ્ઞા થશે તે પ્રમાણે આસંબંધી વર્તીશું. આવા તેમના ઉત્તમ સુવર્ણમય શબ્દોની કિમ્મત કેટલોક અજ્ઞ વર્ગ કરી શક્યો નહિ. બન્ને પક્ષના મનુષ્યોનું ગુરૂશ્રીપાસે દર્શનાર્થે આવાગમન થતું તેથી કેટલાક એક પક્ષની ધૂનમાં છેડાઇ ગયેલાઓને મહારાજશ્રીનો આશ્રય ન મળતાં મહારાજશ્રીને ઉપાધિ થાય તેમ ઉટપટાંગ વદવા લાગ્યા હતા કે, મહારાજશ્રી અમુક ક્રિયા કરતા નથી, મહારાજશ્રી અમુકના પક્ષમાં છે, મહારાજને અમુક શ્રાવક સાથે બોલવું થયું અને કલેશ થયો, આવી બાબતોને આગળ કરીને મહારાજને પ્રતિકૂલ ઉપસર્ગ લાગે તેમ વદવા લાગ્યા હતા; પણ મહારાજશ્રીએ કેટલાક શ્રાવકોના આવા **ઉપદ્રવોથી** પોતાનો સમ્પમય અને ઉચ્ચ સંકલ્પ તજ્યો નહિ. છેવટે આબાલબ્રહ્મચર્યધારક ગુરૂશ્રીના બ્રહ્મચર્યના પ્રતાપે પ્રતિકૂલ થનારાઓ પણ મહારાજશ્રીની મધ્યસ્થતા અવલોકી શાન્ત થયા અને મહારાજની સેવા ભક્તિ કરવા લાગ્યા. ફાલ્ગુન માસથી તે જેઠમાસપર્યંત મહારાજશ્રીને પ્રાસંગિક ઉપાધિની દશા વેદાઈ હોય એમ તે તે પ્રસંગના કેટલાક કાવ્યોના ઉદ્ગારો કહી આપે છે, તેથી ફાલ્ગુન માસથી આરંભાયેલ કાવ્યમાં જે જે પ્રસંગો આવ્યા તે તે પ્રસંગોને અનુસરી મહારાજશ્રીના હૃદયોદ્ગાર નીકળ્યા છે તે શ્રોતાઓને તથા વાચકોને આ વાત લક્ષ્યમાં લેવા યોગ્ય જાણી પ્રસ્તુત વિષયનું નિદર્શન કર્યું છે. મહારાજશ્રીનો અપકર્ષ કરવા પ્રતિપક્ષીઓ–કે જે મહારાજશ્રીની કીર્તિને સહન નહિ કરનારા હતા તેઓએ ઉપર્યુક્ત વિષયની અનેક જૂઠી અફવાઓ ફેલાવા પ્રયત્ન કર્યો, કિન્તુ તત્સમયે મહારાજશ્રીના આત્માની કેવી દશા હતી અને કેવી આત્મભાવનામાં મસ્ત હતા તે તેમના પ્રસંગોપાત્ત નીકળેલા હૃદયોદ્ગારથી અવબોધી શકાય છે. **भविष्य जीवनकार्यसमालोचन** નામના કાવ્યથી ઉપર્યુક્ત હકીકતની શરૂઆત થાય છે. સમાલોચનાના કાવ્યમાં તેઓ શ્રીએ પોતાના આત્માને ઉત્તમ બોધ આપ્યો છે–મહાત્માઓને આધિ અને ઉપાધિમાં વૈરાગ્ય જાગ્રત્ થાય છે તે આ ઉપરથી સિદ્ધ થાય છે. વાચકોને આ કાવ્યમાંથી ઘણો બોધ મળે તેમ છે. જલ દ્રહમાં કમલો હોય છે તે એક રાત્રીમાં મેઘવૃષ્ટિથી દશ હાથ પાણી ચડી જાય છે તો કમલનો નાલ પણ તેટલા કાલમાં વૃદ્ધિ પામી કમલને જલની ઉપર રાખે છે, એવી કિંવદન્તી શ્રવણની પેઠે મહાત્માઓને દુઃખના પ્રસંગોમાં આત્માની જાગ્રત્ દશા રહે છે.

“**अमारो एज छे धंधो**” આ કાવ્યમાં ગુણાનુરાગદૃષ્ટિના ધંધાને પ્રાધાન્ય આપીને તે પ્રમાણે વર્તવાની આવશ્યકતા ગુરૂશ્રીએ દર્શાવી છે.

“**विचारबळ संज्ञक**” કાવ્યમાં વિચારમાં શું બળ છે ? તેનું સ્વરૂપ સારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીતે દર્શાવ્યું છે. કુવિચારો ત્યાગીને સુવિચારો કરવાનો અભ્યાસ અત્યંત આદરણીય છે તે આ કાવ્યપરથી સિદ્ધ થાય છે.

"**प्रसंगोद्गार संज्ञक**" કાવ્યમાં તત્ તત્ પ્રસંગ સમયે હૃદયમાં ઉઠેલા વિચારોને શબ્દોવડે ગુંથવામાં આવ્યા છે.

"**म्हने धारो नथी ते हुं**" આ સંજ્ઞાવાળા કાવ્યમાં જગત્‌ની કહેણીની આત્માના ઉપર અસર ન થાય અને દીવાંની દુનિયાના બોલ ઉપર લક્ષ્ય આપવું નહી–પોતાનું પોતે કર્યા જવું, એવો આમાં સારાંશ સમાયલો છે. આ કાવ્યમાં ગુરૂશ્રીએ આત્માનું શુદ્ધ સ્વરૂપ ઉપયોગમાં રાખીને અન્યોની ઉપાધિથી પોતાની સમાનતાનું રક્ષણ કર્યું છે.

"**अमारा मित्र गणवाना**" આ સંજ્ઞાવાળા કાવ્યમાં પોતાના સત્યમિત્રોનું લક્ષણ દર્શાવ્યું છે, કોઇના મિત્ર બનવું હોય ત્યારે તે પૂર્વે આ કાવ્યનું પરિપૂર્ણ મનન કરવાની હું આવશ્યકતા જોઉં છું.

"**उन्नतिमां ऐक्यता**" નામના કાવ્યમાં પોતાનું હૃદય ખાલી કર્યું છે. જૈનોની ગુરૂકુલાદિદ્વારા ઉન્નતિ કરવાના ઉપાયોમાં જૈનોમાં કુસમ્પ પ્રગટવાથી વિઘ્ન પડ્યું તે સમયમાં તેમના મનમાંથી આવા ઉદ્ગારો નીકળ્યા હોય તેમ લાગે છે, ઉન્નતિના કાવ્યમાં અન્ય વિષયોનું પણ પ્રસંગોપાત્ત નિદર્શન કર્યું છે.

"**जरा नहि पाछुं वाळीजो**" આ સંજ્ઞાવાળા કાવ્યમાં પોતાના અમુક શિષ્ય વા ભક્તને મનનીય અને હિમ્મત ભર્યો ઉપદેશ દીધો છે.

"**अमारा प्रेम सागरमां**" એ સંજ્ઞાવાળા કાવ્યમાં પ્રેમની અપૂર્વ ખુબીઓનું દિગ્દર્શન અવલોકી શકાય છે.

"**सदा समभावमां रहेवुं**" આ સંજ્ઞાવાળા કાવ્યમાં સમભાવ દશાનું ગંભીર આશયથી વિવેચન કર્યું છે, તેમાં અત્યન્ત અનુભવ રસની ખુમારી ઝળકે છે.

"**अमोने ओळखे कोइ**" આ સંજ્ઞાવાળા કાવ્યમાં પોતાના સ્વાનુભવ વૃત્તાંતના વિચારોને ગોઠવ્યા છે. ગુરૂશ્રીના હૃદયની ઉચ્ચતા, નિર્ભયતા અને અનુભવ દશા કેટલી છે તે આ કાવ્યથી જણાય છે.

"**अमारे सर्व खमवानुं**" આ સંજ્ઞાવાળા કાવ્યમાં અમુક વ્યક્તિની સંજ્ઞાના નિર્દેશવિના જે જે તરફથી જે જે કંઈ વિત્યું તે અત્ર ગૂઢ ગંભીર આશયથી ઘણું લખ્યું છે, તે વખતના સંયોગોની સ્થિતિમાં તેમણે જે સહનશીલતા રાખી છે, તે આ કાવ્ય ઉપરથી સ્પષ્ટ સારાંશ હૃદયપટ ઉપર તરી આવે છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"**अमारी शिख मानी ले**" આ કાવ્ય અમુક વ્યક્તિસંબંધી ગંભીરોપ-દેશથી ભરપૂર બોધવાળું જણાય છે.

"**अरे तुं आव ठेकाणे**" આ કાવ્ય હૃદયોદ્ગારમય ઘણું ગંભીર છે.

"**अनुभव नहि घणो तुजने**" આ સંજ્ઞાવાળા કાવ્યમાં અમુક શિષ્યને ઉપદેશ આપ્યો છે એમ સ્પષ્ટ અવબોધાય છે.

"**अमारा शुक समजी ले**" આ સંજ્ઞાવાળા કાવ્યમાં અત્યન્ત ગંભીરા-શયનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ કાવ્ય કઈ વ્યક્તિપર રચાયું છે તેતો ગુરૂવર જાણે.

"**आम्रवृक्षनी अन्योक्तिमां अध्यात्म उपदेश**" નામનું કાવ્ય અત્યન્ત ગૂઢ ભાવથી રચાયું છે. નૂતન કાવ્યશૈલીમાં તેની પ્રૌઢતા પ્રથમ નંબરે ગણવા યોગ્ય છે.

"**बहिर अन्तर थकी काळा**" આ કાવ્યની સ્ફુટનોટ જોતાં કાવ્યરચન હેતુ સુપ્રતીત થાય છે. કાવ્યનો ભાવ સરસ અને ઘણો ગંભીર છે, વાચ-કોના મનને સ્વચ્છ કરવામાં આ કાવ્ય અત્યન્ત ઉપયોગી છે.

"**जगत्ने देवसन्देशो**" આ સંજ્ઞાવાળું કાવ્ય ઔપદેશિક અને નીતિ સુધામય છે, તેની સુગન્ધીથી વાચકો પુષ્પની પેઠે સદ્‌ગુણાલ્હાદ પ્રકટાવવા સમર્થ થાય એમાં કાંઈ આશ્ચર્ય નથી.

"**हवे त्हारो भरुसो शो ?**" આ હેડીંગવાળું કાવ્ય સ્વકીય કોઇ ભક્તને ઉપાલંભ દેવા રચાયું હોય એમ સંભાવના થાય છે. કાવ્યમાં દીધેલો ઉપા-લંભ સચોટ અસર કરનાર છે.

"**खरी ए लग्ननी ग्रन्थी**" આ કાવ્યનો હેતુ સ્ફુટનોટમાં દર્શાવ્યો છે. અધ્યાત્મ લગ્ન ગ્રન્થિથી સહજ સુખની પ્રાપ્તિ થાય છે, એવો ઉદ્દેશ આ કાવ્યમાંથી નીકળે છે. આ ઔપદેશિક કાવ્યમાં લગ્નની ખરી ગ્રન્થિનું સ્વરૂપ આબેહુબ નિર્દેશ્યું છે.

"**अमारे पन्थमां वहेवुं**" આ સંજ્ઞાવાળું કાવ્ય હૃદય જ્ઞાનોદ્ગાર રસથી અત્યન્ત પ્રૌઢ ભાવમય અનુભવાય છે; આ કાવ્યમાંથી ઘણો અનુભવ મળી આવે તેમ છે.

"**अमारो तुं थशे त्यारे**" આ કાવ્યમાં ગુરૂશ્રી પોતાનો કોને ગણે છે તેનો સરસ લક્ષણોથી ચિતાર આપ્યો છે. કાવ્યની સ્ફુટનોટમાં કાવ્યનો ભાવાર્થ આલેખાયો છે તેથી વાચકો કાવ્યનો સાર અવબોધી શકશે. **તું અમારો છે** એમ કહેનારા અનેક મનુષ્યો મળી આવે છે પણ અમારો કહે-વાની પૂર્વે ઉપર્યુક્ત સદ્‌ગુણોને ધારણ કરે છે, ત્યારેજ તે અમારા એ શબ્દને લાયક ઠરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**"करीश नहि शोक समजु रे."** આ કાવ્ય પોતાના ગૃહસ્થ ભક્ત શિષ્યની જનનીએ દેહોત્સર્ગ કર્યો તે પ્રસંગે, ભક્ત શિષ્યને ઉપદેશાર્થે લખેલ કાવ્યરૂપ પત્ર વૈરાગ્યમય અને અસરકારક છે.

**"नथी संसारमां शान्ति"** આ કાવ્ય પણ ઔપદેશિક છે. વૈરાગ્યભાવ સ્ફુરાવવાને માટે આ કાવ્ય ઉપયોગી છે. વૈરાગ્યભાવથી શાન્તરસ પ્રાપ્ત થાય છે.

**"स्फुरावो शक्ति चेतननी"** આ કાવ્ય ઔપદેશિક છે. અમદાવાદના સુશ્રાવક શેઠ જગાભાઈ દલપતભાઈ ઉપર પત્ર તરીકે લખાયલું આ ઉત્તમ કાવ્ય છે. તે કાવ્યનો ભાવાર્થ ઉત્તમોત્તમ અને આદેય છે. સર્વ શાસ્ત્રોનો સાર ખેંચવામાં આવે તો એવો નીકળે છે કે જ્ઞાન દર્શન અને ચારિત્ર ગુણોની શક્તિ સ્ફુરાવવી–આત્મશક્તિયોને સ્ફુરાવવી–તેજ ઉત્તમ ચારિત્ર છે. આવો બોધ જેના ઉપર લખાય છે તે શેઠનું ભવિષ્ય જીવન સ્વ અને પરના કલ્યાણમાટે ઝળકતું બનો એમ ઇચ્છું છું.

**" अमलमां मूक शिक्षाओ "** આ કાવ્ય ઔપદેશિક છે અને તે પ્રત્યેક વાચકોને સ્વાધિકારની ઉન્નતિમાં સબળ સાધનરૂપે બને એમ ઇચ્છીએ છીએ.

**" सागरनी अन्योक्तिमां आत्माने उपदेश "** આ કાવ્ય અનેકાશયથી સાગરવત્ ઘણું ગંભીર બન્યું છે. વાચકો જેમ જેમ આ કાવ્યમાં ઉંડા ઉતરશે તેમ તેમ તેની પ્રૌઢતા તેઓ સ્વયમેવ અવબોધી શકશે.

**" जणायुं स्वप्नवत् सघळुं "** નામના કાવ્યમાં અપૂર્વ વૈરાગ્ય પોતાને થયો છે, તેના ઉભરાઓ બહિર્ નીકળ્યા છે. જ્ઞાનિ, સાધુના મુખમાંથીજ આવાં વૈરાગ્યમય વાક્યો નીકળી શકે છે.

**" नथी मनमां पछी शुं दुःख "** આ સંજ્ઞાવાળા કાવ્યમાં નિર્લેપ જ્ઞાનનું અપૂર્વ ચિત્ર ચિતર્યું છે. ગુરૂશ્રી પોતાના મનને બાહ્યવસ્તુઓથી તથા સંબંધોથી કેવી રીતે નિર્લેપ રાખવા પ્રયત્ન કરે છે, તેની એક આ દિશાનું વાચકોને સ્વયમેવ ભાન થશે.

**" धमाधम छोडीदे पाडा "** આ સંજ્ઞાવાળું કાવ્ય આન્તરિક અમુક વ્યક્તિ આશ્રયી ઉદ્દગારવિશિષ્ટ છે. લેખ્ય વિષયની મહત્તા અને સરસતાની જેટલી પ્રશંસા કરીએ તેટલી અલ્પ છે.

**" मुसाफरनुं कयुं घर छे "** આ સંજ્ઞાવાળું કાવ્ય વાંચવાથી સાંસારિક પદાર્થોની મમતા અને તૃષ્ણા ગળવા માંડે છે અને ઇશ્વર શરણનો ભાવ જાગ્રત્ થાય છે. આ કાવ્ય વૈરાગ્ય અને જ્ઞાનમય દશા પ્રાપ્ત કરવામાં અત્યંત ઉપયોગી છે.

**" कमलनी अन्योक्तिमां अन्यने सदुपदेश "** આ સંજ્ઞાવાળું કાવ્ય કોઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યક્તિને પોતાની શુદ્ધતાનું સંરક્ષણ કરવા માટે અને ભ્રષ્ટ નહિ થવા માટે, કમલવત્ નિર્લેપ અને નિર્મલ રહેવા માટે કમલની અન્યોક્તિમાં લખાયું હોય એમ વિચારાય છે. અન્યોક્તિમાં અસરકારક ઉપદેશ દેવાની પદ્ધતિ બહુ પ્રશંસનીય છે. મલીન (ભ્રષ્ટ) માર્ગમાં ગમન કરનાર આત્માને આ કાવ્ય ગુરૂની પેઠે હિતશિક્ષા દેનાર છે.

" **सनातन जैन बन्धुओ** " આ સંજ્ઞાવાળા કાવ્યમાં જૈનોને અસરકારક શૂરરસમય ઉપદેશ આપ્યો છે. જૈન બન્ધુઓનું ભાન ઠેકાણે લાવવાને માટે આ કાવ્ય બસ છે.

"**विचारी ले खरुं शुं छे ?**" આ સંજ્ઞાવાળું કાવ્ય પોતાના ગૃહસ્થ ભક્તની માતાએ દેહોત્સર્ગ કર્યો હતો તેને પુનઃ પ્રતિબોધ દેવાને માટે રચાયલું છે. લેખ્ય વિષયની પ્રૌઢતા આત્મામાં વૈરાગ્યની અને ધૈર્યની ઉંડી અસર કરે છે.

" **आत्मोद्धार** " આ સંજ્ઞાવાળા કાવ્યમાં પરમાત્મ સાથે શુદ્ધ પ્રેમથી ઐક્ય અનુભવવાની દિશાના ઉત્તમ ઉદ્‌ગારો અભેદ ભાવનારૂપે પ્રગટી નીકળેલા છે.

" **अरे ओ काक ! था उज्वल** " આ કાવ્યના અનેકાર્થ કરવામાં ખૂબી રહેલી છે. ગૂઢાર્થવાળું આ કાવ્ય વારંવાર મનન કરવા યોગ્ય છે. સદ્‌ગુરૂનું કથન સાધ્યબિન્દુ અધ્યાત્મવિષયપરત્વે છે, તેથી તેની ખુબીઓ તો ગુરૂશ્રીજ અવબોધી શકે છે. વાચકોને ઉત્તમ નીતિમાર્ગપ્રતિ વહાવનાર આ ઉત્તમ કાવ્ય છે.

" **गुरुने दक्षिणा आपो** " આ કાવ્યમાં ગુરૂને ગુરૂ તરીકે સ્વીકારતાં પૂર્વે ગુરૂને કઈ કઈ વસ્તુઓની દક્ષિણા આપવી જોઈએ તેનું રસીલું વિવેચન કર્યું છે. ગુરૂ કરવા એ કંઈ સામાન્ય કાર્ય નથી. પોતાના ધડપર શીર્ષ નથી અને પોતાનું સર્વસ્વ શ્રીસદ્‌ગુરૂનું છે એમ પરિપૂર્ણ શુદ્ધાંતઃકરણથી સ્વીકાર્યા વિના ગુરૂના શિષ્ય થવાની યોગ્યતા પ્રાપ્ત થતી નથી. કેટલાક શિષ્યો ઉપર ઉપરથી ગુરૂને માને છે. કેટલાક ધારના ખીલાની પેઠે ઘડીઘડીમાં ગુરૂની શ્રદ્ધાથી ભ્રષ્ટ થાય છે. કેટલાક ગુરૂના પ્રતિપક્ષી બને છે; આવા શિષ્યો ગુરૂના શિષ્યજ કહેવાતા નથી. ગુરૂને કાવ્યોક્ત દક્ષિણા આપવામાં આવ્યા વિના સદ્‌ગુરૂના ઉત્તમ શિષ્ય બની શકાતું નથી. આ કાવ્યમાંથી શિષ્યોને ઘણું જ્ઞાન લેવાનું છે.

" **म्हने हो वीरनुं शरणुं** " આ સંજ્ઞાવાળું કાવ્ય ભક્તિરસ પ્રાધાન્ય છે, ભક્તિરસના રસીલાઓને આ કાવ્ય અત્યન્ત રૂચિકર લાગ્યાવિના રહેશે નહિ. ભક્તકવિયોના હૃદયમાં કાવ્યોરૂપે ભક્તિનાં રસઝરણાં વહ્યા કરે છે– આત્મામાં વિશુદ્ધ પ્રેમમય ભક્તિરસ ઉદ્‌ભવવાથી સર્વ જીવોમાં સત્તાએ રહેલું પરમાત્મત્વ દેખવામાં આવે છે અને તેથી આત્મા સર્વની સાથે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમાન દૃષ્ટિથી વર્તે છે; આવી ઉત્તમ દૃષ્ટિ પ્રાપ્ત કરવી એજ ભક્તનું ઉત્તમ સાધ્ય છે. મહારાજશ્રીના આત્મામાં ભક્તિભાવના ઉત્તમ પ્રકારની છે, તે આ કાવ્યમાં રેડાયલા ભક્તિરસથી અનુમેય થઈ શકે છે.

" **कर्युं हस्ते हृदय वाग्युं** " આ કાવ્યમાં ગુરૂશ્રીએ પાપ કાર્યનો પશ્ચાત્તાપ કેવી રીતે કર્યો છે તેનું દિગ્દર્શન છે. ક્રોધ, માન, માયા, લોભ, તૃષ્ણા, બાહ્યવાસના, વૈરઝેર અને કર્મોદયે પુદ્ગલપદાર્થના સંબંધ, વગેરેથી થતા જે જે દોષ ઇત્યાદિ દોષો સેવ્યા હોય તેનો નિખાલસ દિલથી પશ્ચાત્તાપ કર્યો હોય એવું અવબોધાય છે.

" **अरे कूतर ! हवे था शान्त** " આ સંજ્ઞાવાળું કાવ્ય અત્યન્ત ગંભીરાર્થાશયથી સુન્દર શોભે છે. મનને શિખામણ આપવા માટે આ કાવ્ય બસ છે. નૂતન પદ્ધતિપર આ કાવ્ય રચાયું છે.

" **तजी भ्रान्ति मळी शान्ति** " આ કાવ્યમાં શ્રીમદે પોતાનું આત્મવૃત્ત ચિત્ર ચિતર્યું હોય એમ લાગે છે. અધ્યાત્મજ્ઞાન રસથી આખું કાવ્ય રંગાઇ ગયું છે. વાચકોને આ કાવ્યમાંથી ઘણો બોધ લેવાનો છે.

" **ठरीने बेश हे वानर !** " આ કાવ્ય આધ્યાત્મિક છે. મનને અત્યુત્તમ બોધ શ્રીમદે આપ્યો છે. આર્તધ્યાન અને રૌદ્રધ્યાનમાં પ્રવર્તતા મનને અત્યંત અસરકારક બોધ આપ્યો છે. વાચકોને આ કાવ્ય અત્યન્ત પ્રિય લાગે તેવો તેમાં ભાવાર્થ ગોઠવાયો છે.

" **अमारुं शुं करी शकशो ?** " આ કાવ્ય ઉપાધિ પરિષહ પ્રસંગોમાં રચાયું લાગે છે. પ્રતિપક્ષીઓના અનેક પ્રકારના પ્રપંચો પોતાના સ્હામે રચાયા છતાં પોતાના આત્માને ઉચ્ચકોટીપર રાખીને વિપક્ષીઓનું પણ શ્રેયઃ વાંછ્યું છે; આવી ભાવનાથી ગુરૂશ્રીના હૃદયની દયા અને પ્રેમમય ભાવના અત્યન્ત દૃઢ છે એવું સ્પષ્ટ પ્રતિભાસે છે.

" **दया आवे तमारापर** " આ કાવ્ય પણ પ્રતિકૂલ પ્રસંગોમાં અને તેવી ભાવનામાં ઉદ્ભવ્યું છે, એમ સ્પષ્ટ પ્રતિભાસે છે. ઉચ્ચ દયાનો પ્રવાહ જ્ઞાનિયોના હૃદયમાંથી પ્રવહ્યા કરે છે. **કિંગલીયા કાટ** નામનું કાષ્ટ હોય છે અને તે તારંગાના દેરાસરમાં છે તેના ઉપર અગ્નિ મૂકવામાં આવે તો તે કાષ્ટમાંથી જલ જેવો પ્રવાહ છૂટે છે, તે પ્રમાણે જ્ઞાનિ મહાત્માને કોઈ ઉપદ્રવ કરે તો તેમના હૃદયમાંથી દયાનો પ્રવાહ છૂટે છે; તે આ કાવ્યથી સ્પષ્ટ પ્રતિભાસે છે, આવી દયાની ભાવનાવાળો આત્મા ઉત્તરોત્તર ભવમાં અધિક અધિક સદ્ગુણોવડે ઉચ્ચ થઈ શકે, એમ અનેક શાસ્ત્રોથી સિદ્ધ થાય છે.

" **हृदयभानु प्रकाशी था** " આ કાવ્ય વૈશાખ શુક્લપક્ષ દશમીના દીવસે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શ્રીવીર પ્રભુના કેવલ જ્ઞાનની તિથિના યોગે કેવલ જ્ઞાનની ભાવનાના પ્રસંગે** લખાયું છે. પોતાના હૃદયમાં કેવલજ્ઞાનરૂપ સૂર્ય પ્રગટાવવાની અત્યન્ત તીવ્રેચ્છા દર્શાવી છે; કાવ્યનો ભાવાર્થ મનન કરવા લાયક છે.

" **विचारीने विचार्युं ए** " આ સંજ્ઞાવાળા કાવ્યમાં અનુભવ જ્ઞાનના ઉદ્ગાર નીકળ્યા છે. સિદ્ધાન્તોનું મનન કરીને મનુષ્ય, ક્ષયોપશમ ધ્યાનની પરિપકવ અવસ્થા પામે છે, ત્યારે આવા ઉદ્ગારો કાઢી શકે છે અને તેવી દશા થાય ત્યારે આ ઉદ્ગારોનું મહત્ત્વ અવબોધાય છે.

" **प्रतिष्ठा कीर्तिमां शुं ? सुख** " આ સંજ્ઞાવાળું કાવ્ય હૃદયાનુભવ નિશ્ચયથી રચાયું હોય એવું લાગે છે. તેઓશ્રીએ પ્રતિષ્ઠા અને કીર્તિના ત્યાગ સંબંધી જે જે હૃદયના ઉદ્ગારો કાઢ્યા છે તે વાંચતાં સુજ્ઞ વાચકના મનમાં શ્રીમદ્ના ત્યાગની અપૂર્વ ખૂબી જણાયા વિના રહેશે નહિ. ઘણાઓને પ્રતિષ્ઠા અને કીર્તિની લાલસા પ્રાણ કરતાં પણ અધિક વ્હાલી લાગે છે. પ્રતિષ્ઠા અને કીર્તિ અર્થે મનુષ્યો અનેક ઉદ્યમો કરે છે અને આત્મા જેવો અમૂલ્ય હીરો ત્યજીને કાચના કકડામાં રંગાય છે. પ્રતિષ્ઠા અને કીર્તિનો ત્યાગ કરીને દુનિયામાં આત્મતત્ત્વના ઉપાસક બનવું અને મનુષ્યોના કલ્યાણમાટે ધર્મોપદેશ કરવો એજ ઉત્તમોત્તમ ત્યાગ દશાની અવસ્થા છે. તેઓશ્રીએ પ્રતિષ્ઠા અને કીર્તિમાં મમત્વ રાખ્યું નથી, તેમ અનુભવાય છે.

" **सदा आनन्दमां रहीशुं** " આ કાવ્યમાં આનન્દની દિશા બતાવી છે અને પોતાના આનન્દાર્થે ઉત્તમ પ્રવૃત્તિ જણાવી છે.

" **अमारो शुद्ध आरीसो** " આ નામના કાવ્યમાં કેવલજ્ઞાનને આરીસો કલ્પીને તેનું આશ્ચર્યકર સત્યસ્વરૂપ દર્શાવ્યું છે.

" **खरो श्रावक नथी ए तो** " આ કાવ્યમાં કોણ ખરો શ્રાવક કહેવાય ? તથા તે કયા કયા દોષોથી, ખરો શ્રાવક ગણાય નહિ; તદ્વિષયક સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે.

" **अमारा वीरनी मूर्ति** " નામના કાવ્યમાં મૂર્તિદ્વારા પ્રભુનું સ્મરણ થાય છે અને પ્રભુના અનેક સદ્ગુણો મૂર્તિદ્વારા સ્મરવામાં આવે છે, તેથી આત્માની શુદ્ધિ થાય છે, એવો પરમાર્થ આ કાવ્યમાં સમાયો છે.

" **वधीशुं आत्मसामर्थ्ये** " આ સંજ્ઞાવાળા કાવ્યમાં સદ્ગુરૂશ્રીએ આત્મસામર્થ્યે આગળ વધવાનો નિશ્ચય કર્યો છે એમ સ્પષ્ટ દેખાય છે. અનેક વિઘ્નની પેલીપાર જવા જેણે નિશ્ચય ધાર્યો છે એવા સદ્ગુરૂના આત્માની જેટલી પ્રશંસા કરીએ તેટલી અલ્પ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"**हुकम मारो सुशिष्योने**" આ સંજ્ઞાવાળું કાવ્ય પોતાના શિષ્યો જે જે હોય તેમને અમુક બાબતની આજ્ઞા કરવા માટે રચાયું લાગે છે. પોતાના શિષ્યોને જે જે હુકમો કાવ્યમાં લખ્યા છે તે બહુ ઉપયોગી અને પરોપકારમય છે. દુનિયાનું કલ્યાણ કરવા સદ્દગુરૂની અત્યન્ત તીવ્ર રૂચિ છે તે અને જગત્ના જીવોપર આત્મદૃષ્ટિ કેવી રીતની ધારણ કરી છે, તે કાવ્ય વાંચતાંજ સ્પષ્ટ પ્રતીત થાય છે. તે કાવ્યમાંની કડીઓ તરફ નજર કરીએ.

દઈ ઉપદેશને ખાવું, ગમે તેને ખરા ભાવે ।
કરી ઉપકારને ખાવું, હુકમ મારો સુશિષ્યોને– ॥
લઘુતા ચિત્તમાં ધરવી, ગરીબોનાં હૃદય લ્હુવાં ।
ગરીબોનાં હૃદય જોવાં, હુકમ મારો સુશિષ્યોને ॥
"તવંગર યા ગરીબોમાં, કદાપિ ભેદ નહિ ધરવો"
"કરો પરમાર્થનાં કાર્યો, હુકમ મારો સુશિષ્યોને"
"જગત્ સેવા ભલી કરવી, હુકમ મારો સુશિષ્યોને"

ઇત્યાદિ વાક્યોથી પોતાની પાછળ પણ પોતાના શિષ્યોની પ્રવૃત્તિ ઉપકાર કરવાનીજ રહે અને સ્વપર આત્મોન્નતિ કરવા શિષ્યો અપ્રમાદી બની રહે, તદર્થે જાણે ઉપકાર વિત્તનું વિલજ કર્યું હોય એવી સદ્દગુરૂની પરોપકાર દૃષ્ટિ આ કાવ્ય જણાવી આપે છે. ભવિષ્યમાં શિષ્યોને આ કાવ્ય સારી શિક્ષા આપનારૂં થઈ પડશે; કેમકે સ્વાર્થત્યાગ અને પરમાર્થ વૃત્તિમય આ કાવ્ય છે. સદ્દગુરૂના શિષ્યોને સદ્દગુરૂનો પ્રતિદિન આ હુકમ છે, એવી દિશા દેખાડનારૂં આ કાવ્ય, અહર્નિશ વાંચવાની ભલામણ કરવામાં આવે છે.

"**जैनो करशो जयजयकार**" આ સંજ્ઞાવાળું કાવ્ય જૈન બન્ધુઓને સદુપદેશ દેવા નિમિત્તે રચાયું છે, કાવ્યનો ભાવાર્થ બહુ ઉત્તમ અને ધર્મ જુસ્સાને પ્રગટાવનાર છે. જૈનોની ઉન્નતિ કરવાની ભાવના શ્રીમદ્દની નસોનસે વ્યાપી રહી છે.

"**सुधारीशुं जीवनरेखा**" આ કાવ્યમાં પોતાની આત્મવૃત્તિનું ચિત્ર ચિતર્યું છે. અપૂર્વ ભાવ પ્રગટાવીને સદ્દગુરૂએ આ કાવ્યમાંના શબ્દોનો ઉલ્લેખ કર્યો હોય એમ લાગે છે. આત્માની શુદ્ધતા કરવાની ભાવના ચોલ મજીઠના જેવી ગુરૂશ્રીની છે, તે આ કાવ્યથી પ્રતિભાસે છે.

"**कुशिष्यो नहि मळो क्यारे**" આ સંજ્ઞાવાળા કાવ્યમાં કુશિષ્યોનાં લક્ષણ નિર્દેશ્યાં છે. કુશિષ્યોના દુર્ગુણોનું માનસિક વાચિક અને કાયિક ચિત્ર જેવું જોઇએ તેવું અનુભવથી ચિતર્યું છે. આ કાવ્ય વાંચીને કુશિષ્યો પોતાના ત્રિયોગની શુદ્ધિ કરે એમ અનુમાન થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**" मदत करशो म्हने देवो "** આ સંજ્ઞાવાળા કાવ્યમાં ધર્મ કરવામાં, ઉપદેશ દેવામાં અને જૈન શાસનની ઉન્નતિ કરતાં વિઘ્નોનો નાશ કરવામાં અને દુનિયાનું ભલું કરવામાં, ઇષ્ટ દેવોની સહાય માગી છે. કાવ્યનો ભાવાર્થ મનનીય છે.

**" थयो विद्वान् तथापि शुं ? "** આ કાવ્યમાં વિદ્વાનોની વિદ્યા અન્ય સદ્ગુણોવિના સ્વપરનું કલ્યાણ કરવા સમર્થ થતી નથી, એ બાબતનો પોતાના કોઈ સંબંધી પર પત્રિકા લખી ઉત્તમ બોધ આપ્યો છે. સદ્ગુણોવિના વિદ્વાન્‌ની વિદ્યા મયુરના પૃષ્ઠ ભાગની પેઠે શોભે છે. મનુષ્યો ગમે તે ભાષા વા ગમે તે વિષયના પ્રોફેસરો બને, પણ તેઓમાં દયા, ક્ષમા, દાન, નીતિ અને પ્રતિજ્ઞા પાલન, આદિ–સદ્ગુણો ન હોય તો ગુણોથી કેળવાયલા છે એમ તો કદાપિ કહી શકાય નહિ. વિદ્વાનોને આ કાવ્ય શિખામણ આપવામાં પૂરતું છે.

**" कर्युं शुं लक्ष्मीने धारी "** આ સંજ્ઞાવાળું કાવ્ય સદ્ગુરૂએ પોતાના લક્ષાધિપતિ કોઇ ગૃહસ્થ શ્રાવક ભક્તને ઉદ્દેશી બોધાર્થે બનાવ્યું હોય એમ લાગે છે. લક્ષ્મીવન્તોને આવા પ્રકારનો ઉપદેશ આપવાની આવશ્યકતા છે; લાખો વા કરોડો રૂપૈયાના અધિષ્ઠાતા બનવાથી કંઈ સ્વપરનું કલ્યાણ થતું નથી, લક્ષ્મીનો સદુપયોગ સાત ક્ષેત્ર વગેરે શુભમાર્ગે કર્યાવિના લક્ષ્મીની સફળતા થતી નથી, કેમકે ગધેડાપર ચંદન ભર્યું હોય તેમાં ગધેડાને શું ? તેમ જે લક્ષ્મીના ચોકીદારો–શેઠીયાઓ બની બેઠા હોય તેવા લક્ષ્મીવન્તોને લક્ષ્મી મળી તો પણ શું ? સુક્ષેત્રમાં વાપર્યાવિનાની લક્ષ્મીની કિમ્મત પત્થરથી વિશેષ ગણાતી નથી; તત્સંબંધી ભાવાર્થ આ કાવ્યમાં સારી રીતે ચિતર્યો છે.

**" तदा तुं श्रेष्ठ कहेवाशे "** આ સંજ્ઞાવાળા કાવ્યમાં પોતાના શિષ્યને શ્રેષ્ઠ થવાના ઉપાયો દર્શાવ્યા છે. ગુણવિનાના કૃત્રિમ ઘટાટોપ વડે જે શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે તે શ્રેષ્ઠ થઈ શકતો નથી અને તે ઉલટો હાસ્યપાત્ર બને છે, પણ સદ્ગુણોવડે ખરી શ્રેષ્ઠતા પ્રાપ્ત થાય છે; તે બાબતનું આ કાવ્યમાં સારી રીતે સ્વરૂપ દર્શાવ્યું છે.

**" ज्ञान अने क्रियाथी मोक्ष "** નામના કાવ્યમાં **ज्ञानक्रियाभ्यां मोक्षः.** એ સૂત્રનું સ્પષ્ટીકરણ કરીને તેનું સૂક્ષ્મ સ્વરૂપ દર્શાવ્યું છે. આ કાવ્યમાં તેમણે પોતાનું ઉત્તમ પાંડિત્ય બતાવ્યું છે. તેમના હૃદયમાં શાસ્ત્રોનો રસ પરિણમી રહ્યો છે, તેથી આવા સાપેક્ષવાણીના ઉત્તમ ઉદ્ગારો તેમણે બહિર્ પાડ્યા છે.

**" सदा मन राख आनन्दी "** આ સંજ્ઞાવાળા કાવ્યમાં પોતાના એક શિષ્યને ઉપાધિ દશામાં બોધ આપ્યો છે એમ અવબોધાય છે. સદ્ગુરૂ મહા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજ પોતાના ખુલ્લા દીલથી તદ્‌વિષયમાં તદાકારરૂપે પરિણમીને અન્તરમાં ઉંડા ઉતરી સચોટ ઉપદેશ આપે છે.

**साधुशिष्य प्रबोधकाव्य** નામ પ્રમાણે ગુણવાળું છે.

**अमारे कार्य करवानुं** નામના કાવ્યમાં પોતાની પ્રવૃત્તિનો વિવેક દર્શાવ્યો છે.

**"अमारा भक्त गणवाना"** આ કાવ્યમાં ગુરૂશ્રીએ પોતાના ભક્તોનું લક્ષણ બતાવ્યું છે. સદ્‌ગુરૂના ભક્ત થવું એ કંઈ સામાન્ય કાર્ય નથી. કાવ્યમાં દર્શાવ્યા પ્રમાણે સદ્‌ગુણો જેનામાં હોય તેનેજ ભક્ત ગણવાનું શ્રીમદ્ પોતે સ્વીકારે છે. ભગતીયા તેલ જેવી ભક્તિ જેનામાં હોય તેજ ખરો ભક્ત ગણાય છે. કાવ્યની એકેક કડીમાં બહુ ગંભીર ભાવાર્થ સમાયો છે, ખરા વખતે ગુરૂની સેવામાં જે હાજર રહે છે તેને ભક્ત ગણવામાં આવે છે. ખરેખર તેમના ઉચ્ચ આશયો જાણી શ્રીસદ્‌ગુરૂના હૃદયરૂપ થઈ જનાર ભક્તો અલ્પ મળી આવે છે.

**" नथी दहाडा सकल सरखा "** આ કાવ્યમાં શ્રીમદે પોતાના આન્તરિક જીવન દશાની સમાનતા રાખવાની ભવ્ય રેખા ચિતરી છે. શુદ્ધાન્તઃ-કરણમાંથી ઉદ્ભવેલા ઉદ્‌ગારો આ કાવ્યમાં ગંભીરાશયમાં પ્રકાશે છે. બાહ્ય-શાતા અને અશાતાના પ્રસંગોમાં ક્ષણિકતાનો તેમણે નિશ્ચય કર્યો છે. કર્મોના વિપાકો સર્વને ભોગવવા પડે છે. બાહ્યમાં અહંત્વ અને મમત્વની કલ્પના રહે છે. માટે અન્તર આત્મતત્ત્વનો આનન્દ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો એવું આ કાવ્યનું રહસ્ય છે.

**जिनवाणी**–આ કાવ્યમાં જિનવાણીની સ્તુતિ કરવામાં આવી છે અને આગમોનું મહત્ત્વ જણાવ્યું છે; વલી તેનું પઠન કરવું જોઈએ, તેવો આ કાવ્યમાંથી બોધ નીકળી આવે છે.

**समय त्हारी बलिहारी**–આ કાવ્યમાં સમયની અકલ ઘટના કેવી છે તેનું આબેહુબ ચિત્ર ખડું કર્યું છે. જૈનોમાં કુસમ્પથી ચર્ચા ચાલી રહી હતી તે સમયના પ્રસંગોવચ્ચે આ કાવ્ય રચાયું છે, તેથી આ કાવ્યમાં તે પ્રસંગોની છાયાનો આભાસ થાય છે.

**श्रीमद् रविसागरजी महाराजनी स्तुतिवाळुं** કાવ્ય ગુરૂભક્તિના આવેશમાં અત્યંત સુન્દર રચાયું છે. શ્રીમદ્ રવિસાગરજી જેવા મુનિવર આ કાળમાં ચારિત્ર ક્રિયાકોટીમાં અલ્પ હશે. ચારિત્ર ક્રિયાતો શ્રીમદ્ રવિસાગરજીનીજ ગણાય છે.

**" पामी नृजन्मभवमां करी शी कमाणी "** આ કાવ્ય મનુષ્યોને વૈરાગ્ય અને ધર્મ માર્ગ પ્રતિ આકર્ષણ કરે તેવું છે. કવિતાના ભાવાર્થની પ્રૌઢતા અત્યંત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"**गुरुस्तुति**" નામનું કાવ્ય સ્વકીય સદ્ગુરૂ શ્રીસુખસાગરજીના ગુણોની સ્તુતિમય બન્યું છે. પોતાના સદ્ગુરૂપર અપૂર્વ ભક્તિ અને શ્રદ્ધા છે તે આ કાવ્યજ દર્શાવે છે. ગુરૂના ઉપકારને સુન્દર શબ્દોમાં શ્રીમદે ગાઈ બતાવ્યો છે; ગુણી પુરૂષોજ ગુણને ગાઈ શકે છે.

"**गुरुजी दक्षिणा लेशो**" આ કાવ્યની જેટલી પ્રશંસા કરીએ તેટલી અલ્પ છે. કાવ્યની એકેક કડી આત્માને ગુરૂભક્તિના ઉચ્ચ પ્રદેશમાં આકર્ષી શકે છે. પોતાનું સર્વસ્વ શ્રીસદ્ગુરૂનું છે, એવા પ્રકારની ગુરૂને દક્ષિણા આપનારાઓ આત્મજ્ઞાનીવિના અન્ય કોણ હોય? ગુરૂને માટે તન, મન, ધન અને સત્તા સર્વે છે; એવું માની, ગુરૂની આજ્ઞામાં રહી, દુનિયાનું શ્રેયઃ કરવા પ્રવૃત્તિ કરનારા કોઇ વિરલા શિષ્યો પરીક્ષાની કસોટીમાં ટકી શકે છે. આ કાવ્યનો ભાવાર્થ બહુ ઉત્તમ છે, તેમજ હૃદયમાં ભક્તિ અને સ્વાર્થ-ત્યાગની ઉંડી અસર કરનાર છે, આ કાવ્યાનુસાર શિષ્યોનું વર્તન થાય તો શિષ્યોની ઉન્નતિ થયાવિના રહે નહિ.

એકંદર છઠ્ઠા ભાગનાં પ્રત્યેક કાવ્ય ઉત્તમ બન્યાં છે. આ કાવ્યોમાંના એકેક કાવ્યની એકેક કડીની સુન્દરતા તપાસીને તત્સંબંધી લખવામાં આવે તો એક મોટો ગ્રન્થ થઈ જાય, તેમાટે પ્રત્યેક કાવ્યની કડીયોના ઉતારા અત્ર લખવામાં આવ્યા નથી.

કેટલાકો એમ માને છે કે ગઝલ અને કવ્વાલિયોના રચનાર, કલાપી, મસ્તાન કવિ બાળાશંકર અને મણિભાઈ નભુભાઈ વગેરેએ ગઝલોમાં ફારસી શબ્દો દાખલ કરીને એમ દેખાડ્યું હતું કે ફારસી શબ્દોવિના ગઝલો ઉત્તમ જુસ્સાદાર બનતી નથી, પણ પૂજ્ય ગુરુ શ્રી બુદ્ધિસાગરજીએ ગઝલો અને સર્વે કવ્વાલિયો ગુર્જર ભાષાના ઉચ્ચ સંસ્કારિત શબ્દોથી રચી છે અને તેમાં જુસ્સો પણ આણ્યો છે અને ગુર્જર શબ્દોની દીનતા દૂર કરીને તેમજ ફારસી શબ્દોથી કાવ્યની થતી કિલષ્ટતા પણ દૂર કરીને શ્રીસદ્ગુરૂએ તે તે વિષયના ઉંડા વિચારમાં ઉતરીને આ કાવ્યો રચ્યાં છે. મહારાજશ્રીના ઉત્તમ જ્ઞાનથી કાવ્યોમાં જ્યાં ત્યાં પ્રૌઢતા ઝળકી રહી છે. શ્રીમદ્ સદ્ગુરૂનું કાવ્ય ગુર્જર દેશ વગેરે ઘણા દેશમાં પ્રખ્યાત થયું છે. મહારાજશ્રીએ સંસ્કૃત, માગધી અને ગુર્જર ભાષાનાં અનેક પુસ્તકો વાંચ્યાં છે, તેઓશ્રી યોગજ્ઞાન અને અધ્યાત્મજ્ઞાનમાં એક્કા ગણાય છે. જૈનાગમોનાં વ્યાખ્યાનો વારંવાર આપ્યા કરે છે અને અનેક મનુષ્યોના સહવાસથી તેમણે ઘણો અનુભવ લીધો છે તેથી તેમના કાવ્યમાં અનેક બાબતની ચમત્કૃતિ દેખવામાં આવે છે અને તે વાંચતાં અપૂર્વ આનન્દ રસની પ્રાપ્તિ થાય છે. આ પુસ્તકનાં કાવ્યો અધિકારી પરત્વે છે, કોઇને કોઇ કાવ્ય વાંચતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિશેષ આનન્દ પડે અને કોઇને કોઇ કાવ્યથી વિશેષ આનન્દ ઉદ્ભવે તે રૂચિભેદે બનવા યોગ્ય છે; નાન્હા બાળકને **વીરરસ**માં સમજણ ન પડે તેથી **વીરરસ**ની હાનિ થતી નથી તેમ આ કાવ્યોથી કોઈ અજ્ઞને આનન્દ ન પડે તેમાં તેની યોગ્યતા પ્રગટી નથી એમ સમજવું; તત્તદ્વિષયના જ્ઞાનધારક સાક્ષરો આ કાવ્યમાંથી ઘણું ગ્રહણ કરી શકશે.

જમાનાને અનુસરી ઉન્નતિ ક્રમની શ્રેણિપર ચઢવાને માટે આ કાવ્ય અત્યંત ઉપયોગી છે. આ કાવ્યોમાંથી જેટલું જોઇએ તેટલું મળી શકે તેમ છે. જૈનોમાં આ વર્તમાન સમયમાં એક મહાન્ ગુર્જર ભાષાના **કવિ** તરીકે શ્રીમદ્‌નું નામ પંડિતો પ્રથમ નંબરે મૂકે છે. વસ્તુતઃ વિચારી જોઈએ તો બરાબર તેમજ છે. ગૂર્જર દેશના મનુષ્યો શાસ્ત્રોમાં વિશારદ, યોગી, અધ્યાત્મતત્ત્વજ્ઞ, ચારિત્રપાલક અને ઉત્તમ વ્યાખ્યાતા, એવા શ્રીમદ્ બુદ્ધિસાગરજી જેવા કવિમાટે અત્યન્ત હર્ષ ધારણ કરે છે, આવા ઉત્તમ કવિને માટે ગુર્જર દેશ જેવી પુણ્યભૂમિની કોણ સ્તુતિ ન કરે.

**શ્રી**મદ્ ગુરૂરાજનાં કાવ્યો, ગુર્જર, કાઠીયાવાડ, દક્ષિણ, માળવા, કચ્છ અને મારવાડ વગેરે દેશોમાં આદરભાવથી વંચાવા લાગ્યાં છે. શ્રીઆનન્દઘનજી વગેરેનાં કાવ્યોની પેઠે શ્રીમદ્‌નાં કાવ્યો અને ભજનો અનેક ધર્મના વિદ્વાનો શુભ દૃષ્ટિથી વાંચે છે, **શ્રી**મદ્‌માં કાવ્ય કરવાની શીઘ્ર શક્તિ છે, તેથી તેઓ **શીઘ્રકવિ** એ વિશેષણને પાત્ર ઠરે છે.

**શ્રી**મદે આ કાવ્યો ક્યારે અને ક્યાં બનાવ્યાં તે પ્રત્યેક કાવ્યની સાથે દર્શાવ્યું છે. કાવ્ય કરનારમાં ઉત્તમ સદાચાર હોવા જોઇએ, તેમ સ્વાર્થ ત્યાગ હોવો જોઇએ. શ્રીમદ્ મુનિના પંચ મહાવ્રતોને શોભાવી રહ્યા છે, પગથી ગામોગામ અને દેશોદેશ વિચરે છે, બાલ્યાવસ્થાથી બ્રહ્મચર્યને ધારણ કર્યું છે, બાહ્ય લક્ષ્મીનો ત્યાગ કર્યો છે, ઉકાળેલા અચિત્ત જલનું પાન કરે છે, ગોચરી જઇને નિર્દોષ આહારને ગ્રહણ કરે છે, સંથારાપર સુઈ રહે છે, ગામોગામ વિહાર કરીને ભવ્ય જીવોને ઉપદેશ આપે છે. તેમના ઉપદેશથી બોર્ડીંગ અને ઘણી પાઠશાલાઓ સ્થાપન થઈ છે. ધર્મની ક્રિયાઓ પોતે કરે છે અને અન્ય મનુષ્યોની પાસે કરાવે છે, વાંચવું, ભણવું, લખવું અને ઉપદેશ દેવો આજ તેમની મુખ્ય પ્રવૃત્તિ છે. જૈનોના ત્રણે ફીરકામાં તેમનું નામ પ્રસિદ્ધ છે. જૈનસાધુઓની ઉન્નતિ કરવા વારંવાર લેખો લખ્યા કરે છે, મોટામોટા લક્ષાધિપતિયો અને રાજાઓ પણ તેમને પૂજે છે, વન્દે છે અને તેમનો ઉપદેશ સાંભળે છે. આવા ઉત્તમ મુનિરાજના હૃદયમાંથી ઉપર્યુક્ત કાવ્યોના ઉદ્ગાર નીકળ્યા છે, તેથી અન્ય મનુષ્યોને વાંચતાંજ હૃદયમાં સચોટ અસર કરે તેમાં કંઈ આશ્ચર્ય નથી. ઉત્તમ પુરૂષોનાં હૃદયોદ્ગાર કાવ્યોમાં એવી શક્તિજ રહી છે કે, તેને વાંચતાં અન્યોના મનમાં ઉંડી અસર થઈ શકે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમ મોટા મોટા સુન્દર બગીચાઓમાં મનુષ્યોને હવાનો લાભ મળે છે અને તેથી તેઓનાં શરીર સારાં રહે છે, તેમ આ કાવ્યો પણ મનની પ્રસન્નતા માટે ઉત્તમ ઉપવનની ગરજ સારે છે. મનુષ્યોના મનમાં ઉદ્ભવતી અનેક પ્રકારની ચિન્તાઓને આ કાવ્યો દૂર કરી શકે છે, માટે તે ઉત્તમ વૈદ્યની ગરજને સારે છે. મનુષ્યોના શિરપર અનેક પ્રકારની ઉપાધિયો ઝુકી રહી છે તે ઉપાધિયોથી મનુષ્યોનું રક્ષણ કરવા, આ કાવ્યો મિત્રની ગરજ સારે છે. ગંગાનદી જેમ મનુષ્યના શરીરનો બાહ્ય મેલ દૂર કરે છે અને તાપને પણ દૂર કરી શીતલતા અર્પે છે, તેમ આ કાવ્યપણ મનમાં ઉદ્ભવેલા હિંસા, જૂઠ, ચોરી, વ્યભિચાર, ક્રોધ, માન, માયા અને લોભરૂપ મેલને હરે છે, તથા આધિ વ્યાધિ અને ઉપાધિયોના તાપને દૂર કરી સમતારૂપ શીતળતા આપીને મનુષ્યોને આનન્દગુણનો સ્વાદ આપે છે. મુખના ઉપદેશની અસર વર્તમાનકાલમાં વધુ રહે છે. અને ગ્રન્થોની અસર તો વર્તમાન અને ભવિષ્યમાં પણ ઘણા કાલપર્યંત રહે છે. ગદ્ય લેખો કરતાં પદ્ય રૂપે રચાયેલાં કાવ્યો મનુષ્યોને સરસ અને ઘણી અસર કરે છે. કાવ્યરૂપે બનેલું પુસ્તક ભવિષ્યમાં હજારો વર્ષપર્યંત વંચાય છે અને તેથી ભવિષ્યમાં હજારો વર્ષપર્યંત લાખો મનુષ્યો આવાં ઉત્તમ કાવ્યો વાંચીને પોતાના આત્માની ઉચ્ચતા કરે છે, તેમજ હજારો વર્ષપર્યંત કવિનો કીર્તિરૂપ અક્ષરદેહ સર્વનું ભલું કરીને પોતાની પવિત્રતા કાયમ રાખે છે.

કવિ અને કાવ્યોની ઉત્તમતા વર્તમાનકાલમાં પરખી શકાતી નથી, કારણ કે દુનિયા પચ્ચાશ વર્ષ પશ્ચાત્ છે એવો નિયમ છે. વર્તમાન દશામાં દરેકના પ્રતિસ્પર્ધિયો અને પ્રતિપક્ષીયો હોવાથી, ભવિષ્યના મનુષ્યો, કવિ અને કાવ્યોની ઉત્તમતાની પરીક્ષા કરી શકે છે. શ્રીમદ્‌ના કાવ્યોની, તથા તેમની પ્રશંસા ગુર્જર આદિ દેશોના મોટા મોટા શહેરોમાં અને ગામડાંઓમાં ગાજી રહી છે. આવા પ્રખ્યાત કવિ, પ્રખ્યાત લેખક, શાસ્ત્રવિશારદ, યોગી અને પંચ મહાવ્રત પાલક, મુનિવર ચિરંજીવો એટલુંજ લેખકથી ઇચ્છાય છે. અત્ર નીચલી પ્રાસંગિક બીનાની નોંધ લઈએ છિએ.

## श्रीमद् गुरुश्रीनो सुरतथी मुंबाई विहार.

શ્રીમદ્ ગુરૂશ્રી સં. ૧૯૬૬ ના માહ વદી ૧૩ ના રોજ સુરતમાં પધાર્યા તે વખતે સુરતના શ્રી સંઘે મોટા વરઘોડાની ધામધૂમથી ગુરુશ્રીનો પ્રવેશ મહોત્સવ કર્યો હતો. સુરતમાં હોળીના દિવસે વેંગણથી શ્રાવકના યુવક પુત્રો પરસ્પર લડાઈ કરતા હતા તે બંધ કરાવી હતી. ચૈત્ર માસમાં ડુમસ પધાર્યા હતા અને ત્યાં ઓચ્છવ થયો હતો. શ્રીમદે ત્યાં મૂળ શ્લોકબદ્ધ યોગદીપક ગ્રન્થ તૈયાર કર્યો હતો. શેઠ જીવણચંદ ધર્મચંદ, રાવસાહેબ હીરાચંદ મોતિચંદ તથા શેઠ ફકીરચંદ નગીનદાસ વગેરેના આગ્રહથી ત્યાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓળીના દિવસોમાં શ્રીપાલનો રાસ વાંચ્યો હતો.પશ્ચાત્ તેમણે જૈન ગરીબોને માટે એક શ્રાવક પાસે ફંડ ઉઘડાવ્યું હતું. શ્રીમદ્ રત્નસાગર પાઠશાલાને મદત કરાવી હતી. સર્વ સાધુઓમાં સંપ કરાવવામાં તેમણે ભાગ લીધો હતો. યાવત્ સુરતમાં રહ્યા તાવત્ પ્રતિદિન વ્યાખ્યાન આપ્યાજ કરતા હતા. ચાતુર્માસ પૂર્ણ થતાં કાર્તિક વદી ૧૨ ના રોજ મુંબાઈ તરફ વિહાર કર્યો. જલાલપુર, અમલસાડ, ગણદેવી, બીલીમોરા વગેરે ગામોમાં ઉપદેશ દેઈ વલસાડ પધાર્યા હતા. તત્સમયે વલસાડના સંઘે પ્રવેશ મહોત્સવ ઉત્તમ કર્યો હતો. ત્યાં તેમણે આર્યસમાજી પંડિતોની સમક્ષ જાહેર ભાષણો આપી જૈનધર્મની ઉત્તમતા સિદ્ધ કરી આપી હતી. વલસાડથી છઠ્ઠો ભાગ રચવાનો તેમણે પ્રારંભ કર્યો. વલસાડના શ્રાવકોએ તેમના ઉત્તમ વ્યાખ્યાનોથી બોધ પામી તેમના નામની જૈન પાઠશાલા સ્થાપન કરી છે. વલસાડના શ્રાવકોને વ્યાખ્યાનનો લાભ આપી પારડી પધાર્યા, પારડીના શ્રાવકોએ મહારાજશ્રી પાસે જાહેર ભાષણો અપાવ્યાં અને તેમના નામની લાયબ્રેરી સ્થાપી. ત્યાંથી ગુરૂરાજ દમણ પધારતાં ત્યાંના ઉત્તમ શ્રાવકોએ ઠાઠમાઠથી મહારાજજીનો પ્રવેશ મહોત્સવ કર્યો. મહારાજશ્રીએ દમણના સંઘને અને જૈનેતર લોકોને અસરકારક ઉપદેશ આપ્યો અને તેથી દમણના સંઘે આનન્દના આવેશમાં આવી તેમના નામની પાઠશાલા સ્થાપન કરી. ત્યાંથી મહારાજ જે જે ગામોમાં વિહાર થાય તે તે ગામોમાં ઉપદેશ દેતા દેતા દહાણુ પધાર્યા. તેવામાં મુંબાઈના ઝવેરી મંડલની અગાસીમાં પ્રભુપ્રતિમાની પ્રતિષ્ઠા કરાવવા પ્રસંગે ગુરૂરાજને વિનંતિ થઈ. દહાણુથી વિહાર કરી શ્રીમદ્ અગાસી આવ્યા અને પ્રતિષ્ઠાને વાર હોવાથી આસપાસનાં ગામડાંઓમાં ઉપદેશ દેવા પધાર્યા. તે વખતે ઝવેરી ભુરીયાભાઈ જીવણચંદે મહારાજની સેવાભક્તિ સારી રીતે કરી હતી. શુદી બીજે મહારાજશ્રી અગાસી હાજર રહ્યા હતા. દરરોજ હજારો મનુષ્યોનું ત્યાં આવાગમન થતું હતું. ઝવેરીમંડળે પ્રતિષ્ઠા મહોત્સવ કરવાની સર્વ સામગ્રી પ્રથમથી તૈયાર કરી હતી. મુંબાઇના ઝવેરીઓ દરરોજ અગાસીમાં આવવા લાગ્યા અને દરરોજ પૂજાઓ ભણાવવા લાગ્યા. સાધર્મી બન્ધુઓની ભક્તિમાટે રસોડું ઉઘાડ્યું હતું. આ પ્રસંગે મુંબાઇના સંઘના આગેવાનો જેવા કે, સંઘવી રતનચંદભાઈ ખીમચંદ, શેઠ ડીકાભાઈ પ્રેમચંદ, શેઠ મણિભાઈ ગોકુલભાઈ, શેઠ જીવણચંદ ધર્મચંદ, શેઠ લલ્લુભાઈ ધર્મચંદ, બાબુ ભગવાનદાસ, શેઠ નગીનભાઈ મંછુભાઈ, શેઠ ભુરીયાભાઈ જીવણચંદ, શેઠ ખીમચંદ ઉત્તમચંદ, શેઠ ફકીરચંદ નગીનદાસ, શેઠ અભયચંદ મૂળચંદ સોલીસીટર, મોતિચંદ ગીરધર કાપડીયા, શેઠ. દેવકરણમૂલજી, શેઠ નાનાભાઈ તલકચંદ તથા રતનચંદ તલકચંદ, શેઠ કલ્યાણચંદ સૌભાગ્યચંદ, શેઠ મોહનલાલ હેમચંદ, શેઠ અંબાલાલ બાપુભાઈ, શેઠ મગનલાલ કંકુચંદ, શેઠ ગુલાબચંદ દેવચંદ, વગેરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સદ્‌ગૃહસ્થો આવ્યા અને તેમણે મહારાજશ્રીને મુંબાઈ પધારવાની વિનંતિ કરી. અને મહારાજશ્રીએ તે વિનંતિ સ્વીકારી.

ઝવેરી નગીનભાઈ મંછુભાઈ વગેરેએ પ્રતિષ્ઠામાં સારો ભાગ લીધો હતો. જેથી પ્રતિષ્ઠાના વખતે સારી ઉપજ થઈ હતી. એ પણ છઠ્ઠા ભાગનાં કાવ્યો રચાતાં હતાં. ઝવેરી મગનભાઈ નગીનભાઈએ ઝવેરીમંડલ તરફથી આ પુસ્તક છપાવવાની માગણી કરી અને મહારાજે તે માગણીનો સ્વીકાર કર્યો હતો, તે પ્રમાણે આ ગ્રન્થ પ્રગટ થયો છે. પ્રતિષ્ઠાના દિવસે આસરે સાત આઠ હજાર મનુષ્યો હાજર હતાં. પ્રતિષ્ઠા ક્રિયા સારી રીતે થઈ હતી. મુંબાઈના સંઘે અને તેમાં પણ ઝવેરીઓએ આગેવાની ભર્યો ભાગ લીધો હતો. મુંબાઈના ઝવેરી મંડલે શ્રી મુનિસુવ્રત સ્વામિની મહોત્સવપૂર્વક પ્રતિષ્ઠા કરવામાં બહુ પ્રયાસ કર્યો છે તે માટે તેમને ધન્યવાદ ઘટે છે. હજારો મનુષ્યોને મહારાજશ્રીએ પ્રતિષ્ઠાના દિવસોમાં ઉપદેશ આપ્યો હતો, અને મહારાજે વાસવડે પ્રભુ પ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી. ત્યાંથી તુર્ત વિહાર કરી સદ્‌ગુરૂ મહારાજ, મુંબાઈ ભાયખલે માઘશુદી ૧૪ ચતુર્દશીના દિવસે આવી પહોંચ્યા. મુંબાઈના સંઘમાં ઘેર ઘેર શ્રાવક અને શ્રાવિકાઓમાં અત્યંત આનન્દ ફેલાયો. શેઠ જીવણચંદ ધર્મચંદ, શેઠ લલ્લુભાઈ ધર્મચંદ, શેઠ કલ્યાણચંદ સૌભાગ્યચંદ, તથા શેઠ નગીનદાસ મંછુભાઈ તથા ઝવેરી ભુરીયાભાઈ તથા શેઠ દેવકરણ મૂળજી, શેઠ મોહનલાલ હેમચંદ તથા શા. મગનલાલ કંકુચંદ વગેરે ઝવેરીઓ તથા અન્ય શ્રાવકોએ તથા શ્રાવીકાઓએ મોટા વરઘોડાપૂર્વક શ્રીમદ્ બુદ્ધિસાગરજીનો મુંબાઈમાં પ્રવેશ મહોત્સવ કર્યો. વરઘોડામાં ઘણા સાબેલા અને ગાડીઓ હતી, મુનિરાજ શ્રી મોહનહાલજીના વખતમાં જેવો વરઘોડો ચડ્યો હતો તેની પાછળ આજ વરઘોડો સારો ચડ્યો છે, એમ હજારો જૈનો બોલતા હતા. મુંબાઇના આગેવાન શેઠીયાઓ સર્વ વરઘોડામાં મહારાજશ્રીની પાછળ ચાલતા હતા, આ વખતે હજારો લોકોની ઠઠ્ઠ મહારાજનાં દર્શન કરવામાટે ઠેકાણે ઠેકાણે ઉભી રહી હતી, પોતાના શિષ્યો સહિત ગુરૂ મહારાજ લાલબાગના ઉપાશ્રયમાં સંવત્ ૧૯૬૭ના માઘ શુદી ૧૫ના રોજ શુભ મુહૂર્તમાં પધાર્યા અને ઉત્તમ મંગલાચરણ કરીને સંઘને અપૂર્વ વ્યાખ્યાનદ્વારા બોધ આપ્યો હતો. ત્યારથી દરરોજ શ્રાવકોને ઉપદેશ આપવા લાગ્યા. ફાગુણ સુદી સાતમના દીવસે વાલકેશ્વર પધાર્યા અને ત્યાંના શ્રીમન્ત ગૃહસ્થોને ઉપદેશ દેવા લાગ્યા. ચૈત્રમાસથી લાલબાગમાં મહારાજશ્રીએ દશવૈકાલિક સૂત્ર વાંચવાનું શરૂ કર્યું. છે.

**धम्मो मंगल मुक्किट्ठं, अहिंसा संयमोतवो ।**
**देवावितं नमंसंति, जस्सधम्मे सयामणो. ॥ १ ॥**

આ દશવૈકાલિક સૂત્રની મૂળગાથાનું વ્યાખ્યાન ચૈત્રમાસથી મહારાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી વાંચે છે. સાત માસથી એ પ્રથમ ગાથાનું વિવેચન ચાલે છે, તો પણ હજી તેનું વિવેચન પૂર્ણ થયું નથી, મહારાજશ્રીની શાસ્ત્રવિશારદ દૃષ્ટિનો એ મહિમા છે. પર્યુષણપર્વમાં મહારાજશ્રીએ અખંડ ધારાએ વ્યાખ્યાન વાંચ્યું હતું, સકલ સંઘમાં પર્યુષણપર્વથી આનંદ છવાઈ રહ્યો હતો, શ્રાવકો અને શ્રાવિકાઓનાં મન વ્યાખ્યાન સાંભળીને ખુશી ખુશી થયાં હતાં. સુરતમાં લાલન અને શિવજીની ચર્ચાના યોગે સાધુઓમાં બે પક્ષ પડી ગયા છે, પણ મુંબાઈમાં આ વાતને મહારાજશ્રીએ ચર્ચી નથી અને તેથી અદ્યાપિ પર્યંત સંઘમાં શાન્તિ જળવાઈ છે. પશ્ચાત્ ભાવીભાવ તેઓશ્રી મધ્યસ્થ રહીને મુંબાઇમાં શાન્તિ જાળવી રહ્યા છે. વ્યાખ્યાનના શ્રવણથી હજારો શ્રાવકો અને શ્રાવિકાઓને લાભ થયો છે. મહારાજશ્રી દરરોજ વ્યાખ્યાન વાંચે છે ઉપરાંત અનેક ગ્રન્થો વાંચે છે અને આવાં ઉત્તમ કાવ્યો બનાવીને જૈન પ્રજા અને અન્ય મનુષ્યોને જે લાભ આપે છે તેનું વર્ણન થઈ શકે તેમ નથી. **परोपकाराय सतां विभूतयः** આ વાક્યના ભાવાર્થમય મહારાજશ્રીની ત્રિયોગે પ્રવૃત્તિ દેખાય છે, આવા ઉત્તમ સદ્‌ગુરૂના પરોપકારનો બદલો વાળી શકાય તેમ નથી. ગુરૂશ્રીનો દેહ અને અક્ષરદેહ પરોપકાર મૂર્તિરૂપ છે. જગત્‌માં સદાકાલ ઉપકાર કરતાં વિચરો એવી અમારી અભ્યર્થના છે.

કવ્વાલિ મસ્તાનીપણામાં ગવાય છે. ગુરૂશ્રીના હૃદયોદ્‌ગારો પણ મસ્તાની દશાયોગે નીકળ્યા છે, માટે ગુરૂશ્રીએ કવ્વાલિમાં કાવ્યરચના કરી છે. મહારાજશ્રીમાં વિશાલ વિચારો, શુદ્ધપ્રેમ, પરમાર્થવૃત્તિ, ઉદારભાવ, સાપેક્ષદૃષ્ટિ, સત્યોપદેશ, સ્વાર્થત્યાગ, આનન્દદશા, વિશાલજ્ઞાન અને વૈરાગ્યવૃત્તિ આદિ ઘણા સદ્‌ગુણો છે, તેથી તેઓના હૃદયના ખુલ્લા વિચારોથી મનુષ્યોને ઘણી સારી અસર થાય છે. ચાલતી લાલનાદિની ચર્ચાથી ઘણે ઠેકાણે સંઘમાં અશાન્તિ ફેલાઇ છે, તેવા પ્રસંગમાં પણ તેમનું હૃદય અનેક પરિષહો વેઠીને પોતાનું ધર્મકાર્ય કરે જાય છે, અને અસત્ પક્ષથી દૂર રહેછે, તેથી મહારાજની મૂર્તિ આદર્શપુરૂષવત્ દુનિયાને અનુકરણીય છે. છેવટે ગુરૂમહારાજશ્રીના આવા ઉત્તમ કાવ્યોનો સાહિત્ય પ્રદેશોમાં ફેલાવો થાઓ અને ગુરૂમહારાજની વાણીથી દુનિયાનું શ્રેયઃ થાઓ એટલું કહી વિરમું છું. ૐ श्री गुरुः

વીરસંવત્ ૨૪૩૮
જ્ઞાનપંચમી
ચંપાગલ્લી, મુંબાઈ,

લેખક, સદ્‌ગુરૂચરણોપાસક શ્રાવક
અને
**अध्यात्मज्ञान प्रसारकमंडळ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અગાસી તીર્થ જીર્ણોદ્ધાર.

અઢારમા સૈકામાં જાણીતા મોતીશા શેઠ, ચીન વગેરે દરીયાપારના મુલકોમાં, વહાણો મારફતે મોટો વેપાર કરતા હતા, તેઓએ એક વખતે સફરે ગએલા વહાણોના (તોફાની દરીઆને લીધે) લાંબો વખત સમાચાર ન મલવાથી સદરહુ વહાણો જે બંદરે મલી આવે ત્યાં શ્રી જૈન દેરાસર બંધાવવા નિશ્ચય કીધો હતો. તે પ્રમાણે થોડા વખતમાં શ્રીપાલરાજાના રાસમાં સોપાલક નગરનું વર્ણન આવે છે તેની પાસે અગાસી બંદરે વહાણો સહીસલામત આવી પહોંચ્યાં અને ધારેલા ઇરાદા પ્રમાણે મોતીશા શેઠે અગાસીમાં શ્રી મુનિસુવ્રત સ્વામી મહારાજનું દેરાસર બંધાવ્યું.

તે દેરાસરનો મુંબઈ ઝવેરી મંડળે પોતાના જીર્ણોદ્ધાર ફંડમાંથી આશરે પાંત્રીશ હજાર અને પ્રતિષ્ઠા વખતે થએલી પેદાશના આશરે પંદર હજાર મળી કુલ રૂ. પચાસ હજારના આશરે ખરચી સંવત્ ૧૯૬૫ ના વૈશાખ શુદ ૬ ના દીવસથી જીર્ણોદ્ધાર કાર્યનો પ્રારંભ કરી જીર્ણોદ્ધાર કરાવ્યો અને સંવત્ ૧૯૬૭ ના મહા શુદ ૧૦ ને બુધવારે મહારાજજીને તખ્તે બીરાજમાન કીધા. જે શુભ પ્રસંગે હિન્દુસ્તાનના જુદા જુદા સ્થલોના સુમારે પચીસ હજાર જૈન ભાઇઓ ઝવેરી મંડળના આમંત્રણથી પ્રતિષ્ઠા મહોત્સવમાં પધાર્યા હતા. ઝવેરી મંડળના પ્રમુખ શેઠ નગીનચંદ ફુલચંદ, ઉપપ્રમુખ શા. નગીનભાઈ મંછુભાઇ, સેક્રેટરી શા. હેમચંદ ખીમચંદ અને જીર્ણોદ્ધારફંડના સ્થાપક તેમજ સલાહકારો શા. મોતીચંદ રૂપચંદ પુનાવાળા તથા શા. હીરાભાઈ મંછુભાઈ, તથા શા. મગનભાઈ નગીનભાઇ વીગેરે અને મંડળના સભાસદો તથા નીમાએલી જુદી જુદી કમીટીના ગૃહસ્થોએ દેરાસરના બાંધકામ માટે તથા પ્રતિષ્ઠા-મહોત્સવ અંગે અને સ્વામીવાત્સલ્ય વીગેરેના કાર્યમાં તન મનથી બનતી સગવડ કીધી હતી, છતાં પધારેલા સાહેબોને જે અગવડ પડી હોય તેને માટે ઝવેરી મંડળ ક્ષમા ચાહે છે અને પધારેલા ભાઈઓએ લીધેલી તસ્દી માટે ઉપકાર માને છે.

તે શુભ અવસરે શ્રીમદ્ યોગનિષ્ઠ મુનિમહારાજ શ્રી બુદ્ધિસાગરજીએ મુંબઈ ઝવેરી મંડળની વિનંતિ સ્વીકારી અનેક પરીષહ સહન કરી પ્રતિષ્ઠા મહોત્સવમાં પધારી પ્રભુપ્રતિમાની વાસ ચૂર્ણવડે પ્રતિષ્ઠા કરીને, તેમજ બોધ આપીને ઘણો ઉપકાર કીધો છે, તે શુભપ્રસંગોની યાદગારીમાં તેઓશ્રીકૃત ભજનપદસંગ્રહ ભાગ છઠ્ઠો, મુંબઈ ઝવેરી મંડળ તરફથી છપાવી બહાર પાડવામાં આવ્યો છે. જેમાં મંડળના સભાસદોએ નીચે મુજબ રકમો ભરી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૫ શા. નગીનચંદ ફુલચંદ ( પ્રમુખ ).
૨૫ શા. નગીનભાઈ મંછુભાઈ તલકચંદ ( ઉપપ્રમુખ ).
૨૫ શા. હેમચંદ ખીમચંદ ( સેક્રેટરી ).
૧૦૦) શા. જીવણચંદ લલ્લુભાઈ કંપની.
૫૧ વકીલ સવઈચંદ ફતેહચંદ.
૫૦ શા. હીરાચંદ નવલચંદ.
૨૫ શા. તલકચંદ માણેકચંદ.
૨૫ શા. બાલુભાઈ મુળચંદની ફુા.
૨૫ શા. માનચંદ સરૂપચંદ.
૨૫ શા. માણેકચંદ કપુરચંદની ફુા.
૨૫ શા. મગનલાલ માણેકલાલ.
૨૫ શા. લાલભાઈ મગનલાલ.
૨૫ શા. હીરાચંદ દયાચંદ મળજી.
૨૬ શા. મોહનલાલ હેમચંદ અને શા. નવલચંદ ખીમચંદ.
૧૫ શા. ભુરીયાભાઈ જીવણચંદ.
૧૧ શા. ખુબચંદ માણેકચંદ.
૧૧ શા. કલ્યાણચંદ ઘેલાભાઈ.
૧૧ શા. ભાઈચંદ જવેરચંદ.
૧૦ શા. મણીલાલ લહેરચંદ.
૧૦ એક ગૃહસ્થ. ( વગરનામે ).
૭ શા. અમરચંદ મુળચંદ.
૫ શા. કેશરીચંદ લલ્લુભાઈની ફુા.
૫ શા. બાપુભાઈ બાલુભાઈ.
૫ શા. સરૂપચંદ અભેચંદ.
૫ શા. નગીનચંદ અમરચંદ.
૫ શા. નેમચંદ મુળચંદ.
૫ શા. નેનસુખલાલ છોટાલાલ ફુા.
૨ શા. બાલુભાઈ કસ્તુરચંદ.
૧ શા. અમીચંદ ગુલાબચંદ.

૫૮૫

આશો વદ ૧૩.
વીરસંવત્ ૨૪૩૭.

**શ્રી. મુંબઈ ઝવેરીમંડળ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# अनुक्रमणिका.


| | | |
|---|---|---|
| १ | अमारी सेवा ... ... ... ... ... पृष्ठ | १ |
| २ | अमारो प्रेम ... ... ... ... ... ... | २ |
| ३ | म्हारो जन्म शा सारु ?... ... ... ... ... | ३ |
| ४ | खरेखर त्याग ए क्यांथी... ... ... ... ... | ४ |
| ५ | नथी लेवुं नथी देवुं ... ... ... ... ... | ६ |
| ६ | भलुं लेवुं भलुं देवुं ... ... ... ... ... | ८ |
| ७ | थयो जागृत हवे नक्की ... ... ... ... ... | १० |
| ८ | नथी म्हारी अरे दुनिया... ... ... ... ... | १२ |
| ९ | विचारी ले सुधारी ले ... ... ... ... ... | १४ |
| १० | बनो म्हाराथकी सारूं ... ... ... ... ... | १६ |
| ११ | करो उद्यम, विजयभावी... ... ... ... ... | २० |
| १२ | अमारो जन्म छे आ तो... ... ... ... ... | २० |
| १३ | रुचे तो मानजो म्हारूं ... ... ... ... ... | २२ |
| १४ | फळो इच्छा अमारी ए ... ... ... ... ... | २४ |
| १५ | सदा धंधो अमारो ए ... ... ... ... ... | २६ |
| १६ | खरो उपदेश ए म्हारो ... ... ... ... ... | २९ |
| १७ | अमारूं साध्य साधीशुं ... ... ... ... ... | ३० |
| १८ | रुचे उद्यम म्हने मनमां ... ... ... ... ... | ३२ |
| १९ | अमारी लक्ष्मी छे पासे ... ... ... ... ... | ३४ |
| २० | अमारा बन्धुओ जागो ... ... ... ... ... | ३६ |
| २१ | म्हने निश्चय थयो एवो ... ... ... ... ... | ३८ |
| २२ | अमारा बन्धुओ समजो ... ... ... ... ... | ४० |
| २३ | अमारा शिष्य ते नक्की ... ... ... ... ... | ४२ |
| २४ | अमारा जैन बन्धुओ ... ... ... ... ... | ४४ |
| २५ | समागम सन्तनो थाशो... ... ... ... ... | ४६ |
| २६ | मळो नहि सङ्ग दुर्जननो... ... ... ... ... | ४९ |
| २७ | अमारुं कार्य करवानुं ... ... ... ... ... | ५१ |
| २८ | भलो जो हुं भली दुनिया ... ... ... ... | ५३ |
| २९ | सतावो नहि हवे मुजने... ... ... ... ... | ५३ |
| ३० | फकीरोने फिकर शानी ?... ... ... ... ... | ५८ |
| ३१ | तमारा चित्तने पूछो ... ... ... ... ... | ६० |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



३२ प्रगट थाता विचारो बहु ... ... ... ... ६२
३३ हृदय मारुं घणुं तल्पे ... ... ... ... ... ६४
३४ बनो बहादूर सकल जैनो .... ... ... ... ६६
३५ अमारा दीलना उभरा ... ... ... ... ... ६८
३६ अमारा चित्तमां आव्युं ... ... ... ... ... ७०
३७ विचारो पत्र हे साधो ! ... ... ... ... ... ७२
३८ अपेक्षा वाणी ... ... ... ... ... ... ७३
३९ अपेक्षावाद आ म्हारो ... ... ... ... ... ७४
४० सदा आनन्दमां रहीशुं ... ... ... ... ... ७५
४१ वैराग्य-ब्रह्मोद्गार ... ... ... ... ... ७६
४२ भविष्य जीवनकार्य समालोचना ... ... ... ... ७७
४३ अमारो एज छे धंधो ... ... ... ... ... ७८
४४ विचारबळ ... ... ... ... ... ... ७९
४५ प्रसङ्गोद्गार ... ... ... ... ... ... ८०
४६ म्हने धारो नथी ते हुं ... ... ... ... ... ८१
४७ अमारा मित्र गणवाना ... ... ... ... ... ८२
४८ उन्नतिमां ऐक्यता ... ... ... ... ... ८३
४९ जरा नहि पाछुं वाळीजो... ... ... ... ... ८४
५० अमारा प्रेमसागरमां ... ... ... ... ... ८५
५१ सदा समभावमां रहेवुं ... ... ... ... ... ८६
५२ अमोने ओळखे कोई ... ... ... ... ... ८८
५३ अमारे सर्व खमवानुं ... ... ... ... ... ८९
५४ अमारी शिख मानी ले... ... ... ... ... ९०
५५ अरे तुं आव ठेकाणे ... ... ... ... ... ९१
५६ अनुभव नहि घणो तुजने ... ... ... ... ९१
५७ अमारा शुक समजी ले ... ... ... ... ... ९४
५८ उछेर्यो अम्ब ! महा हर्षे... ... ... ... ... ९९
५९ बहिर अन्तरथकी काळा... ... ... ... ... १०१
६० जगत्ने देव सन्देशो ... ... ... ... ... १०२
६१ हवे त्हारो भरूसो शो ? ... ... ... ... ... १०३
६२ खरी ए लग्ननी ग्रन्थि ... ... ... ... ... १०४
६३ अमारे पन्थमां वहेवुं ... ... ... ... ... १०५
६४ अमारो तुं थशे त्यारे ... ... ... ... ... ११०
६५ करीश नहि शोक समजु रे ... ... ... ... ११२
६६ नथी संसारमां शान्ति ... ... ... ... ... ११४

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



६७ स्फुरावो शक्ति चेतननी... ... ... ... ... ११५
६८ अमलमां मूक शिक्षाओ... ... ... ... ... ११६
६९ सागर ! गंभीरता साचव ! ... ... ... ... ११७
७० जणायुं स्वप्नवत् सघळुं ... ... ... ... ... १२०
७१ नथी मनमां पछी शुं ? दुःख ... ... ... ... १२१
७२ धमाधम छोडी दे पाडा... ... ... ... ... १२२
७३ मुसाफरनुं कयुं घर छे ... ... ... ... ... १२३
७४ कमलनी अन्योक्तिमां अन्यने सदुपदेश ... ... ... १२४
७५ सनातन जैन बन्धुओ ... ... ... ... ... १२४
७६ विचारी ले खरूं शुं छे ?... ... ... ... ... १२६
७७ आत्मोद्धार ... ... ... ... ... ... १२७
७८ अरे ओ काक ! था उज्वल ... ... ... ... १२८
७९ गुरुने दक्षिणा आपो ... ... ... ... ... १२९
८० म्हने हो वीरनुं शरणुं ... ... ... ... ... १२९
८१ कयुं हस्ते हृदय वाग्युं ... ... ... ... ... १३०
८२ अरे कूतर ! हवे था शान्त ... ... ... ... १३१
८३ तजी भ्रान्ति मळी शान्ति ... ... ... ... १३२
८४ ठरीने बेश हे वानर ! ... ... ... ... ... १३३
८५ अमारुं शुं करी शकशो ? ... ... ... ... १३५
८६ दया आवे तमारापर ... ... ... ... ... १३६
८७ हृदयभानु प्रकाशी था ... ... ... ... ... १३७
८८ विचारीने विचार्युं ए ... ... ... ... ... १३९
८९ प्रतिष्ठा कीर्त्तिमां शुं ? सुख ... ... ... ... १४०
९० सदा आनन्दमां रहीशुं ... ... ... ... ... १४१
९१ अमारो शुद्ध आरीसो ... ... ... ... ... १४२
९२ खरो श्रावक नथी एतो ... ... ... ... ... १४३
९३ अमारा वीरनी मूर्ति ... ... ... ... ... १४४
९४ वधीशुं आत्मसामर्थ्ये ... ... ... ... ... १४५
९५ हुकम मारो सुशिष्योने ... ... ... ... ... १४६
९६ जैनो करशो जयजयकार... ... ... ... ... १४७
९७ सुधारीशुं जीवनरेखा ... ... ... ... ... १४७
९८ कुशिष्यो नहि मळो क्यारे ... ... ... ... १४८
९९ मदत करशो म्हने देवो ... ... ... ... ... १४९
१०० थयो विद्वान् तथापि शुं ? ... ... ... ... १५१
१०१ कयुं शुं लक्ष्मीने धारी ... ... ... ... ... १५२



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




१०२ तदा तुं श्रेष्ठ कहेवाशे ... ... ... ... ... १५३
१०३ ज्ञान अने क्रियाथी मोक्ष ... ... ... ... १५४
१०४ सदा मन राख आनंदी ... ... ... ... ... १५५
१०५ साधु शिष्य प्रबोधपत्र ... ... ... ... ... १५६
१०६ अमारे कार्य करवानुं ... ... ... ... ... १५७
१०७ अमारा भक्त गणवाना ... ... ... ... ... १५८
१०८ नथी दहाडा सकल सरखा ... ... ... ... १५९
१०९ जिनवाणी ... ... ... ... ... ... १६०
११० समय ह्हारी बलिहारी ... ... ... ... ... १६१
१११ श्रीमद् रविसागरजी महाराजनी स्तुति ... ... ... १६१
११२ पामी नृजन्म भवमां करीं शी कमाणी ... ... ... १६२
११३ गुरुस्तुति ... ... ... ... ... ... १६४
११४ गुरुजी दक्षिणा लेशो ... ... ... ... ... १६६


---


અધ્યાત્મજ્ઞાનપ્રસારક મંડળ તરફથી
પ્રગટ થયેલ,

**શ્રીમદ્ બુદ્ધિસાગરજી ગ્રન્થમાળા,**

**નીચલા સ્થલેથી વેચાણ મલે છે.**

મુંબઈ—ચંપાગલી. શ્રીઅધ્યાત્મજ્ઞાનપ્રસારક મંડળ.
મુંબઈ—પાયધુણી. મેસર્સ મેઘજી હીરજી કું.
અમદાવાદ—નાગોરીશરાહ. જૈનશ્વેતાંબર બોર્ડીંગ.
પુના—શા૦ વીરચંદ કૃષ્ણાજી.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કાવ્યના મથાળાનો પ્રથમ અક્ષર અને પૃષ્ઠસંખ્યા.


શ્રી. ૧૬૧.

અ. ૧-૨-૨૦-૩૦-૩૪-૩૬-૪૦-૪૨-૪૪-૫૧-૬૮-૭૦-૭૩-૭૪
૭૮-૮૨-૮૫-૮૮-૮૯-૯૦-૯૧-૯૧-૯૪-૧૦૫-૧૧૦-૧૧૬
૧૨૭-૧૨૮-૧૩૧-૧૩૫-૧૪૩-૧૪૪-૧૫૭-૧૫૮.

ઉ. ૮૩-૯૯.

રૂ. ૨૨-૩૨.

ક. ૨૦-૧૧૨-૧૨૪-૧૩૦-૧૪૮-૧૫૨.

ખ. ૩-૨૯-૧૦૪-૧૪૩.

ગ. ૧૨૯-૧૬૪-૧૬૬.

જ. ૮૪-૧૦૨-૧૨૦-૧૪૭-૧૬૦.

ઠ. ૧૩૩.

ત. ૬૦-૧૩૨-૧૫૩.

થ. ૧૦-૧૫૧.

દ. ૧૩૬.

ધ. ૧૨૨.

ન. ૬-૧૨-૧૧૪-૧૨૧-૧૫૯.

પ. ૬૨-૮૦-૧૪૦-૧૬૨.

ફે. ૨૪-૫૮.

બ. ૧૬-૬૬-૧૦૧.

ભ. ૮-૫૩-૭૭.

મ. ૩-૩૮-૪૯-૮૧-૧૨૩-૧૨૯-૧૪૯.

વ. ૧૪-૭૨-૭૬-૭૯-૧૨૬-૧૩૯-૧૪૫.

સ. ૨૬-૪૬-૫૩-૭૫-૮૬-૧૧૫-૧૧૭-૧૨૪-૧૪૧-૧૪૭-૧૫૫
૧૫૬-૧૬૧.

હ. ૬૪-૧૦૩-૧૩૭-૧૪૬.

જ્ઞા. ૧૫૪.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्रीमद् बुद्धिसागरजी ग्रन्थमाला.

# भजन काव्यसंग्रह.

## भाग छट्ठो.

વાંચકોને પરમાત્મપદ પ્રાપ્ત

કરાવનાર થાઓ.

इच्छक,

**श्रीअध्यात्म ज्ञानप्रसारक मंडळ.**

ज्ञानपंचमी.

વીરસંવત ૨૪૩૮—વિક્રમ સંવત્ ૧૯૬૮

श्रीशान्तिः ३

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રીમદ્ મુનિરાજ શ્રીબુદ્ધિસાગરજીકૃત

# ભજન કવ્વાલિ કાવ્યસંગ્રહ.

### ભાગ છઠ્ઠો.

હૃદયખુમારી.

## अमारी सेवा.

કવ્વાલિ.

દઉં ઉપદેશ, જીવોને, પ્રતિફળની નથી ઇચ્છા,
ફરજ મ્હારી અદા કરવી–પડે જો પ્રાણ તોપણ શું? ૧
જરા નહિ સ્વર્ગની ઇચ્છા, ચહું નહીં ઇન્દ્રની પદવી,
ભલામાં ભાગ લેવાને, પડે જો પ્રાણ તોપણ શું? ૨
ખરા સુખના ઉપાયોને, બતાવીશું ખરા જ્ઞાને,
બધાંને સુખ દેવાને, પડે જો પ્રાણ તોપણ શું? ૩
બધાંને બોધ દેવાને, હલાવીશું ભલી જિહ્વા,
દયાભક્તો બનાવાને, પડે જો પ્રાણ તોપણ શું? ૪
ઉપાધિ આધિવ્યાધિનાં, બધાં દુઃખો પરિહરવા,
ખરી કુંચી જણાવાતાં, પડે જો પ્રાણ તોપણ શું? ૫
ગણીને આત્મના સરખા, જીવોને શુદ્ધ ઉપયોગે,
કરીશું સર્વની રક્ષા, પડે જો પ્રાણ તોપણ શું? ૬
પડે છે વાસનાદવમાં, જીવો જે અજ્ઞતા યોગે,
દઈશું જ્ઞાન તેઓને, પડે જો પ્રાણ તોપણ શું? ૭
કદી સામા બધા થાવે, તથાપિ ટેક નહિ છોડું,
અરિનું પણ ભલું કરવા, પડે જો પ્રાણ તોપણ શું? ૮
કદી જો અજ્ઞતાયોગે, કરે નિન્દા ઘણા મ્હારી,
નથી ડરવું નથી ફરવું, પડે જો પ્રાણ તોપણ શું? ૯
બધાને નિર્મલા કરવા, બધાંને સન્મતિ દેવી,
કરૂણા સર્વપર કરતાં, પડે જો પ્રાણ તોપણ શું? ૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બધાંની ઉચ્ચતા માટે, પ્રભુનું જ્ઞાન દેઈશું,
પ્રભુ મહાવીરના શરણે, પડે જો પ્રાણ તોપણ શું ? ૧૧
જગત્માં ચાલતી હિંસા, હઠાવાને કરીશું સહુ,
દયાનાં તત્ત્વ બોધંતાં, પડે જો પ્રાણ તોપણ શું ? ૧૨
અમારી દૃષ્ટિમાં કોઈ, નથી ન્હાનું નથી મોટું,
બધાંને મુક્તિ દેવાને, પડે જો પ્રાણ તોપણ શું ? ૧૩
પ્રભુભક્તિ જણાવાને, પ્રભુસેવા બજાવાને,
સકલ કર્મો હરાવાને, પડે જો પ્રાણ તોપણ શું ? ૧૪
લહ્યું તે સર્વને દેવા, અનન્તિ શક્તિ ખીલવવા,
હઠાવા મોહ વૃત્તિને, પડે જો પ્રાણ તોપણ શું ? ૧૫
જિવોની શાન્તિના માટે, ભલા લેખો લખ્યા લખશું,
ખરો ઉપદેશ દેતાં રે, પડે જો પ્રાણ તોપણ શું ? ૧૬
વિદેશી દેશી જાતિમાં, જરા નહિ ભેદ ગણવાનો,
બધાંને બોધવા ધર્મે, બુદ્ધ બ્ધિની પ્રતિજ્ઞા છે. ૧૭

મુ. દમણ. ॐ शान्तिः.

---

# अमारो प्रेम.

કવ્વાલિ.

અમારો પ્રેમ સર્વત્ર, જરા નહિ સ્વાર્થનો છાંટો,
અમારો પ્રેમ નિઃસ્વાર્થી, બધા ત્યાં પ્રેમથી બંધુ. ૧
બધાંની શાંતિ કરવાને, અમારે પ્રેમનું શરણું,
સજીવન-પ્રેમથી સઘળા, નવું જીવન જણાતું રે. ૨
થઈ તન્મયપણે રહેવું, બધાંની ઐક્યતા લાગે,
ખરી આનન્દની ઝાંખી, સદા લદ્બદ થઈ રહેવું. ૩
મ્હને તો સર્વે જીવોપર, હૃદયમાં પ્રેમ બહુ થાવે,
જગત્નો બાગ, જીવોનો-બની માળી બધો સિંચું. ૪
હૃદયની આર્દ્રતા પ્રેમે, સુખે સુખી દુઃખે દુઃખી,
બધા સુખી થશો જીવો, ખરા એ પ્રેમથી આશીશ્. ૫
અરે ઓ સર્વે આત્માઓ, પ્રવાસી કર્મથી જગમાં,
સુખી થાશો સુખી રહેશો, તમારી શાન્તિમાં શાન્તિ. ૬
હૃદય પ્રેમાદ્રિથી ઝરતાં, દયાઝરણાં ભલાં મ્હારાં,
કરાવું સ્નાન જીવોને, શીતલતા આપવી નક્કી. ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હૃદયના પ્રેમી બન્ધુઓ, સ્વદેશી કે વિદેશી સહુ,
જરા નહિ ભેદ હું તુંનો, બધામાં જ્ઞાનની જ્યોતિ. ૮
જિવો સહુ સિદ્ધતા પામો, જગત્ સેવા અમારી એ,
"બુદ્ધયબ્ધિ" પ્રેમસાગરમાં, ખરેખર ઝૂલતા સન્તો. ૯

દમણ. ॐ शान्तिः.

---

# म्हारो जन्म शासारु ?

કવ્વાલિ.

જગત્માં જન્મ શામાટે, થયો શા પુણ્યથી મ્હારો,
વિચારે સત્ય પરખાયું, ઘણું છે કાર્ય કરવાનું. ૧
નથી નવરા જરા રહેવું, જગત્ સેવા બજાવાની,
કરીને આત્મનું જ્ઞાનજ, બધાંની દૃષ્ટિ ખુલવવી. ૨
ગ્રહ્યું જે જે બધામાંથી, બધાંને આપવું પાછું,
સકલને આત્મવત્ લેખી, યથાશક્તિ ભલું કરશું. ૩
કર્યો નિશ્ચય જિગરથી એ, છુપાવ્યો નહીં રહે છાનો,
કદી હિંમત ત્યજીશું નહિ, રહીશું સજ્જનો સાથે. ૪
અપવિત્રોની મલિનતાને, હરીશું માતૃદૃષ્ટિથી,
કરુણા, દુષ્ટપર ધરશું, ખરી શ્રદ્ધા પ્રતિજ્ઞાથી. ૫
ભલે નિન્દો ભલે વન્દો, મલિનતા પુણ્યના ભાગી,
અમારું કાર્ય કરવાને, અમારો જન્મ નિર્ધાર્યો. ૬
ગમે તેવા પ્રસંગોમાં, દયાની દૃષ્ટિ રાખીને,
લઇશું ભાગ દુઃખોમાં, મનાવાનું ગયું સ્વપ્નું. ૭
ઘણું વાંચ્યું વિચાર્યું બહુ, જિવોને આત્મવત્ ગણવા,
ધરી અધ્યાત્મમાં નિષ્ઠા, બુદ્ધયબ્ધિ, સાધ્ય પોતાનું. ૮

દમણ. ॐ शान्तिः.

---

# खरेखर त्याग ए क्यांथी.

કવ્વાલિ.

ત્યજ્યું ઘરબાર અજ્ઞાને, ત્યજ્યું નહિ ચિત્તથી સમજી,
હૃદયમાં વાસના સઘળી, ખરેખર ત્યાગ એ ક્યાંથી. ૧
જગત્માં દુઃખ દેખ્યાથી, મુંડાવ્યું શીર્ષ ઉપરથી,
બધી રહી ચિત્તમાં મમતા, ખરેખર ત્યાગ એ ક્યાંથી. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી વિજ્ઞાન તત્ત્વોનું, નથી વૈરાગ્યની વૃત્તિ,
ફકીરી વેષ ઊપરથી, ખરેખર ત્યાગ એ ક્યાંથી. ૩
ફિકર સઘળી રહી મનમાં, રહી ભક્તોતણી પરવા,
ગુરુતાનું નથી લક્ષણ, ખરેખર ત્યાગ એ ક્યાંથી. ૪
તજી નહિ સ્વાર્થની ફાંસી, તજી નહિ કલેશની શૂળી,
ત્યજ્યા નહિ દ્વેષના કાંટા, ખરેખર ત્યાગ એ ક્યાંથી. ૫
રહ્યું મિથ્યાત્વ અન્ધારૂં, ભમે મન પર્ણવત્ જલ્દી,
પ્રતિજ્ઞાઓ પળે નહીં તો, ખરેખર ત્યાગ એ ક્યાંથી. ૬
રહી જ્યાં શ્વાનવત્ ઈર્ષ્યા, બળે નિન્દાતણી હોળી,
હૃદયમાં કામધૂમકેતુ, ખરેખર ત્યાગ એ ક્યાંથી. ૭
નથી જ્યાં જ્ઞાનથી કરણી, શરણ જ્યાં અન્ધશ્રદ્ધાનું,
જમાવ્યું ક્ષેત્ર પોતાનું, ખરેખર ત્યાગ એ ક્યાંથી. ૮
નથી મૈત્રીતણી પરવા, દયાનું નામ નહિ દિલમાં,
નથી જ્યાં ભક્તિનું ઝરણું, ખરેખર ત્યાગ એ ક્યાંથી. ૯
સમાગમ સન્તનો જ્યાં નહિ, નથી જ્યાં આત્મની શ્રદ્ધા,
નથી અધ્યાત્મની વૃત્તિ, ખરેખર ત્યાગ એ ક્યાંથી. ૧૦
નથી ઉપદેશની પરવા, નથી ઉત્સાહ, અન્તરમાં,
નથી જ્યાં સદ્ગુરુશ્રદ્ધા, ખરેખર ત્યાગ એ ક્યાંથી? ૧૧
સમાધિધ્યાનનું સ્વપ્નું, હસાહસ ને ધમાધમ જ્યાં,
રજસ્તમની વહે વૃત્તિ, ખરેખર ત્યાગ એ ક્યાંથી? ૧૨
જગત્ ઉદ્ધાર કરવાને, બધા ધર્મી બનાવાને,
પ્રવૃત્તિ જ્યાં નથી કિઞ્ચિત્, ખરેખર ત્યાગ એ ક્યાંથી? ૧૩
વહે લડવાતણી વૃત્તિ, બળે મત્સર થકી મનડું,
અહંવૃત્તિતણા ચાળા, ખરેખર ત્યાગ એ ક્યાંથી. ૧૪
નથી જ્યાં ન્યાયની વાણી, નથી સર્વજ્ઞની શ્રદ્ધા,
ગમે તે બોલવું મોઢે, ખરેખર ત્યાગ એ ક્યાંથી. ૧૫
ગપાટા વાતના ચાલે, મનાવાની મનોવૃત્તિ,
નથી ગંભીર જ્યાં મનડું, ખરેખર ત્યાગ એ ક્યાંથી. ૧૬
પ્રપંચો, આળ દેવાના, કપટની જાળ પથરાતી,
સરલતા, ચિત્તની જ્યાં નહિ, ખરેખર ત્યાગ એ ક્યાંથી. ૧૭
બીજાઓને ગણી હલકા, પ્રભુતામાં રહે માચી,
ચિડાઈ શ્રાપ દેવાનો, ખરેખર ત્યાગ એ ક્યાંથી. ૧૮
રહે નહિ ચિત્તની સ્થિરતા, યથા વાતુલનું મનડું,
રહે ભોગોતણી ઇચ્છા, ખરેખર ત્યાગ એ ક્યાંથી. ૧૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગીતાર્થોની નથી સેવા, ગુરુનાં છિદ્ર જોવાનાં,
બુરાઈમાં મહત્તા જ્યાં, ખરેખર ત્યાગ એ ક્યાંથી. ૨૦
નથી જ્યાં ભાન કહેવાનું, તપાવાનું મગજ ક્ષણુમાં,
નથી સમતા જરા મનમાં, ખરેખર ત્યાગ એ ક્યાંથી. ૨૧
નથી જ્યાં શાન્તિની વાતો, વહે જ્યાં આયુ નિષ્ફલતા,
વધારો મોહનો કરવો, ખરેખર ત્યાગ એ ક્યાંથી. ૨૨
નથી ત્યાં જ્ઞાનની ચર્ચા, સ્ત્રિયોની સાથ બહુ હાંસી,
ધનાદિકની ઘણી મૂર્ચ્છા, ખરેખર ત્યાગ એ ક્યાંથી. ૨૩
ભલું ભાષણુ ન કરવાનું, ભલા ગ્રન્થો ન લખવાના,
ક્રિયાઓ ધર્મની નહિ જ્યાં, ખરેખર ત્યાગ એ ક્યાંથી. ૨૪
નથી દરકાર જ્ઞાનીની, નથી દરકાર ધ્યાનીની,
નથી દરકાર સંયમની, ખરેખર ત્યાગ એ ક્યાંથી. ૨૫
જિનાગમ જાણુવા માટે, નથી મનમાં થતી ઇચ્છા,
રહે મિષ્ટાન્નમાં મનડું, ખરેખર ત્યાગ એ ક્યાંથી. ૨૬
કરે કેશોતણી શોભા, રહે જ્યાં ઠાઠ વસ્ત્રોનો,
અશુભ ઈચ્છાતણી વૃદ્ધિ, ખરેખર ત્યાગ એ ક્યાંથી. ૨૭
અરે આ પેટ ભરવાને, ગ્રહી દીક્ષાજ મનમાં એ,
ઉપરથી સર્વ કરવાનું, ખરેખર ત્યાગ એ ક્યાંથી. ૨૮
ક્રિયાઓ પેટ ભરવાને, બહુ ઉંઘે, વ્યસન ઝાઝાં,
કુસંપે ચિત્તડું કાળું, ખરેખર ત્યાગ એ ક્યાંથી. ૨૯
કષાયોની થતી વૃદ્ધિ, અહો ઘરબાર જેવું જ્યાં,
સહનતાનો નથી છાંટો, ખરેખર ત્યાગ એ ક્યાંથી ૩૦
નથી માધ્યસ્થતા મનની, પ્રશસ્ય પ્રેમનું સ્વપ્નું,
સુકાયો ધર્મસ્નેહજ જ્યાં, ખરેખર ત્યાગ એ ક્યાંથી. ૩૧
નથી નિર્લોભતા છાંટો, બધાંને તાપ દેવાનો,
રહે તપથી સદા દૂરે, ખરેખર ત્યાગ એ ક્યાંથી. ૩૨
પવિત્રાઈ નથી મનની, હૃદયમાં શલ્ય ધરવાનાં,
મુંઝાવું દૃષ્ટિના રાગે, ખરેખર ત્યાગ એ ક્યાંથી. ૩૩
વિષમતા, ચિત્તની રહેતી, ક્રિયા જ્યાં ઓઘ શ્રદ્ધાએ,
નથી સમ્યક્ત્વની પરવા, ખરેખર ત્યાગ એ ક્યાંથી. ૩૪
ગીતાર્થોનું નથી શરણું, સ્વચ્છન્દે મ્હાલવું જ્યાં ત્યાં,
ધર્યાં જે વેષ તોપણુ શું? ખરેખર ત્યાગ એ ક્યાંથી. ૩૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જિનાજ્ઞાની ધરી શ્રદ્ધા, યથાશક્તિ ચરણ ધારે,
" બુદ્ધ્યબ્ધિ " દ્રવ્યને ભાવે, ખરેખર ત્યાગ આદરવો. ૩૬
દમણ. માગશર વદી ૮, ૧૯૬૭. ॐ शान्तिः.

# નથી લેવું નથી દેવું.

કવ્વાલિ.

મ્હને મ્હારું જણાયું છે, યથાકિઞ્ચિત્ યથાશક્તિ,
અનન્તાનન્દમય પોતે, નથી લેવું નથી દેવું. ૧
જગત્માં સુખનાં ફાંફાં, સગાંઓ સ્વાર્થના યોગે,
જગત્નું સ્વપ્ન નહિ પ્યારું, નથી લેવું નથી દેવું. ૨
ભલે સહુ નામથી નિન્દો, ઘણાં નામો થયાં થાશે,
નથી હું નામના વૃન્દે, નથી લેવું નથી દેવું. ૩
શરીરો બહુ ધર્યાં પૂર્વે, ગયાં તે સહુ બન્યું બીજું,
બીજાનાં તે થયાં થાશે, નથી લેવું નથી દેવું. ૪
કરો નિન્દા કરો સ્તુતિ, નથી હું પૂર્વનો આજે,
ઋજુસૂત્રે વિચાર્યાથી, નથી લેવું નથી દેવું. ૫
નવો થાતો વિચારોથી, નવું આ દેહમાં બનતું,
અહંવૃત્તિ ધરું શામાં? નથી લેવું નથી દેવું. ૬
ફરે પર્યાય ક્ષણક્ષણમાં, થતો ઉત્પાદ વ્યય સમયે,
સદા હું આત્મરૂપે છું, નથી લેવું નથી દેવું. ૭
થતી સહુ માન્યતા જુદી, વિચારોના પ્રવાહોથી,
ભલે માનો કે નહિ માનો, નથી લેવું નથી દેવું. ૮
તજું જે લાગતું ખોટું, ગ્રહું જે લાગતું સાચું,
પરીક્ષાની નથી પરવા, નથી લેવું નથી દેવું. ૯
જગત્જ્ઞેયોતણો સાક્ષી, સદા ચૈતન્યતા ધર્મે
સ્વભાવે સર્વ દ્રવ્યો છે, નથી લેવું નથી દેવું. ૧૦
ઘણાં મુખવાદ્ય વાગે છે, હૃદયનું બાહૉર કાઢે છે,
યથાબુદ્ધિ વગાડે છે, નથી લેવું નથી દેવું. ૧૧
યથાબુદ્ધિ ખરા ખોટા, જગત્માં સર્વને લાગે,
અનાદિકાલથી એવું, નથી લેવું નથી દેવું. ૧૨
ભલે માનો ગમે તેવો, બીજાઓ તો અમારે શું?
નથી અન્યોથકી સુખડાં, નથી લેવું નથી દેવું. ૧૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જગત્ ચક્ષુતણા ચશ્મે, પ્રપંચો દૃશ્ય દેખાતા,
જુદાઈ, દૃષ્ટિના ભેદે, નથી લેવું નથી દેવું. ૧૪
સકલની દૃષ્ટિમાં જુદો, ઘણા પર્યાયથી ભાસું,
કરું શામાં અહંવૃત્તિ, નથી લેવું નથી દેવું. ૧૫
ઘણા ગુરુઓ ઘણા શિષ્યો, ઘણા ભક્તો થયા થાશે,
નથી તે હું નથી હું તે, નથી લેવું નથી દેવું. ૧૬
નથી હું પૂર્વનો આજે-વદું, પર્યાય નયયોગે,
ગયા પર્યાય, ત્હેમાં શું? નથી લેવું નથી દેવું. ૧૭
સદા હું દ્રવ્યનયયોગે, અવિચલ નિત્ય રૂપે છું,
ફર્યો નહિ ને ફરું નહિ હું, નથી લેવું નથી દેવું. ૧૮
અનન્તાનન્ત પર્યાયો, ફર્યા ફરશે સ્વભાવે એ,
સહજ છે ધર્મ, વસ્તુનો-નથી લેવું નથી દેવું. ૧૯
ટળે નહિ ધર્મ પોતાનો-ટળે તે નાહ કદાપિ હું,
વિભાવિક ધર્મ ટળશે સહુ-નથી લેવું નથી દેવું. ૨૦
વિભાવિક ધર્મ તે નહિ હું-સદા ઉપયોગમય હું છું,
અનન્તાજ્ઞેયનો સૂર્યજ, નથી લેવું નથી દેવું. ૨૧
ભલાં ખોટાં નિમિત્તો સહુ, ગ્રહે છે જીવ નિજવીર્યે,
પરિણમધર્મ પોતાનો, નથી લેવું નથી દેવું. ૨૨
ખુશીછો તો અમારે શું? વિપક્ષી તો અમારે શું?
થશે તે ભાવી જોવાનું, નથી લેવું નથી દેવું. ૨૩
ભલાઓનું ભલું થાશો, બુરાઓનું ભલું થાશો,
સકલ દુનિયા રહો સુખમાં, નથી લેવું નથી દેવું. ૨૪
બનો ધર્મી સકલ આર્યો, બનો ધર્મી અનાર્યો સહુ,
નથી લાગો જરા મ્હારો, નથી લેવું નથી દેવું. ૨૫
નથી ભક્તો ઉપર મમતા, નથી દુર્જન ઉપર ઈર્ષ્યા,
ભલામાટે કરાતું સહુ, નથી લેવું નથી દેવું. ૨૬
કરો ઈર્ષ્યા તો મારે શું? તમે માનો નથી તે હું,
મ્હને મ્હારું ત્હને ત્હારુ, નથી લેવું નથી દેવું. ૨૭
ખરૂં તે સર્વનેમાટે, બધાની ઐક્યતા ત્હેમાં,
નથી ત્યાં ભેદ પડવાનો, નથી લેવું નથી દેવું. ૨૮
બધાની પાસ છે સારું, નથી તે દેખતા આંખે,
હૃદયચક્ષુ ખૂલે શાન્તિ, નથી લેવું નથી દેવું. ૨૯
નથી કરવી કદી નિન્દા, ખરું તે દીલમાં પ્યારું,
નથી થાતું નથી જાતું, નથી લેવું નથી દેવું. ૩૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સદા ઉત્પાદને વ્યયનો, સકલ આધાર સદ્વસ્તુ,
તિરોભાવજ સત્માં છે, નથી લેવું નથી દેવું. ૩૧
અહો છે તે પ્રકાશે છે, નથી આશ્ચર્ય, જ્ઞાનિને,
"બુદ્ધ્યબ્ધિ" ધર્મ ધરવાનો, નથી લેવું નથી દેવું. ૩૨

સં. ૧૯૬૭ માગશર વદી ૧૨, મુ. દમણ. ॐ शान्तिः.

# ભલું લેવું ભલું દેવું.

કવ્વાલિ.

ભલું છે સર્વના માટે, ભલું છે સન્તના હાટે,
અચલ એ ન્યાયનો કાંટો, ભલું લેવું ભલું દેવું. ૧
ભલા માટે બધું મ્હારું, બધામાંથી ભલું લેવું,
ભલાની એ ભલાઈ છે, ભલું લેવું ભલું દેવું. ૨
પરસ્પરનું ભલું કરવું, ધર્યું સર્વસ્વ તેમાટે,
ભલાથી સન્ત જીવે છે, ભલું લેવું ભલું દેવું. ૩
ભલું કરતા ભલા જીવો, શરીરાદિકથી જગમાં
ખરી એ ઉચ્ચનિઃસરણી, ભલું લેવું ભલું દેવું. ૪
ભલાનાં સહુ પગથીયાં છે, જીવો ન્હાના અને મોટા,
સકલ છે આત્મવત્ પ્યારા, ભલું લેવું ભલું દેવું. ૫
ભલામાટે રવિ નદીઓ, વરસતો મેઘ પૃથ્વીમાં,
કરે ઉપકાર જીવોને, ભલું લેવું ભલું દેવું. ૬
ભલામાટે કરે છે બોધ, મુનિવર, સર્વ જીવોને,
ભલામાટે દયા પાળે, ભલું લેવું ભલું દેવું. ૭
ભલામાટે રચાતા ગ્રન્થ, ભલામાટેજ કેળવણી,
ભલામાટે દવાખાનું, ભલું લેવું ભલું દેવું. ૮
ભલામાટે ભણાવે છે, મુનિયો, ભક્ત શિષ્યોને,
ગણાવે છે જણાવે છે, ભલું લેવું ભલું દેવું. ૯
રચ્યા ગ્રન્થોજ, સૂરિયોએ, તથા સૂત્રો ભલામાટે
બતાવ્યા શાંતિના માર્ગો, ભલું લેવું ભલું દેવું. ૧૦
જગદુદ્ધારને માટે, દીએ છે દેશના તીર્થેશ,
ચતુર્વિધતીર્થને સ્થાપે, ભલું લેવું ભલું દેવું. ૧૧
ગૃહીને સાધુ બે ભેદે, જણાવે માર્ગ મુક્તિનો,
કરુણા, પૂર્વભવની ત્યાં, ભલું લેવું ભલું દેવું. ૧૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જણાવી નવતત્ત્વોને, સુઝાડે પંથ, મુક્તિનો,
ઉઘાડે ચક્ષુ, જીવોની, ભલું લેવું ભલું દેવું. ૧૩
મહા અજ્ઞાનને ટાળે, કરુણાના મહા સિન્ધુ,
ગુરુઓ સત્યઉપકારી, ભલું લેવું ભલું દેવું. ૧૪
ચઢાવ્યો ઉન્નતિક્રમમાં, જગત્માં અન્ય જીવોએ,
સુપાત્રે દાન દીધું ત્યાં, ભલું લેવું ભલું દેવું. ૧૫
પરસ્પર મદદ જીવોને, પરસ્પર સર્વ ઉપકારો,
ખરો સિદ્ધાન્ત એ જ્યાં ત્યાં, ભલું લેવું ભલું દેવું. ૧૬
જગત્માં સત્ય તે મ્હારું, ખરો એ ન્યાય અવલમ્બ્યો,
યથાશક્તિ ખરા જ્ઞાને, ભલું લેવું ભલું દેવું. ૧૭
બુરું સારું જગત્માં બહુ, ઘણા છે ધર્મના ભેદો,
ઘણા ગ્રન્થો ખરા ખોટા, ભલું લેવું ભલું દેવું. ૧૮
વિચારો શાન્તિના આવે, હૃદયમાં સામ્યતા પ્રગટે,
જગત્માં શોધીને એવું, ભલું લેવું ભલું દેવું. ૧૯
જગત્ની ઉન્નતિ ધર્મે, વિચારો ધર્મના ઉંચા,
બુરું ત્યજવું, ખરું ભજવું, ભલું લેવું ભલું દેવું. ૨૦
જગત્માં ધર્મસિદ્ધાન્તો, વિચાર્યા ને વિચારીશું,
કથિત મહાવીર જિનતત્ત્વ, ભલું લેવું ભલું દેવું. ૨૧
જરા નહિ જૂઠનો આગ્રહ, મ્હને સાચું જણાયું છે,
કહું છું સર્વની આગળ, ભલું લેવું ભલું દેવું. ૨૨
જગત્ માનો કે નહિ માનો, મ્હને મ્હારું જણાવા ધો,
જિનાગમમાં જણાવેલું, ભલું લેવું ભલું દેવું. ૨૩
જણાવું ધર્મ જગ જાહેર, બધાંની ઉન્નતિ માટે,
ખરો સંયમ કર્યો એવો, ભલું લેવું ભલું દેવું. ૨૪
બધાંનાં દુઃખડાં હરવા, સકળની દૃષ્ટિ ખીલવવા,
અનન્તાંસુખ દેવાને, ભલું લેવું ભલું દેવું. ૨૫
અનન્ય પ્રાણિયો મુજથી, ખરેખર સિદ્ધ, સત્તાએ,
જીવોનાં અશ્રુઓ લ્હુવા, ભલું લેવું ભલું દેવું. ૨૬
પ્રતિપક્ષી કે રાગીમાં, જરા નહિ ભેદ ગણવાનો,
ગણીને એક સરખા સહુ, ભલું લેવું ભલું દેવું. ૨૭
સકલધર્મી બનો એવી, સ્ફુરે છે ચિત્તમાં ઇચ્છા,
ખરો વ્યવહાર ધર્માર્થમ્, ભલું લેવું ભલું દેવું. ૨૮
થશે સહુ કર્મ અનુસારે, તથાપિ ઉદ્યમે રહેવું,
સકલ આયુષ્ય ધર્માર્થમ, ભલું લેવું ભલું દેવું. ૨૯

૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રતિજ્ઞા મ્હેં ધરી સાચી, અચળ શ્રદ્ધા ગ્રહી જ્ઞાને,
પ્રભુ મહાવીર ઉપદેશે, ભલું લેવું ભલું દેવું. ૩૦
શુભાર્થે સર્વ ઇન્દ્રિયો, શુભાર્થેમ્ દેહ આ ધાર્યો,
ચઢ્યા ચઢશું ચઢાવીશું, ભલું લેવું ભલું દેવું. ૩૧
જણાવ્યું જ્ઞાનિયોએ એ, ખરી સેવા ખરી ભક્તિ,
"બુદ્ધ્યબ્ધિની" પ્રતિજ્ઞા છે, ભલું લેવું ભલું દેવું. ૩૨

પોશ શુદી ૨ મુ. દમણ. ॐ शान्तिः.

---

# थयो जाग्रत हवे नक्की.

કવ્વાલિ.

ધરીને જન્મ, દુનિયામાં, વિચાર્યું સર્વ, વિજ્ઞાને,
અનાદિકર્મ પરિહરવા, થયો જાગ્રત હવે નક્કી. ૧
અનાદિકાલથી કર્મો, જીવોની સાથ લાગ્યાં છે,
મ્હને તે દુઃખ દેનારું, થયો જાગ્રત હવે નક્કી. ૨
અરે મ્હેં મોહના યોગે, અહં મમતા ધરી જડમાં,
નચાવ્યો મોહનો નાચ્યો, થયો જાગ્રત હવે નક્કી. ૩
ભમાવ્યો કામ ચણ્ડાલે, બગાડી વૃત્તિયો સઘળી,
ભવોભવમાં થયાં દુઃખડાં, થયો જાગ્રત હવે નક્કી. ૪
તપાવ્યો, ક્રોધવન્હિએ, ભમાવ્યો વાયુની પેઠે,
ત્યજાવ્યું ભાન પોતાનું, થયો જાગ્રત હવે નક્કી. ૫
વિષયના પાશમાં ફસિયો, ગણી તેને બહુ પ્યારા,
ઘણાં દુઃખો વહી વેઠો, થયો જાગ્રત હવે નક્કી. ૬
અરે અજ્ઞાનશત્રુએ, અનન્તો કાલ ભટકાવ્યો,
જણાવ્યું સત્ય નહિ મ્હારું, થયો જાગ્રત હવે નક્કી. ૭
અનાદિકાલ અજ્ઞાને, અનન્તાં દુઃખ દેખાડ્યાં,
ખરેખર શત્રુ તે ઘાતક, થયો જાગ્રત હવે નક્કી. ૮
અહો મિથ્યાત્વના જોરે, અનન્તો કાળ અથડાયો,
ધરી નહીં તત્ત્વની શ્રદ્ધા, થયો જાગ્રત હવે નક્કી. ૯
બુરી મિથ્યાત્વની ગ્રન્થી, સુઝાડે તત્ત્વ નહિ સાચું,
કર્યો ઉન્મત્ત બહુ ભવમાં, થયો જાગ્રત હવે નક્કી. ૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હલાહલ વિષની પેઠે, બહુ મિથ્યાત્વથી દુઃખડાં,
ઘણાં વેઘાં બની અન્ધો, થયો જાગ્રત હવે નક્કી. ૧૧
અરે બહિરાત્મના યોગે, ઉડાડી ઉંઘ નહીં ઊડે,
ચઢયું બહુ ઘેન, મમતાનું, થયો જાગ્રત હવે નક્કી. ૧૨
ઘણો ભટકયો અહંતાથી, અહંતા દુઃખની ફાંસી,
અહંતા રાજ્ય સર્વત્ર, થયો જાગ્રત હવે નક્કી. ૧૩
અહંતાથી કર્યું મ્હેં સહુ, અહંતાબીજ ભવનું છે,
અહંતાથી અધમતા છે, થયો જાગ્રત હવે નક્કી. ૧૪
અહંતાથી કર્યા ઝઘડા, લડ્યો હું ધર્મના ભેદે,
અહંતા, નામ રૂપોમાં, થયો જાગ્રત હવે નક્કી. ૧૫
અહંતા દુઃખસાગરમાં, પડાયું સત્ય ભૂલાયું,
રહ્યો આરો નહીં એકે, થયો જાગ્રત હવે નક્કી. ૧૬
અહંતાથી ઉપાધિમાં, થયો ચઞ્ચળ બહુ ભટકયો,
ધર્યા દેહો અનન્તા મ્હેં, થયો જાગ્રત હવે નક્કી. ૧૭
અહંતાથી વધી તૃષ્ણા, ધરી દીનતા ભમ્યો ભવમાં,
ભમાયું રોઝની પેઠે, થયો જાગ્રત હવે નક્કી. ૧૮
હૃદયમાં વાસના ભારી, શુકરવત્ મોહથી મુંઝયો,
ઘણા ભોગોવિષે રાચ્યો, થયો જાગ્રત હવે નક્કી. ૧૯
સ્વયંભુ લોભસાગરમાં, પડ્યો સુજે નહીં આરો,
કથઞ્ચિત્ તીર દેખાયો, થયો જાગ્રત હવે નક્કી. ૨૦
કપટના પાશ પકડાયો, મનુષ્યો છેતર્યા ભારી,
સ્વયં કિલ છેતરાયો હું, થયો જાગ્રત હવે નક્કી. ૨૧
ગણ્યા શત્રુ, જગત્માં કેઈ, ગણ્યા વ્હાલા જગત્માં કેઈ,
નથી વ્હાલા નથી શત્રુ, થયો જાગ્રત હવે નક્કી. ૨૨
અરે પાર્થિવ વસ્તુમાં, ધરી ધનની ઘણી મમતા,
બધી એ કલ્પના મનની, થયો જાગ્રત હવે નક્કી. ૨૩
અનુકૂલ સુખ, આશાથી, પદાર્થો જે ગણ્યા સારા,
પ્રતિકૂળ ચિત્તમાં ભાસ્યા, થયો જાગ્રત હવે નક્કી. ૨૪
અનુકૂલ કે પ્રતિકૂલની, કરાતી કલ્પના મનથી,
ક્ષણિકમાં સુખ નહિ કિઞ્ચિત્, થયો જાગ્રત હવે નક્કી. ૨૫
અરે હું સુખ આશાએ, ભમ્યો ભ્રાન્તિથકી જ્યાં ત્યાં,
ઘણું ખાધું ઘણું પીધું, થયો જાગ્રત હવે નક્કી. ૨૬
ઘણાં વસ્ત્રો ધર્યાં મોહે, તથાપિ દુઃખ નહિ છૂટયું,
ખરો આનન્દ નહિ ભાસ્યો, થયો જાગ્રત હવે નક્કી. ૨૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘણાં નાટક અરે જોયાં, કર્યું નાટક ઘણું ભવમાં,
ખરું નાટક થયું નહિ મ્હેં, થયો જાગ્રત હવે નક્કી. ૨૮
વધ્યા દોષો વધ્યા નહિ ગુણ, મલિનતાની થતી વૃદ્ધિ,
ખરો નહિ ખેલ ખેલાયો, થયો જાગ્રત હવે નક્કી. ૨૯
સરલતાનું થયું સ્વપ્નું, કળા મ્હેં કેળવી ભારી,
જરા નહિ શાન્તિ દેખાઈ, થયો જાગ્રત હવે નક્કી. ૩૦
થયો જાગ્રત કયા નયથી, જણાતું નહિ કહું છું પણ,
કહું છું ભાવના આવી, થયો જાગ્રત હવે નક્કી. ૩૧
પ્રભુ મહાવીરનાં તત્ત્વો, જણાયાં જ્ઞાનના લેશે,
બુદ્ધ્યબ્ધિ સદ્ગુરુયોગે, થયો જાગ્રત હવે નક્કી. ૩૨

મુ. દહાણું. પોશ શુદી ૩. ॐ शान्तिः ३

---

# नथी म्हारी अरे दुनिया.

કવ્વાલિ.

જગત્ જોયું તપાસીને, જરા નહિ શાન્તિની આશા,
વિવેકે સર્વ જોયું તો, નથી મ્હારી અરે દુનિયા. ૧
નથી ચેલા નથી ચેલી, નથી ભક્તો કે ભક્તાણી,
નથી શિષ્યો નથી શિષ્યા, નથી મ્હારી અરે દુનિયા. ૨
નથી પ્યારું અમારું કોઇ, ભલે આવો ભલે જાઓ,
જગત્ આ સ્વાર્થની માયા, નથી મ્હારી અરે દુનિયા. ૩
વિચારો સર્વના ન્યારા, મળે તો શું? ટળે તો શું?
મળે તો મેળ ક્યાંસુધી, નથી મ્હારી અરે દુનિયા. ૪
હૃદયના પ્રેમીનું સ્વપ્નું, તપાસીને તપાસ્યું એ,
ક્ષણિકતા, રાગની નક્કી, નથી મ્હારી અરે દુનિયા. ૫
ભલે વન્દો ભલે નિન્દો, અનન્તિવાર એ ચાલ્યું,
નથી મિત્રો નથી પુત્રો, નથી મ્હારી અરે દુનિયા. ૬
નથી પ્યારો નથી પ્યારી, સકળના સ્વાર્થ છે જૂદા,
સરોવર શુષ્ક નહિ પંખી, નથી મ્હારી અરે દુનિયા. ૭
અરે આ કર્મના યોગે, કરાયું સર્વ બાહિરનું,
મળ્યું પુદ્ગલ ટળ્યું પુદ્ગલ, નથી મ્હારી અરે દુનિયા. ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફસાયું બહુ હસાયું બહુ, કરાયાં શિષ્યનાં ટોળાં,
પ્રવૃત્તિ, સર્વની ન્યારી, નથી મ્હારી અરે દુનિયા. ૯
ઘણી છાયા ઘણા તાપો, રહ્યો નહિ રંગ ચિર સ્થાયી,
ઘણું દેખ્યું નથી આજે, નથી મ્હારી અરે દુનિયા. ૧૦
ઘણાં વ્યાખ્યાન દીધાં મ્હેં, વિના સ્વાર્થે ભલા માટે,
જરા નહિ સ્વાર્થ ત્યાં ધાર્યો, નથી મ્હારી અરે દુનિયા. ૧૧
કરું જેને કરાશે જે, નથી ત્યાં સ્વાર્થની વૃત્તિ,
ભલામાં ભાગ લેવો પણ, નથી મ્હારી અરે દુનિયા. ૧૨
બને વ્હાલા પુનર્ વૈરી, પ્રપંચો સ્વાર્થના ઉંડા,
સકળ એ મોહથી થાતું, નથી મ્હારી અરે દુનિયા. ૧૩
જગત્ ઈર્ષ્યાતણું કૂણ્ડુ, બને છે મોહથી એવું,
થયા જાગ્રત ઘણા સન્તો, નથી મ્હારી અરે દુનિયા. ૧૪
બને જૂઠા અરે સાચા, કપટના ખેલ ખેલાડુ,
અનાદિકાલથી એવું, નથી મ્હારી અરે દુનિયા. ૧૫
ઘડીમાં વ્હાલ બહુ ભાસે, ઘડીમાં દ્વેષના કાંટા,
વિનાશી ખેલમાં શું છે, નથી મ્હારી અરે દુનિયા. ૧૬
અરે શિષ્યો થતા સામા, સધાતો સ્વાર્થ નહિ જ્યારે,
ઉપાધિને ઘણી પીડા, નથી મ્હારી અરે દુનિયા. ૧૭
અરે દૂરે રહ્યાં સારુ, ઘણું પાસે જતાં ખોટું,
પદાર્થોમાં બને એવું, નથી મ્હારી અરે દુનિયા. ૧૮
ઘણાં શાતા અશાતાનાં, ઘડીમાં ચક્ર બદલાતાં,
પલકમાં હર્ષ ને ચિન્તા, નથી મ્હારી અરે દુનિયા. ૧૯
ઉદય આવે કર્યાં કર્મો, વિપાકો ચિત્ર દેખાડે,
બધી એ કર્મની બાજી, નથી મ્હારી અરે દુનિયા. ૨૦
ઘડીમાં કીર્તિ અપકીર્તિ, ઘડીમાં રોગથી બાધા,
જગત્ના રંગ બેરંગી, નથી મ્હારી અરે દુનિયા. ૨૧
ઘડીમાં ભીતિનાં અભ્રો, સુજે દિક્પણ નહીં એકે,
ઘડીમાં મોંઝની લીલા, નથી મ્હારી અરે દુનિયા. ૨૨
પ્રતિષ્ઠાને નભાવાની, રહે ભીતિ બહુ જગમાં,
ઘણી સન્માનની ઇચ્છા, નથી મ્હારી અરે દુનિયા. ૨૩
ઘણાં આરમ્ભનાં સ્થાનો, દયાનાં સ્થાન છે વિરલાં,
ઘણા ભોગો ઘણા રોગો, નથી મ્હારી અરે દુનિયા. ૨૪
અમર રહેતા નહીં કોઈ, મરે જન્મે સદા એવું,
નથી કો કોઈનું શરણું, નથી મ્હારી અરે દુનિયા. ૨૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અધી સ્વપ્નાતણી બાજી, જગત્માં દૃશ્યની જ્યાં ત્યાં,
અરે વિશ્વાસ શો? તેનો, નથી મ્હારી અરે દુનિયા. ૨૬
કરો શોધો કરોડો પણ, ખરું જ્યાં સુખ નહીં થાતું,
વિલય પામે કર્યું દેખ્યું, નથી મ્હારી અરે દુનિયા. ૨૭
વિષય વાલા બળે જીવો, મળે નહિ સુખ અન્તે જ્યાં,
ઘણા ખત્તા ઘણા ક્લેશો, નથી મ્હારી અરે દુનિયા. ૨૮
મનુષ્યો કામના કીડા, ઘણા ભટકે લહે દુઃખો,
જરાં નહિ આશ, સમતાની, નથી મ્હારી અરે દુનિયા. ૨૯
ગમે ત્યાં જાઓ કે આવો, નથી પુદ્ગલ વિષે સુખડાં,
ઘણી તૃષ્ણા અહંતા બહુ, નથી મ્હારી અરે દુનિયા. ૩૦
અનુભવ જે કરે ત્હેને, ખરું એ દીલમાં ભાસે,
કહે તીર્થંકરો એવું, નથી મ્હારી અરે દુનિયા. ૩૧
કહ્યું અધ્યાત્મદૃષ્ટિથી, રુચિ જેવી પચે તેવું,
"બુદ્ધ્યબ્ધિ" ધર્મનું શરણું, નથી મ્હારી અરે દુનિયા. ૩૨

મુ. દહાણું. પોશ શુદી. ૪. ॐ शान्तिः ३

---

# विचारी ले सुधारी ले.

કવ્વાલિ.

હૃદયમાં સામ્યતા ધારી, અભિમુખ આત્મના થાતું.
સકલ પંચાત છોડી દે, વિચારી લે સુધારી લે. ૧
અરે સંસાર ચોપટપર, કપટપાસાતણા દાવો,
જિતે કોઈ ઘણા હારે, વિચારી લે સુધારી લે. ૨
ઘણી વીતી રહી થોડી, હવે તો ચેતી લે જલ્દી,
નથી ત્હારૂં સકલ ન્યારૂં, વિચારી લે સુધારી લે. ૩
ભલે કલ્પ્યું બધું મ્હારૂં, નથી ત્હારૂં જરા વારુ,
સ્મરણમાં રાખીને સાચું, વિચારી લે સુધારી લે. ૪
નથી તું ભૂતનો આજે, નથી તું ભાવીનો આજે,
અરે તું કાલથી ન્યારો, વિચારી લે સુધારી લે. ૫
ત્રિકાલિક દૃશ્યવસ્તુમાં, અહન્તા થાય તે નહિ તું,
સકલ દૃશ્યો થકી ન્યારો, વિચારી લે સુધારી લે. ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધર્યાં દેહો નથી તે તું, ધરી છે હાલ તે નહિ તું,
ત્હને દેખે નહીં લોકો, વિચારી લે સુધારી લે. ૭
ધર્યાં જગમાં સંબંધો ત્હેં, નથી તે તું હૃદયમાં જો,
નિરઞ્જન બ્રહ્મ તું પોતે, વિચારી લે સુધારી લે. ૮
બને શું મોહથી અન્ધો, કદી ત્હારૂં થશે નહિ કોઈ,
નથી મમતાતણું ટાણું, વિચારી લે સુધારી લે. ૯
વિભાવિક સંગ છોડીને, ખરૂં તું રૂપ સમજી લે,
જડોથી ભિન્ન છે ચેતન, વિચારી લે સુધારી લે. ૧૦
રહ્યો નહિ વંશ કોઈનો, નથી શિષ્યો નથી ભક્તો,
મુસાફરનું મળ્યું ટોળું, વિચારી લે સુધારી લે. ૧૧
ખમાવી લે સકલ જીવો, નથી કો કોઈનું વૈરી,
નથી કો કોઈનું રાગી, વિચારી લે સુધારી લે. ૧૨
થયાં જે મોહથી પાપો, અરે અજ્ઞાનના યોગે,
પ્રતિજ્ઞા કર નહીં કર વા, વિચારી લે સુધારી લે. ૧૩
અરે શાતા અશાતાના, ઉદયમાં મુંઝ નહીં ચેતન,
કર્યાં સહુ કર્મ ભોગવવાં, વિચારી લે સુધારી લે. ૧૪
કર્યા કલેશો ઘણા સાથે, પ્રપંચો કેળવ્યા ઝાઝા,
હવે તો સર્વ છોડી દે, વિચારી લે સુધારી લે. ૧૫
વિવાદોથી કર્યા ઝઘડા, કરી નિન્દા મનુષ્યોની,
દગા કીધા ભલાઓથી, વિચારી લે સુધારી લે. ૧૬
ભલાઓની કરી હાંસી, બહુ ઉન્મત્ત થઈ મ્હાલ્યો,
બહુ ભૂલ્યો ભલું ત્હારૂં, વિચારી લે સુધારી લે. ૧૭
સજ્યાં નહિ સાધનો રૂડાં, ભજ્યા નહિ દેવના દેવો,
કર્યાં કર્મો નહીં છૂટે, વિચારી લે સુધારી લે. ૧૮
ઘણું ભટકયોજ સ્વચ્છન્દે, ધરી નહિ ગુપ્તિ કે સમિતિ,
ભલું સમ્યક્ત્વ નહિ ધાર્યું, વિચારી લે સુધારી લે. ૧૯
ભણ્યો તો શું? ગણ્યો તો શું? બન્યો વક્તા ભલે તો શું?
ખરો રસ્તો નહિ લીધો, વિચારી લે સુધારી લે. ૨૦
થયો તું સ્વાર્થમાં ડાહ્યો, ગણ્યા નહિ દેવ કે સન્તો,
ઉપાધિનો થયો કીડો, વિચારી લે સુધારી લે. ૨૧
નહીં લીધું નહીં દીધું, ખરૂં જે તત્ત્વ પોતાનું;
ગુરુઓને ગણ્યા નહિ ત્હેં, વિચારી લે સુધારી લે. ૨૨
ધરી નહિ સાધ્યની સુરતા, વિષયમાં વેગથી દોડ્યો,
કરી કુમતિ ત્યજી સુમતિ, વિચારી લે સુધારી લે. ૨૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્વરિત આત્માર્થતા ધરવા, પ્રમાદોને ત્યજી દેને,
"બુદ્ધચબ્ધિ" શુદ્ધ ઉપયોગે, વિચારી લે સુધારી લે. ૨૪

પોષ શુદી ૫ ગુરૂવાર, દેહેણું. ॐ शान्तिः ॥ ३ ॥

---

# बनो म्हाराथकी सारूं.

કવ્વાલિ.

જગત્‌ના સર્વ જીવોને, ભલાઈથી ખમાવું છું,
તમારી ઉન્નતિ અર્થે, બનો મ્હારાથકી સારૂં. ૧
ઘણી વેળા મળ્યા ભવમાં, તમારી સાહ્ય લીધી મ્હેં,
પ્રતિ ઉપકાર કરવાને, બનો મ્હારાથકી સારૂં. ૨
તમારૂં સારૂં થાશો ને, બનો જ્ઞાની સકળ બોધે,
જરા નહિ દ્વેષ, પરિણામે, બનો મ્હારાથકી સારૂં. ૩
સકળનાં દુ:ખ હરવાને, પ્રકટજો સર્વ શક્તિયો,
સકલ સંસારિજીવોનું, બનો મ્હારાથકી સારૂં. ૪
તમોને સ્વાર્થના યોગે, નથી હણવાતણી બુદ્ધિ,
હણાઓ નહિ અમારાથી, બનો મ્હારાથકી સારૂં. ૫
અમારા ઉચ્ચ જીવનમાં, મહન્તોના પ્રયાસો છે,
ચઢયો તેમજ ચડાવાને, બનો મ્હારાથકી સારૂં. ૬
તમારા દુ:ખની ચીસો, અમારાથી સુણાતી નહીં,
ત્રિયોગે દુ:ખ હરવાને, બનો મ્હારાથકી સારૂં. ૭
સહજનાં સુખ દેવાને, અમારૂં દીલ તળપે છે,
તમારી જાગ્રતિ કરવા, બનો મ્હારાથકી સારૂં. ૮
તમારા દીલની દાઝો, શમો સહુ સત્ય કરૂણાએ,
તમારૂં જ્ઞાન ખીલવવા, બનો મ્હારાથકી સારૂં. ૯
ઉદરમાં રાખનારી મા, ઘણો ઉપકાર ત્હારો છે,
અનન્તાં સુખ, દેવાને, બનો મ્હારાથકી સારૂં. ૧૦
અરે અમ્બા કૃપાળુ તું, કરાયું નહીં ભલું ત્હારૂં,
જિગરથી હું જણાવું છું, બનો મ્હારાથકી સારૂં. ૧૧
પ્રતિઉપકાર ના વાળ્યો, હૃદયમાં એહ સાલે છે,
થશો શાન્તિ ત્હને સાચી, બનો મ્હારા થકી સારૂં. ૧૨
કરી ભક્તિ નહીં અમ્બા, પ્રભુનો બોધ દેનારી,
જિગરથી સહુ ખમાવું એ, બનો મ્હારાથકી સારૂં. ૧૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્યાં ઉપકાર ત્હેં મોટા, ભણાવા સહાય દીધી ત્હેં,
ખરો આનન્દ દેવાને, બનો મ્હારાથકી સારૂં. ૧૪
જીવન્તાં મ્હેં જણાવ્યું નહીં, અરે અમ્બા તને સાચું,
રહ્યું એકે બધું બાકી, બનો મ્હારાથકી સારૂં. ૧૫
અરે મ્હારા ભલામાટે, વિચારો ત્હેં ઘણા કીધા,
બજાવી ફરજ ત્હેં ત્હારી, બનો મ્હારાથકી સારૂં. ૧૬
દયા ભક્તિ ઘણી તુજમાં, નિખાલસ દીલની માતા,
ભલું થાજો સદા ત્હારૂં, બનો મ્હારાથકી સારૂં. ૧૭
સદાનો સ્નેહ ધરનારી, ખરૂં તું તીર્થ વ્યવહારે,
મળોને બોધિની પ્રાપ્ત, બનો મ્હારાથકી સારૂં. ૧૮
પ્રસંગે સાંભરી આવે, કરી નહિ ચાકરી ત્હારી,
સુણાવ્યાં નહિ પ્રભુ વચનો, ભલું થાશો સદા ત્હારૂં. ૧૯
કર્યો ઉપકાર આ ભવમાં, મહા ઉપકાર વ્યવહારે,
સરલતા દીલ ધરનારી, ભલું થાશો સદા ત્હારૂં. ૨૦
ભલામાં ભાગ લેનારી, યથાશક્તિ યથાબુદ્ધિ,
દયાદષ્ટિતણી વૃષ્ટિ, ભલું થાશો સદા ત્હારૂં. ૨૧
મર્યાં ત્હારા પછી અમ્બા, ગ્રહ્યો સંન્યાસ ત્યાગીનો,
ત્યજ્યા આશ્રવ ધરી વ્રતને, ભલું થાશો સદા ત્હારૂં. ૨૨
વદું નહિ રાગથી આવું, વદું છું તુજ ઉપકારે,
કરોને સ્હાય દેવો તુજ, ભલું થાશો સદા ત્હારૂં. ૨૩
ખરી નિષ્કામતાયોગે, થજો તુજ ધર્મની પ્રાપ્તિ,
અખણ્ડાનન્દની આશી, ભલું થાશો સદા ત્હારૂં. ૨૪
ભલા શિવરૂપ પિતાની, ખરી ઉપકારની દૃષ્ટિ,
ભલા ઉપકાર કીધા ત્હેં, ભલું થાશો સદા ત્હારૂં. ૨૫
ભણાવાની ઘણી પ્રીતિ, ઘણાં વિઘ્નો હઠાવ્યાં ત્હેં,
શિખામણ ધૈર્યની દીધી, ભલું થાશો સદા ત્હારૂં. ૨૬
બજાવી ફરજ પોતાની, ખીલવવાને મનઃશક્તિ,
થશો સમ્યક્ત્વની પ્રાપ્તિ, ભલું થાશો સદા ત્હારૂં. ૨૭
અરે બેનો ને ભ્રાતાઓ, બધાં ઉપકારનાં સાથી,
ભલું કરનાર મિત્રોનું, બનો મ્હારાથકી સારૂં. ૨૮
ખરી રીતિ ખરી નીતિ, ખરી ભક્તિ ખરી શક્તિ,
જણાવી તેહ સન્તોનું, બનો મ્હારાથકી સારૂં. ૨૯
ખરી સમ્યક્ત્વની શ્રદ્ધા, જણાવી ભાવ ઉપકારે,
ભવાંભોધિમાં તરણિની, બનો મ્હારાથકી સારૂં. ૩૦



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુરુતા, સદ્‌ગુરૂની બહુ, કહ્યાથી પાર ના આવે,
તમારા સ્વેષ્ટસાધનમાં, બનો મ્હારાથકી સારૂં. ૩૧
સદા હું માફ માગું છું, અવિનય જે કર્યો મોહે,
કરો માફી બધા ગુન્હા, બનો મ્હારાથકી સારૂં. ૩૨
સદા જે જ્ઞાનને ધ્યાને, કરે ઉપકાર લોકોને,
જગત્‌માં સન્ત લોકોનું, બનો મ્હારાથકી સારૂં. ૩૩
સદા તન મન ને ધનથી, બજાવે ભક્તિ સન્તોની,
અહો તે ભક્ત લોકોનું, બનો મ્હારાથકી સારૂં. ૩૪
દયાની વાત ફેલાવે, દયાળુ ચિત્તના જીવો,
પરસ્પર શાન્તિધારકનું, બનો મ્હારાથકી સારૂં. ૩૫
અમારો દ્વેષ કરનારા, ગમે તે આળ દેનારા,
અહો તે અજ્ઞ લોકોનું, બનો મ્હારાથકી સારૂં. ૩૬
અમારા શ્રેષ્ઠ કાર્યોના, બન્યા જે વિઘ્નસન્તોષી,
અમારા નિન્દકોનું રે, બનો મ્હારાથકી સારૂં. ૩૭
અમારા ધર્મથી જુદા, અમારા ધર્મના દ્વેષી,
અમારા પન્થકણ્ટકનું, બનો મ્હારાથકી સારૂં. ૩૮
અમારા બોધના શત્રુ, ઉપરથી મિષ્ટવક્તાઓ,
અહો તે કૂટચિત્તોનું, બનો મ્હારાથકી સારૂં. ૩૯
અમારૂં ઇષ્ટ કરનારા, વિપત્તિમાં રહે સાથે,
સદા તે મિત્રજીવોનું, બનો મ્હારાથકી સારૂં. ૪૦
અમારા દોષ હરનારા, જીગરથી પ્રેમ ધરનારા,
અમારા સાધુ મિત્રોનું, બનો મ્હારાથકી સારૂં. ૪૧
અમારી ભક્તિ કરનારા, કરેલા ગ્રન્થ ભણનારા,
અમારા શિષ્યવર્ગોનું, બનો મ્હારાથકી સારૂં. ૪૨
શિખામણ સત્ય દેનારા, અમારી ઉન્નતિકારો,
અમારા તે વડીલોનું, બનો મ્હારાથકી સારૂં. ૪૩
અમારા દુઃખમાં દુઃખી, અમારા સુખમાં સુખી,
અમારા પ્રેમપાત્રોનું, બનો મ્હારાથકી સારૂં. ૪૪
અમારા શિષ્ય સાધુઓ, વિનયરત્નો ખરા ભક્તો,
હૃદયથી ભક્તિકારોનું, બનો મ્હારાથકી સારૂં. ૪૫
ઉપરથી જે બન્યા શિષ્યો, હૃદયથી ભિન્ન રહેનારા,
અરે તે દ્રોહી શિષ્યોનું, બનો મ્હારાથકી સારૂં. ૪૬
અરે જે દૃષ્ટિરાગિયો, ખરાનો ખ્યાલ નહિ કરતા,
અરે તે બાળ જીવોનું, બનો મ્હારાથકી સારૂં. ૪૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે હિંસા ઘણાઓની, બુરામાં ભાગ લેનારા,
બિચારા પાપીઓનું રે, બનો મ્હારાથકી સારૂં. ૪૮
વદે જૂઠું કરે જૂઠું, અરે જે નાસ્તિકો જગમાં,
બુરા મિથ્યાત્વી જીવોનું, બનો મ્હારાથકી સારૂં. ૪૯
ચડ્યાને સહાય આપે જે, પડ્યાને સહાય આપે જે,
સદા તે ધર્મિ લોકોનું, બનો મ્હારાથકી સારૂં. ૫૦
જીવોનાં અશ્રુ લ્હુનારા, સદા પરમાર્થ કરનારા,
ગુણાનુરાગિ જીવોનું, બનો મ્હારાથકી સારૂં. ૫૧
ભલા જે યોગિયો મોટા, પ્રભુનું ધ્યાન ધરનારા,
સદા તે યોગનિષ્ઠોનું, બનો મ્હારાથકી સારૂં. ૫૨
ભણાવેલું ભણે પ્રેમે, ગણાવેલું ગણે પ્રેમે,
ભલા વિદ્યાર્થિઓનું રે, બનો મ્હારાથકી સારૂં. ૫૩
જગત્માં સમ્પ ફેલાવા, વિચારો ઉચ્ચ બતલાવે,
બહુ તેનું ભલું કરવા, બનો મ્હારાથકી સારૂં. ૫૪
કરે કેળવણી ફેલાવો, જનોને ખૂબ કેળવવા,
સદા તે જ્ઞાનવન્તોનું, બનો મ્હારાથકી સારૂં. ૫૫
વિવેકી સુજ્ઞ બન્ધુઓ, વિનયવન્તો દયાળુઓ,
જગત્માં સુજ્ઞ જીવોનું, બનો મ્હારાથકી સારૂં. ૫૬
ખરા જ્ઞાની, ખરા ધ્યાની, ખરું સમ્યક્ત્વ ધરનારા,
ભલા એવા મહન્તોનું, બનો મ્હારાથકી સારૂં. ૫૭
જિનોનાં તત્ત્વ કહેનારા, ચિરંજીવો મુનિવર્યો,
ભલા તે સન્ત મુનિયોનું, બનો મ્હારાથકી સારૂં. ૫૮
જીવો એકેન્દ્રિયો આદિ, ભટકતા કર્મના યોગે,
અહો• તેનું ભલું કરવા, બનો મ્હારાથકી સારૂં. ૫૯
કરે નિષ્કામથી કાર્યો, જરા નહિ સ્વાર્થની આશા;
ક્રિયાયોગી મહન્તોનું, બનો મ્હારાથકી સારૂં. ૬૦
ધરે વ્યવહારમાં નિષ્ઠા, ખરી નિશ્ચયતણી શ્રદ્ધા,
પરમ એવાજ શ્રાદ્ધોનું, બનો મ્હારાથકી સારૂં. ૬૧
જીવોનું ભવ્ય કરનારા, પ્રભુનો ધર્મ ધરનારા,
•ચતુર્વિધ સંઘજીવોનું, બનો મ્હારાથકી સારૂં. ૬૨
સ્વભાવે વસ્તુના ધર્મો, જિનાગમથી જણાવે જે,
સદા તે સાધુ લોકોનું, બનો મ્હારાથકી સારૂં. ૬૩
જિનેશ્વરના ખરા ભક્તો, જિનાજ્ઞા પાળવા શૂરા,
"બુદ્ધ્યબ્ધિ" જૈન લોકોનું, બનો મ્હારાથકી સારૂં. ૬૪

મુ. દહાણું. પોશ શુદી ૮. વાણગામ. ॐ शान्तिः ३

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# करो उद्यम, विजयभावी.

કવ્વાલિ.

નસીબે હાથ દેઇને, અરે બેસી રહો શાને,
ફળે આશા, ટળે દુઃખો, કરો ઉદ્યમ વિજયભાવી. ૧
ટળે છે ઉદ્યમે વિઘ્નો, ટળે છે ઉદ્યમે પીડા,
ટળે છે ઉદ્યમે ચિન્તા, કરો ઉદ્યમ વિજયભાવી. ૨
થવાનું તે થશે સર્વે, પ્રથમથી ના ધરો એવું,
સફલ છે કાર્યની સિદ્ધિ, કરો ઉદ્યમ વિજયભાવી. ૩
કરો સહુ પૂર્ણ સમજીને, ધરો મન કાર્યની શ્રદ્ધા,
વિવેકે લાભ દેખીને, કરો ઉદ્યમ વિજયભાવી. ૪
જગત્માં જન્મીને જેણે, કર્યું નહિ કાર્ય સુખકારી,
જીવન હારીગયો સમજી, કરો ઉદ્યમ વિજયભાવી. ૫
વિચાર્યાવણ થતી હાનિ, કરેલા કાર્યની જ્યાં ત્યાં,
અનુભવ પૂર્ણ લેઇને, કરો ઉદ્યમ વિજયભાવી. ૬
શકે નહિ, શું કરી માનવ, અનન્તિ, આત્મની શક્તિ,
જુઓને દાખલા લાખો, કરો ઉદ્યમ વિજયભાવી. ૭
ખરેખર યત્નની સાથે, મળે છે અન્ય હેતુઓ,
"બુદ્ધ્યબ્ધિ" ચિત્તઉત્સાહે, કરો ઉદ્યમ વિજયભાવી. ૮

ઓઇસિર, પોશ શુદી ૧૦. ॐ शान्तिः ३

---

# अमारो जन्म छे आ तो.

કવ્વાલિ.

પ્રભુના પન્થમાં વહેવા, કરેલાં કર્મ સંહરવા,
અનન્તાં સુખ લેવાને, અમારો જન્મ છે આ તો. ૧
ઘણું લેવું ઘણું દેવું, જરા બેસી નથી રહેવું,
ખરો સંન્યાસ વરવાને, અમારો જન્મ છે આ તો. ૨
ખરી શાન્તિ જગાવાને, દયાનાં તત્ત્વ કહેવાને,
પ્રભુ મહાવીર ધ્યાવાને, અમારો જન્મ છે આ તો. ૩
જીવોને સહાય દેવાને, પરંજ્યોતિ પરખવાને,
અનન્તિ શક્તિ ખીલવવા, અમારો જન્મ છે આ તો. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યસનહોળી બુજાવાને, વિકારી દોષ હરવાને,
અલખના દેશમાં જાવા, અમારો જન્મ છે આ તો. ૫
અહન્તા ભ્રાન્તિ હરવાને, કર્યું પ્રારબ્ધ ભોગવવા,
સહજનો ધર્મ ધરવાને, અમારો જન્મ છે આ તો. ૬
મહામિથ્યાત્વ હરવાને, અનન્તા સદ્‌ગુણો લેવા,
અનુભવ સત્ય કરવાને, અમારો જન્મ છે આ તો. ૭
યથાશક્તિ ભલું કરવા, જગત્‌નું તેમ પોતાનું,
પરસ્પર ઉચ્ચ થાવાને, અમારો જન્મ છે આ તો. ૮
ઉપજતી વાસના ત્યજવા, મહન્તોને અનુસરવા,
ઘણા દુર્ગુણને હરવા, અમારો જન્મ છે આ તો. ૯
સમાગમ, સન્તનો કરવા, અભિનવ જ્ઞાન ધરવાને,
ભલા ઉપકાર કરવાને, અમારો જન્મ છે આ તો. ૧૦
પ્રથમ પોતાતણું કરવા, પ્રસંગે અન્ય શુભ કરવા,
વિચારો, ઉચ્ચ કરવાને, અમારો જન્મ છે આ તો. ૧૧
અદેખાઈ પરિહરવા, ખરી મન સામ્યતા ધરવા,
ખરી નિર્લોભતા ધરવા, અમારો જન્મ છે આ તો. ૧૨
વિષયવેગાગ્નિ બુજવવા, કપટના ફન્દ પરિત્યજવા,
ક્ષમાને દીલમાં ધરવા, અમારો જન્મ છે આ તો. ૧૩
અમારા આયુના ભોગે, જીવોની જાગ્રતિ કરવા,
મહામોહદૈત્યને હરવા, અમારો જન્મ છે આ તો. ૧૪
મળ્યું શુભ સર્વને દેવા, જરા નહિ ભેદ ગણવાને,
સદા સમતાપતિ થાવા, અમારો જન્મ છે આ તો. ૧૫
કષાયો નોકષાયોની, અહર્નિશ મન્દતા કરવા,
જિનોના સદ્‌ગુણો ગાવા, અમારો જન્મ છે આ તો. ૧૬
ભણ્યા તેવું ભણાવાને, ગણ્યા તેવું ગણાવાને,
અમરપદ પામવા માટે, અમારો જન્મ છે આ તો. ૧૭
જિવનયાત્રા સફલ કરવા, ભવાંભોધિ ત્વરિત તરવા,
સ્વભાવિક ધર્મ્મ ઉદ્ધરવા, અમારો જન્મ છે આ તો. ૧૮
પરખવાને ખરા દેવો, પરખવાને ખરા ગુરુઓ,
હૃદયચક્ષુ ખીલવવાને, અમારો જન્મ છે આ તો. ૧૯
ગમે ત્યાંથી ખરું લેવા, ખરો સિદ્ધાન્ત જોવાને,
વિભાવિક માન્યતા ત્યજવા, અમારો જન્મ છે આ તો. ૨૦
વિનય કરવા ગુરુઓનો, વ્રતોને ખૂબ આદરવા,
બહિર્વૃત્તિ પરિહરવા, અમારો જન્મ છે આ તો. ૨૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવોને આત્મવત્ ગણવા, કરૂણાભાવને ધરવા,
ભલી માધ્યસ્થતા માટે, અમારો જન્મ છે આ તો. ૨૨
ગુણિ જનના ગુણો દેખી, પ્રમુદિત ચિત્ત કરવાને,
ગુણાનુરાગના માટે, અમારો જન્મ છે આ તો. ૨૩
જીવોની યોગ્યતા જેવી, તથા તેવું બતાવવાને,
અનુક્રમ ધર્મ ખીલવવા, અમારો જન્મ છે આ તો. ૨૪
અનિષ્ટ ઇષ્ટની વૃત્તિ, થતી જે પુદ્ગલોમાંહિ,
અહો તેવી પરિહરવા, અમારો જન્મ છે આ તો. ૨૫
સકળ નિર્લેપથી કરવું, સદા નિર્લેપથી રહેવા,
અખણ્ડાનન્દ લેવાને, અમારો જન્મ છે આ તો. ૨૬
ખરી ઉપયોગની શુદ્ધિ, ખરી સમ્યક્ત્વની શ્રદ્ધા,
ખરાનો ખ્યાલ ધરવાને, અમારો જન્મ છે આ તો. ૨૭
ખરી આત્મોન્નતિમાટે, ઉપાયો બાહ્ય આદરવા,
ભલા ઉદ્દેશને માટે, અમારો જન્મ છે આ તો. ૨૮
સ્વયં થાવા ખરો ધર્મી, ખરા ભક્તો બનાવવાને,
સકલ પરમાર્થના માટે, અમારો જન્મ છે આ તો. ૨૯
કુટુમ્બીવત્ સકલ જીવો, ગણીને સુખડાં દેવા,
ખરું વિજ્ઞાન દેવાને, અમારો જન્મ છે આ તો. ૩૦
જગાવાને સકલ જૈનો, જગત્માં ધર્મ ફેલાવવા,
મળી શક્તિ ખરચવાને, અમારો જન્મ છે આ તો. ૩૧
ખરી સ્યાદ્વાદની કુંચી, પ્રભુનું ધ્યાન ધરવાને,
*"બુદ્ધ્યબ્ધિ" ધર્મના માટે, અમારો જન્મ છે આ તો.* ૩૨

સ્ટેશન ઓઈસિર. પોશ શુદી ૧૦. ॐ शान्तिः ३

---

# रुचे तो मानजो म्हारूं.

કવ્વાલિ.

જગત્માં સર્વની આગળ, જણાવું જ્ઞાન અનુસારે,
બરાબર તે વિચારીને, રૂચે તો માનજો મ્હારૂં. ૧
જીવોની યોગ્યતા ભેદે, રૂચિના ભેદ છે ઝાઝા,
સકલ ઉપકારને માટે, રૂચે તો માનજો મ્હારૂં. ૨
અધિકારે યદિ ઉંચા, તથાપિ અન્યના માટે,
ગણીને યોગ્યતા ભેદે, રૂચે તો માનજો મ્હારૂં. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યદિ અધિકારથી નીચા, ભવિષ્યત્ કાલના માટે,
કદી ઉપકારકારી એ, રૂચે તો માનજો મ્હારૂં. ૪
કદી જો યોગ્ય લાગે તો, અધિકારી તમો ત્હેના,
જગત્ની શાન્તિના માટે, રૂચે તો માનજો મ્હારૂં. ૫
સકલ વૃક્ષો, સકલ વલ્લિ, સકલ ઔષધ સકલ વસ્તુ,
રુચિકર યોગ્યતા યોગે, રૂચે તો માનજો મ્હારૂં. ૬
અમુક નયથી અમુક ખોટું, અમુક નયથી અમુક સાચું,
ખરૂં ખોટું અપેક્ષાએ, રૂચે તો માનજો મ્હારૂં. ૭
નથી વસ્તુ અરે એકે, સકલને રુચતી જગમાં,
થતી સ્ફુરણા સહજયોગે, રૂચે તો માનજો મ્હારૂં. ૮
પ્રશંસો તો મ્હને શું? ત્યાં, યદિ નિન્દા કરો તો શું?
બને છે દૃષ્ટિના ભેદે, રૂચે તો માનજો મ્હારૂં. ૯
પ્રભુ મહાવીર ઉપદિષ્ટ, નયોની સહુ અપેક્ષા લઈ,
ધરી માધ્યસ્થતા મનમાં, રૂચે તો માનજો મ્હારૂં. ૧૦
કહું મ્હારૂં અપેક્ષાએ, નથી મ્હારૂં સહુનું તે,
સકલમાં તે સ્ફુરે કાળે, રૂચે તો માનજો મ્હારૂં. ૧૧
પ્રભુ મહાવીરે બોધેલું, સકલમાં છે સકલ સ્વામી,
અનન્તા કેવલીનું તે, રૂચે તો માનજો મ્હારૂં. ૧૨
સકલનું સહુ અહંતા શી? તથાપિ ધર્મ વ્યવહારે,
ગણાવે ઉપકારી તે, રૂચે તો માનજો મ્હારૂં. ૧૩
અભિપ્રાયે કર્યું કેવા, પ્રથમ પુચ્છાય છે જ્યાં ત્યાં,
યથા હૃદયે તથા ઉદ્ગાર, રૂચે તો માનજો મ્હારૂં. ૧૪
નિમિત્તોના અનુસારે, વિચારો બહુ થતાં મનમાં,
વિચારોને વિચારીને, રૂચે તો માનજો મ્હારૂં. ૧૫
સકલની ઉન્નતિ અર્થે, ફરજ મ્હારી બજાવું છું,
થયું ફળ શું? નથી જોવું, રૂચે તો માનજો મ્હારૂં. ૧૬
જગત્માં બહુ તળાવો છે, કરે ઉપયોગ સહુ ન્યારા,
યથારુચિ તથા કરણી, રૂચે તો માનજો મ્હારૂં. ૧૭
રૂચે નહિ તો ક્ષમા કરશો, બુરી આશીષ્ નહીં દેશો,
હજી છું બાળ અભ્યાસી, રૂચે તો માનજો મ્હારૂં. ૧૮
પવિત્રાઈ નથી પૂરી, ઘણા દોષો હજી મનમાં,
તમારા આત્મના માટે, રૂચે તો માનજો મ્હારૂં. ૧૯
કહું છું સ્વાત્મધ્યાનાર્થમ્, રચાતાં વાણીથી વાક્યો,
પ્રસંગે અન્યના માટે, રૂચે તો માનજો મ્હારૂં. ૨૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રસિદ્ધિની નથી ઇચ્છા, વિસારી નામની મમતા,
યદિ વિશ્વાસ આવે ને, રૂચે તો માનજો મ્હારૂં. ૨૧
હૃદયમાં ધારી નિશ્ચયને, સકલ વ્યવહારથી કહેવું,
અમારી પાસ આ નાણું, રૂચે તો માનજો મ્હારૂં. ૨૨
સહજની શાન્તતા લેવા, સહજની શાન્તતા દેવા,
પરસ્પર આપવું લેવું, રૂચે તો માનજો મ્હારૂં. ૨૩
ગમે તેના ભલામાટે, હૃદય સંસ્કાર ખીલવવા,
પ્રસંગે નીકળે તેવું, રૂચે તો માનજો મ્હારૂં. ૨૪
રૂચે નહિ જો વિચારો તો, કરો નહિ દ્વેષ મ્હારાપર,
સ્વભાવો, સર્વના જૂદા, રૂચે તો માનજો મ્હારૂં. ૨૫
ખરી સ્યાદ્વાદ શૈલીથી, ખરું કહેતાં બુરૂં લાગે,
અનુભવશો પરીક્ષાથી, રૂચે તો માનજો મ્હારૂં. ૨૬
અમારે સર્વ છે સરખા, દિસે છે ભેદ, કર્મોથી,
વિચારે ભેદ છે જગમાં, રૂચે તો માનજો મ્હારૂં. ૨૭
નથી એકાન્તથી ખણ્ડન, નથી એકાન્તથી મણ્ડન,
અપેક્ષાવાદ સર્વત્ર, રૂચે તો માનજો મ્હારૂં. ૨૮
ભણાશે ભાવિનું બાકી, ગણાશે ભાવિનું બાકી,
હજી ચડવું ઘણું બાકી, રૂચે તો માનજો મ્હારૂં. ૨૯
પ્રભુની જ્યોતિ જોવાને, મળ્યો છે યોગ, કળિકાળે,
ભવિષ્યત્ શક્તિ ખીલવવા, રૂચે તો માનજો મ્હારૂં. ૩૦
ગુલામો વૃત્તિયોના જે, ભલું તેનું સદા કરવા,
ભલાઈમાં ભલું મ્હારૂં, રૂચે તો માનજો મ્હારૂં. ૩૧
ખરા ઉપકારની સેવા, કરુણાદૃષ્ટિ ખીલવવા,
“બુદ્ધ્યબ્ધિ” ધર્મદૃષ્ટિથી, રૂચે તો માનજો મ્હારૂં. ૩૨

૧૯૬૭ પાલગઢ, પોશ શુદી ૧૧. ॐ शान्तिः.

---

# फळो इच्छा अमारी ए.

કવ્વાલિ.

અરે દેખી જગજ્જીવો, કરુણાથી હૃદય ભીંજે,
સુખી થાવો સકલ જીવો, ફળો ઇચ્છા અમારી એ. ૧
જગત્માં ઉન્નતિ ક્રમની, નિસરણીનાં પગથીયાં બહુ,
ચઢો ઉપર જગત્ સઘળું, ફળો ઇચ્છા અમારી એ. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જગત્માં સર્વ જોવાની, ખરી સર્વજ્ઞની દષ્ટિ,
ખીલોને સર્વને એવી, ફળો ઇચ્છા અમારી એ. ૩
અમર થાવા સકલ જીવો, ઘણી શોધો ચલાવે છે,
અમર થાવા મળો સાચું, ફળો ઇચ્છા અમારી એ. ૪
મદિરા માંસથી જીવો, ઘણા દુઃખી થયા થાશે,
ટળો વ્યસનો, સદુપદેશે, ફળો ઇચ્છા અમારી એ. ૫
મનુષ્યનો જન્મ પામ્યા પણ, પશુસમ આયુ જે ગાળે,
બનો તે ઉચ્ચ સદ્ધર્મે, ફળો ઇચ્છા અમારી એ. ૬
પીડાતા પ્રાણિયો, રોગે, કપાતા પ્રાણિયો જ્યાં ત્યાં,
સકળ તે બંધ થાશો ઝટ, ફળો ઇચ્છા અમારી એ. ૭
રડે જીવો નિસાસા લેઈ, મળે ખાવા નહીં પૂરૂં,
ટળો તેનાં સકળ દુઃખો, ફળો ઇચ્છા અમારી એ. ૮
અમારા સુખને માટે, બીજાનો પ્રાણ મા જાશો,
વિચારો કૂર ટળશો સહુ, ફળો ઇચ્છા અમારી એ. ૯
ઉદરની પૂર્તિને માટે, કદાપિ પાપ મા થાશો,
જીવન નિર્દોષ વહેશો સહુ, ફળો ઇચ્છા અમારી એ. ૧૦
બચાવા પ્રાણ, જીવોના, ભલાં ભાષણ ભલા લેખો,
પ્રગટશો યોગ્યતા પૂરી, ફળો ઇચ્છા અમારી એ. ૧૧
અરે તૃષ્ણા બુરી આદત, જીવોને દુઃખ બહુ દેતી,
ટળો તેના મહાવેગો, ફળો ઇચ્છા અમારી એ. ૧૨
જગત્માં સ્વાર્થની હોળી, પડે છે જીવ ત્હેમાં બહુ,
બુઝાવાની મળો શક્તિ, ફળો ઇચ્છા અમારી એ. ૧૩
મળે નહિ શાન્તિ, ભવમાંહિ, અરે અજ્ઞાનથી જોશો,
સ્વપર અજ્ઞાનનાશાર્થમ્, ફળો ઇચ્છા અમારી એ. ૧૪
ગરીબોનાં ટળો દુઃખો, રચાશો સાધનો તેવાં,
દયા આવો મહન્તોને, ફળો ઇચ્છા અમારી એ. ૧૫
પ્રભુ મહાવીરનાં તત્ત્વો, દયાનાં સર્વ ફેલાશો,
મ્હને જે સુખ તે સહુને, ફળો ઇચ્છા અમારી એ. ૧૬
કદાપિ પ્રાણ પડતાં પણ, બુરું થાજો નહીં કોનું,
બનો અપકારપર ઉપકાર, ફળો ઇચ્છા અમારી એ. ૧૭
ટળો નિન્દાતણી ટેવો, પ્રકાશો જ્ઞાનની દષ્ટિ,
જગત્ના દોષ ધોવામાં, ફળો ઇચ્છા અમારી એ. ૧૮
સદા ગંભીર મન કરવા, જગત્ના દોષ નહિ જોવા,
સકલ જ્યાં ત્યાં ગુણો જોવા, ફળો ઇચ્છા અમારી એ. ૧૯



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વદાવા વાણીથી સાચું, મળોને યોગ્યતા ઉંચી,
મળેલી જીભ વશ થાશો, ફળો ઇચ્છા અમારી એ. ૨૦
જગત્‌ના દોષ ધોવામાં, મળો જનનીતણી દષ્ટિ.
રહે નહિ દોષ મનમાંહિ, ફળો ઇચ્છા અમારી એ. ૨૧
સહુજના સુખની શ્રદ્ધા, સદા જીવોતણી રક્ષા,
મ્હને જેવું તથા સહુને, ફળો ઇચ્છા અમારી એ. ૨૨
રિબાતા રાંક જીવોનું, ભલું થાશો જિગર આશીઃ,
સુખી થાશોજ ઉપકારી, ફળો ઇચ્છા અમારી એ. ૨૩
મહામિથ્યાત્વદષ્ટિથી, બને જીવો અધમ પાપી,
ખરું સમ્યક્ત્વ પામો તે, ફળો ઇચ્છા અમારી એ. ૨૪
ઘણા ભવનીજ જનનીઓ, પિતાઓ સહુ કુટુમ્બીઓ,
અખણ્ડાનન્દને પામો, ફળો ઇચ્છા અમારી એ. ૨૫
સલાહો સત્ય દેનારા, સદા પામો ખરી શાન્તિ,
ટળો સહુ ધર્મનાં વિઘ્નો, ફળો ઇચ્છા અમારી એ. ૨૬
સદા મહાવીરનું શરણું, જિનેશ્વરધર્મ સેવામાં,
અધિકારી બનું સાચો, ફળો ઇચ્છા અમારી એ. ૨૭
ક્રિયાને જ્ઞાન બેનયથી, બનાવું સર્વને ધર્મી,
મળો ઉપદેશની શક્તિ, ફળો ઇચ્છા અમારી એ. ૨૮
સુખો, દુઃખો પ્રગટ થાતાં, રહો સમભાવની દષ્ટિ,
કરાશો સામ્યભાવે સહુ, ફળો ઇચ્છા અમારી એ. ૨૯
વધારે કર્મની રાશિ, ટળો ઇચ્છા સકલ તેવી,
અભિમુખ, આત્મના, વૃત્તિ ફળો ઇચ્છા અમારી એ. ૩૦
ત્યજાશો આસ્રવો સર્વે, સદા નિષ્કામતા વૃત્તિ,
વધો સમ્વર ઉપાયો સહુ, ફળો ઇચ્છા અમારી એ. ૩૧
સદા વ્યવહાર નિશ્ચયથી, વધોને સત્ય બ્રહ્મચર્ય જ,
"બુદ્ધ્યબ્ધિ" બ્રહ્મની દષ્ટિ, ફળો ઇચ્છા અમારી એ. ૩૨

મુ. સોપાલા, પોશ શુદી ૧૩, ગુરૂવાર. ૧૯૬૭. ॐ शान्तिः.

---

# सदा धंधो अमारो ए.

કવ્વાલિ.

જગત્‌ના સર્વ જીવોપર, દયા કરવી ધરી મૈત્રી,
સમાધિધ્યાનમાં રહેવું, સદા ધંધો અમારો એ. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સદા સમભાવમાં રહેવું, અશાતા શાત બે સરખાં,
પડે તે વિઘ્ન સહુ સહવાં, સદા ધંધો અમારો એ. ૨
ઘડીના રજ્જ જે જુદા, અરે પ્રારબ્ધથી વહેતા,
સકલથી ભિન્નતા ધરવી, સદા ધંધો અમારો એ. ૩
જીવોને યોગ્ય ઉપદેશે, ખરો રસ્તો બતાવાનો,
ભલી પરમાર્થની કરણી, સદા ધંધો અમારો એ. ૪
મહાવ્રત પચ્ચ સાચવવાં, સ્મરણ, અધ્યાત્મતત્ત્વોનું,
ખિલવવી યોગની શક્તિ, સદા ધંધો અમારો એ. ૫
ઘણા ભક્તો બને તો શું? ઘણા શિષ્યો બને તો શું?
ભલું કરવું ધરી સમતા, સદા ધંધો અમારો એ. ૬
ઉપજતા દોષની માફી, પુનઃ પાછા નહીં કરવા,
પ્રતિક્રમવુંજ ઉપયોગે, સદા ધંધો અમારો એ. ૭
જિગરથી આવશ્યક કૃત્યો, ખરા ઉપયોગથી કરવાં,
કરું સહુ આત્મના અર્થે, સદા ધંધો અમારો એ. ૮
જીવોની યોગ્યતા દેખી, વિચારો યોગ્ય દાખવવા,
હૃદયમાં તેજ વાણીમાં, સદા ધંધો અમારો એ. ૯
કષાયો જીતવા સઘળા, અનુભવના ઉપાયોથી,
ખરો અભ્યાસ એ કરવો, સદા ધંધો અમારો એ. ૧૦
પ્રસંગે ક્રોધના સમયે, ક્ષમા ધરવી નહીં લડવું,
અખણ્ડાનન્દમાં દૃષ્ટિ, સદા ધંધો અમારો એ, ૧૧
જિનોની દેશના દેવી, ગુરુની ભક્તિ આદરવી,
ખરી ઉપકારની કરણી, સદા ધંધો અમારો એ. ૧૨
ખરા સ્યાદ્વાદ દર્શનની, જિગરથી ઉન્નતિ કરવી,
ઉપાયો સર્વ આદરવા, સદા ધંધો અમારો એ. ૧૩
સકલ દોષો પરિહરવા, અનાદિકાળના સર્વે,
પરમધન, આત્મનું વરવું, સદા ધંધો અમારો એ. ૧૪
રમણતા, આત્મમાં કરવી, સહજ ચારિત્ર એ ધરવું,
ખિલવવી જ્ઞાનની દૃષ્ટિ, સદા ધંધો અમારો એ. ૧૫
ખરાં અષ્ટાંગયોગોનો, બહુ અભ્યાસ આદરવો,
શૂરાતન સત્ય ખિલવવું, સદા ધંધો અમારો એ. ૧૬
ગુણાનુરાગ, આદરવો, ખરો નિશ્ચય ધર્યો મનમાં,
સલાહો ધર્મની દેવી, સદા ધંધો અમારો એ. ૧૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુભવજ્ઞાન લેવાને, કરૂં અભ્યાસ સૂત્રોનો,
મનન શ્રી જિનવાણીનું, સદા ધંધો અમારો એ. ૧૮
કરૂં કયાં રાગ કરૂં કયાં દ્વેષ, ક્ષણિક જગ વસ્તુઓમાંહિ,
પ્રશસ્ય પ્રેમ આદરવો, સદા ધંધો અમારો એ. ૧૯
વિહરવું દેશપરદેશે, ખરી નિઃસઙ્ગતા ભજવી,
પ્રમાદોને પરિહરવા, સદા ધંધો અમારો એ. ૨૦
કહો કોઈ ગમે તેવો, મ્હને તેની નથી પચ્યાત,
વિવેકે ધર્મને ધરવો, સદા ધંધો અમારો એ. ૨૧
રહી સાક્ષી સકલ જોવું, સ્ફટિક પેઠે હૃદયશુદ્ધિ,
જરા નહિ હર્ષ દિલગીરી, સદા ધંધો અમારો એ. ૨૨
હૃદયમાં શુદ્ધ પરિણામે, રહીને મોહ સંહરવો,
અમારા આત્મવત્ સઘળા, સદા ધંધો અમારો એ. ૨૩
પ્રભુના જૈનશાસનની, ખરી સેવા બજાવાની,
પ્રભુ મહાવીર ગુણ લેવા, સદા ધંધો અમારો એ. ૨૪
અમારા આત્મની શુદ્ધિ, થશે જે જે ઉપાયોથી,
કરૂં તે સહુ યથાશક્તિ, સદા ધંધો અમારો એ. ૨૫
કદાપિ કર્મના ઉદયે, પડાશે પણ ચડાશે ફેર,
પડ્યા ત્હેને ફરી ચડવું, સદા ધંધો અમારો એ. ૨૬
કરુણાદષ્ટિથી ધોવા, ખરેખર દોષીના દોષો,
ફરી ગણવું ભૂલાયું તે, સદા ધંધો અમારો એ. ૨૭
ત્રિવિધતાપો પરિહરવા, કરીશું સર્વ ઉપચારો,
કરીશું શોધ ઉત્તમ જે, સદા ધંધો અમારો એ. ૨૮
લખીશું ધર્મગ્રન્થોને, ગણીશું સૂત્રપાઠોને,
ખરી રત્નત્રયી ધરવી, સદા ધંધો અમારો એ. ૨૯
ચતુર્વિધસંઘની વૃદ્ધિ, સહજ ઉપયોગની દૃષ્ટિ,
તજીશું ચિત્તની મમતા, સદા ધંધો અમારો એ. ૩૦
અવિનાશી અખણ્ડાનન્દ, અમારે સાધ્ય છે સાચું,
રમણતા, શુદ્ધ ઉપયોગે, સદા ધંધો અમારો એ. ૩૧
સદા આનન્દમાં રહેવું, અમીરી શહેનશાહી મુજ
"બુદ્ધયબ્ધિ" સિદ્ધતા વરવી, સદા ધંધો અમારો એ. ૩૨

મુ. વિરાર, પોશ શુદી ૧૪. ૧૯૬૭. ॐ शान्तिः ३

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# खरो उद्देश ए म्हारो.

કવ્વાલિ.

જગત્‌માં જન્મીને મ્હારે, ખરો આનન્દ લેવાનો,
ખરી એ શોધ કરવાની, ખરો ઉદ્દેશ એ મ્હારો. ૧
ઉઠે જલમાંહિ પરપોટા, તથા મનમાંહિ સહુ દોષો,
વિકારી વેગ લય કરવા, ખરો ઉદ્દેશ એ મ્હારો. ૨
દેખાતી ચર્મચક્ષુથી, જગત્‌ની જે મનોહરતા,
રહીને સાક્ષીએ જોવું, ખરો ઉદ્દેશ એ મ્હારો. ૩
અનુકૂળ કે પ્રતિકૂળ જે, બને વિષયો, પ્રસઙ્ગોથી,
નથી ત્યાં કલ્પના કરવી, ખરો ઉદ્દેશ એ મ્હારો. ૪
ભોગવવાં ભોગ્યકર્મોને, ધરી માધ્યસ્થની દૃષ્ટિ,
કલુષતા ચિત્તની ત્યજવી, ખરો ઉદ્દેશ એ મ્હારો. ૫
સકલનું ભવ્ય કરવામાં, પ્રતિપક્ષી ઘણા જાગે,
વિષમતા ચિત્તમાં નાવે, ખરો ઉદ્દેશ એ મ્હારો. ૬
મગજ ખોવું નહિ કદીયે, ખરી એ શૂરની શૂરતા,
થવું વીતરાગ અનુયાયી, ખરો ઉદ્દેશ એ મ્હારો. ૭
અમારી આંખમાં લાલાશ, નથી ધરવી પ્રયોજન શું?
ખરી આત્મોન્નતિ કરવી, ખરો ઉદ્દેશ એ મ્હારો. ૮
અમારી શાન્તિના સ્વાર્થે, જીવોને દુઃખ નહિ દેવું,
કરૂં નહિ સ્વાર્થથી શિષ્યો, ખરો ઉદ્દેશ એ મ્હારો. ૯
મળ્યો જન્મ જ, સફલ કરવા, કરીશું સન્તની સેવા,
હૃદય દર્દો હઠાવાનો, ખરો ઉદ્દેશ એ મ્હારો. ૧૦
ચહું નહિ રાજ્યની પદવી, ચહું નહિ અપ્સરાઓને,
ચહું છું તે, નથી દુઃખ જ્યાં, ખરો ઉદ્દેશ એ મ્હારો. ૧૧
અનુભવજ્ઞાનની ધારા, સમાધિની ખરી પદવી,
સદા નિર્ભય થઈ રહેવું, ખરો ઉદ્દેશ એ મ્હારો. ૧૨
શિતલતા ચન્દ્રવત્‌ ધરવી, પ્રકાશી ભાનુની પેઠે,
પ્રભુતામાં અહન્તા નહીં, ખરો ઉદ્દેશ એ મ્હારો. ૧૩
જિનોની આણ શિરધારી, બને તે સર્વ કરવાનું,
જિનોમાં લક્ષ્ય દેવાનું, ખરો ઉદ્દેશ એ મ્હારો. ૧૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભણીને જ્ઞાનિના ગ્રન્થો, ખરો પરમાર્થ લેવાનો,
ખરો પરમાર્થે દેવાનો, ખરો ઉદ્દેશ એ મ્હારો. ૧૫
ધરીને ભાવના દ્વાદશ, સકલ આસ્રવ પરિહરવા,
"બુદ્ધ્યબ્ધિ" આત્મમાં રહેવું, ખરો ઉદ્દેશ એ મ્હારો. ૧૬

મુ. અગાશી. પોશ શુદી ૧૫. ૧૯૬૭. ॐ शान्तिः ३

---

# अमारूं साध्य साधीशुं.

કવ્વાલિ.

ચઢેલા કાર્યમાં સુરતા, અમારી સાધ્યદષ્ટિ તે,
ઉપાયો સર્વ યોજીને, અમારૂં સાધ્ય, સાધીશું. ૧
વિપત્તિ જો પડે ક્રોડી, તથાપિ તેહ નહિ છોડું,
બરાબર જોઈ નિર્ધાર્યું, અમારૂં સાધ્ય, સાધીશું. ૨
કદાપિ કર્મના ઉદયે, પડે વિક્ષેપ તે સહવા,
મહન્તોની સલાહ લેઈ, અમારૂં સાધ્ય, સાધીશું. ૩
નિદિધ્યાસન, મનન, ત્હેનું, હૃદય ઈચ્છે સદા ત્હેને,
સુવું તો તેહનું સ્વપ્નું, અમારૂં સાધ્ય, સાધીશું. ૪
ઘણા કાલે મળે તોપણ, ઘણા ભવમાં મળે તોપણ,
ગમે ત્યાં જાઇશું તોપણ, અમારૂં સાધ્ય, સાધીશું. ૫
કરે હાંસી જગત્ તો શું? પડે જો દુઃખ તોપણ શું?
જીવનનો ભોગ આપીને, અમારૂં સાધ્ય, સાધીશું. ૬
નથી લડવું જગત્ સાથે, સકલની દૃષ્ટિ છે જુદી,
યથાબુદ્ધિ તથા બોલે, અમારૂં સાધ્ય, સાધીશું. ૭
હજારો ધર્મના પન્થો, બતાવે સર્વ પોતાનું,
થઈ છે આત્મની શ્રદ્ધા, અમારૂં સાધ્ય, સાધીશું. ૮
પ્રતીતિ, સુખની જેવી, તથા તેવી પ્રવૃત્તિ છે,
મળેલા જ્ઞાન અનુસારે, અમારૂં સાધ્ય, સાધીશું. ૯
રુચિથી ભિન્ન છે દુનિયા, ગમે નહિ સર્વને મ્હારૂં,
જગત્‌ની વાત દોરંગી, અમારૂં સાધ્ય, સાધીશું. ૧૦
અમારી દૃષ્ટિથી ઉંચા, અમારી દૃષ્ટિથી નીચા,
પ્રવૃત્તિથી પડે જૂદા, અમારૂં સાધ્ય, સાધીશું. ૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમારી દૃષ્ટિના જેવા, તથાપિ ભેદ તરતમતા,
ગુણસ્થાનક વિચારીને, અમારૂં સાધ્ય, સાધીશું. ૧૨
પ્રયોજન નહિ રીઝવવાનું, કદાપિ પાર નહિ આવે,
મળે તે યોગ્યતા માને, અમારૂં સાધ્ય, સાધીશું. ૧૩
નજરમાં આવતું જે નહિ, રુચિ ત્યાં કેમ થાવાની,
ફરે નહિ રુચિ તે સાચું, અમારૂં સાધ્ય, સાધીશું. ૧૪
રુચિ, સમ્યક્ત્વવંતોની, પ્રગટતી કર્મના નાશે,
અમારૂં સાધ્ય ત્હેમાં છે, અમારૂં સાધ્ય, સાધીશું. ૧૫
જગત્‌ના જડ પદાર્થોથી, અમારો પ્રેમ છટે છે,
છુટે જ્યાંથી નથી ત્યાં સુખ, અમારૂં સાધ્ય, સાધીશું. ૧૬
અમોને પ્રેમ લાગે છે, અમારા રૂપમાં સાચો,
પ્રતીતિ, પ્રેમથી નક્કી, અમારૂં સાધ્ય, સાધીશું. ૧૭
પ્રગટતી જેહ સંજ્ઞાઓ, ખરેખર જન્મની સાથે,
તથા રુચિ, સહેતુ છે, અમારૂં સાધ્ય, સાધીશું. ૧૮
કર્યો જે પૂર્વભવમાંહિ, અમારા ધર્મનો અભ્યાસ,
યથા કારણ તથા કાર્ય જ, અમારૂં સાધ્ય, સાધીશું. ૧૯
રુચિ તે પૂર્વભવની છે, નથી તે જ્ઞાનવણ રુચિ,
અનુભવ, આત્મમાં જ્ઞાનજ, અમારૂં સાધ્ય, સાધીશું. ૨૦
જિનેશ્વર તે જણાવે છે, ખરેખર એ અનુભવમાં,
પ્રતીતિ પૂર્ણ થાવાની, અમારૂં સાધ્ય, સાધીશું. ૨૧
અનુભવ એ જણાવે છે, અનુભવ એ ભણાવે છે,
અનુભવ એ કરાવે છે, અમારૂં સાધ્ય, સાધીશું. ૨૨
કરો સહાયો ભલા દેવો, ખરામાં ભાગ લેનારા,
સુજાડો જે રહ્યું બાકી, અમારૂં સાધ્ય, સાધીશું. ૨૩
કૃપા કરજો જગજ્જીવો, કરો નહિ દ્વેષ મ્હારાપર,
સુજ્યું તે આદર્યું મ્હેં તો, અમારૂં સાધ્ય, સાધીશું. ૨૪
તમારા ચિત્તમાં જૂઠું, અમારૂં કાર્ય જો ભાસે,
અરે તોપણ દયા ધરજો, અમારૂં સાધ્ય, સાધીશું. ૨૫
ઘણા છે યોગ, મુક્તિના, યથારુચિ ગમે તેવા.
ચઢે ત્હેને ખરા છે યોગ, અમારૂં સાધ્ય, સાધીશું. ૨૬
પરસ્પર યોગના ભેદે, નથી પંચાતમાં પડવું,
ધરી સ્યાદ્વાદની શૈલી, અમારૂં સાધ્ય, સાધીશું. ૨૭
યદંશે જ્ઞાનની શક્તિ, ખીલે જેવી સમજ તેવી,
તદંશે ધર્મની દૃષ્ટિ, અમારૂં સાધ્ય, સાધીશું. ૨૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિમિત્તો ધર્મનાં જે જે, અમારી યોગ્યતા તેવાં,
બને તે સર્વ આદરશું, અમારૂં સાધ્ય, સાધીશું. ૨૯
ઉપાદાને ખરી શુદ્ધિ, અમારી સાધ્ય દૃષ્ટિમાં,
વિકલ્પોને સમાવીને, અમારૂં સાધ્ય, સાધીશું. ૩૦
અમારા હાથમાં છે હાલ, ભવિષ્યત્‌માં થવું જેવું,
અધુના તે ફળે ભાવી, અમારૂં સાધ્ય, સાધીશું. ૩૧
"બુદ્ધ્યબ્ધિ" પાસ છે. સર્વે, ટળે ભ્રાન્તિ સુજે સાચું,
સદા આનન્દમાં રહેવા, અમારૂં સાધ્ય, સાધીશું. ૩૨

મુ. અગાશી. પોશ વદી ૧. સં. ૧૯૬૭. ॐ शान्तिः ३

---

# रुचे उद्यम म्हने मनमां.

કવ્વાલિ.

હવે તો બેસી નહીં રહેવું, થવાનું સર્વ, ઉદ્યમથી,
અનુદ્યમથી ઘણું ખોયું, રુચે ઉદ્યમ મ્હને મનમાં. ૧
વધે અભ્યાસના યોગે, મતિ નાનાપ્રકારોની,
સુજે છે શોધ કરવાનું, રુચે ઉદ્યમ, મ્હને મનમાં. ૨
અનુદ્યમ, દીલનો શત્રુ, નથી ગમતો હવે તે તો,
ઘણાં કાર્યો રહ્યાં બાકી, રુચે ઉદ્યમ, મ્હને મનમાં. ૩
વધે છે શક્તિ, ઉદ્યમથી, અનુભવ, એહ સર્વત્ર,
અનન્તિશક્તિ, ખીલવવા, રુચે ઉદ્યમ, મ્હને મનમાં. ૪
વળે વાતો કરે નહિ કંઈ, ક્રિયામાં વાતને લેવી,
દિશા નિશ્ચય કરી ભાવી, રુચે ઉદ્યમ, મ્હને મનમાં. ૫
ઉપાયો સર્વ આદરવા, કરીને યોજના સારી,
હૃદયસંકલ્પ નિશ્ચયથી, રુચે ઉદ્યમ, મ્હને મનમાં. ૬
યથાશક્તિ અનુસારે, કરીશું કાર્ય ધારેલાં,
સમય ખોવો નહિ આવ્યો, રુચે ઉદ્યમ, મ્હને મનમાં. ૭
મળેલા જ્ઞાન અનુસારે, અમારૂં કાર્ય સાધીશું,
બખતની આંકીને કિમ્મત, રુચે ઉદ્યમ, મ્હને મનમાં. ૮
કરૂં મક્કમપણે ધાર્યું, નિયમને સાચવી ક્રમથી,
ખરી આત્મોન્નતિ કુંચી, રુચે ઉદ્યમ, મ્હને મનમાં. ૯
અખણ્ડાનન્દની પ્રાપ્તિ, અમારૂં સાધ્ય એ છેલ્લું.
પ્રવૃત્તિયોગ નિરવદ્યજ, રુચે ઉદ્યમ, મ્હને મનમાં. ૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યથાબુદ્ધિ પ્રવૃત્તિમાં, અમારૂં આત્મબલ વધતું,
સતત અભ્યાસથી સિદ્ધિ, રુચે ઉદ્યમ, મ્હને મનમાં. ૧૧
ઘણા વિક્ષેપ આવ્યા તે, ટળ્યા છે સર્વ ઉદ્યમથી,
જિનેન્દ્રોનો જણાવેલો, રુચે ઉદ્યમ, મ્હને મનમાં. ૧૨
ટળે છે વિઘ્ન આવરણો, પ્રગટતો લાભ ને શક્તિ,
અનન્તાં કર્મ ખેરવવા, રુચે ઉદ્યમ, મ્હને મનમાં. ૧૩
ત્રિયોગોની પ્રવૃત્તિ જે, સ્થૂલજ ને સૂક્ષ્મના ભેદે,
ક્રિયા તે સ્થૂલ ને સૂક્ષ્મજ, રુચે ઉદ્યમ, મ્હને મનમાં. ૧૪
મળ્યા તે યોગ વાપરવા, પ્રથમ તો આત્મના માટે,
જગત્ પરમાર્થના માટે, રુચે ઉદ્યમ, મ્હને મનમાં. ૧૫
ક્રિયા, ઉત્સાહને ઉદ્યમ, પ્રવૃત્તિયોગ કે શક્તિ,
કહો વીર્યજ કહો ધ્યાનજ, રુચે ઉદ્યમ, મ્હને મનમાં. ૧૬
પ્રવૃત્તિ, શુભ વ્યવહારે, સ્વપર માટે કરી કરશું,
પ્રવૃત્તિથી વહે છે ધર્મ, રુચે ઉદ્યમ, મ્હને મનમાં. ૧૭
અનન્તિ શક્તિ ખીલવવા, કરૂં જે ધ્યાન તે ઉદ્યમ.
ક્રિયાવાદીજ આત્માર્થી, રુચે ઉદ્યમ, મ્હને મનમાં. ૧૮
અધર્મ, ધર્મના ભેદે, ક્રિયાના ભેદ બે થાતા,
ક્રિયા ભેદો શુભા શુદ્ધા, રુચે ઉદ્યમ, મ્હને મનમાં. ૧૯
ઘણા છે ભેદ, તરતમથી, વિચારો, યત્નના મનમાં,
ખરા તે સાધ્યના લક્ષ્યે, રુચે ઉદ્યમ, મ્હને મનમાં. ૨૦
અનુભવ, ઉદ્યમે થાતો, સુજે સાધન રહ્યાં બાકી,
પ્રગટતી પૂર્ણ જિજ્ઞાસા, રુચે ઉદ્યમ, મ્હને મનમાં. ૨૧
જીવનની ઉચ્ચતા થાતી, કસોટીમાં કસાયાથી,
ભલું કરવા જગજ્જનનું, રુચે ઉદ્યમ, મ્હને મનમાં. ૨૨
કર્યો જે યત્ન આ ભવમાં, પ્રગટતો આવતા ભવમાં,
રહ્યું તે ભાવિભવમાંહિ, રુચે ઉદ્યમ, મ્હને મનમાં. ૨૩
યથાબુદ્ધિ અનુસારે, કરે છે ઉદ્યમો, જીવો,
યથોદ્યમ કાર્ય છે તેવું, રુચે ઉદ્યમ, મ્હને મનમાં. ૨૪
સકલની શાન્તિના માટે, પ્રભુની દેશના દેવા,
અમરપદ પામવા માટે, રુચે ઉદ્યમ, મ્હને મનમાં. ૨૫
અનન્તા કાલથી ભવમાં, ભમ્યો પણ પાર ના આવ્યો,
પ્રભુનો પાર લેવાને, રુચે ઉદ્યમ, મ્હને મનમાં. ૨૬
ઘણા છે ઉદ્યમો જૂદા, સકલનાં કાર્ય છે જૂદાં,
સકલમાં શ્રેષ્ઠ, ધર્મોદ્યમ, રુચે ઉદ્યમ, મ્હને મનમાં. ૨૭



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિચાર્યા, ઉદ્યમો સઘળા, કયો ઉદ્યમ ખરા સુખનો,
અનન્તાં સુખ લેવાનો, રુચે ઉદ્યમ, મ્હને મનમાં. ૨૮
વસ્યો ઉદ્યમ રગોરગમાં, શુક્લને ધર્મ બે ભેદે,
અનાદિ મોહ, હણવાને, રુચે ઉદ્યમ, મ્હને મનમાં. ૨૯
મળે છે હેતુઓ અન્યો, કરાતા યત્નની સાથે,
અપેક્ષાએજ ભાસેલો, રુચે ઉદ્યમ, મ્હને મનમાં. ૩૦
સકલ કાર્યોતણી સિદ્ધિ, જગત્‌માં ઉદ્યમે દીઠી,
સકલની ઉન્નતિ હેતુ, રુચે ઉદ્યમ, મ્હને મનમાં. ૩૧
જરા નહીં રાખવી ખામી, ધરી સાચી પ્રતિજ્ઞા એ,
" બુદ્ધ્યબ્ધિ " સુખની લીલા, રુચે ઉદ્યમ, મ્હને મનમાં. ૩૨
પોશ વદી ૨ સોમવાર–મુ. અગાશી. ૧૯૬૭. ॐ शान्तिः ३

---

# अमारी लक्ष्मी छे पासे.

કવ્વાલિ.

કઇ લક્ષ્મી ખરી ક્યાં છે? સદા આનન્દ કરનારી,
વિચાર્યું સૂત્ર અનુસારે, અમારી લક્ષ્મી છે પાસે. ૧
અનાદિકાળથી મોહે, ભૂલાયું બાહ્યમાં લક્ષ્મી,
ખરી લક્ષ્મી નથી જડમાં, અમારી લક્ષ્મી છે પાસે. ૨
અસંખ્યાતા હણાતા જીવ, ઉપાધિ, ચિત્તમાં મોટી,
કર્યું એ, બાહ્યધન માટે, અમારી લક્ષ્મી છે પાસે. ૩
કર્યાં કપટે પ્રપચ્ચો બહુ, જગત્‌ની લક્ષ્મી હરવાને,
મળી તો નહીં રહી સાથે, અમારી લક્ષ્મી છે પાસે. ૪
ભમાયું ભૂતની પેઠે, જરા સંતોષ નહીં ધાર્યો,
રહી નહીં સ્વપ્નની પેઠે, અમારી લક્ષ્મી છે પાસે. ૫
અનાદિકાલથી સંજ્ઞા, પરિગ્રહની પ્રગટતી બહુ,
કરી મ્હારી રહી નહીં તે, અમારી લક્ષ્મી છે પાસે. ૬
અહન્તા બાહ્યલક્ષ્મીથી, વધી મનમાં ભવોભવમાં,
થયો સન્તોષ નહિ ક્યારે, અમારી લક્ષ્મી છે પાસે. ૭
કરીને આજીજી જ્યાં ત્યાં, બતાવી દીનતા ભારે,
સદાનું સુખ દીઠું નહીં, અમારી લક્ષ્મી છે પાસે. ૮
કરોડો વૈતરાં કીધાં, વધારી આશની હોળી,
ક્ષણિક આનન્દ, ક્યાં સુધી? અમારી લક્ષ્મી છે પાસે. ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મળ્યું ધાર્યું રહ્યું નહિ કંઇ, ગયું તે જોતજોતામાં,
નિરાશા અન્તમાં દીઠી, અમારી લક્ષ્મી છે પાસે. ૧૦
કરી મમતા લહ્યાં દુઃખો, મળે ચિન્તા ગયે ચિન્તા,
યદિ નહિ હોય તો ચિન્તા, અમારી લક્ષ્મી છે પાસે. ૧૧
મળે તો વૃદ્ધિની ચિન્તા, ઉપરતું સુખ જોવાનું,
ગમે ત્યાં ભાસતું એવું, અમારી લક્ષ્મી છે પાસે. ૧૨
અરે વપરાય તો ચિન્તા, પ્રતિષ્ઠા બાહ્યલક્ષ્મી છે,
રહી નહીં જાળવી જગમાં, અમારી લક્ષ્મી છે પાસે. ૧૩
બધાઓનું પડાવીને, કરી ભેગી ઘણી ઘરમાં,
વધી જંજાળની ફાંસી, અમારી લક્ષ્મી છે પાસે. ૧૪
મળી સત્તાતણી લક્ષ્મી, મળી સરકારથી પદવી,
ઘણાઓની ગઈ સત્તા, અમારી લક્ષ્મી છે પાસે. ૧૫
રહ્યા પ્રોફેસરો નહિ કોઈ, ગયા રાજા ઘણા જગમાં,
પ્રભુતા બાહ્યની જૂઠી, અમારી લક્ષ્મી છે પાસે. ૧૬
ગુલામો બાહ્યલક્ષ્મીના, ઘણી વેઠો કરે લોભે,
જડોની ભીખ ભીખારી, અમારી લક્ષ્મી છે પાસે. ૧૭
અભિમાને ફુલે ભારી, ઉપાધિના બની કીડા,
ભટકતા, ભ્રાન્તની પેઠે, અમારી લક્ષ્મી છે પાસે. ૧૮
હૃદયમાં હાયની અગ્નિ, રઝળતા રોઝની પેઠે,
કરી નહીં શોધ શું સાચું? અમારી લક્ષ્મી છે પાસે. ૧૯
ગ્રહી છાંડી ભવોભવમાં, ખરેખર એંઠની પેઠે,
હવે શું રાચવું એમાં, અમારી લક્ષ્મી છે પાસે. ૨૦
કરૂં શું? આશ શેઠોની, હૃદયમાં દુઃખિયા ભારી,
ફરે છે સુખ લેવાને, અમારી લક્ષ્મી છે પાસે. ૨૧
સુજે સાચું ગુરુગમથી, ખરા અધ્યાત્મના જ્ઞાને,
ટળે મમતા મળે ઋદ્ધિ, અમારી લક્ષ્મી છે પાસે. ૨૨
ભવોભવ સાથ જે આવે, વધે આનન્દ જેનાથી,
ઉપાધિની ટળે ચિન્તા, અમારી લક્ષ્મી છે પાસે. ૨૩
ભલે માનો કે નહિ માનો, અનુભવથી કથાતું એ,
ટળે મૂર્ચ્છા હવે દિન દિન, અમારી લક્ષ્મી છે પાસે. ૨૪
સહજ આનન્દ છે લક્ષ્મી, સહજ જે જ્ઞાનની લક્ષ્મી,
સહજ દર્શન ખરી લક્ષ્મી, અમારી લક્ષ્મી છે પાસે. ૨૫
ક્ષયોપશમે જણાઇ તે, અનુભવમાં ખરી ભાસી,
પ્રભુતા આત્મમાં દીઠી, અમારી લક્ષ્મી છે પાસે. ૨૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી આશા અમીરોની, કરૂં શું? બાહ્યલક્ષ્મીને,
સ્વભાવે વસ્તુના જોતાં, અમારી લક્ષ્મી છે પાસે. ૨૭
સહજલક્ષ્મી ન જાવાની, ખિલે છે કર્મના નાશે,
ભટકવું ક્યાં હવે ફોગટ, અમારી લક્ષ્મી છે પાસે. ૨૮
ખરી લક્ષ્મી ખીલવવાને, કરીશું કોટિ ઉપાયો,
ખરી શ્રદ્ધા હૃદય પેઠી, અમારી લક્ષ્મી છે પાસે. ૨૯
નિહાળી બાહ્ય લક્ષ્મીને, નથી આનન્દ મન થાતો,
ભલે દેખાઓ તોપણ શું? અમારી લક્ષ્મી છે પાસે. ૩૦
પ્રગટતો પ્રેમ અળપાશે, હવે તો બાહ્ય લક્ષ્મીથી,
સહજમાં પ્રેમની વૃદ્ધિ, અમારી લક્ષ્મી છે પાસે. ૩૧
જિનેન્દ્રો એ જણાવે છે, કહ્યું નિશ્ચયથકી આ સહુ,
"બુદ્ધ્યબ્ધિ" લક્ષ્યમાં આવી, અમારી લક્ષ્મી છે પાસે. ૩૨

મુ. અગાશી. પોશ વદી ૩. સં. ૧૯૬૭. ॐ शान्तिः ३

---

# अमारा बन्धुओ जागो.

કવ્વાલિ.

અરે શ્રી વીરના ભક્તો, સનાતન જૈનબંધુઓ,
ઉઘાડી આંખ દેખો સહુ, અમારા બન્ધુઓ જાગો. ૧
વિચારો ધર્મનાં તત્ત્વો, ખરી શ્રદ્ધા ધરો મનમાં,
ત્યજો આળસ ધરી યત્નો, અમારા બન્ધુઓ જાગો. ૨
વિલાસોમાં પડ્યા ભારી, ગરીબાઈ ઘણી આવી,
ફસ્યા અજ્ઞાનના વશમાં, અમારા બન્ધુઓ જાગો. ૩
ઘણા જૈનો થયા દુઃખી, વ્યસનમાં દુઃખના ખાડા,
નથી આજીવિકાવૃત્તિ, અમારા બન્ધુઓ જાગો. ૪
નકામા ખર્ચની લુંટો, કરોડોની કરો છો શું?
અને કોનું ભલું કરવા, અમારા બન્ધુઓ જાગો. ૫
હજી છે હાથમાં બાજી, પછીથી મારશો ફાંફાં,
નથી ઉદ્યમ વિના સુખડાં, અમારા બન્ધુઓ જાગો. ૬
અરે કીર્તિતણા કકડે, ધરો છો શ્વાનવત્ આશા,
તજીને કલ્પના જૂઠી, અમારા બન્ધુઓ જાગો. ૭
વધ્યા આગળ ઘણા બીજા, હજી શું મીંચતા આંખો,
નથી આરો હવે એકે, અમારા બન્ધુઓ જાગો. ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુસંપી બીજ બાળી ધો, સુધારી ધો જીવન બાકી,
સદાની ઉન્નતિ કરવા, અમારા બન્ધુઓ જાગો. ૯
થવાયું જ્ઞાન પણ અંધા, કરી લ્યો જ્ઞાનમાં વૃદ્ધિ,
સુધારો જ્ઞાનથી જલ્દી, અમારા બન્ધુઓ જાગો. ૧૦
નકામી ક્લેશની હોળી, કરીને દુઃખ પામો છો,
ઘણું હાર્યા ઘણું ખોયું, અમારા બન્ધુઓ જાગો. ૧૧
જમાને ઓળખો જ્ઞાને, કદાગ્રહને તજો ખોટા,
હઠીલા નહિ થવું વ્હાલા, અમારા બન્ધુઓ જાગો. ૧૨
નથી નરદેહની કિમ્મત, અરે હારો નહિ પ્યારા,
પ્રમાદોને તજી જલ્દી, અમારા બન્ધુઓ જાગો. ૧૩
વધો ને જ્ઞાનમાં આગળ, વધો ને સત્યમાં આગળ,
નસીબે હાથ શું મૂકો, અમારા બન્ધુઓ જાગો. ૧૪
જિનેશ્વર ધર્મ ફેલાવો, કરો કોટિ પ્રયત્નોથી,
થતી ઉદ્યમથકી સિદ્ધિ, અમારા બન્ધુઓ જાગો. ૧૫
ભણ્યાવણ સત્ય નહિ સૂઝે, ધરાશે નહિ ઘણી હિમ્મત,
ભલામાં ભાગ લેવાને, અમારા બન્ધુઓ જાગો. ૧૬
પ્રજાઓ નીચ થઈ જાગ્રત, વધે છે સર્વમાં આગળ,
મળી બાજી સુધારી લ્યો, અમારા બન્ધુઓ જાગો. ૧૭
નજીવી બાબતો માટે, નકામો ક્લેશ નહિ કરવો,
સહનતા, શુભ વેળાએ, અમારા બન્ધુઓ જાગો. ૧૮
અરે મ્હારૂં અને ત્હારૂં, કરો શું ભેદના ભડકે,
નથી તકરારમાં શાન્તિ, અમારા બન્ધુઓ જાગો. ૧૯
અરે જે કોમના નેતા, વિલાસી સ્વાર્થમાં સળતા,
ઉદય તેનો નથી થાતો, અમારા બન્ધુઓ જાગો. ૨૦
અરે જે કોમના પૂજ્યો, સૂરિયો પાઠકો મુનિયો,
ચહે નહિ સમ્પ તો સુખ ક્યાં, અમારા બન્ધુઓ જાગો. ૨૧
પ્રભુતાઈ સકળ ઇચ્છે, ગુણાનુરાગ નહીં ધરતા,
રહે છે કોમ પાછળ તે, અમારા બન્ધુઓ જાગો. ૨૨
પરસ્પર દૂષણો દેતા, વહે છે આંખમાં અગ્નિ,
રહે છે કોમ પાછળ તે, અમારા બન્ધુઓ જાગો. ૨૩
જરા માટે ઘણો વાંધો, પરસ્પર ક્લેશ કરવાનો,
પડે છે કોમ તે નીચી, અમારા બન્ધુઓ જાગો. ૨૪
પડ્યાને પાડવી એવી, અરે જે કોમમાં દૃષ્ટિ,
ઉદય આશા નથી ત્યાં કંઈ, અમારા બન્ધુઓ જાગો. ૨૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચડેલાને વધાવી લે, ગુણાનુરાગ જ્યાં ભારી,
ઉદય તે કોમનો જલ્દી, અમારા બન્ધુઓ જાગો. ૨૬
મળ્યું તે કોમના માટે, નથી દીધા વિના ખાવું,
ઉદય તે ધર્મનો જલ્દી, અમારા બન્ધુઓ જાગો. ૨૭
મળી જે શક્તિયો જેને, સકળને ભાગ તે દેતો,
ઉદય તે વર્ગનો જલ્દી, અમારા બન્ધુઓ જાગો. ૨૮
અહન્તાની ટળી હોળી, સકળની ચક્ષુમાં પ્રીતિ,
ઉદય તે કોમનો સત્ત્વર, અમારા બન્ધુઓ જાગો. ૨૯
ગ્રહો સાચું તજો કાચું, ભૂંલાયું તે સુધારી લ્યો,
હવે તો ભૂલ નહિ કરશો, અમારા બન્ધુઓ જાગો. ૩૦
સકલ જ્યાં સમ્પીને ચાલે, વિપત્તિમાં રહે સાથી,
ઉદય તે કોમનો નક્કી, અમારા બન્ધુઓ જાગો. ૩૧
જીવનનો ભોગ આપીને, પ્રભુનો ધર્મ ઉદ્ધરશો,
પ્રભુ મહાવીર ઉપદેશે, અમારા બન્ધુઓ જાગો. ૩૨
ધરી ગંભીરતા મનમાં, પડો પાછળ નહિ જૈનો,
" બુદ્ધ્યબ્ધિ " મઙ્ગલો પાસે, અમારા બન્ધુઓ જાગો. ૩૩

મુ. ભાઈન્દર. પોશ વદી ૫ ગુરૂવાર. સં. ૧૯૬૭. ॐ शान्तिः ३

# म्हने निश्चय थयो एवो.

કવ્વાલિ.

સતત અભ્યાસના યોગે, બને છે કાર્યની સિદ્ધિ,
અનન્તુ આત્મનું બળ છે, મ્હને નિશ્ચય થયો એવો. ૧
થતું ન સિદ્ધ શું? જગમાં, અહો ઉદ્યમબળે સમજો,
વિચાર્યું સિદ્ધ થાવાનું, મ્હને નિશ્ચય થયો એવો. ૨
થશે કે નહિ થતી શંકા, અરે અજ્ઞાનના યોગે,
ઘણા કાળે બને છે કાર્ય, મ્હને નિશ્ચય થયો એવો. ૩
પડે વિઘ્નો, પ્રવૃત્તિમાં, તથાપિ કાર્ય નહિ છોડો,
અસંખ્યાતા ભવે સિદ્ધિ, મ્હને નિશ્ચય થયો એવો. ૪
જુઓ ને તાર, સંચાઓ, જુઓ ઘડિયાળનાં ચક્રો,
વિમાનો ઊડતાં દેખો, મ્હને નિશ્ચય થયો એવો. ૫
જુઓ હિપટોનિઝમ વિદ્યા, જુઓ ને મેસ્મેરિઝમ,
જુઓ ને મિલનાં યંત્રો, મ્હને નિશ્ચય થયો એવો. ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જુઓ જાપાનની ચડતી, જુઓ ઈંગ્લાંડની શોધો,
સકલ એ ઉદ્યમે થાતું, મ્હને નિશ્ચય થયો એવો. ૭
જુઓ ને ટોરપીડોને, જુઓ ને આગબોટોને,
સકલ એ શોધબુદ્ધિથી, મ્હને નિશ્ચય થયો એવો. ૮
જુઓ ને અગ્નિનાં યન્ત્રો, જુઓ ને વાયુનાં યન્ત્રો,
સકલ એ બુદ્ધિના યત્ને, મ્હને નિશ્ચય થયો એવો. ૯
વિવેકે જે વધે આગળ, ઉદય ત્હેનો થતો નક્કી,
જગત્માં એ જણાતું સહુ, મ્હને નિશ્ચય થયો એવો. ૧૦
જુઓ ને છાપખાનાંની, કળાઓ બુદ્ધિના બળથી,
સુજે છે કાર્ય આગળનું, મ્હને નિશ્ચય થયો એવો. ૧૧
સ્ફુરાવો બહુ વિચારોને, નવું જીવન વધારી લ્યો,
કળા એ ઉન્નતિક્રમની, મ્હને નિશ્ચય થયો એવો. ૧૨
વિચારો, ઉન્નતિ માટે, ભવિષ્યત્ કાર્ય છે નક્કી,
પ્રતિક્ષણ ઉચ્ચ થાવાનું, મ્હને નિશ્ચય થયો એવો. ૧૩
ખરેખર આત્મના જુસ્સે, કરાતું કાર્ય ઉલટથી,
વિજયનાં ચિહ્ન ત્યાં નક્કી, મ્હને નિશ્ચય થયો એવો. ૧૪
પ્રતિક્ષણ કાર્ય થાવાનું, રુજુસૂત્રે વિચારી લ્યો,
વિચારો, કાર્યમાં જોડો, મ્હને નિશ્ચય થયો એવો. ૧૫
શુભાશુભ આત્મના બળથી, ખરૂં ખોટું સકલ બનતું,
વધે છે આત્મબળ નક્કી, મ્હને નિશ્ચય થયો એવો. ૧૬
ઘણા જે પાપ ચણ્ડાલો, થયા સિદ્ધો ખરા યત્ને,
ખસે છે કર્મના પડદા, મ્હને નિશ્ચય થયો એવો. ૧૭
પ્રતિક્ષણ જ્ઞાનયોગિયો, અમર થાવા ક્રિયા કરતા,
પરિપૂર્ણજ થતા અન્તે, મ્હને નિશ્ચય થયો એવો. ૧૮
પ્રતિક્ષણ ઉચ્ચતા કરતા, ખરેખર આત્મની સન્તો,
સદુદ્યમયોગથી સુખડાં, મ્હને નિશ્ચય થયો એવો. ૧૯
ગમે તેવા મહા પાપી, સદુદ્યમથી ઘણું સુધરે,
ગુણોથી ઉન્નતિ, સહુની, મ્હને નિશ્ચય થયો એવો. ૨૦
ભૂલ્યા ત્યાંથી ફરી ગણવું, પ્રતિક્ષણ વસ્તુ બદલાતી,
પ્રભુપણ ઉદ્યમે થાવું, મ્હને નિશ્ચય થયો એવો. ૨૧
થયા સિદ્ધો અનન્તા જે, ખરેખર આત્મના યત્ને,
પ્રગટતી લબ્ધિયો મોટી, મ્હને નિશ્ચય થયો એવો. ૨૨
ચમત્કારો ઘણા જગમાં, ખરેખર યત્નનું ફળ છે,
કરો યત્નો બનો તેવા, મ્હને નિશ્ચય થયો એવો. ૨૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી મરવું સદુદ્યમથી, નથી રોગી સદુદ્યમથી,
ખરા ઉદ્યમથકી શાન્તિ, મ્હને નિશ્ચય થયો એવો. ૨૪
ટળે છે દુઃખના વેગો, ખરેખર ધ્યાનના યત્ને,
વધે છે જ્ઞાનની જ્યોતિ, મ્હને નિશ્ચય થયો એવો. ૨૫
જણાયું નહિ જણાતું તે, રહસ્યો ગૂઢ સમજાતાં,
જણાતા ગુપ્ત સિદ્ધાન્તો, મ્હને નિશ્ચય થયો એવો. ૨૬
ગ્રહાતી હાથમાં બાજી, જીવન ભાવી કરો ઉંચું,
અમર આશા ફલે યત્ને, મ્હને નિશ્ચય થયો એવો. ૨૭
ઉદયનાં દ્વાર નિજહસ્તે, અમારે ખોલવાં નક્કી,
જરા બેસી નથી રહેવું, મ્હને નિશ્ચય થયો એવો. ૨૮
કરૂં પરમાત્મતા લેવા, સકલ ઉદ્યમ ઘણા પ્રેમે,
વિજયનાં વાદ્ય વાગે સહુ, મ્હને નિશ્ચય થયો એવો. ૨૯
ખિલવવી જ્ઞાનની જ્યોતિ, અમારી એ પ્રતિજ્ઞા છે,
વધીશું પ્રેમ ઉત્સાહે, મ્હને નિશ્ચય થયો એવો. ૩૦
સકલ દોષોતણાં બીજો, દહીશું સદ્ગુણો લહીશું,
પ્રતિક્ષણ સદ્ગુણો વધતા, મ્હને નિશ્ચય થયો એવો. ૩૧
સદાનું સુખ જેમાં છે, અમારા સાધ્યમાં તે છે,
"બુદ્ધ્યબ્ધિ" મઙ્ગલો પ્રગટે, મ્હને નિશ્ચય થયો એવો. ૩૨

સં. ૧૯૬૭. પોશ વદી ૬ શુક્ર. મુ. ભાઈંદર. ॐ शान्तिः.

---

# अमारा बन्धुओ समजो.

કવ્વાલિ.

અરે મેમાન દુનિયાના, કરી લ્યો ધર્મકાર્યોને,
ખરૂં તે પારખી લ્યો ઝટ, અમારા બન્ધુઓ સમજો. ૧
કરો નહિ બાળલગ્નોને, રીવાજો દુષ્ટ છોડી દો,
નકામાં ખર્ચ નહિ કરવાં, અમારા બન્ધુઓ સમજો. ૨
તજો સ્વચ્છંદતા ખોટી, ફુલો નહિ લક્ષ્મીના બળથી,
છકો નહિ કૂળના યોગે, અમારા બન્ધુઓ સમજો. ૩
હસો નહિ દુઃખીને દેખી, ગરીબોની દયા કરશો,
વ્યસનમાં લક્ષ્મી નહિ ખર્ચો, અમારા બન્ધુઓ સમજો. ૪
તજો ઉદ્ધતપણું સત્વર, તજો આળસતણી ટેવો,
વખતને કિમ્મતી લેખી, અમારા બન્ધુઓ સમજો. ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગયો અવસર નહીં આવે, નકામી વાત છોડી દો,
ઉપાયો શાન્તિના શોધો, અમારા બન્ધુઓ સમજો ૬
રહો નહિ કામના[1] પરવશ, લઘુતા ચિત્ત ધારી લ્યો,
અભિનવજ્ઞાન મેળવવું, અમારા બન્ધુઓ સમજો. ૭
અરે ખોટી હઠીલાઇ, તજો સત્વર લહો સુખડાં,
ધરો ગંભીરતા મનમાં, અમારા બન્ધુઓ સમજો. ૮
કરો નહિ ઘાત જીવોની, પચાવી પાડશો નહીં ધન,
કરોને દાન લક્ષ્મીનું, અમારા બન્ધુઓ સમજો. ૯
સમાવા ભૂખના ભડકા, યથાશક્તિ કરો દાનજ,
જીવોની હાય નહિ લેશો, અમારા બન્ધુઓ સમજો. ૧૦
રીબાતા લોકને દેખી, દયાદષ્ટિ ધરી મનમાં,
ભલું કરશો ભલું લેશો, અમારા બન્ધુઓ સમજો. ૧૧
ભલું વાવો ભલું લણશો, ભલા બદલે ભલું મળશે,
ખરા ઉપકારથી મોટા, અમારા બન્ધુઓ સમજો. ૧૨
મળ્યો છે લ્હાવ લેવાને, ખરેખર દેહ માનવનો,
સુધારી લ્યો ખરી વેળા, અમારા બન્ધુઓ સમજો. ૧૩
હુસાહુસને ધમાધમમાં, પશુવૃત્તિ સમા ચાળા,
નથી આનન્દ ત્યાં સાચો, અમારા બન્ધુઓ સમજો. ૧૪
ખરાં તત્ત્વો સમજવાને, કરો ઝટ યોગ્યતા સાચી,
રહો નહિ જંગલી જેવા, અમારા બન્ધુઓ સમજો. ૧૫
મગજમાંહિ વિચારીને, વદો વાણી ભલામાટે,
બુરામાટે વદો નહિ શબ્દ, અમારા બન્ધુઓ સમજો. ૧૬
પરીક્ષામાં ખરૂં સૂજે, સ્વીકારો તેહને ઝટપટ,
દયાસાગર બનો જગમાં, અમારા બન્ધુઓ સમજો. ૧૭
ત્હને સુખડાં મ્હને સુખડાં, પડ્યાં દુઃખો નથી ગમતાં,
ચહે સુખો જગત્ સઘળું, અમારા બન્ધુઓ સમજો. ૧૮
જગત્‌ને દુઃખ દેઇને, કરો જો યત્ન સુખ લેવા,
નથી નિર્દોષ સુખ એતો, અમારા બન્ધુઓ સમજો. ૧૯
જીવોના પ્રાણ ચૂસીને, ચહો જો સુખની આશા,
ભળ્યું ત્યાં દૂધમાં ઝેરજ, અમારા બન્ધુઓ સમજો. ૨૦
હરી સર્વસ્વ જીવોનું, ચહો જો ઉચ્ચ પદવીઓ,
ટકે નહિ મૂળવણ વૃક્ષો, અમારા બન્ધુઓ સમજો. ૨૧

---

૧ વિષયવાન્છા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કદાપિ જન્મ આમાંહિ, ઉદય આવે નહીં પાપો,
ભવાંતરમાં લહો દુઃખો, અમારા બન્ધુઓ સમજો. ૨૨
સકલનો સાર ખેંચીને, ચહો જો ઉન્નતિ નિજની,
લવણુજલથી યથા તૃપ્તિ, અમારા બન્ધુઓ સમજો. ૨૩
કદાપિ વિષ નહીં મીઠું, ભલે ખાઓ બની ડાહ્યા,
અહો અન્યાય ધન એવું, અમારા બન્ધુઓ સમજો. ૨૪
કરો જે એકઠું ઘરમાં, તમારા કૂળને માટે,
સકલનો ભાગ છે ત્હેમાં, અમારા બન્ધુઓ સમજો. ૨૫
તમારી શક્તિયો માટે, જગત્‌ની સહાય લીધી છે,
કર્યું દેવું ચુકાવી ઘો, અમારા બન્ધુઓ સમજો. ૨૬
વપુ ખોખું રહ્યા ત્હેમાં, જીવનયાત્રા સુધારી લ્યો,
કરોને સત્ય યાત્રાઓ, અમારા બન્ધુઓ સમજો. ૨૭
રસાયન ધર્મનું કરશો, પિવોને સામ્યતા અમૃત,
તજો ચિન્તા ચિતા જેવી, અમારા બન્ધુઓ સમજો. ૨૮
ધરો સર્વત્ર ગુણ દૃષ્ટિ, તજો અવગુણની દૃષ્ટિ,
ધરો વૃત્તિ બનો તેવા, અમારા બન્ધુઓ સમજો. ૨૯
ગ્રહી લ્યો ગુપ્ત સિદ્ધાન્તો, અમર થાવા કરો શોધો,
અનન્તિ આત્મશક્તિયો, અમારા બન્ધુઓ સમજો. ૩૦
તમારી પાસ છે સઘળું, ઉઘાડી આંખ જુઓને,
નિરાશાનું નથી સ્વપ્નું, અમારા બન્ધુઓ સમજો. ૩૧
પકડશો ઉન્નતિ ક્રમને, ધરી ઉત્સાહનું જીવન,
"બુદ્ધયબ્ધિ" ધર્મ પોતાનો, અમારા બન્ધુઓ સમજો. ૩૨

ૐ શાન્તિઃ ૩ ભાઈંદર પોશ વદી ૭ શનિ.

---

# अमारा शिष्य ते नक्की.

કવ્વાલિ.

થયા થાતા હૃદયમાંહિ, ગમેતેવા વિચારો સહુ,
નિવેદે ભેદ નહીં રાખે, અમારા શિષ્ય તે નક્કી. ૧
અમારા સુવિચારોની, કરે શ્રદ્ધા હૃદયમાંહિ,
હૃદયનો પ્રેમ વધતો જ્યાં, અમારા શિષ્ય તે નક્કી. ૨
વિચારે ભિન્નતા નાવે, અહંવૃત્તિ નથી મનમાં,
વધારે યોગ્યતા નિશદિન, અમારા શિષ્ય તે નક્કી. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જુદાઇ જ્યાં નથી સ્વાર્થે, કરે શિષ્યો નહીં જુદા,
વિનયવૃત્તિ ઘણી મનમાં, અમારા શિષ્ય તે નક્કી. ૪
અમારા દીલથી જુદું, ગમે તે કાર્ય નહિ કરતા,
હૃદય પરખી ચલે જગમાં, અમારા શિષ્ય તે નક્કી. ૫
પડે જો દુઃખના દરિયા, તથાપિ આણુ નહિ છંડે,
કરે નહિ દ્રોહ સ્વપ્નામાં, અમારા શિષ્ય તે નક્કી. ૬
જગત્ કુટુમ્બ માનીને, જગત્ ઉદ્ધાર કરવાને,
ઉપાયો ધર્મના કરતા, અમારા શિષ્ય તે નક્કી. ૭
વિનય મૂકે ન પ્રાણાન્તે, વિવેકે સર્વ આદરતા,
ખરુ મ્હારું હૃદય માન્યું, અમારા શિષ્ય તે નક્કી. ૮
ગુરુ, ઇશ્વર સમા માની, કરે ભક્તિ ખરા દીલથી,
કરે નિષ્કામથી સઘળું, અમારા શિષ્ય તે નક્કી. ૯
કહ્યા ઉપદેશ સિદ્ધાન્તો, વિચારી ચિત્તમાં ધરતા,
તજે ઉદ્ધતપણું સઘળું, અમારા શિષ્ય તે નક્કી. ૧૦
હૃદયમાંહિ ધરી સમતા, અનુભવ ધ્યાનનો કરતા,
અખણ્ડાનન્દને સાધે, અમારા શિષ્ય તે નક્કી. ૧૧
કરે અભ્યાસ શાસ્ત્રોનો, ગુરૂ ગમની વહે ખૂબી,
તજે વિકથા વિકલ્પોને, અમારા શિષ્ય તે નક્કી. ૧૨
સરલતા ચિત્તમાં ધારે, રીસાતા નહિ ક્ષમા છંડી,
ભૂલે ત્યાંથી ફરી ગણુતા, અમારા શિષ્ય તે નક્કી. ૧૩
ખીલવવા સત્યલબ્ધિયો, રમણુતા શોધમાં નિશદિન,
યથાશક્તિ ભલું કરતા, અમારા શિષ્ય તે નક્કી. ૧૪
ધરે વ્યવહારને નિશ્ચય, ક્રિયાયોગી સ્વપરમાટે,
ધરે અધ્યાત્મમાં નિષ્ઠા, અમારા શિષ્ય તે નક્કી. ૧૫
કરે ઉપકારનાં કાર્યો, નથી કીર્તિતણી ઇચ્છા,
સહે ઉપસર્ગ જે આવ્યા, અમારા શિષ્ય તે નક્કી. ૧૬
દયા ગંગા, હૃદય ધારે, હૃદયમાં શાન્તિનો ચન્દ્રજ,
સુધાવાણી વહે નિત્યજ, અમારા શિષ્ય તે નક્કી. ૧૭
કરે અપકારપર ઉપકાર, સમય જાણી કરે કાર્યો,
નથી પાખણ્ડની વૃત્તિ, અમારા શિષ્ય તે નક્કી. ૧૮
કરે નહિ લોભની વૃત્તિ, ધરે જે આત્મની શ્રદ્ધા,
પ્રમાદોથી રહે દૂરે, અમારા શિષ્ય તે નક્કી. ૧૯
ઉદાસી દૂર પરિહરતા, ઉદય આવ્યાં સહે કર્મો,
પ્રતિક્ષણ ઉચ્ચતા મનની, અમારા શિષ્ય તે નક્કી. ૨૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે નહિ અન્યનું ભૂંડું, ધરે સજ્જનતણી વૃત્તિ,
કરે હઠવાદ નહિ ક્યારે, અમારા શિષ્ય તે નક્કી. ૨૧
યદિ ભાનું દિશા બદલે, મૂકે મર્યાદ જો ઉદધિ,
તથાપિ આણ નહિ ખણ્ડે, અમારા શિષ્ય તે નક્કી. ૨૨
તપાવ્યું રૂપ બદલે નહીં, વધે છે ઉલટી કાન્તિ,
યથા સોનું તથા જે છે, અમારા શિષ્ય તે નક્કી. ૨૩
અપેક્ષાએ સકલ સમજે, રહે સંસારથી ન્યારા,
ચઢે જે ઉન્નતિ ક્રમમાં, અમારા શિષ્ય તે નક્કી. ૨૪
પડે જો પ્રાણ તોપણ શું? કદી નહિ ધર્મને છંડે,
ભમાવ્યાથી ફરે નહિ જે, અમારા શિષ્ય તે નક્કી. ૨૫
ઉપરથી સ્વાર્થના યોગે, બને જે શિષ્ય નહીં સાચા,
ખરા પરમાર્થના રાગી, અમારા શિષ્ય તે નક્કી. ૨૬
ભમે નહિ ભ્રાન્તની પેઠે, યથા રહેણી તથા કહેણી,
કરે ધાર્યું વિચારીને, અમારા શિષ્ય તે નક્કી. ૨૭
ધરે મૈત્રી સકલ સાથે, ગુણાનુરાગ સર્વત્રજ,
ધરે માધ્યસ્થતા મનમાં, અમારા શિષ્ય તે નક્કી. ૨૮
જીવનનો ભોગ આપીને, કરે છે ધર્મની ચડતી.
ફસે નહિ મોહના પાસે, અમારા શિષ્ય તે નક્કી. ૨૯
યથાશક્તિ ધરે સદ્ગુણ, તજે ભોગોતણી ઇચ્છા,
ચલે સિદ્ધાન્ત અનુસારે, અમારા શિષ્ય તે નક્કી. ૩૦
પ્રશસ્ય પ્રેમની મૂર્તિ, રહસ્યો સૂત્રનાં સમજે,
ભજે સંવર તજે આશ્રવ, અમારા શિષ્ય તે નક્કી. ૩૧
જિગરથી ચાકરી કરતો, પ્રભુશ્રદ્ધા વહે મનમાં,
"બુદ્ધ્યબ્ધિ" બહુ ચિરંજીવો, અમારા શિષ્ય તે નક્કી. ૩૨

ભાઈદિર. પોશ વદી ૮ રવિવાર.

---

# अमारा जैन बन्धुओ.

કવ્વાલિ.

જિનેશ્વર ધર્મ ધરનારા, સગાઈ સત્ય કરનારા,
નથી ન્યારા ઘણા પ્યારા, અમારા જૈન બન્ધુઓ. ૧
તમારી ઉન્નતિ કરવા, કરી યાહોમ ઝુકાયોછું,
અનો વિસ્તાર, આશયના, અમારા જૈન બન્ધુઓ. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમારું તે તમારું છે, તમારું તે અમારું છે,
નથી ત્યાં ભેદ હું તું નો, અમારા જૈન બન્ધુઓ. ૩
સ્વધર્મી સ્નેહચક્ષુમાં, છુપે નહિ તે છુપાવ્યાથી,
ખડાં રોમાઞ્ચ દીઠાથી, અમારા જૈન બન્ધુઓ. ૪
તમારા સહુ ભલા માટે, અમારાથી યથાશક્તિ,
ખરી સેવા બજાવીશું, અમારા જૈન બન્ધુઓ. ૫
બતાવી ધર્મ સિદ્ધાન્તો, તમારી દૃષ્ટિ ખિલવશું,
વધારો આપણો ધર્મજ, અમારા જૈન બન્ધુઓ. ૬
સ્ફુરાવી લ્યો ખરો જુસ્સો, તજો ને ભેદના ભડકા,
સકલ જૈનો ગણો મ્હારા, અમારા જૈન બન્ધુઓ. ૭
લઇને તત્ત્વ કેળવણી, વધારો સમ્પનાં વૃક્ષો,
ફળો આનન્દનાં મળશે, અમારા જૈન બન્ધુઓ. ૮
પરસ્પર સહાય દેવાનો, તમારો ધર્મ નહિ ભૂલો,
પરસ્પર સંપીને રહેવું, અમારા જૈન બન્ધુઓ. ૯
જુઓને સમ્પ અન્યોનો, પરસ્પર ઐકયતા કેવી,
વધો તેથી સકળ પ્રેમે, અમારા જૈન બન્ધુઓ. ૧૦
કરોને યોગ્યતા સારી, પ્રભુના સદ્ગુણો લેવા,
પરસ્પર આપવું સારું, અમારા જૈન બન્ધુઓ. ૧૧
કદી તાકો નહિ બુરું, પરસ્પરનું ધરી ઈર્ષ્યા,
ભલું ઇચ્છો ભલું લેશો, અમારા જૈન બન્ધુઓ. ૧૨
ખૂલ્યાવણ જ્ઞાનની દૃષ્ટિ, નથી દુર્જનપણું ટળતું,
ટળેછે જ્ઞાનથી પાપો, અમારા જૈન બન્ધુઓ. ૧૩
મળી જે જ્ઞાન ધનશક્તિ, મળી સત્તાતણી શક્તિ,
કરો ઉપયોગ સારામાં, અમારા જૈન બન્ધુઓ. ૧૪
બનાવો અન્યને જૈનો, ભણાવી બોધ આપીને,
ગમેતે થઇ શકે જૈનો, અમારા જૈન બન્ધુઓ. ૧૫
ગમેતે ધર્મને પાળે, નથી ત્યાં જ્ઞાતિનો ઝઘડો,
ગુણોથી જૈન થાતા સહુ, અમારા જૈન બન્ધુઓ. ૧૬
કરોડો પૂર્વમાં જૈનો, અધુના થઈ ગયા થોડા,
બન્યું અજ્ઞાન આદિથી, અમારા જૈન બન્ધુઓ. ૧૭
ગમે તે વર્ણના જૈનો, પ્રભુ મહાવીરના ભાખ્યા,
જુઓ સિદ્ધાન્તમાં નામો, અમારા જૈન બન્ધુઓ. ૧૮
નવું જીવન સ્ફુરાવી લ્યો, ગતિ આપો જીવન બળને,
કરોને ધર્મનો ઉદ્ધાર, અમારા જૈન બન્ધુઓ. ૧૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પડેછે ભેદ અજ્ઞાને, ખરા જ્ઞાને પડે નહિ ભેદ,
અપેક્ષા જૈન શાસનમાં, અમારા જૈન બન્ધુઓ. ૨૦
નયોની બહુ અપેક્ષાઓ, વિચારો તો નથી ઝઘડો,
સમજશો તો સુખી થાશો, અમારા જૈન બન્ધુઓ. ૨૧
મુનિ પાઠક સૂરિવર્યો, હતા પૂર્વે નથી તે હાલ,
બનાવો પૂર્વના જેવા, અમારા જૈન બન્ધુઓ. ૨૨
પ્રભુ મહાવીરની વાણી, જગતમાં ખૂબ ફેલાવો,
સમાવો ગચ્છના ક્લેશો, અમારા જૈન બન્ધુઓ. ૨૩
લખ્યું જે કર્મમાં થાશે, વિચારી યત્ન નહિ મૂકો,
કરો ઉદ્યમ થશે ભાવી, અમારા જૈન બન્ધુઓ. ૨૪
સકલનું બળ કરી ભેગું, કરોને ધર્મની ચડતી,
જુઓ જાપાનનું દૃષ્ટાન્ત, અમારા જૈન બન્ધુઓ. ૨૫
હજારો વિઘ્ન વેઠીને, વધો આગળ વિજય ભાવી,
મળ્યું તે સર્વનું માનો, અમારા જૈન બન્ધુઓ. ૨૬
તજીધો ક્ષુદ્ર કંકાસો, બનો ગંભીર મનવાળા,
પરસ્પર માન જાળવવું, અમારા જૈન બન્ધુઓ. ૨૭
મુનિયોની કરો વૃદ્ધિ, બનાવો ઉચ્ચ શ્રમણીઓ,
ગુરૂકૂળો બનાવે બેશ, અમારા જૈન બન્ધુઓ. ૨૮
ગ્રહી હ્યો ધર્મ કેળવણી, બનો બહાદૂર થઈ શૂરા,
કર્યા વણ કાંઇ નથી થાતું, અમારા જૈન બન્ધુઓ. ૨૯
અમારા દીલની સ્ફુરણા, તમારીપાસ મૂકી સહુ,
ઉઘાડો આંખ જોઈ હ્યો, અમારા જૈન બન્ધુઓ. ૩૦
અમારા શુભ સંકલ્પો, તમારા દીલમાં પ્રસરો,
સમાવો તાપ-સંતાપો, અમારા જૈન બન્ધુઓ. ૩૧
બજાવું કાર્ય પોતાનું, અમારી શહેનશાહી એ,
"બુદ્ધયબ્ધિ" ધર્મને સાધો, અમારા જૈન બન્ધુઓ. ૩૨

ભાઈન્દર. પોશ વદી ૯ સોમવાર.

# समागम सन्तनो थाशो.

કવ્વાલિ.

જગચ્ચિન્તામણિ સન્તો, જગતની કામધેનુઓ,
જગત્નાં કલ્પવૃક્ષો એ, સમાગમ સન્તનો થાશો. ૧
સુજે નહિ સન્તવણ સાચું, સમાવે તાપ મનના સહુ,
કલિકાળે મહાદુર્લભ, સમાગમ સન્તનો થાશો. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થવાનું ઉચ્ચ સન્તોથી, અહો ત્યાં ભાગ સન્તોનો,
હૃદયતલ્પે સ્મરણયોગે, સમાગમ સન્તનો થાશો. ૩
અમારી જીંદગાનીમાં, અનુભવ એજ આવ્યો છે,
ટળે નહિ સન્તવણુ અજ્ઞાન, સમાગમ સન્તનો થાશો. ૪
જગત્‌માંહિ થતું નહિ શું? સમાગમ સન્તનો મળતાં,
પલકમાં ચિત્તનિર્મલતા, સમાગમ સન્તનો થાશો. ૫
પ્રભુને પામવાનું દ્વાર, ખરી એ મુક્તિ નિઃસરણી,
જણાવે સત્ય પોતાનું, સમાગમ સન્તનો થાશો. ૬
જગત્‌ના ચન્દ્ર ને ભાનુ, જગત્‌ના પહાડ ને નદીઓ,
જગત્‌ના જલધિયો સન્તો, સમાગમ સન્તનો થાશો. ૭
ખરેખર મુક્તિનું બાનું, હૃદયના ડાકટરો સન્તો.
હૃદય ધોવા બન્યા ધોબી, સમાગમ સન્તનો થાશો. ૮
હૃદયચક્ષુ ખોલવનારા, દયાસિન્ધુ ઘણા સજ્જન,
બુજવતા દ્વેષની હોળી, સમાગમ સન્તનો થાશો. ૯
વિપત્તિનાં ચઢયાં વાદળ, હઠાવે વાયુવત્ જલ્દી,
બતાવે ગુપ્ત તત્ત્વોને, સમાગમ સન્તનો થાશો. ૧૦
ચઢયામાં સહાયતા દીધી, હજીપણ સહાય લેવાની,
કરે નિષ્કામથી કરણી, સમાગમ સન્તનો થાશો. ૧૧
ઉદ્દાસીને હઠાવેછે, તજાવે દોષના ઢગલા,
ઘડીમાં ફેરવી નાખે, સમાગમ સન્તનો થાશો. ૧૨
અમારી આંખને પાંખો, અમારા હાથ ને ચરણો,
અમારાં સન્ત છે ચશ્માં, સમાગમ સન્તનો થાશો. ૧૩
હૃદયનું દેઈ દે સઘળું, અમારી યોગ્યતા દેખી,
અમારું તીર્થ ગણવાનું, સમાગમ સન્તનો થાશો. ૧૪
મળેછે વાતમાં આનન્દ, મળેછે દેખતાં આનન્દ,
સુજેછે સત્ય રસ્તાઓ, સમાગમ સન્તનો થાશો. ૧૫
સુજાડે યુક્તિયો સવળી, હૃદયશઙ્કા ટળેછે સહુ,
મળેછે ચિત્તના મેળા, સમાગમ સન્તનો થાશો. ૧૬
વળાતો નહીં પ્રતિબદલો, જગત્‌માં કોઈ વસ્તુથી,
મળ્યું તે સન્તનું દાનજ, સમાગમ સન્તનો થાશો. ૧૭
બનાવે દુષ્ટને સજ્જન, ઘડે છે ચિત્તમાં ઘાટો,
ચડાવે ઉન્નતિ ક્રમમાં, સમાગમ સન્તનો થાશો. ૧૮
ઉદય આવે બુરાં કર્મો, રહે આધાર નહિ કોઈ,
ગમે તેવી દશા થાતાં, સમાગમ સન્તનો થાશો. ૧૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બુરું કરવા પ્રતિપક્ષી, કળાને કેળવે ભારી,
ગમે તે દુઃખ વેળામાં, સમાગમ સન્તનો થાશે. ૨૦
જગત્ સઘળું કરે વાહ! વાહ! ઉદય શાતાતણો ભારી,
જિગરથી તે સમે યાચું, સમાગમ સન્તનો થાશે. ૨૧
ચડું ઉપર ઘણો ઉંચે, ચડાવું ભવ્યજીવોને,
થવાનો ઉચ્ચ તેથી પણ, સમાગમ સન્તનો થાશે. ૨૨
ત્યજાવે કર્મની બેડી, કરે જે મુક્તિના સન્મુખ,
બતાવે સદ્ગુણો સર્વે, સમાગમ સન્તનો થાશે. ૨૩
અમારે સન્તની યાત્રા, અમારે સન્તની છાયા,
દઈ દે રંગ પોતાનો, સમાગમ સન્તનો થાશે. ૨૪
નથી જ્યાં સ્વાર્થની આશા, પ્રતિફળની[1] નથી ઇચ્છા,
ખરુ વિશ્વાસનું સ્થાનક, સમાગમ સન્તનો થાશે. ૨૫
ખરા પ્રોફેસરો સન્તો, હૃદયમાં શહેનશાહી છે,
સુધારે દુર્જનોને પણ, સમાગમ સન્તનો થાશે. ૨૬
જગત્નાં ઝાડ ઔષધિયો, સનાતન સુખના માટે,
નવું અર્પે જીવન નક્કી, સમાગમ સન્તનો થાશે. ૨૭
હૃદયનો વાયરો ઠંડો, હૃદય જેનું ઘણું ગંભીર,
પમાતો પાર નહિ ક્યારે, સમાગમ સન્તનો થાશે. ૨૮
પરીક્ષાની નથી પરવા, વિનયવણ દીલ નહિ ખોલે,
પરીક્ષા જે કરે પળમાં, સમાગમ સન્તનો થાશે. ૨૯
અમારા ચિત્તની વાડી, અમારા ચિત્તની ગાડી,
અમારા ચિત્તની બાજી, સમાગમ સન્તનો થાશે. ૩૦
અમારા ચિત્તની ગમ્મત, અમારા દીલનું મિષ્ટાન્ન,
અમારા દીલના બન્ધુ, સમાગમ સન્તનો થાશે. ૩૧
હૃદય ઠંડું કરે બોધે, અમારા દીલના મેઘો,
અમારું દીલ એ માગે, સમાગમ સન્તનો થાશે. ૩૨
ઘડીમાં ધર્મ પરખાવે, જણાવે સત્ય સિદ્ધાન્તો,
"બુદ્ધ્યબ્ધિ" બહુ ચિરંજીવો, સમાગમ સન્તનો થાશે. ૩૩

પોશ વદી ૯.

---

૧ બદલાવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# मळो नहि सङ्ग दुर्जननो.

કવ્વાલિ.

વિપત્તિ બારણું જગમાં, વિચારો દુષ્ટ જેના છે.
બુરૂ કરવા વહે વૃત્તિ, મળો નહિ સઙ્ગ દુર્જનનો. ૧
લડાવે ને લડે પોતે, બની ઇર્ષ્યાતણી મૂર્તિ,
હૃદય ઝેરી સુધાવાણી, મળો નહિ સઙ્ગ દુર્જનનો. ૨
નિહાળી અન્યનું સારૂં, હૃદયમાંહિ બળે ભારે,
ભલામાં વિઘ્ન નાખે છે, મળો નહિ સઙ્ગ દુર્જનનો. ૩
પ્રપઞ્ચોનું બની મન્દિર, ફસાવે ફન્દમાં પાપે,
ડરે નહિ દુઃખના ભયથી, મળો નહિ સઙ્ગ દુર્જનનો. ૪
કુટિલતા અંગચેષ્ટામાં, કુટિલતા વાણીમાં જુદી,
કુટિલતા ચિત્તમાં ભારી, મળો નહિ સઙ્ગ દુર્જનનો. ૫
ધરીને કાકની વૃત્તિ, જગતના દોષને દેખે,
બકેછે સર્વની આગળ, મળો નહિ સઙ્ગ દુર્જનનો. ૬
બને વિશ્વાસનો ઘાતી, કરે ઉપકારપર ભૂંડું,
બુરૂં દેખી ખુશી થાવે, મળો નહિ સંગ દુર્જનનો. ૭
રહેછે સ્વાર્થમાં રાચી, ગળાં વિશ્વાસુનાં કાપે,
ખરી વેળા ખસી જાવે, મળો નહિ સંગ દુર્જનનો. ૮
બની પોતાતણો કપટે, હૃદયની વાત સહુ જાણે,
પછે ઉન્ધુ કરે જલ્દી, મળો નહિ સઙ્ગ દુર્જનનો. ૯
ઉપરથી વ્હાલ દેખાડે, ઠસાવે વાત પોતાની,
વખત આવે વિનાશે સહુ, મળો નહિ સઙ્ગ દુર્જનનો. ૧૦
બને જો મિત્રપણ ભૂંડો, બને જો સાથી પણ ભૂંડો,
બને જો સાધુપણ ભૂંડો, મળો નહિ સઙ્ગ દુર્જનનો. ૧૧
બને જો ભક્તપણ ભૂંડો, બને જો શિષ્ય પણ ભૂંડો,
બને જો ઉચ્ચપણ ભૂંડો, મળો નહિ સઙ્ગ દુર્જનનો. ૧૨
કરે જો પ્યારપણ ભીતિ, કરે જો વાતપણ ભીતિ,
રચેછે દાવપેચો બહુ, મળો નહિ સઙ્ગ દુર્જનનો. ૧૩
કરે શું તે કળાતું નહીં, હસે શું ? તે કળાતું નહીં,
રુવે શું ? તે કળાતું નહીં, મળો નહિ સઙ્ગ દુર્જનનો. ૧૪
જુએ શું ? તે કળાતું નહીં, સુણે શું ? તે કળાતું નહીં,
ભણે શું ? તે કળાતું નહીં, મળો નહિ સઙ્ગ દુર્જનનો. ૧૫
વદી બોલો ફરી જાવે, બને છે શત્રુનો બન્ધુ,
ઉતારે દુઃખખાડામાં, મળો નહિ સઙ્ગ દુર્જનનો. ૧૬



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગણે ઉપકાર નહિ ક્યારે, વળગતો ભૂતની પેઠે,
નથી પ્રીતિ નથી ભીતિ, મળો નહિ સઙ્ગ દુર્જનનો. ૧૭
અરે જ્યાં જાય ત્યાં ખટપટ, ગમે નહિ ક્લેશવણ બીજું,
જરા નહિ લાજ દુનિયાની, મળો નહિ સઙ્ગ દુર્જનનો. ૧૮
વિનયનકૂલ કરે સ્વાર્થે, ઘડીમાં આંખ દેખાડે,
નથી વિશ્વાસનો છાંટો, મળો નહિ સઙ્ગ દુર્જનનો. ૧૯
કરે સ્તુતિ, હૃદય કાતી, પ્રતિપક્ષી થઇ હસતો,
ભજવતો ખેલ, ફાંસીનો, મળો નહિ સઙ્ગ દુર્જનનો. ૨૦
કરે છે ઢોંગ અન્તરથી, મળીને દાવ ઝટવાળે,
અરે લેતો ઘણા સોગન્ન, મળો નહિ સઙ્ગ દુર્જનનો. ૨૧
ચઢેલાને પુનઃ પાડે, ચઢાવ્યો તેહને પાડે,
કરે જ્યાં ખાય ત્યાં ઘોરજ, મળો નહિ સઙ્ગ દુર્જનનો, ૨૨
કરે વિવાહની વરશી, પ્રતિજ્ઞાઓ ગળી જાવે,
રહે ત્યાં ભય રહે સહુને, મળો નહિ સઙ્ગ દુર્જનનો. ૨૩
મૂતરતો શ્વાનવત્ ઈષ્ટિ, થતો સામો ધરી ધીરજ,
પજવતો સન્ત લોકોને, મળો નહિ સઙ્ગ દુર્જનનો. ૨૪
ઘણા ખવરાવતો ખત્તા, કરેછે સઙ્ગ નીચોનો,
હરામી હાડકાં ધારે, મળો નહિ સઙ્ગ દુર્જનનો. ૨૫
ધરે અન્યાયની દૃષ્ટિ, હઠીલાઇ નહિ મૂકે,
મનોવૃત્તિ ફરે ક્ષણમાં, મળો નહિ સઙ્ગ દુર્જનનો. ૨૬
બગાડે જંપ વળવાનો,[1] ભલાઇનું નથી સ્વપ્નું,
નથી આત્માર્થનું સાધ્યજ, મળો નહિ સઙ્ગ દુર્જનનો. ૨૭
કરે શિક્ષા સુધરતો નહિ, જીવનની દોરિયો કાપે,
જરા નહિ ચક્ષુમાં સ્નેહ જ, મળો નહિ સઙ્ગ દુર્જનનો. ૨૮
ધવળ શેઠે કર્યું કાળું, કપટ કીધું મર્યો પોતે,
યથાદૃષ્ટિ કરે કાર્યો, મળો નહિ સઙ્ગ દુર્જનનો. ૨૯
જગત્માં કણ્ટક વૃક્ષો, જગત્માં ઝેરનાં વૃક્ષો,
જગત્માં પ્લેગના જન્તુ, મળો નહિ સઙ્ગ દુર્જનનો. ૩૦
નિકન્દન શાન્તિનું કરતો, ચઢાવે આળ સન્તોને,
જણાવે નિજનિર્દોષી, મળો નહિ સઙ્ગ દુર્જનનો. ૩૧
અરે એ વિઘ્નસન્તોષી, સુધરતા સન્તલોકોથી,
"બુદ્ધ્યબ્ધિ" સદ્ગુરુ સંગત, મળોને સઙ્ગ સન્તોનો. ૩૨

મુ. ભાઈદર. પોશ વદી ૧૦ મંગળવાર.

---

૧ આ સ્થાને 'સમય' અધ્યાહાર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# "अमारुं कार्य करवानुं."

કવ્વાલિ.

પ્રસંગે ધ્યાનમાં રહેવું, પ્રસંગે ધર્મઉપદેશો.
ધરી વ્યવહારને નિશ્ચય, અમારૂં કાર્ય કરવાનું. ૧
અમારા સાધ્યમાં લક્ષ્ય જ, ગમે તે કાર્ય પણ કરતાં,
ગમે તેવી ઉપાધિમાં, અમારૂં કાર્ય કરવાનું. ૨
અભિપ્રાયો ગમે તેવા, જગત્ બાંધો નથી પરવા,
ગમે તેવા વદો બોલો, અમારૂં કાર્ય કરવાનું. ૩
અનેકાન્તે કથન કરવું, નયોની બહુ અપેક્ષાથી,
સમજશે વીરના ભક્તો, અમારૂં કાર્ય કરવાનું. ૪
ઘણા ગંભીર ઉદ્દેશો, ઘણા જ્યાં યોગ્યતા ભેદો,
ભણી વીતરાગનાં સૂત્રો, અમારૂં કાર્ય કરવાનું. ૫
હૃદયના ઉપરી જિનવર, હૃદયના ભાવ બહુ ગંભીર,
ઘણા આશય વિચારીને, અમારૂં કાર્ય કરવાનું. ૬
કરીને નિર્મલી દૃષ્ટિ, નિહાળું સત્ય, નયવાદે,
અમલમાં મૂકીને તે તે, અમારૂં કાર્ય કરવાનું. ૭
વિચારે ભેદ જીવોમાં, ક્ષયોપશમે અને એવું,
નયોની ભિન્ન દૃષ્ટિથી, અમારૂં કાર્ય કરવાનું. ૮
રહ્યું સિદ્ધત્વ સત્તાએ, પ્રગટ કરશું પ્રયત્નોથી,
ગ્રહીને સન્તના ચરણે, અમારૂં કાર્ય કરવાનું. ૯
થતાં જે દીલમાં દર્દો, હઠાવીશું ઉપાયોથી,
ધરી પરમાર્થનો દાવો, અમારૂં કાર્ય કરવાનું ૧૦
ધરીને આત્મની શ્રદ્ધા, રહીશું આત્મ ઉપયોગે,
ધરી પરમાત્મમાં પ્રીતિ, અમારૂં કાર્ય કરવાનું. ૧૧
ચિદાત્માને જગાવીને, થઇશું યોગના યોગી,
તજી મિથ્યાત્વની ભ્રમણા, અમારૂં કાર્ય કરવાનું. ૧૨
અસંખ્યાત પ્રદેશોમાં, ધરી ઉપયોગની દૃષ્ટિ,
સહજ આનન્દસિદ્ધિનું, અમારૂં કાર્ય કરવાનું ૧૩
સહજ ચૈતન્યની શક્તિ, અનન્તિ આત્મમાં સમજો.
નિમિત્તોને ધરી સાચાં, અમારૂં કાર્ય કરવાનું. ૧૪
કહ્યા મુક્તિતણા યોગો, અસંખ્યાતા જિનેન્દ્રોએ,
પ્રવર્તે મુખ્ય તેમાં ત્રણ, અમારૂં કાર્ય કરવાનું. ૧૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગમે તે યોગથી મુક્તિ, કદાગ્રહનો નથી દાવો,
નથી સમકિતીને આગ્રહ, અમારૂં કાર્ય કરવાનું. ૧૬
ખુલે સમ્યકત્વની દૃષ્ટિ, જણાતું સહુ અપેક્ષાએ
પરિણમતું સકલ સમ્યક, અમારૂં કાર્ય કરવાનું. ૧૭
રહીને દીલથી ન્યારા, ઉપરથી બાહ્યનાં કૃત્યો,
ધરી સ્યાદ્વાદ મુદ્રાને, અમારૂં કાર્ય કરવાનું. ૧૮
સકલ સ્યાદ્વાદમુદ્રાએ, ખરાં અંકિત છે તત્ત્વો,
વિવેકે સત્ય જાણીને, અમારૂં કાર્ય કરવાનું. ૧૯
સકલ સિદ્ધાન્તની કુંચી, ખરી સ્યાદ્વાદની દૃષ્ટિ,
પરમ ઋદ્ધિ, પરખવાનું, અમારૂં કાર્ય કરવાનું. ૨૦
પરીક્ષાની કસોટીમાં, ખરૂં સુવર્ણનું દૃષ્ટાન્ત,
તથા પોતે બની સત્વર, અમારૂં કાર્ય કરવાનું. ૨૧
ક્રિયા ને જ્ઞાન બે નયથી, કરીશું ધર્મ જાણીશું.
સહજ રત્નત્રયીવાળું, અમારૂં કાર્ય કરવાનું. ૨૨
સકલ સિદ્ધાન્ત તત્ત્વોનાં, રહસ્યો ગુપ્ત સમજી શું,
સકલ પર્યાયની શુદ્ધિ, અમારૂં કાર્ય કરવાનું. ૨૩
કહ્યા જે ભેદ ઉપશમના, ક્ષયોપશમે કહ્યા ભેદો,
સકલ ક્ષાયિકની પ્રાપ્તિ, અમારૂં કાર્ય કરવાનું. ૨૪
મહન્તો સહાયને આપે, ઘણી ઉપકારને પ્યારો,
ઘણી ઉપકાર સન્તોનો, અમારૂં કાર્ય કરવાનું. ૨૫
દયા લાવી ઘણી મ્હારી, મહન્તોએ ભલું કીધું,
મહન્તોને પગે લાગી, અમારૂં કાર્ય કરવાનું. ૨૬
પ્રતિકૂલ સંગના લીધે, રમાયું દોષ વૃન્દોમાં,
લઇને માર્ગ, પોતાનો, અમારૂં કાર્ય કરવાનું. ૨૭
ઘણા દોષો હજી પ્રગટે, ખરેખર કર્મ એ છે દોષ,
વિદારી કર્મની શ્રેણિ, અમારૂં કાર્ય કરવાનું. ૨૮
નથી એ કર્મપર દ્વેષ જ, નથી એ કર્મ પર રાગજ.
નથી એ રાગમાં રૂચિ, અમારૂં કાર્ય કરવાનું. ૨૯
પ્રશસ્યે વાપરી એને, તજીશું અપ્રશસ્યોતે,
નિસ્સરણી એ પ્રથમ આવે, અમારૂં કાર્ય કરવાનું. ૩૦
જિનાગમ જ્ઞાનને ધારી, પ્રભુના સદ્ગુણો ગાઈ,
ગુરૂવરની લઈ આશી, અમારૂં કાર્ય કરવાનું. ૩૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુભવને વધારીને, કરીને પૂર્ણતા તેની,
બુદ્ધચબ્ધિ ધર્મ ઉપયોગે, અમારૂં કાર્ય કરવાનું. ૩૨

મું. વસઈ સ્ટેશન, પોશ વદી ૧૧ ગુરૂવાર ૧૯૬૭.

## "भलो जो हुं भली दुनिया."

કવ્વાલિ.

અનુકૂલ કે પ્રતિકૂલ જે, મનોવૃત્તિ અનુસારે,
યથા દૃષ્ટિ તથા ભાસે, ભલો જો હું ભલી દુનિયા ૧
સુખીને સુખની દૃષ્ટિ, દુઃખીને દુઃખની દૃષ્ટિ,
શુભાશુભ દૃષ્ટિ જેવું સહુ, ભલો જો હું ભલી દુનિયા. ૨
ફલે છે સર્વ પરિણામે, અમારી દૃષ્ટિ ફલ તેવું,
નથી ત્યાં અન્યનો દાવો, ભલો જો હું ભલી દુનિયા ૩
અમારી શુભ દૃષ્ટિથી, કરાતું સર્વનું સારૂં.
નિમિત્તો, કર્મ અનુસારે, ભલો જો હું ભલી દુનિયા. ૪
ઉદય આવે કર્યાં કર્મો, નથી ત્યાં દોષ અન્યોનો,
નથી કોઈ તત્ત્વથી શત્રુ, ભલો જો હું ભલી દુનિયા. ૫
બુરી વૃત્તિથકી બૂરા, જગત્માં અન્ય ભાસે છે,
નથી તો ભાસતું નહિ કંઈ, ભલો જો હું ભલી દુનિયા. ૬
ભલા થાતાં ભલું લાગે, જગત્માં સર્વ જીવોનું,
અમારા સાધ્યમાં એવું, ભલો જો હું ભલી દુનિયા. ૭
સકલ સિદ્ધાન્તની કુંચી, ભલું કરતાં ભલું થાશે,
બુદ્ધચબ્ધિ ધર્મ ચેતનનો, ભલો જો હું ભલી દુનિયા. ૮

મુ.. વસઈ સ્ટેશન, પોશ વદી. ૧૧ ગુરૂવાર.

## [1]" सतावो नहि हवे मुजने. "

કવ્વાલિ.

યથાશક્તિ ભલું કીધું, થયા વિદ્વાન્ કહેવાતા,
સુજે તે સહુ કરી લેજો, સતાવો નહિ હવે મુજને. ૧

૧ કોઈ વિદ્વાન્ પોતાના વિદ્યાર્થી, શિષ્ય, પુત્ર વા મિત્રને અમુક સંયોગો વચ્ચે ઉપદેશ આપતો હોય એવા રૂપમાં આ કાવ્ય રચાયું જણાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અરે મનમાં ધરો નહિ કલેશ, નથી કંઇ આપવું લેવું.
બુરી મોટાઈની ભ્રમણા, સતાવો નહિ હવે મુજને. ૨
અમારી પાસ રહેતાં પણ, થયો નહિ સંગતિ લાભ જ,
યથાદૃષ્ટિ તથા લેતા, સતાવો નહિ હવે મુજને. ૩
તમારા ઇષ્ટના માટે, ઉપાયો જે રચ્યા મનમાં,
કરો ધાર્યું હવે પોતે, સતાવો નહિ હવે મુજને. ૪
ધરી સ્વચ્છંદતા મનમાં, અરે માનો નહિ મ્હારૂં,
હજી પણ માનશો મનમાં, સતાવો નહિ હવે મુજને. ૫
રચો ઇર્ષ્યાથકી કપટો, લથડશો દુઃખ ખાડામાં,
ઘણા ખત્તા પડયા પડશે, સતાવો નહિ હવે મુજને. ૬
બજાવી ફરજ મેં મ્હારી, હવે તો જોઇને ચાલો,
નથી સમતા વિના સુખડાં, સતાવો નહિ હવે મુજને. ૭
ભણાવ્યાં શાબ્દશાસ્ત્રોને, નથી એ વાદના માટે.
થતી નહિ કલેશથી શાન્તિ, સતાવો નહિ હવે મુજને. ૮
જગત્ આગળ થઈ ડાહ્યા, કરોછો વાત બહુ ડાહી,
કરો કહેણી તથા રહેણી, સતાવો નહિ હવે મુજને. ૯
કરીને ભાષણો લાંબાં, રિજવતા લોકને ભારી,
થતી કરણી, હૃદયમાં શું ? સતાવો નહિ હવે મુજને. ૧૦
તમારી દૃષ્ટિ અનુસારે, અમારો બોધ સમજો છે,
અમારો વાંક નહિ તેમાં, સતાવો નહિ હવે મુજને. ૧૧
ખરૂં કહેતાં રિસાતા બહુ, ગણો નહિ ભૂલ પોતાની,
ગ્રહેલો પક્ષ તાણીને, સતાવો નહિ હવે મુજને. ૧૨
થઈ ઉદ્ધત થતા સામા, અભિમાની થઈ વદતા,
નથી એ ઉચ્ચનું લક્ષણ, સતાવો નહિ હવે મુજને. ૧૩
વધી શક્તિ થયું તો શું ? ઉપરતું જ્ઞાન કયાં સુધી,
ઉપેક્ષા સ્વાર્થે સરતાં છે, સતાવો નહિ હવે મુજને. ૧૪
અમે પામી ગયા સઘળું, નથી લેવું હવે બાકી,
ધરી મિથ્યા અહંતાને, સતાવો નહિ હવે મુજને. ૧૫
અમારીપાસ બેસીને, અનુભવજ્ઞાન ના લીધું,
કરો વિકથા ધરો નહિ સાર, સતાવો નહિ હવે મુજને. ૧૬
ચલાવી લેઇશું પોતે, તમારા ચિત્તમાં નક્કી.
*સુજે છે બુદ્ધિ અનુસારે, સતાવો નહિ હવે મુજને. ૧૭*
*યથાબુદ્ધિ અનુસારે, કરે વ્યાપાર સહુ જીવો,*
*ઉપર ચઢવા કર્યો ઉપદેશ, સતાવો નહિ હવે મુજને ૧૮*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘડીમાં ભાવ લાવીને, હૃદયથી માફ માગો છો,
તથા અવળા પુનઃ ક્ષણમાં, સતાવો નહિ હવે મુજને. ૧૯
તમારા ચિત્તમાં ઇચ્છા, પ્રગટતી તે નથી છાની.
વિવેકે તે વિચારી લ્યો, સતાવો નહિ હવે મુજને. ૨૦
અરે ઇચ્છાથકી વિરુદ્ધ, કહું તે નહિ ગમે મનમાં,
ખરૂં સમજી ખરૂં લેશો, સતાવો નહિ હવે મુજને. ૨૧
અમારા પ્રેમની ખાત્રી, તમારા પ્રેમને પૂછો,
છુપાવી નહિ છુપે પ્રીતિ, સતાવો નહિ હવે મુજને. ૨૨
અસર કરતો ખરો પ્રેમ જ, અમારા ચિત્તમાં નક્કી,
બદલતો રંગ નહિ ક્યારે, સતાવો નહિ હવે મુજને. ૨૩
ઉગ્યો તે સૂર્ય નહિ છૂપે, ચઢે વાદળ ઘણું તો પણ,
પડેછે ભાસ ચક્ષુમાં, સતાવો નહિ હવે મુજને. ૨૪
ઉપરથી પ્રેમ ધારીને, કરીને પ્રેમના ચાળા,
અમારૂં તત્ત્વ લેશો શું? સતાવો નહિ હવે મુજને. ૨૫
તમારો પ્રેમ જેનાપર, અમારાપર નથી તેવો,
હૃદય સાક્ષી ભરે છે ત્યાં, સતાવો નહિ હવે મુજને. ૨૬
તમારી યોગ્યતા જેવી, ગ્રહોછો તત્ત્વને તેવું,
અમારો વાંક શો તેમાં, સતાવો નહિ હવે મુજને. ૨૭
ઉપરથી સ્વાર્થના યોગે, વિનય ભક્તિ જણાવાને,
કરો તેવું લહો તેવું, સતાવો નહિ હવે મુજને. ૨૮
તમારા પ્રેમીની વાણી, પ્રતીતિ જ્યાં ગણો જેવી,
નથી તેવી અમારાપર, સતાવો નહીં હવે મુજને. ૨૯
સલાહો પ્રેમીની જેવી, હૃદયમાં પૂર્ણ વિશ્વાસે,
ધરો તેવી ગ્રહો નહીં મુજ, સતાવો નહિ હવે મુજને. ૩૦
ઉપરથી બોલવું મીઠું, નથી તેવું બતાવાનું,
સમય આવે થતા જુદા, સતાવો નહિ હવે મુજને. ૩૧
તમારા દીલની દોલત, ગણો છો અન્યને જેવી,
નથી તેવા ગણાવાનું, સતાવો નહિ હવે મુજને. ૩૨
મળે સંયોગ જેવા જ્યાં, તથા તેવા થઇ જાતા,
મળી ભેગા થતા જુદા, સતાવો નહિ હવે મુજને. ૩૩
તમારા ચિત્તમાં ઉઠયું, ગણો તેવું બીજાઓનું,
કરોછો ચિત્તમાં આવ્યું, સતાવો નહિ હવે મુજને. ૩૪
ધરી સહેલાઇને મનમાં, ગમે ત્યાં જાવોને આવો,
તમારા ચિત્તમાં નહીં હું, સતાવો નહિ હવે મુજને, ૩૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જગત્ વ્યવહાર સાચવવા, ઉપરથી સાચવો કિઞ્ચિત્,
હૃદય તો અન્યનું કીધું, સતાવો નહિ હવે મુજને. ૩૬
સરે નહીં કાર્ય પોતાનું, તદા દિલગીર બહુ થાતા,
છુપાવો ભેદ અન્તરનો, સતાવો નહિ હવે મુજને. ૩૭
જગતની દૃષ્ટિએ દેખો, મ્હને જેવો નહીં હું તે,
ખરેખર ભૂલ ખાવો છો, સતાવો નહિ હવે મુજને. ૩૮
ખરો વિશ્વાસ અન્તરનો, અમારા દીલમાં પ્રગટે,
નથી સોગંદ ખાવાના, સતાવો નહિ હવે મુજને. ૩૯
સલાહો શાન્તિથી આપી, સ્વભાવો ઓળખીને મ્હેં
બન્યું વિરૂદ્ધ તે ખમશો, સતાવો નહિ હવે મુજને. ૪૦
અમારી ફરજ એ નક્કી, ગમે તેવા પ્રસંગોમાં,
ભલુ કરવું તમારૂં સહુ, સતાવો નહિ હવે મુજને. ૪૧
હૃદયના ઉભરાઓ સહુ, થતા સહુ શ્રેયના માટે,
જરા નહિ સ્વાર્થની છાયા, સતાવો નહિ હવે મુજને. ૪૨
બુરૂં કરવું નથી કયારે, નથી નિન્દાતણી વૃત્તિ,
ભલું થાજો તમારૂંરે, સતાવો નહિ હવે મુજને. ૪૩
બનો જ્ઞાની બનો ધ્યાની, સુધારો વૃત્તિનો કરજો,
વિચારી સર્વ આદરજો, સતાવો નહિ હવે મુજને. ૪૪
તમારી શાન્તિને માટે, ફળો ઇચ્છા અમારી સહુ,
તજાવો દોષના ઢગલા, સતાવો નહિ હવે મુજને. ૪૫
મ્હને કીધું વિચારો તો, તમો તે વૃત્તિના યોગ્ય જ,
નથી ત્યાં દાવ અન્યોનો, સતાવો નહિ હવે મુજને. ૪૬
પડે જો ચિત્તમાં શઙ્કા, અહો આ સર્વ વાંચીને.
યથા વૃત્તિ તથા તેવા, સતાવો નહિ હવે મુજને. ૪૭
સકલ વાંચી સમજતા નહિ, નથી ત્યાં યોગ્યતા તેવી,
અગર અજ્ઞાન ત્યાં હેતુ, સતાવો નહિ હવે મુજને. ૪૮
ખરી વેળા રહો આઘા, સમયને ઓળખો નહિ કંઈ,
જણાવો હેતુઓ જુદા, સતાવો નહિ હવે મુજને. ૪૯
વિનયની કરણીઓ સઘળી, જીગરથી જાણતા પ્રેમી,
વિના બોધે થતી એ સહુ, સતાવો નહિ હવે મુજને. ૫૦
મનાવાને કહું નહિ આ, મનાવાનું ગયું સ્વપ્નું,
ખરૂં નિઃસ્વાર્થથી કહેવું, સતાવો નહિ હવે મુજને. ૫૧
*હૃદયના પ્રેમવણ કાંઈ, કરી નહિ કોઈ હિતશિક્ષા,*
ગણો પ્રેમી કરો તેવું, સતાવો નહિ હવે મુજને. ૫૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સકળની ઉન્નતિ કરવા, ધરો ને જ્ઞાનનું ભૂષણ,
બતાવ્યો માર્ગ પકડી લ્યો, સતાવો નહિ હવે મુજને. ૫૩
અરે ત્હારા ઉપર પ્રીતિ, અમારી નિત્ય રહેવાની,
હૃદયમાં માનશો નક્કી, સતાવો નહિ હવે મુજને. ૫૪
મળે પ્રીતિ ગયે પ્રીતિ, ગુણાનુરાગથી વધતી,
સદા સદ્ગુણને જોશું, સતાવો નહિ હવે મુજને. ૫૫
અમારા ધર્મ સ્નેહજનો, વધારો નિત્ય થાશો રે,
ભલું થાશો અમારાથી, સતાવો નહિ હવે મુજને. ૫૬
ઘણાં દુઃખો પડે તો પણ, વધો સદ્ગુણની દૃષ્ટિ,
ભુલાશો નહીં ભલું કીધું, સતાવો નહિ હવે મુજને. ૫૭
ખરો સંબંધ બાંધીને, કદી નહિ દૂર થાવાનું,
ધરી તેવી પ્રતિજ્ઞા મ્હેં, સતાવો નહિ હવે મુજને. ૫૮
તનુથી દૂર પડતાં પણ, હૃદય તો પાસનું પાસે,
મહન્તોને સ્વભાવે એ, સતાવો નહિ હવે મુજને. ૫૯
કરી પૂર્વે પ્રતિજ્ઞાઓ, સદા તે પાળવી નક્કી,
તમારો ધર્મ ભૂલો નહીં, સતાવો નહિ હવે મુજને. ૬૦
પડે જો તાપ સોનાને, કદી નહીં રંગને મૂકે,
તમો તો ઉચ્ચ તેનાથી, સતાવો નહિ હવે મુજને. ૬૧
તમારે સિદ્ધ થાવાનું, અમારે સિદ્ધ થાવાનું,
પરસ્પર પંખીનો મેળો, સતાવો નહિ હવે મુજને. ૬૨
તમારે શાન્તિની ઇચ્છા, અમારે શાન્તિની ઇચ્છા,
જરા નહીં ચિત્ત દુઃખવવું, સતાવો નહિ હવે મુજને. ૬૩
અરે સહવાસ જ્ઞાનીનો, પછીથી બોધને આપે,
થતાં દૂરે જણાતું એ, સતાવો નહિ હવે મુજને. ૬૪
સતાવાને નથી જન્મ્યા, તમારો ધર્મ સન્તોનો,
મહન્તોને અનુસરવું, સતાવો નહિ હવે મુજને. ૬૫
સતાવે દુર્જનો જગમાં, સતાવે નહીં કદી ધર્મી,
દયાનો ધર્મ નહીં છંડો, સતાવો નહિ હવે મુજને. ૬૬
પ્રસરશો ભાનુની પેઠે, તમારી કીર્ત્તિ સર્વત્રજ,
ખરી આશીઃ અમારી એ, સતાવો નહિ હવે મુજને. ૬૭
અમારા પ્રેમની ખાત્રી, તમારા પ્રેમને પૂછો,
પરસ્પર પ્રેમ છે સાક્ષી, સતાવો નહિ હવે મુજને. ૬૮
અમારાથી નથી ન્યારા, અમારા આત્મવત્ પ્યારા,
ખરેખર માનીને એવું, સતાવો નહિ હવે મુજને. ૬૯



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નકામા શોખને છોડી, સજી લ્યો સાધ્ય પોતાનું,
ઘટાટોપે વળે નહિ કાંઇ, સતાવો નહિ હવે મુજને. ૭૦
તમારા સ્વાર્થની ખાતર, જણાવો કાર્ય પોતાનાં,
અમારી શાન્તિ લેવાને, સતાવો નહિ હવે મુજને. ૭૧
લહે કો પાર ઉદધિનો, વિચારોનાં વમળ ઝાઝાં,
કર્યાથી પાર નહીં આવે, સતાવો નહિ હવે મુજને. ૭૨
સદા ઉપકાર માનુંછું, કર્યું કીધું તમોએ જે,
ધરો ઉપકારની દૃષ્ટિ, સતાવો નહિ હવે મુજને. ૭૩
પરિપૂર્ણજ થવાનું છે, અનુભવ સત્ય લેઇને,
અનુભવની ધરો દૃષ્ટિ, સતાવો નહિ હવે મુજને. ૭૪
ધરી માધ્યસ્થતા દૃષ્ટિ, વિચારો તો સમજશો સહુ,
ધરી લ્યો દિવ્ય ચશ્માંને, સતાવો નહિ હવે મુજને. ૭૫
ખરો પરમાર્થ જ્ઞાનીનો, પ્રસરશો સર્વ જીવોમાં,
બુદ્ધ્યબ્ધિ જ્ઞાન લેઇને, સમજશો ને સુખી થાશો. ૭૬
મુ. વસઈ સ્ટેશન. સંવત ૧૯૬૭ ના પોશ વદી ૧૧.

# फकीरोने फिकर शानी ?

કવ્વાલિ.

જગત્‌ના જડ પદાર્થોમાં, તજાઈ સુખની આશા,
નથી જે અન્ય તે મ્હારું, ફકીરોને ફિકર શાની ? ૧
કરો સ્તુતિ કરો નિન્દા, અમારૂં ત્યાં નથી કાંઈ.
નથી થાતું નથી જાતું, ફકીરોને ફિકર શાની ? ૨
જગતને ખાઇ ગઈ ફિકર, ફીકરની ફાકીઓ ભરવી,
મ્હને ધંધો સદા તેનો, ફકીરોને ફિકર શાની ? ૩
અમારા શિષ્ય વ્યવહારે, નથી નિશ્ચય થકી કોઇ,
ઉપરના સર્વ નહિ મમતા, ફકીરોને ફિકર શાની? ૪
જગત્‌માં ધર્મ વ્યવહારે, ગણાતા ભક્તજન મ્હારા,
નથી મ્હારૂં કદી કોઇ, ફકીરોને ફિકર શાની ? ૫
જીવો સહુ શાન્તિના માટે, બને શિષ્યો બને ભક્તો,
ગ્રહે જો ધર્મ બહુ સારૂં, ફકીરોને ફિકર શાની ? ૬
ગણ્યું નહિ કીર્તિધન મ્હારૂં, પ્રતિષ્ઠા તે નહીં હું છું,
અમારૂં કાર્ય અન્તરનું, ફકીરોને ફિકર શાની ? ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સહજની શાન્તિના માટે, અનુભવ જ્ઞાન કરવાનું,
મનાવાનું નથી મ્હારૂં, ફકીરોને ફિકર શાની? ૮
નથી લેવું નથી દેવું, ઉપાધિ વેદીશું આવી,
કર્યાં તે કર્મ ભોગવવાં, ફકીરોને ફિકર શાની? ૯
સ્વયં આધાર ને આધેય, ધરીશું સદ્ગુણો સાચા,
ઉપજતું સર્વ સદ્ભાવે, ફકીરોને ફિકર શાની? ૧૦
ગુરુના સ્વાર્થથી શિષ્યો, ઉપરથી સાચવે સઘળું,
યથા દૃષ્ટિ લહે ફળને, ફકીરોને ફિકર શાની? ૧૧
બુરૂં સારૂંજ શિષ્યોનું, ગણે મ્હારૂં થતી ચિન્તા,
નથી મ્હારૂં બીજાઓનું, ફકીરોને ફિકર શાની? ૧૨
અનુભવ એ ગ્રહ્યો મનમાં, ગઇ આરોપની ભ્રમણા,
અમારૂં કાર્ય કરવાનું, ફકીરોને ફિકર શાની? ૧૩
મ્હને જે બાહ્યદૃષ્ટિથી, ગણેછે લોક તે નહિ હું,
અરૂપી રૂપમાં નહિ હું, ફકીરોને ફિકર શાની? ૧૪
ભલે નિન્દો અસૂયાથી, ભલે દો આળ મનફાવ્યાં,
વદીને થાકશો અન્તે, ફકીરોને ફિકર શાની? ૧૫
કહો આચારથી ભ્રષ્ટજ, તમારી દૃષ્ટિમાં નહિ હું,
તમારી દૃષ્ટિ તે નહિ હું, ફકીરોને ફિકર શાની? ૧૬
જગત્માં બાહ્યદૃષ્ટિથી, જુઓ અન્તે મળે નહિ કંઇ,
અમોએ એજ નિર્ધાર્યું, ફકીરોને ફિકર શાની? ૧૭
પ્રપઞ્ચોના તજ્યા ભેદો, સગાઓના તજ્યા મેળા,
ઉપર નભ ને અધઃ પૃથ્વી, ફકીરોને ફિકર શાની? ૧૮
સદા સન્તોષમાં રહેવું, પ્રભુનાં ગાન ગાવાનાં,
નિસંગી નિત્ય રહેવાનું, ફકીરોને ફિકર શાની? ૧૯
અધમતા પૂર્ણ તજવાની, સદા ઉપકારની કરણી,
ઉપર ચઢવું ગુણો લેઇ, ફકીરોને ફિકર શાની? ૨૦
શિખવવું સર્વને સારૂં, રહ્યું જ્યાં સત્ય તે મ્હારૂં,
રુચે તો દેશના દેવી, ફકીરોને ફિકર શાની? ૨૧
નથી નિજ દેશ કે પરદેશ, અમારા બાહ્ય દેશો નહીં,
થયા સંસારથી અળગા, ફકીરોને ફિકર શાની? ૨૨
નથી ઉચ્ચાટ રળવાનો, નથી રોવું જગત્ સ્વપ્ને,
નથી જાતિ નથી જ્ઞાતિ, ફકીરોને ફિકર શાની? ૨૩
રહસ્યો તત્ત્વનાં સમજી, કરાતી ચિત્તની સ્થિરતા,
મનોવૃત્તિ બન્યો ચેલો, ફકીરોને ફિકર શાની? ૨૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થઇને ધ્યાનમાં મસ્તાન, અલખનો દેશ દેખીશું,
ગણી મ્હેં એ દિશા નક્કી, ફકીરોને ફિકર શાની? ૨૫
નથી વ્યવહારના ઝઘડા, તજી આશા સગાંઓની,
મનન, મહાવીર વાણીનું, ફકીરોને ફિકર શાની? ૨૬
નથી દરકાર ખાવાની, નથી તકરાર દેવાની,
નથી તકરાર પુસ્તકની, ફકીરોને ફિકર શાની? ૨૭
જરા લીધું ઘણું બાકી, હજી પણ તેહ લેવાનું,
સ્વભાવે એ થશે ભાવી, ફકીરોને ફિકર શાની? ૨૮
પ્રભુ મહાવીરનું શરણું, નથી પરવા જગત્‌ની કંઈ,
અલખની મોજમાં રહેવું, ફકીરોને ફિકર શાની? ૨૯
ત્યજાતી કર્મની રાશિ, દશા વીતરાગતા સેવી,
અમારૂં સાધ્ય એ નક્કી, ફકીરોને ફિકર શાની? ૩૦
ધરી અષ્ટાંગ યોગોને, યથાશક્તિ કરીશું સહુ,
વધીશું દોષ ટાળીને, ફકીરોને ફિકર શાની? ૩૧
સદા આનન્દમાં રહેવું, સહજ એ ધર્મ પોતાનો,
"બુદ્ધ્યબ્ધિ" સુખસાગરથી, ફકીરોને ફિકર શાની? ૩૨

બીજી પોશ વદી ૧૦ બુધવાર. વસઈ સ્ટેશન. સં. ૧૯૬૭.

---

# " तमारा चित्तने पूछो. "

કવ્વાલિ.

મળો ત્યારે જણાવો છો, વિનયની રીત બોલીને,
શરમ છે આંખની જોતાં, તમારા ચિત્તને પૂછો. ૧
તમારા પુત્રપર પ્રીતિ, ગૃહિણીપર થતી પ્રીતિ,
અરે છે કે નથી મુજપર, તમારા ચિત્તને પૂછો. ૨
કરો સંભાળ વ્હાલાંની, કરો સંભાળ પૈસાની,
અરે શું તેવી છે મુજપર, તમારા ચિત્તને પૂછો. ૩
તમારા મિત્રનેમાટે, યથાશક્તિ કરોછો સહુ,
હૃદયના પ્રેમવણ શું? છે; તમારા ચિત્તને પૂછો. ૪
સગાંને સાચવો જેવાં, કરો તન ધનને અર્પણ,
અધિકું શું? કરો તેથી, તમારા ચિત્તને પૂછો. ૫
ખરી આશીષ્ ઈચ્છોછો, ઉપરની ભક્તિના બાને,
કરો નિષ્કામથી શું? તે, તમારા ચિત્તને પૂછો. ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહસ્યો ગુપ્ત લેવાનો, સકલનો ભોગ દેવાનો,
હજી પણ શું? થયું તેવું, તમારા ચિત્તને પૂછો. ૭
ઉપરના પ્રેમના ચટકે, મળે નહિ ઇષ્ટ વસ્તુઓ,
સરે નહિ શીર્ષ સોંપ્યાવણ, તમારા ચિત્તને પૂછો. ૮
ઉપરથી વ્હાલ કયાં સુધી, હૃદય આપે નહીં જલ્દી,
પરીક્ષાની નથી પશ્ચાત, તમારા ચિત્તને પૂછો. ૯
હૃદયનું ગુપ્ત રાખીને, તમારી ભક્તિ શું લેશે?
હૃદય જલધિ ઘણો ઊંડો, તમારા ચિત્તને પૂછો. ૧૦
જિગરથી ભોગ આપ્યો શું? પ્રભુનો ધર્મ ફેલાવા,
બરાબર લાભ લેતા નહીં, તમારા ચિત્તને પૂછો. ૧૧
પ્રભુનો ધર્મ ફેલાવા, કયાં સંકટ સહ્યાં બોલો,
કર્યું શું આત્મના માટે, તમારા ચિત્તને પૂછો. ૧૨
જગતનાં સુખ ભોગવવા, ધરોછો સ્વાર્થને જેવો,
સહજના સુખ માટે શું? તમારા ચિત્તને પૂછો. ૧૩
અસંખ્ય પ્રાણીઓ મરતા, ઘણા માનવ રડે દુઃખે,
દયા લાવ્યા ઘણી કયારે, તમારા ચિત્તને પૂછો. ૧૪
પ્રભુનો ધર્મ જોવાને, હૃદય ચક્ષુ ખોલવવાને,
કર્યું શું ને કરોછો શું? તમારા ચિત્તને પૂછો. ૧૫
થશો સદ્ગુણ લેવાને, અનુયાયી ખરા મ્હારા,
તદા તો ઉચ્ચ થાવાના, તમારા ચિત્તને પૂછો. ૧૬
નથી સદ્ગુણ લેવાના, નથી દુર્ગુણ તજવાના,
અનુયાયી બન્યા તો શું? તમારા ચિત્તને પૂછો. ૧૭
ક્ષણિક સુખોતણા મેળા, યદિ ઇચ્છો અમારાથી,
અનુયાયી નથી સાચા, તમારા ચિત્તને પૂછો. ૧૮
વિનય ભક્તિ કરુણા પ્રેમ, ખરી મહાવીરની શ્રદ્ધા,
અભિનવ શું કર્યું જ્ઞાનજ, તમારા ચિત્તને પૂછો. ૧૯
અહર્નિશ ધર્મનાં કૃત્યો, કરો શું? ટેક ધારીને,
ગુણાનુરાગ સેવ્યો શું? તમારા ચિત્તને પૂછો. ૨૦
સહજ ધર્મો પ્રકટ કરવા, કર્યો નિર્ધાર શું? મનમાં,
પ્રમાદોને તજ્યા કે નહીં, તમારા ચિત્તને પૂછો. ૨૧
થઇ શૂરા કર્યું શું કાર્ય, જગતમાં ધર્મનું પ્રેમે,
કરી નિઃસ્વાર્થતા કયારે, તમારા ચિત્તને પૂછો. ૨૨
મનુષ્યોને મદત કરવા, હૃદયની હાય હોલવવા,
મળ્યામાંથી કર્યું શું દાન, તમારા ચિત્તને પૂછો. ૨૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપરથી કીર્તિનામાટે, કર્યાં તે કૃત્ય જોઇ લ્યો,
કર્યું શું મુક્તિના માટે, તમારા ચિત્તને પૂછો. ૨૪
જિનોનો ધર્મ ફેલાવા, ગુરુકૂલો કયાં સ્થાપ્યાં,
જિગરથી ભાગ લીધો શો? તમારા ચિત્તને પૂછો. ૨૫
અમારો ધર્મ કહેવાનો, તમારો ધર્મ સુણવાનો,
ગ્રહ્યું શું સાંભળી નક્કી, તમારા ચિત્તને પૂછો. ૨૬
બનીને [1]ધારના ખીલા, કર્યો નિશ્ચય પુનઃ છોડો,
હૃદયની ભાવના કેવી, તમારા ચિત્તને પૂછો. ૨૭
બને અજ્ઞાનથી ભક્તો, અમારો બોધ નહી સમજે,
અનુસરવા કરે શું? તે, તમારા ચિત્તને પૂછો. ૨૮
હૃદયનો ભેદ રાખીને, તમારા દોષ નહીં ધોશો,
કલ્યાવણુ દોષ નહિ ટળશે, તમારા ચિત્તને પૂછો. ૨૯
હજી પુરૂં નથી જાણ્યું, ઘણું બાકી રહ્યું જાણો,
અધુરાનો કયો નિશ્ચય, તમારા ચિત્તને પૂછો. ૩૦
મનન કરશોજ વાંચીને, મનનથી બોધ મળતો બહુ,
અધિકારી થયા કે નહીં, તમારા ચિત્તને પૂછો. ૩૧
કરો તેનું હૃદય સાક્ષી, ખરું ખોટું હૃદય જાણે,
ગુરુ સેવાથકી જ્ઞાનજ, તમારા ચિત્તને પૂછો. ૩૨
સ્વયં વાંચો સ્વયં શોધો, અનુભવ સદ્ગુરુ પાસે,
બુદ્ધ્યબ્ધિ પૂર્ણ થાવાને, તમારા ચિત્તને પૂછો. ૩૩
પોશ વદી ૧૨ શુક્રવાર. મુ. વસઈ સ્ટેશન ધર્મશાળા. સં. ૧૯૬૭.

---

# प्रगट थाता विचारो बहु.

કવ્વાલિ.

ઉંઘંતા ઉંઘ ના આવે, થતા સ્વપ્નાવિષે પણ તે,
ખરી ધર્મોન્નતિ કરવા, પ્રગટ થાતા વિચારો બહુ. ૧
શુરાતન પૂર્વ જૈનોનું, ગયું કયાં આજ દેખી લ્યો,
અસલ હાલત પુનઃ કરવા, પ્રગટ થાતા વિચારો બહુ. ૨
ચમત્કારો ઘણાપૂર્વે, કર્યા છે પૂર્વ મુનિયોએ,
પુનઃ તેને પ્રગટ કરવા, પ્રગટ થાતા વિચારો બહુ. ૩
તનુ-મન લક્ષ્મીના ભોગે, બને શ્રાવક ઘણા શૂરા,
અસલની દેશના દેવા, પ્રગટ થાતા વિચારો બહુ. ૪

---

૧ ધારને છાણ કહે છે તેમાં ખીલો ઘાલવામાં આવે છે પણ છાણમાં ખીલો હલાવ્યાથી હાલે છે. પૃથ્વીમાં ઘાલેલા ખીલાની પેઠે સ્થિર રહેતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દયાળુ દુનિયા કરવા, પ્રભુ મહાવીરની પેઠે,
અનન્તિ શક્તિ ખીલવવા, પ્રગટ થાતા વિચારો બહુ. ૫
પ્રથમની શક્તિયો કયાં ગઈ, પુનઃ શોધો ઘણી કરવા,
ઉઠતાં બેસતાં ફરતાં, પ્રગટ થાતા વિચારો બહુ. ૬
ખરા શ્રદ્ધાળુ જીવોને, કરેછે દેવતા સહાયો,
વધાવા જૈન શાસનને, પ્રગટ થાતા વિચારો બહુ. ૭
નવું જીવન પ્રેરાતું, પ્રશસ્યોત્સાહથી મનમાં,
પ્રસરતા ભાનુ કિરણોવત્, પ્રગટ થાતા વિચારો બહુ. ૮
અધુના જૈન ધર્મિઓ, ઘણા દુઃખી થતા દીઠા,
કરુણાથી ભલું કરવા, પ્રગટ થાતા વિચારો બહુ. ૯
અમારું દીલ બહુ દાઝે, પડેલાં દુઃખ દેખીને,
ખરી જૈનોન્નતિ કરવા, પ્રગટ થાતા વિચારો બહુ. ૧૦
પ્રભુ મહાવીર શાસનવણ, જરા નહિ ચિત્તમાં ગમતું,
અમારો ધર્મ ફેલાવા, પ્રગટ થાતા વિચારો બહુ. ૧૧
તમારી દૃષ્ટિ ખૂલે તો, બનો સહાયી અમારા ઝટ,
ગ્રહેલું કાર્ય કરવામાં, પ્રગટ થાતા વિચારો બહુ. ૧૨
વધે જો જ્ઞાનની શક્તિ, અમારા ધર્મિ જૈનોમાં,
ઉદય સત્વર બને યત્ને, પ્રગટ થાતા વિચારો બહુ. ૧૩
રહે નહિ દુઃખિયો જગમાં, સ્વધર્મી જે બન્ધો મ્હારો,
ગમે તે જીવનામાટે, પ્રગટ થાતા વિચારો બહુ. ૧૪
કુટુમ્બી સહુ ગણી જીવો, જગત્માં જે રહ્યા જ્યાં ત્યાં,
સકલને બોધ દેવાને, પ્રગટ થાતા વિચારો બહુ. ૧૫
અમારા ધર્મની દૃષ્ટિ, ગ્રહો સત્વર સકલ જીવો,
અનુભવ સર્વને દેવા, પ્રગટ થાતા વિચારો બહુ. ૧૬
અમારા બોલના રાગી, બનો તો ધર્મ ઉદ્ધરશો,
ભણાવાને ખરું જ્ઞાનજ, પ્રગટ થાતા વિચારો બહુ. ૧૭
અહો અધ્યાત્મ ઉપદેશે, સમેછે પન્થના ઝઘડા,
ક્રિયા ને જ્ઞાન ફેલાવા, પ્રગટ થાતા વિચારો બહુ. ૧૮
ખૂલે સ્યાદ્વાદની દૃષ્ટિ, જીવોને તો નથી ઝઘડો.
સકલને દૃષ્ટિ, એ દેવા, પ્રગટ થાતા વિચારો બહુ. ૧૯
ગ્રહ્યાવણ જ્ઞાનની શક્તિ, નિયમસર કામ નહિ થાવે,
ઠસાવા એમ જીવોમાં, પ્રગટ થાતા વિચારો બહુ. ૨૦
રહસ્યો યોગનાં સાચાં, સમાધિ જ્ઞાનથી પ્રગટે,
સમાધિ જ્ઞાન ખીલવવા, પ્રગટ થાતા વિચારો બહુ. ૨૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જમાનાને અનુસરતાં, ગુરુકૂળો સ્થપાવાને,
ઉપાયો સહુ બતાવાને, પ્રગટ થાતા વિચારો બહુ. ૨૨
પ્રગટ કરવા મહાશૂરા, ઘણા ઉપદેશકો મુનિયો,
ખરો રસ્તો જણાવાને, પ્રગટ થાતા વિચારો બહુ. ૨૩
ઘણા સ્યાદ્વાદના ગ્રન્થો, જગત્માં સર્વ ફેલાવા,
અનેકોપાય કરવાને, પ્રગટ થાતા વિચારો બહુ. ૨૪
બનાવા જ્ઞાનથી જૈનો, સુજે સાધન સકલને કહુ,
પ્રભુનો ધર્મ પરખાવા, પ્રગટ થાતા વિચારો બહુ. ૨૫
અમારા આત્મને લાગ્યાં, અનન્તાં કર્મ નિર્જરવા,
ખરી રત્નત્રયી વરવા, પ્રગટ થાતા વિચારો બહુ. ૨૬
સુધારો સર્વ ધર્મોના, કરેછે મુખ્ય નેતાઓ,
પ્રવર્ત્યા સર્વ ચળવળમાં, પ્રગટ થાતા વિચારો બહુ. ૨૭
ખરાને પૂર્ણ ઉદ્ધારવા, સકલને ભાગ લેવાનો,
ખરી દિશાતરફ જાવા, પ્રગટ થાતા વિચારો બહુ. ૨૮
સકલની જાગૃતિ કરવા, ખરાં ભાષણ ખરા લેખો,
યથાશક્તિ ભલું કરવા, પ્રગટ થાતા વિચારો બહુ. ૨૯
કરીશું ને કરાવીશું, કરીશું સત્ય સંકલ્પો,
અનંતાં સુખને દેવા, પ્રગટ થાતા વિચારો બહુ. ૩૦
અમોને દેવતા સહાયો, કરેછે ધર્મ કાર્યોમાં,
ઉદય થાશે હવે નક્કી, પ્રગટ થાતા વિચારો બહુ. ૩૧
વિચારોનાં હૃદયમાં બીજ, ઉગેછે અંકુરો જ્યાં ત્યાં,
"બુદ્ધ્યબ્ધિ" મિષ્ટ ફલ લેવા, પ્રગટ થાતા વિચારો બહુ. ૩૨

મુ. વસઈ સ્ટેશન પોશ વદી ૧૨ શુક્રવાર, ૧૯૬૭.

---

# हृदय मारुं घणुं तल्पे.

કવ્વાલિ.

નિહાળું દુઃખી લોકોને, પીડાતા કર્મથી જગમાં,
પડેલાં દુઃખ સંહરવા, હૃદય મ્હારૂં ઘણું તલ્પે. ૧
જગત્માં સર્વ જીવોની, ખરી ધર્મોન્નતિ કરવા,
ભલું કરવા સદુપદેશે, હૃદય મ્હારૂં ઘણું તલ્પે. ૨
અરે ઓ પાપના ઉદયે, ગરીબી દીનતા ભૂખ્યા,
ભલું કરવા જ ઉપદેશે, હૃદય મ્હારૂં ઘણું તલ્પે. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અરે અજ્ઞાનથી અન્ધા, ભટકતા રોઝની પેઠે,
ખરૂં વિજ્ઞાન દેવાને, હૃદય મ્હારૂં ઘણું તલ્પે. ૪
વિષય વાહ્યા ઘણાજીવો, બન્યા છે મોહથી દુઃખી,
સહજ સુખડાં બતાવાને, હૃદય મ્હારૂં ઘણું તલ્પે. ૫
ઘણી તૃષ્ણા ધરી જીવો, લડીને ક્લેશ બહુ કરતા,
ખરી શાન્તિ બતાવાને, હૃદય મ્હારૂં ઘણું તલ્પે. ૬
ઘણા માનવ પશુ પેઠે, ભટકતા જ્ઞાન નહીં લેતા.
પ્રભુનું જ્ઞાન દેવાને, હૃદય મ્હારૂં ઘણું તલ્પે. ૭
પ્રતિપક્ષી બની માનવ, કરેછે ઘાત અન્યોની,
દયાળુઓ બનાવાને, હૃદય મ્હારૂં ઘણું તલ્પે. ૮
ઘણા વિશ્વાસઘાતીઓ, કપટથી અન્યને મારે,
દયાનો બોધ દેવાને, હૃદય મ્હારૂં ઘણું તલ્પે. ૯
પશુ પંખી ઘણાં કાપે, બનીને માંસના ભોગી,
દયાધર્મી બનાવાને, હૃદય મ્હારૂં ઘણું તલ્પે. ૧૦
કરે નિન્દા ગુરૂઓની, કરે નિન્દા મહન્તોની,
અરે તેનું ભલું કરવા, હૃદય મ્હારૂં ઘણું તલ્પે. ૧૧
જીવોની હાય બહુ લેતા, કનડતા દુઃખ બહુ દેતા,
અરે તેનું ભલું કરવા, હૃદય મ્હારૂં ઘણું તલ્પે. ૧૨
ઘણાંને દુઃખ દેઈને, હસેછે પાપ નહીં ગણતા,
અરે તેનું ભલું કરવા, હૃદય મ્હારૂં ઘણું તલ્પે. ૧૩
મદિરાપાનના મોજી, ધુમાડો વિત્તનો કરતા,
અરે તેનું ભલું કરવા, હૃદય મ્હારૂં ઘણું તલ્પે. ૧૪
કરે પાખંડનાં કૃત્યો, સતાવે સન્ત લોકોને,
અરે તેનું ભલું કરવા, હૃદય મ્હારૂં ઘણું તલ્પે. ૧૫
જગત્માં જૂઠ ઉપદેશે, ભમાવે ભ્રાન્તિથી જીવો,
ખરૂં સમ્યકત્વ દેવાને, હૃદય મ્હારૂં ઘણું તલ્પે. ૧૬
પ્રપઞ્ચો બહુ રચી સ્વાર્થે, કરે કુયુક્તિની ચેષ્ટા,
પ્રપઞ્ચીનું ભલું કરવા, હૃદય મ્હારૂં ઘણું તલ્પે. ૧૭
ખરચતા લક્ષ્મી-ઉન્માર્ગે, મતિ કુંકે કુધર્મોની,
અરે તેનું ભલું કરવા, હૃદય મ્હારૂં ઘણું તલ્પે. ૧૮
જીવન ગાળે પશુ જેવું, કરે નહિ ધર્મની દરકાર,
સદા તેનું ભલું કરવા, હૃદય મ્હારૂં ઘણું તલ્પે. ૧૯
લડે ઝગડે દઈ ગાળો, અદેખાઈ કરે ભારી,
અરે તેનું ભલું કરવા, હૃદય મ્હારૂં ઘણું તલ્પે. ૨૦



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહા મિથ્યાત્વમાં પાડે, મનુષ્યોને દઈ કુમતિ,
અહો તેનું ભલું કરવા, હૃદય મ્હારૂં ઘણું તલ્પે. ૨૧
અમારા ધર્મના શત્રુ, વિરોધી તત્ત્વ ઉપદેશે,
ખરી દૃષ્ટિ ખીલવવાને, હૃદય મ્હારૂં ઘણું તલ્પે. ૨૨
અરે જે આવતા આડા, પ્રભુનાં ધર્મકૃત્યોમાં,
અરે તેનું ભલું કરવા, હૃદય મ્હારૂં ઘણું તલ્પે. ૨૩
રચીને સ્વાર્થની શૂળી, જીવોના પ્રાણ જે લેતા,
અરે તેનું ભલું કરવા, હૃદય મ્હારૂં ઘણું તલ્પે. ૨૪
અધિકારી થઈ મોટા, પજવતા લાંચ બહુ લેતા,
ખરો રસ્તો બતાવાને, હૃદય મ્હારૂં ઘણું તલ્પે. ૨૫
દયાનાં તત્ત્વ ફેલવવા, જિગરથી ભોગ આપીને,
દયા ઉપદેશ દેવાને, હૃદય મ્હારૂં ઘણું તલ્પે. ૨૬
પ્રભુ મહાવીરનાં તત્ત્વો, મનુષ્યોના ભલામાટે,
અતિ વેગે જણાવાને, હૃદય મ્હારૂં ઘણું તલ્પે. ૨૭
નિવૃત્તિ માર્ગના સન્મુખ, યથાશક્તિ જીવો કરવા,
ખરો મોક્ષજ જણાવાને, હૃદય મ્હારૂં ઘણું તલ્પે. ૨૮
જીવોનાં અશ્રુઓ લૂવા, અમારે દેશના દેવી,
ખપાવા કર્મની રાશિ, હૃદય મ્હારૂં ઘણું તલ્પે. ૨૯
પ્રવૃત્તિ માર્ગના કીડા, બનીને શાન્તિ નહિ લેતા,
સહજ આનન્દ ઉપદેશે, હૃદય મ્હારૂં ઘણું તલ્પે. ૩૦
અનન્તાં કર્મ નિર્જરવા, અખણ્ડાનન્દ લેવાને,
થતી ચિન્તા સમાવાને, હૃદય મ્હારૂં ઘણું તલ્પે. ૩૧
સહજ ધર્મો પ્રગટ કરવા, સમાધિધ્યાનમાં રહેવા,
"બુદ્ધ્યબ્ધિ" ઉન્નતિ કરવા, હૃદય મ્હારૂં ઘણું તલ્પે. ૩૨

સં. ૧૯૬૭—પોશ વદી૧૩ શનિવાર–મુકામ–વસઈ સ્ટેશન ધર્મશાળા.

---

# बनो बहादूर सकल जैनो.

જિનેન્દ્રોનું કહ્યું સમજો, જિનેન્દ્રોની ગતિ પકડો,
પરસ્પર સહાય આપીને, બનો બહાદૂર સકલ જૈનો. ૧
તજો આળસ ગ્રહો ઉદ્યમ, ગણો જૈનો સકલ મ્હારા,
ઉઘાડી જ્ઞાનની આંખો, બનો બહાદૂર સકલ જૈનો. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધરો નિઃસ્વાર્થતા મનમાં, રગોરગમાં ધરો જુસ્સો,
કરો તે સાથ આવે સહુ, બનો બહાદૂર સકલ જૈનો. ૩
જિનેન્દ્રોની કરો ભક્તિ, અચળ શ્રદ્ધા ધરો મનમાં,
સહાયો દેવતા કરશે, બનો બહાદૂર સકલ જૈનો. ૪
ગણો ને ધર્મની દોલત, રહ્યાં જે આગમો સઘળાં,
ચઢો આગળ કરી સાહસ, બનો બહાદૂર સકલ જૈનો. ૫
બને છે સર્વ ઉદ્યમથી, વિચારોમાં ઘણી શક્તિ,
હજારો વિઘ્નને જીતી, બનો બહાદૂર સકલ જૈનો. ૬
જિતે છે કર્મને જૈનો, રહે મડદાલ નહિ ક્યારે,
ભણીને વીરનાં તત્ત્વો, બનો બહાદૂર સકલ જૈનો. ૭
અમારી આંખ ને પાંખો, અમારા જૈન ધર્મીઓ,
પ્રભુ મહાવીરના ભક્તો, બનો બહાદૂર સકલ જૈનો. ૮
નકામાં ખર્ચ નહીં કરવાં, નઠારી રીતિયો ત્યાગો,
ભણીને સર્વ વિદ્યાઓ, બનો બહાદૂર સકલ જૈનો. ૯
ઉઘાડો આંખ પોતાની, ઉદયના હેતુઓ સમજો,
રહ્યા પાછળ થવું આગળ, બનો બહાદૂર સકલ જૈનો. ૧૦
પ્રભુનાં તત્ત્વ સમજ્યાવણ, ખરા જૈનો નથી બનતા,
ગુરૂગમ જ્ઞાન લેઈને, બનો બહાદૂર સકલ જૈનો. ૧૧
ધરો નીતિ હૃદયમાંહિ, યથા કહેણી તથા રહેણી,
સ્ફુરાવી આત્મબળ નક્કી, બનો બહાદૂર સકલ જૈનો. ૧૨
જણાવો સત્ય સિદ્ધાન્તો, જનોને ધર્મ ઉપદેશે,
તજીને સાંકડી દૃષ્ટિ, બનો બહાદૂર સકલ જૈનો. ૧૩
પ્રભુનો ધર્મ ફેલાવા, ગણો ને સર્વ પોતાનું,
તજીને ટાયલાવેડા, બનો બહાદૂર સકલ જૈનો. ૧૪
ધરીને જન્મ જૈનોએ, પ્રભુનો ધર્મ ઉદ્ધરવો,
ક્રિયા ને જ્ઞાન બે નયથી, બનો બહાદૂર સકલ જૈનો. ૧૫
હવે ચેતો સૂરિવર્યો, ઉપાધ્યાયો જ પન્યાસો,
મુનિવર્યો હવે ચેતો, બનો બહાદૂર સકલ જૈનો. ૧૬
શુભંકર સાધ્વીઓ જાગો, વિદુષીઓ બનો જ્ઞાને,
કુસમ્પોને તજી સઘળા, બનો બહાદૂર સકલ જૈનો. ૧૭
વિભાગો ત્રણ જૈનોના, પડ્યા છે કાલના યોગે,
પરસ્પર સમ્પીને ચાલો, બનો બહાદૂર સકલ જૈનો. ૧૮
સકલને જ્ઞાન કેળવણી, ખરેખર ધર્મની દેવા,
બજાવો ફર્જ સાધુઓ, બનો બહાદૂર સકલ જૈનો. ૧૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરસ્પર પ્રેમની દૃષ્ટિ, પરસ્પરનું ભલું કરવું,
સહનતા ચિત્તમાં રાખી, બનો બહાદૂર સકલ જૈનો. ૨૦
ખરા જૈનો બની પોતે, બનાવા જૈન અન્યોને,
જીવન હોમો ઉદય કરવા, બનો બહાદૂર સકલ જૈનો. ૨૧
સ્વપર કલ્યાણને માટે, જીવન હોમ્યું અમારૂં સહુ,
ભરીને ચઢતીનાં પગલાં, બનો બહાદૂર સકલ જૈનો. ૨૨
અમારા દીલની સ્ફુરણા, પ્રગટશો સર્વ જૈનોમાં,
અમારા ક્ષત્રિય પુત્રો, બનો બહાદૂર સકલ જૈનો. ૨૩
અમારા પ્રેમનાં પાત્રો, અરે જાગો જુવો સાચું,
'બુદ્ધ્યબ્ધિ સહાયમાં દેવો, બનો બહાદૂર સકલ જૈનો. ૨૪

વસઈ સ્ટેશન, ધર્મશાળા. સં. ૧૯૬૭ પોશ વદી અમાવાસ્યા.

---

# " अमारा दीलना उभरा. "

હૃદય વિશ્રામ મેળાપી, મળે તો યોગ્યતા બુઝે,
રહે સમભાવમાં વૃત્તિ, તદાભાવિ સફલ સુજે. ૧
અમારો યોગ અન્તરનો, નથી ત્યાં વાદની ચર્ચા,
સમજતા જ્ઞાનયોગીઓ, હૃદય વિજ્ઞાન વેત્તાઓ. ૨
વિકટ રસ્તો વિકટ ઝાડી, ઘણા વિક્ષેપ નડવાના,
ઘણાં ત્યાં દુઃખ વેઠીને, લહેછે પાર યોગિયો. ૩
નથી વાતોતણાં ચટકાં, નથી ત્યાં બાહ્યની ગમ્મત,
અનુભવયોગ વિદ્યાના, અમારા યોગીઓ સમજે. ૪
અમારૂં જે સમજતા નહિ, જરા નહિ યોગ્યતા આવી,
પ્રભુની યોગશાળાના, નથી વિદ્યાર્થિયો તે તે. ૫
બન્યા જે પૂર્ણ અધિકારી, પરીક્ષામાં ટકે પૂરા,
અનુક્રમ જ્ઞાન દેવાનું, મળેલા યોગ તત્ત્વોનું. ૬
કર્યાવણ યોગ્યતા પૂરી, વળે નહીં પાસ રહેવાથી,
મદારીના નથી ખેલો, યદિ માનો નહી તો શું ? ૭
અધિકારી વિના દેતાં, ઘણી હાનિ નથી લાભજ,
હૃદયની ઉચ્ચતા થાતાં, અનુક્રમ યોગ મળવાનો. ૮
અધિકારી થતાં જલ્દી, મળેછે વસ્તુ માગ્યાવણ,
કર્યાથી યોગ્યતા પૂરી, ગમે ત્યાંથી મળે તે સહુ. ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હૃદયની ઉચ્ચતા કરતાં, વિનય શ્રદ્ધા ગુણો લેઈ,
મળે તે પાત્રમાં ઠરશે, અનુભવથી જણાવ્યું એ. ૧૦
અધિકારી મળે ત્હેને, વિચારી યોગ્ય દેવાનું,
અમારૂં ચિત્ત પરખીને, ચલે તે શિષ્ય અધિકારી. ૧૧
અધિકારી પરખવાને, કસોટી દીલની કરતાં,
અધિકારી મળે જે કોઈ, ખરો તે શિષ્ય ગણુવાનો. ૧૨
પરીક્ષાવણુ હૃદયદાતા, નથી એ યોગનો યોગી,
અધિકારી લહે ખેંચી, રહ્યું જ્યાંથી અધુરૂં તે. ૧૩
ગૃહસ્થો દીક્ષિતો સર્વે, હૃદયની ઉચ્ચતાવણુ તો,
પ્રવેશક ભક્ત ગણુવાના, હજી છે વાર દેવાની. ૧૪
હૃદયની યોગ્યતાવાળા, લહે છે યોગવિદ્યાઓ,
યથા પચતું તથા દેવું, પગથીયાં યોગનાં ઝાઝાં. ૧૫
ટળે દુર્ગુણ વધે સદ્દગુણ, રહે છે સાધ્યમાં લક્ષ્યજ,
ખુલે અજ્ઞાનના પડદા, જણાતી ગુપ્તવિદ્યાઓ. ૧૬
જણાતા ભેદના ભેદો, જણાતા ખેદના હેતુ,
રહ્યા પાછળ જણાતા તે, ચઢયા આગળ જણાતા તે. ૧૭
સહાધ્યાયી જણાતા સહુ, સહજ આનન્દની ઝાંખી,
અમારો યોગ અન્તરમાં, જણાતો દિવ્યજ્ઞાને તે. ૧૮
ઘટાટોપે વળે નહિ કંઈ, ક્રિયા જડતા ધર્યાથી પણુ,
કથેલું પૂર્ણ વિશ્વાસે, હૃદયમાં ધારતાં વળશે. ૧૯
ઉપરથી હાજી હા કહેવું, હૃદય શ્રદ્ધાથકી ખાલી,
અધિકારીતણાં ફાંફાં, પરખતા યોગીઓ ક્ષણુમાં. ૨૦
મરીને માલ લેવાનો, કર્યું અર્પણ જીવન જેણે,
નથી શંકા થશે સારૂં, અમારૂં દીલ તેનું છે. ૨૧
અધુરા જ્ઞાનથી નિશ્ચય, કરે નહીં જ્ઞાની વર્તનમાં,
કરે આજ્ઞાથકી કાર્યો, ખરી તે યોગ્યતા પાળે. ૨૨
ભમાવ્યો જે ભમે જલ્દી, નથી તે યોગ્ય અધિકારી,
અધિકારી થશો પહેલા, પછે મળશે અધું બાકી. ૨૩
તમારી દષ્ટિથી જોઈ, અમારૂં શું પરખવાના,
પરીક્ષાના પરીક્ષકની, ખરી અવધિ જિનેન્દ્રોમાં. ૨૪
તમારી યોગ્યતા જેવી, અમારે યોગ્ય તે દેવું,
અધિકું ન્યૂન નહિ મળતું, જુઓ જ્યાં ત્યાં ખરૂં એ છે. ૨૫
પરિપૂર્ણ ટળ્યાવણુ તો, ખરેખર રાગને દ્વેષજ,
નથી સર્વજ્ઞની પદવી, આધકારે મળે શક્તિ. ૨૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુણોની યોગ્યતા માટે, અધિકારી થવું ઉંચા,
થયો નિશ્ચય નથી પશ્ચાત, ઉપર ચઢવું ગુણો લેઈ. ૨૭
હૃદયશાળા અમારી એ, ભલે આવો રૂચે તો અહીં,
અમારો યોગ સમજાવી, અમારી સાથ લેઈશું. ૨૮
ઉપાધિથી રહી ન્યારા, અમારી પાસ જો રહેશો,
ખરી સ્થિરતા અનુભવશો, અધિકારી થશો જલ્દી. ૨૯
અમારી પાસ આવીને, ઉપાધિ જો કરો મુજને,
ઉપાધિ દુઃખમાં પડશો, કરો જેવું લહો તેવું. ૩૦
શિખામણ સન્ત આપે છે, ખરો વિશ્વાસ નહિ બેસે.
અનુભવથી થતો વિશ્વાસ, ટળે ટાળ્યો નહીં કયારે. ૩૧
અનુભવની કસોટીમાં, સહજનું સર્વ રહેવાનું,
"બુદ્ધયબ્ધિ" સત્યનો ભાનુ, પ્રગટતાં તત્ત્વ પરખાયું. ૩૨
સં. ૧૯૬૭ બુધવાર. ॐ शान्तिः ३ અગાસી. માહ શુદી ૨.

---

# "अमारा चित्तमां आव्युं."

ખરૂં અધ્યાત્મનું જીવન, અમારૂં સાધ્ય નિશ્ચયથી,
અમારા સાધ્યની દૃષ્ટિ, ખરો વ્યવહાર રાખીને. ૧
અનુભવજ્ઞાનવણ દીક્ષા, ગુરૂ ગીતાર્થ નિશ્રાવણ,
ખરી દીક્ષા ગણાતી નહીં, ઠરે નહિ ચિત્ત અન્તરમાં. ૨
ગુરૂ અધ્યાત્મિની નિશ્રા, કરી દીક્ષા ગ્રહે જુવો,
ગુરૂ આજ્ઞા હૃદય ધારે, અનુક્રમ ઉચ્ચતા પામે. ૩
અમારૂં સાધ્ય સાધીશું, ગમે ત્યાં વિચરી જ્ઞાને,
અનુભવ જ્ઞાનની જ્યોતિ, અમારો ધર્મ ચેતનનો. ૪
અનુભવની પ્રતીતિમાં, અમારા આત્મનો ધર્મજ,
નકામી ધામધૂમોમાં, નથી આનન્દ પરખાતો. ૫
પડે છે ભેદ વ્યવહારે, નથી અધ્યાત્મમાં પડતો,
વિવાદોનો શમે ઝઘડો, અમારા આત્મના ધર્મે. ૬
સહજ ચૈતન્યરૂપે હું, સકલનો સાક્ષિથી દ્રષ્ટા,
સહજ આનન્દ તે હું છું, અરૂપી ધર્મનો ધારક. ૭
અશાતા [1]શાતથી ન્યારો, અનુભવ શુદ્ધ નિશ્ચયથી,
અમારા દીલમાં એવું, પડે તે સર્વ સહેવાનું. ૮

૧ શાતાવેદનીય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રગોરગમાં વહી શ્રદ્ધા, જિનાગમ સત્ય તત્ત્વોની,
અમારે વીરની પેઠે, ઘણા વિક્ષેપને સહેવા. ૯
પ્રથમથી માફ માગું છું, નહિ સમજાય તેની હું,
નથી સર્વજ્ઞ આ ભવમાં, ખરેખર હું અધુરો બહુ. ૧૦
અરે અમૃતતણો બિન્દુ, ઘણા રોગો હણે ક્ષણમાં,
ધરી સન્તોષ કલિકાળે, મળ્યું તે જ્ઞાન સાચવવું. ૧૧
અપૂર્ણજ પૂર્ણતા પામે, પ્રયત્ને પૂર્ણતા સિદ્ધિ,
પડ્યો રસ્તે, ગમે ત્યારે, થશે સિદ્ધિ નથી શઙ્કા. ૧૨
નથી વીતરાગતા પૂરી, પ્રગટતો રાગ મનમાંહિ,
સુરસ્તે વાપરીશું સહુ, યથાશક્તિ વિવેકે તે. ૧૩
નિસરણી મુક્તિની સાચી, અનુભવમાં વસી સમતા,
અમારી એ ખરી દેવી, ઉપાસક હું થયો ત્હેનો. ૧૪
કરીશું ઉર્ધ્વ ચડવાની, ક્રિયાઓ યોગ્ય પોતાને,
હૃદયના ભેદુઓ સાથે, ગમે તે યોગથી ચડવું. ૧૫
અમારાથી ચઢ્યા આગળ, મહન્તો દિવ્યદ્રષ્ટાઓ,
અમારા સહાયકો સન્તો, ખરા પ્રેમે ચઢાવો ઉર્ધ્વ. ૧૬
અરે કલ્પાયલાં સુખો, પ્રકટ મનમોહવિભ્રમથી,
નિરાશાનાજ નિઃશ્વાસા, જીવન હાર્યું ગણે તે તે. ૧૭
જણાવેછે ખરાં સુખડાં, અનુભવજ્ઞાન અમને તે,
અમારી લાગી લય ત્યાં તો, ગમે નહિ દીલમાં બીજું. ૧૮
વિપાકો કર્મના ભારી, શરીરે સર્વ સહવાના,
રહી અન્તરથકી ન્યારા, સહજ વિજ્ઞાનમાં રહેવું. ૧૯
પરમ સુખ પાસ છે નક્કી, મળે છે તત્ત્વદષ્ટિએ,
થયાથી ચિત્ત નિર્મલતા, અખણ્ડાનન્દની લ્હેજત. ૨૦
ઉપાધિ જો ગણું તો છે, ઉપાધિ નહીં ગણું તો નહીં,
બગડવાનું નથી મ્હારૂં, કરે જો શત્રુતા કોઈ, ૨૧
થશે ખુશી અમારાપર, જગત્ના લોક તોપણ શું ?
તમારી ખુશીના મેમાન, થયા ભવમાં ઘણી વેળા. ૨૨
થશો નાખુશ તો પણ શું ? સ્પૃહા નહિ બાહ્યની કિઞ્ચિત્,
અમારો ન્યાય આપોઆપ, તમો તો દેખનારાઓ. ૨૩
પડેલા દુઃખમાં ભાગો, તમો તો દુઃખ નહી લેશો,
પડેલાં દુઃખ હરવામાં, અમારી શક્તિ વાપરવી. ૨૪
ભવાંભોધિ સ્વયં તરવો, અમારા આત્મબળ યોગે,
ગમે ત્યારે ઉપાય જ એ, નથી અજ્ઞાતણો દાવો. ૨૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિમિત્તો અન્ય અવલમ્બી, અમારા દેશમાં જાવું,
નથી ખપનું જગતનું રાજ્ય, અમારૂં રાજ્ય અન્તરનું. ૨૬
સહજ સ્વતન્ત્ર થાવાને, પરાધીનતા બધી ત્યજવી.
અલખ આનન્દમાં રહેવા, સહજની દૃષ્ટિમાં રહેવું. ૨૭
અલખનો દેશ છે મ્હારો, અલખનું કૂળ છે મ્હારૂં,
અલખની જાતિ છે મ્હારી, અલખ એ ગામ છે મ્હારૂં. ૨૮
અલખમાં જન્મ છે મ્હારો, અલખ વિશ્રામ છે મ્હારો,
અલખ એ નામ છે મ્હારૂં, નથી ત્યાગી નથી ભોગી. ૨૯
નથી વેદી નથી ખેદી, નથી જાતિ નથી ભાતિ,
અલખ હું બ્રહ્મ છું નિશ્ચય, અલખમાં શુદ્ધ મસ્તાની. ૩૦
અલખનો દેશ અલખનું સુખ, પ્રભુ મહાવીર આજ્ઞાએ.
કર્યો નિશ્ચય અમોએ એ, સરસ સ્યાદ્વાદદૃષ્ટિએ. ૩૧
અભિમુખ આત્મના થાજે, અમારા પ્રેમીડા મનડા,
" બુદ્ધ્યબ્ધિ " આત્મ સૂર્યોદય, પ્રકટ વિજ્ઞાનનાં કિરણો. ૩૨

સ. ૧૯૬૭ માહ શુદી ૫ શનિવાર, અગાસી. ॐ शान्तिः ३

---

# विचारो पत्र हे साधो !

મળ્યો મુંબાઇથી પત્રજ, જિગરથી ત્હેં લખ્યું જે જે,
વિચાર્યો સાર ત્હેનો મેં, બને તે સાક્ષીથી જોતું. ૧
ગુણાનુરાગ દૃષ્ટિથી, વિચારે તો થશે શાન્તિ,
ગુણો જોવા ગુણો લેવા, ખરી એ સાધુની વૃત્તિ. ૨
પુનઃ પ્રગટ્યો ત્હને જે રોગ, ખરેખર કર્મના ઉદયે,
કરી વ્યવહારથી ઔષધ, થતું તે વેદ સમભાવે. ૩
મરણ તો સર્વના માથે, જીવન દોરી સુધારી લે,
હજી છે હાથમાં કરવું, પછીથી ખૂબ પસ્તાઇશ. ૪
મગજને કાબુમાં રાખી, વિચારી બોલજે ધીમું,
પરમ્પર વૈરનું કારણ, પરિહર યાદ લાવીને. ૫
કરીશ નહિ દ્વેષ જીવોપર, કરીશ નહિ રાગ જીવોપર,
ખરી વીતરાગતા ધરવા, જીવન બાકી સુધારી લે. ૬
કરી લે ધર્મની સેવા, તજી વિકથા ઉપાધિ સહુ,
ખમાવી લ્યે સકલ જીવો, લઘુતા દીલમાં ધારી. ૭
ગ્રહી દીક્ષા ભલામાટે, અહો ત્હેં પ્રેમથી સારી,
ગુરૂ આજ્ઞાવિના નહિ સુખ, ગમે ત્યાં જાઓ વા આવો. ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તજીને ચિત્ત ચઞ્ચલતા, હવે તો ભાવ લાવીને,
શરણ વીતરાગનું કરજે, પ્રમાદો શીઘ્ર પરિહરજે. ૯
ગુરૂની આણ ઉત્થાપી, ધરી સ્વચ્છન્દતા મનમાં,
હૃદયના દોષ તે હરવા, ઉપાયો યોગ્ય આદરજે. ૧૦
જીવન ભાવી સુધરશે તુજ, ગુરૂ આજ્ઞા વહન કરતાં,
જિગરથી એ દઉં આશીઃ, હૃદયની શુદ્ધતા થાશે. ૧૧
રહીને પાસ એ કરજે, પડે જો દૂર તોપણ એ,
મળોને સજ્જ સન્તોનો, સદા તુજને જણાવ્યું એ. ૧૨
બજાવી ફર્જ નહિ મ્હારી, અમારી પાસમાં રહેતાં,
ગણીને ભૂલ પોતાની, જિગરથી માફ માગી લે. ૧૩
ગુરૂ ને શિષ્ય વ્યવહારે, પ્રભુના પન્થમાં વહેતાં,
સકલને ફર્જ સાચવવી, રહીને આત્મ ઉપયોગે. ૧૪
કર્યો ઉપકાર યાદીમાં, ધરીને ધર્મ આદરજે,
અધિકારી થવા માટે, હૃદયની ઉચ્ચતા કરજે. ૧૫
જીવન આનન્દમય કરવા, ગુરૂ આજ્ઞા સદા ધરવી,
"બુદ્ધ્યબ્ધિ" લેખને વાંચી, સમજશો તો સુખી થાશો. ૧૬
૧૯૬૭ માહ શુદી ૫ શનિવાર, મુ. અગાસી, પાનાચંદની વાડીમાં.

---

# अपेक्षावाणी.

કવ્વાલિ.

વિચારે ભિન્નતાવાળા, ઘણા લોકો મ્હને મળતા,
કરે ઝઘડા પરસ્પરમાં, અપેક્ષાને નથી જોતા. ૧
થતા દીઠા અનેકાર્થો, ખરેખર શબ્દના જગમાં,
અનેકાશય અપેક્ષાથી, વિચારે તો સકળ સવળા. ૨
અપેક્ષાને ગ્રહ્યાવણ તો, પ્રકટ મિથ્યાત્વ એકાન્તે,
ઘણી તકરાર થાવાની, થઇ પૂર્વે થશે ભાવી. ૩
અપેક્ષાજ્ઞાન લીધાવણ, બને છે શાસ્ત્ર તે શસ્ત્રજ,
અપેક્ષાજ્ઞાન લીધાથી, અનેકાન્તે બને જૈનો. ૪
નયોનું જ્ઞાન લીધાવણ, અપેક્ષાવાદ નહિ સુજે,
પરસ્પર આશયો સાધે, અપેક્ષાવાદની સાંકળ. ૫
સકલ સર્વજ્ઞ દેખે પણ, અપેક્ષાવાદથી કહેવે,
અપેક્ષાવાદથી જૈનો, સકલ ધર્મિવિષે મોટા. ૬



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સકલ શાસ્ત્રોતણી કુંચી, અપેક્ષાવાદ જયકારી,
બતાવ્યો વીર સર્વજ્ઞે, અમારા દીલમાં પેઠો. ૭
અપેક્ષાવાદ ચક્રોથી, ટળે છે આગ્રહો સઘળા,
"બુદ્ધ્યબ્ધિ" સત્ય, શાસ્ત્રોમાં, ગુરુગમજ્ઞાનથી લેવું. ૮

મુ. અગાસી—માહ શુદી ૫. ૐ शान्तिः.

# "अपेक्षावाद आ म्हारो."

કવ્વાલિ.

અપેક્ષાએ સમજવાને, સતત ઉદ્યમ અમારો છે,
અમારાં ભાષણો સર્વે, અપેક્ષાથી ભર્યાં સમજો. ૧
અધિકારી પરત્વે છે, અપેક્ષાજ્ઞાન ઉપદેશો,
નથી સહુ એકના માટે, અધિકારે વિચારી લ્યો. ૨
અધિકારી વિષય ભેદે, જગત્માં જીવ છે જુદા,
અધિકારી નથી સરખા, અધિકારે પડે ભેદો. ૩
અધિકારે જ તરતમતા, જગત્‌ની ભિન્ન દૃષ્ટિયો,
રૂચે નહિ સર્વને એક જ, અધિકારે રૂચે જૂદું. ૪
અસંખ્યાતા ગણ્યા છે યોગ, સકળ એ મુક્તિના હેતુ,
રૂચિભેદે અપેક્ષાથી, લડો નહિ સાધનોમાંહિ. ૫
ટળે આવરણ જે ગુણનું, થતી તે યોગની રૂચિ,
વિચિત્રાઈ નજર આવે, અનુભવથી વિચાર્યું એ. ૬
ઘણા મુક્તિતણા યોગો, સકળ સાથે નથી થાતા,
ક્રિયા ને જ્ઞાન બે યોગે, મ્હને સાધનવિષે રૂચિ. ૭
કરૂંછું મુખ્ય જે યોગે, પ્રગટ રૂચિ બળે સાધન,
રહ્યા ગૌણત્વ જે યોગો, નથી તેનું જરા ખંડન. ૮
અમોને ગૌણ જે યોગો, પ્રગટ તે મુખ્ય અન્યોને,
સકળને લક્ષ્ય મુક્તિનું, અનન્તાં સુખ લેવાને. ૯
ઘણા આસન્ન મુક્તિના, ઘણા દૂરેજ મુક્તિથી,
રહ્યા તે મુક્તિ રસ્તામાં, મુસાફર મુક્તિના તે છે. ૧૦
દૂરાસન્નાદિ ભેદો તો, વિરોધી મુક્તિના નહીં તે,
દૂરાસન્નાદિ કાલે પણ, પડે નહિ ભેદ મુક્તિનો. ૧૧
ખરેખર મુક્તિરસ્તામાં, વહ્યા તે મુક્તિ લેવાના,
ગમે તે યોગથી જીવો, જિનેન્દ્રોનાં ગ્રહી તત્ત્વો. ૧૨
ગુણો સરખા નથી સહુને, નથી દોષો સકલ સરખા,
ગુણો લેવા ધરી પ્રીતિ, ખરી આત્મોન્નતિ કુંચી ૧૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમારી ફર્જ દુનિયામાં, સદા આત્મોન્નતિ કરવી,
તમારી ફરજ પણ એ છે, સકલને સાધ્ય છે એક જ. ૧૪
સકલને વિઘ્ન નાખ્યાવણ, અમારો પન્થ લેવાને,
તમારે પણ તથા કરવું, અપેક્ષાવાદથી ચાલો. ૧૫
સદા પુષ્યાર્કની પેઠે, ઉદય મ્હારો થશો જગમાં,
"બુદ્ધ્યબ્ધિ" આત્મની ચડતી, અખંડાનન્દની પ્રાપ્તિ. ૧૬

સં. ૧૯૬૭ માહ શુદી ૧૪. પુષ્યાર્ક–ગોકળ મૂળચંદ બીલ્ડીંગ.

ॐ शान्तिः.

---

# सदा आनन्दमां रहीशुं.

કવ્વાલિ.

જણાયું સત્ય પોતાનું, ટળ્યો વિભ્રમ અનાદિનો,
સકલમાં બ્રહ્મતા દેખી, સદા આનન્દમાં રહીશું. ૧
સકલમાં સામ્યતા ધારી, સકલમાં પ્રેમતા ધારી,
સ્વભાવે સર્વને નિરખી, સદા આનન્દમાં રહીશું. ૨
વપુથી ભિન્ન છે સર્વે, સકળ છે ભિન્ન કર્મોથી,
અભિન્નજ ચેતના ધર્મે, સદા આનન્દમાં રહીશું. ૩
ફરે છે ભિન્ન પર્યાયો; સદા છે દ્રવ્યથી સ્થિરતા,
અમારૂં પારખી લીધું, સદા આનન્દમાં રહીશું. ૪
સદા નિર્ભય અમર નિશ્ચલ, સનાતન આત્મરૂપે છું,
સકલ બ્રહ્માંડનો દીવો, સદા આનન્દમાં રહીશું. ૫
શુભાશુભ કર્મ જે આવે, જણાવે સુખ ને દુઃખો,
નથી એમાં નહી હું તે, સદા આનન્દમાં રહીશું. ૬
પરિપૂર્ણ સ્વરૂપે તો, મ્હને દેખેજ સર્વજ્ઞો,
જણાયો દૂર પણ પાસે, સદા આનન્દમાં રહીશું. ૭
ખરી છે લક્ષ્મી મુજ પાસે, નથી દીનતાતણો દાવો,
તજી ઇષ્ટજ અનિષ્ટત્વ, સદા આનન્દમાં રહીશું. ૮
તપાવે તાપ નહિ ક્યારે, જ્વલાવે અગ્નિ નહિ ક્યારે,
કદી શોષે નહી વાયુ, સદા આનન્દમાં રહીશું. ૯
સકળ જે કીર્તિનાં વાદળ, સકળ અપકીર્તિનાં વાદળ,
અરે બેથી રહી ન્યારા, સદા આનન્દમાં રહીશું. ૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સકળ પ્રારબ્ધ વેદીશું, ભલું બુરૂં ઉદય આવ્યું,
"બુદ્ધચબ્ધિ" જ્ઞાનમાં રમતાં, સદા આનન્દમાં રહીશું. ૧૧
ફાગણ શુદી ૩. મુંબાઈ. ૧૯૬૭. ॐ शान्तिः

---

# वैराग्य–ब्रह्मोद्गार.

કવ્વાલિ.

અનુકૂળ કે પ્રતિકૂળની, જરા નહિ ચિત્તમાં ઇચ્છા,
જગત્ વ્યવહારદૃષ્ટિથી, વિવેકે સર્વ કહેવાયું. ૧
પડંતાની કરુણા છે, પડીને પણ ચડો વેગે,
અમારી એજ છે આશી, નથી હું તું તણો ઝઘડો. ૨
અનન્તા જીવ છે જગમાં, ભમે છે કર્મ અનુસારે,
જીવોનો ઉદાધ દુનિયા, નથી હું તું તણો ઝઘડો. ૩
યથા દૃષ્ટિ તથા તેવા, જગત્‌ના જીવ સહુ ભાસે,
પ્રવેશે જ્ઞાનસાગરમાં, નથી હું તું તણો ઝઘડો. ૪
તમારી દૃષ્ટિના ચશ્મે, અમારૂં રૂપ શું જોશો?
ખરૂં જોવાય જો જ્ઞાને, નથી હું તું તણો ઝઘડો. ૫
ભટકશો વાયુની પેઠે, ગમે ત્યાં પણ નથી શાન્તિ,
અરે અજ્ઞાનના યોગે, નથી નિષ્કામની કરણી. ૬
નિહાળું બ્રહ્મદૃષ્ટિથી, સકલને આત્મવત્ સરખા,
હૃદયમાં વસ્તુતઃ એવું, અહન્તા બાહ્યમાં શાની? ૭
અહન્તા રાક્ષસી મોટી, ગળે છે સર્વ જીવોને,
અરૂપીને ગળે નહિ કોઈ, અમારૂં રૂપ છે નહિ કંઈ. ૮
જગત્‌માં બાહ્ય સમ્બન્ધો, થયા ને થાય છે થાશે,
અહન્તાથી રહી ન્યારા, કરીશું જોઈશું આવ્યું. ૯
અભિધાનો તરઙ્ગોવત્, ઉપજતાં ને વિણસતાં સહુ,
અમોને નામથી નિન્દો, પ્રશંસો તો અમારે શું? ૧૦
અધિકારી થશો ત્યારે, અમારું કહેણુ સમજાશે,
આધકારી થયાવણુ તો, અરુચિ દ્વેષ મન થાતો. ૧૧
અમારું સત્ય જે હાર્દ, અમારા બન્ધુઓ જાણે,
ક્રિયાયોગી સહજયોગી, આધકારે કરે સર્વે. ૧૨
ધરી અધ્યાત્મની દૃષ્ટિ, બનું વ્યાપક સકળમાં હું,
થવાતું જ્ઞાનથી વ્યાપક, અપેક્ષા વાણીમાં સમજો. ૧૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપરનું સર્વે ઉપરથી, સદા નિર્લેપ થઈ કરવું,
સદા વિજ્ઞાનદષ્ટિથી, જુવે છે જ્ઞાનયોગીઓ. ૧૪
કહું તો પાર નહિ આવે, કહું તો શું? અમારું શું?
અલખ હું બ્રહ્મમય પોતે, "બુદ્ધ્યબ્ધિ" ઝળહળે જ્યોતિ. ૧૫

ફાગણ શુદી ૩ મુંબાઈ. ૧૯૬૭. ॐ शान्तिः.

---

# भविष्यजीवनकार्यसमालोचना.

કવ્વાલિ.

અરે ચેતન તજી ચિન્તા, વિચારી લે સુધારી લે,
ઉપાધિયો ઘણી વેઠી, પ્રભુનો ધર્મ સેવી લે. ૧
મહન્તોને પડે છે દુઃખ, ભલું કરતાં મનુષ્યોનું,
ગ્રહણ છે ચંદ્ર ભાનુપર, નથી તારા ઉપર ક્યારે. ૨
ડરે તે શું? કરે જગમાં, નથી ભીતિ મહન્તોને,
સુધારક મોક્ષપન્થોના, ધરે નહિ સ્વાર્થનો છાંટો. ૩
ઉગ્યાં છે મોક્ષપન્થોમાં, ભયાનક કણ્ટકવૃક્ષો,
સડકનો માર્ગ જે કાઢે, ઉપાધિ તે ગણે નહિ કંઈ. ૪
પ્રતિપક્ષી બને અજ્ઞો, કદાગ્રહથી કરે હોહા,
અડગ વૃત્તિથકી સન્તો, ખમે સઘળું વહે આગળ. ૫
કદાપિ પ્રેમ નહિ તજતા, કરે છે ધર્મની રક્ષા,
કરે છે યુદ્ધ ધર્માર્થમ્, ધર્યું સહુ ધર્મના માટે. ૬
ચઢાવે આળ ખોટાં સહુ, ચડે તો પાડવા માટે,
ધીરજ તજતા નથી સન્તો, સમજ ચેતન અરે મ્હારા. ૭
જરા નહિ આકળો થા તું, જરી પાછો નહિ હઠ તું,
ધરી સમતા સ્વપરમાટે, ક્રિયામાં મૂક આચરણા. ૮
કદર નહિ મૂર્ખ જીવોને, પડે તેથી અરે સામા,
કદર નહિ જીવતાં કરતા, પછીથી યાદ કરવાના. ૯
કદર જો નહિ કરે તો શું? કદરની શી અરે પરવા,
બની આદર્શવત્ કરવું, શુભાશુભ શબ્દનો સાક્ષી. ૧૦
મનો-વાક્ કાયથી ચેતન, સદા આદર્શવત્ રહેવું,
ભલી સુમતિતણી શિક્ષા, હૃદયમાં ધારજે વ્હાલા. ૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનુષ્યોના અભિપ્રાયે, મનુષ્યોની પરીક્ષામાં,
જણાવાનો જુદો જુદો, અતઃ તું કાર્ય કર હારૂં. ૧૨
હશે તેવો જણાશે તું, સ્વયં જ્ઞાને વિચાર્યાથી,
જીવન પરમાર્થનું જગમાં, ધરી લે વીરની પેઠે. ૧૩
પરોક્ષે નહિ જણાવાનો, જગત્‌ની દૃષ્ટિમાં ક્યારે,
જગત્‌ની દૃષ્ટિમાં નહિ તું, તજી દે કલ્પના ખોટી. ૧૪
ચડી જા માર્ગ અવલંબી, સદા આનન્દમાં રહીને,
" બુદ્ધ્યબ્ધિ " શિખ પોતાને, અનુભવજ્ઞાન આપે છે. ૧૫

ફાગણ શુદી ૬. ૧૯૬૭, મુંબાઈ. ॐ शान्तिः.

---

# अमारो एज छे धंधो.

કવ્વાલિ.

જગત્‌માં દોષ છે જ્યાં ત્યાં, જગત્‌માં સદ્‌ગુણો જ્યાં ત્યાં.
ગુણો જોવા ગુણો લેવા, અમારો એજ છે ધંધો. ૧
ગમે ત્યાંથી ગુણો લેવા, અમારી ઉચ્ચતા માટે,
પ્રગટ કરવા અમારામાં, અમારો એજ છે ધંધો. ૨
પ્રકટભાવે ગુણો જે જે, જિવોમાંહિ જણાતા તે,
અમારામાં ખીલવવા સહુ, અમારો એજ છે ધંધો. ૩
કદાપિ પાર નહિ આવે, જગત્‌માં દોષને જોતાં,
ગુણોની દૃષ્ટિ ખીલવવી, અમારો એજ છે ધંધો. ૪
ગુણાનુરાગદૃષ્ટિથી, રહે છે ચિત્તડું નિર્મલ,
અનુભવ એ કર્યો કરશું, અમારો એજ છે ધંધો. ૫
બને છે પ્રેમની શુદ્ધિ, રહે છે પ્રેમથી આનન્દ,
સદા નિર્દોષતાવાળો, અમારો એજ છે ધંધો. ૬
વહે છે પ્રેમનાં ઝરણાં, ગુણાનુરાગઅદ્રિથી,
કરીશું સ્નાન તેમાંહિ, અમારો એજ છે ધંધો. ૭
અધિકારી પરત્વે જે, કરાશે ધર્મનાં કૃત્યો,
બની આદર્શવત્ કરવાં, અમારો એજ છે ધંધો. ૮
ગુણાનુરાગ નહિ ભૂલું, ગમે તેવા પ્રસંગોમાં,
ભણીને એજ ભણવાનું, અમારો એજ છે ધંધો. ૯
બનો પ્રોફેસરો મોટા, તથાપિ એજ ભણવાનું,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભણીને એજ કરવાનું, અમારો એજ છે ધંધો. ૧૦
ગ્રહો સંન્યાસ કે સત્તા, બનો નૃપતિ અધિકારી,
ગ્રહો ગુણને થશો મોટા, અમારો એજ છે ધંધો. ૧૧
ગુણાનુરાગદૃષ્ટિમાં, સમાયાં બીજ ધર્મોનાં,
ઉગાવું પ્રેમવારિથી, અમારો એજ છે ધંધો. ૧૨
મહન્તોની મહત્તાઈ, જગતની ઉન્નતિ એમાં,
ખરેખર એજ નિર્ધાર્યું, અમારો એજ છે ધંધો. ૧૩
ગમે ત્યાં કર્મના યોગે, જઇશું ને રહીશું પણ,
હૃદયમાં ધારણા ધરવી, અમારો એજ છે ધંધો. ૧૪
અમારી એ ક્રિયા મોટી, ખરૂં તપ જપ અને ભક્તિ,
"બુદ્ધયબ્ધિ" ધર્મમંગલમાં, રહી આનંદની ઝાંખી. ૧૫

સં. ૧૯૬૭. ફાગણ શુદી ૮. મુંબાઈ. ॐ शान्तिः.

# विचारबळ.

કવ્વાલિ.

વિચારોનું ઘણું બળ જ્યાં, ઘણાઓના વિચારો એક,
વિજય તે વર્ગનો થાતો, ગમે તે દેશ જાતિમાં. ૧
મ્હને એનો થયો નિશ્ચય, વિચારોથી સકલ બનતું,
વિચારો કાર્યની પૂર્વે, પછીથી છે ક્રિયાઓ સહુ. ૨
સકલ ભાષા શરીરોસમ, વિચારો જીવ છે તેમાં,
વિચારો વાયુની પેઠે, ગમે ત્યાં વાણીથી જાતા. ૩
વિચારોનો મહા ઉદધિ, ઉઠે ભાષાતરંગો ત્યાં,
વિચારો જીવતા જગમાં, અનન્તોકાળ રહેવાના. ૪
વિચારોથી ફરે માનવ, વપુયંત્રો થતાં નાના,
વિચારો આત્મમાં થાતા, વિચારોથી નવું બનતું. ૫
વિચારોની ઉથલપાથલ, જગત્‌ની તે ઉથલપાથલ,
વિચારોથી ફરે સઘળું, તપાસીને જુઓ સઘળે. ૬
વિચારો ઉચ્ચ થાતાં ઝટ, મનુષ્યો ઉચ્ચ થાવાના,
વિચારોથી ફરે જાતિ, વિચારોથી ફરે મનડું. ૭
પવિત્રાઈ વિચારોમાં, થતાં બનતી ખરી શુદ્ધિ,
ઘડીમાં પાપ ટળતાં સહુ, ગમે તે કૂળ જાતિમાં. ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિચારો શુદ્ધ કરવાનો, સમાગમ સન્તનો સારો,
વિચારોને ગ્રહે તેવો, બને છે માનવી જગમાં. ૯
વિચારોની અસર થાતી, હવા ને પ્રાણ દેહોમાં,
વિચારો વિજળી જેવા, અનન્તિશક્તિ ધરનારા. ૧૦
વિચારોના ઘણા ભેદો, અસંખ્યાતા બુરા સારા,
ગમે ત્યાંથી ગ્રહી સારા, બનો મહાવીરના જેવા. ૧૧
વિચારે ભેદ છે પ્રાયઃ, મળે નહિ સર્વના સરખા,
વિચારે ભિન્નતા પરખી, કરો નહિ સ્થૂળપર દ્વેષજ. ૧૨
વિચારો ધર્મના સારા, જગત્‌ની ઉન્નતિ સાધક,
અમારી ઉન્નતિ માટે, અમારા ચિત્તમાં ધાર્યા. ૧૩
પ્રસરશે વાયુની પેઠે, સહુજની શાન્તિ કરનારા,
ખરેખર યોગ્ય જીવોમાં, મળે છે યોગ્યતા તેવું. ૧૪
ખરેખર પ્રેમજીવનથી, વિચારોની અસર થાતી,
વધે છે પ્રેમથી ધર્મજ, "બુદ્ધ્યબ્ધિ" એજ નિર્ધાર્યું. ૧૫

મુંબાઈ વાલકેશ્વર. ફાગણ શુદી ૯. ૧૯૬૭. ॐ शान्तिः.

# प्रसङ्गोद्गार.

કવ્વાલિ.

ખરૂં કહેતાં સતાવો છો, મ્હને નાહક થઇ સામા,
ખરાનો ખ્યાલ નહિ કરતાં, પછીથી ખૂબ પસ્તાશો. ૧
ભલા માટે ખરૂં કહેતાં, પ્રતિપક્ષી બની ઉલટા.
કથનમાં વિઘ્ન નાખો છો, ચડો નહિ ને ચડાવો નહિ. ૨
ઘણી ગમ્ભીરતા રાખી, તમારૂં સર્વ સહેવાનું,
ઉપર ચડવું ધરી ધીરજ, તમારૂં પણ ભલું થાશો. ૩
ચડાવો આળ તો પણ શું? દયા આવે તમારા પર,
કરો જે કલ્પના મિથ્યા, નથી તે સત્ય થાનારી. ૪.
ગુણાનુરાગ દૃષ્ટિથી, અમારી તર્ફ જો જોશો,
પ્રગટશે સત્યની દૃષ્ટિ, તમારી ભૂલ દેખાશે. ૫
હૃદયથી ભિન્ન, વાણીમાં, હૃદયથી ભિન્ન, ચેષ્ટામાં,
જગત્ જાહેર તે જુદું, કપટથી છેતરો નિજને. ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમારા શિષ્ય કહેવાશો, ઉપરથી દુનિયામાંહિ,
મળ્યાવણ મેળ મનનો સહુ, નથી અન્તરથકી શિષ્યો. ૭
વિચારે ભિન્નતા પડતાં, બન્યા ભક્તો ફરી જાવે,
અપેક્ષાવાદ સમજ્યાથી, પુનઃ તે ભૂલને તજશે. ૮
અનેકાશય અપેક્ષાથી, યથા બુદ્ધિ સકલ સમજે,
નથી વિદ્વાનનો ફાંકો, અપેક્ષા સર્વે સમજ્યાવણ. ૯
અપેક્ષા સર્વે સમજ્યાથી, મળે છે મેળ સહુ સાથે,
જિનાગમ વાંચતાં સઘળું, અનુભવમાં સકલ આવે. ૧૦
નથી તકરારનું ટાણું, નયોના બોધથી જોતાં,
પ્રસઙ્ગોપાત જે થાશે, અપેક્ષાવાદમાં પડશે. ૧૧
હૃદય ઉતરે અમારૂં જો, તમારાપર સકલ સમજો,
શુભાશય ઉન્નતિ ક્રમમાં, સદા આનન્દથી ચડશો. ૧૨
તમારી દિવ્ય ચક્ષુઓ, ઉઘડશે દિવ્ય દેખાશે,
પ્રથમ વિશ્વાસથી પ્રેમે, અધિકારી ભલા બનવું. ૧૩
ઉતરશે વાસના વેગો, ઉપાધિયોગ અળપાશે,
અનુભવ આવતો એવો, મ્હને ત્હેનો રહ્યો સાચો. ૧૪
ખુલાસો એ કર્યો જાહેર, વિચારો તો ઘણું લેશો,
"બુદ્ધ્યબ્ધિ" દીલના ઉદ્દગાર, પ્રસઙ્ગે વાણીમાં ઝળકે. ૧૫
મુંબાઈ વાલકેશ્વર. ૧૯૬૭ ફાગણ શુદી ૧૦. ॐ शान्तिः ३

---

# " મ્હને ધારો નથી તે હું. "

કવ્વાલિ.

મ્હને કહેતા જગત્ લોકો, ખરો ખોટો નથી તે હું,
મ્હને દેખે નહીં લોકો, સ્તુતિ નિન્દાથકી ન્યારો. ૧
નથી મ્હારૂં અરે નામજ, અહંતા નામમાં શાની?
નથી હું રૂપમાં નક્કી, મ્હને દેખો નથી તે હું. ૨
મ્હને મ્હારો થયો નિશ્ચય, જગત્ કહે તે ન જોવાનું,
ધરૂં નહિ હર્ષ દીલગીરી, જગત્ની કહેણીમાં કિઞ્ચિત. ૩
ગમે તે દુનિયા બોલે, કદાપિ અન્ત નહિ આવે,
પ્રતિષ્ઠાની તજી મમતા, પ્રતિષ્ઠા મોહનું થાણું. ૪
જરા નહિ ચિત્તમાં લાવું, જગતનું બોલવું જે જે,
ખરેખર આત્મવ્યક્તિ છું, અમારા ધર્મમાં શાન્તિ. ૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જગત્‌ના બોલ બેરંગી, કદાપિ એક નહિ થાવે,
અમે તે માનતા લોકો, થયો નહિ એક મત ક્યારે. ૬
ગ્રહ્યો છે પન્થ મુક્તિનો, બચીશું સર્વ દુઃખોથી,
અમારૂં ઇષ્ટ છે પાસે, વિરોધિથી વળે નહિ કંઈ. ૭
અમારા રૂપથી જોતાં, અમારૂં નહિ વિરોધી કોઈ,
તમારી બુદ્ધિથી અવળા, અરે તેમાં અમારે શું ? ૮
તમારી પણ દયા આવે, દયાનો ભાવ નહિ છંડું,
નથી બીવું નથી હઠવું, બને તે ભાવી જોવાનું. ૯
વિવેકે ધર્મ અવબોધી, સહજનો યોગ સાધીશું,
"બુદ્ધ્યબ્ધિ" સત્ય નિર્ધાર્યું, ખરો આનન્દ ઉભરાયો. ૧૦

૧૯૬૭ ફાગણ શુદી ૧૧. મુંબાઈ વાલુકેશ્વર. ॐ शान्तिः

---

# अमारा मित्र गणवाना.

કવ્વાલિ.

અમારા ધર્મના પ્રેમી, અમારા આત્મના બન્ધુ,
અમારાથી નથી ન્યારા, અમારા મિત્ર ગણવાના. ૧
સહે છે દુઃખમાં ભાગી, સદા ગમ્ભીરતા મનમાં,
કરે ઉપકાર પરમાર્થે, અમારા મિત્ર ગણવાના. ૨
નથી મ્હારૂં નથી ત્હારૂં, નથી સ્વપ્નાવિષે નિન્દા,
સુજનતા ચિત્તમાં સાચી, અમારા મિત્ર ગણવાના. ૩
ભલી બુદ્ધિ સદા આપે, નહીં લેપાય જગમાંહિ,
કરે તેમાં અહન્તા નહિ, અમારા મિત્ર ગણવાના. ૪
ઘણું વિજ્ઞાન ઘટમાંહિ, જરા નહિ સ્વાર્થની બાજી,
ખરો નિષ્કામનો પ્રેમજ, અમારા મિત્ર ગણવાના. ૫
અમારી દૃષ્ટિ જોનારા, જિગરથી સહાય કરનારા,
હૃદયનો ભેદ નહિ સ્વપ્ને, અમારા મિત્ર ગણવાના. ૬
ભમાવ્યા નહિ ભમે ક્યારે, વિવેકે સર્વ આદરતા,
રહે જો દૂર પણ પાસે, અમારા મિત્ર ગણવાના. ૭
જરા નહિ સ્વાર્થના ભૂખ્યા, જીવન પરમાર્થનું ધરતા,
ટળે નહિ પ્રેમ ટાળ્યાથી, અમારા મિત્ર ગણવાના. ૮
અમોને ધર્મમાં સાથી, હૃદયવીણા વગાડે શુભ,
ખરી સાત્ત્વિકતા ધારક, અમારા મિત્ર ગણવાના. ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જુવે જે સદ્ગુણો જ્યાં ત્યાં, ઉઘાડે દોષ નહિ કોના,
સદા જ્યાં ઐક્યતા છાજે, અમારા મિત્ર ગણવાના. ૧૦
હૃદય પ્રેમાદિનાં ઝરણાં, બની એકત્ર થઇ નદીઓ,
કરાવે સ્નાન તેમાં જે, અમારા મિત્ર ગણવાના. ૧૧
અમારી આંખ ને પાંખો, અમારો પ્રાણ ને પ્રેમજ,
સમાયું સર્વ મ્હારામાં, અમારા મિત્ર ગણવાના. ૧૨
ચડાવે ને ચડે પોતે, ધુવે છે દોષને પ્રેમે,
સમયના જાણ આત્માર્થી, અમારા મિત્ર ગણવાના. ૧૩
અમારો ધર્મ પ્રસરાવે, જગત્માં શાન્તિના માટે,
સકલપર સામ્યતા ધારે, અમારા મિત્ર ગણવાના. ૧૪
અનુભવજ્ઞાન લેવાનું, ખરૂં દેવું ખરૂં લેવું,
"બુદ્ધ્યબ્ધિ" ધર્મિબન્ધુઓ, અમારા મિત્ર ગણવાના. ૧૫

વાલકેશ્વર મુંબાઈ, ફાગણ વદી ૪. ૧૯૬૭.

---

# उन्नतिमां ऐक्यता.

કવ્વાલિ.

ચડંતાં ઉન્નતિક્રમમાં, નડે છે વિઘ્ન અણધાર્યાં,
ઘણાઓ વિઘ્ન નાખેછે, તથાપિ ચાલશું આગળ. ૧
જીવોની ઉન્નતિક્રમમાં, અમારે ભાગ લેવાનો,
પ્રતિપક્ષી બને જો બહુ, તથાપિ ચાલશું આગળ. ૨
પ્રતિપક્ષી જીવોનું પણ, ભલું કરવું દયા લાવી,
પડે જો દુઃખના દરિયા, તથાપિ ચાલશું આગળ. ૩
જીવોપર સામ્યતા ધરવી, અમારી ભક્તિ એ સાચી,
અહંતાને તજી દેઈ, ક્રિયાઓ ધર્મની કરશું. ૪
જીવોને શાન્તિ કરનારી, સહજનાં સુખ દેનારી,
ખરી સેવા બજાવીશું, અમારી જીવપૂજા એ. ૫
જીવો પરમાત્મના સરખા, સકલને આત્મવત્ ગણવા,
સકળપર પ્રેમ ધરવાનો, અમારી પ્રેમ પૂજા એ. ૬
અહન્તાને તજી સઘળી, ક્રિયાઓ સર્વ આદરશું,
ક્રિયા ફળની નથી ઈચ્છા, ક્રિયાભક્તિ અમારી એ. ૭
ક્રિયાઓ ઉન્નતિ અર્થે, કરૂં તે ફર્જ પોતાની,
અધિકારી પરત્વે છે, ક્રિયાઓ સર્વને ન્યારી. ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્રિયાઓ યોગની જુદી, ગમે ત્યારે થઈ થાશે,
ક્રિયાવણુ કોઈ નહીં રહેતું, અહંતાવણુ કરૂં તે તે. ૯
સકળની નહિ ક્રિયાઓ એક, મળે છે મેળ ઉદ્દેશે,
સકળનો એક ઉદ્દેશ જ, અંનન્તાં સુખ વરવાનો. ૧૦
ઘણા માર્ગો નગર છે એક, વહે છે પંથીઓ જુદા,
ક્રિયાઓમાં જ તરતમતા, નગરપ્રાપ્તિ સકળને એક. ૧૧
ઘણાં દર્શન ઘણા પન્થો, ઘણા આચારના ભેદો,
કદી નહિ એક થાનારા, વૃથા લડવું વિવાદે શું? ૧૨
રહીને આત્મના સમ્મુખ, અભેદે સર્વને જોવા,
નયોની સહુ અપેક્ષામાં, અમારૂં સત્ય સર્વત્ર. ૧૩
જગત્‌ની કહેણી બેરંગી, ખરાને ખેંચી લેઈશું,
પ્રવૃત્તિ વા નિવૃત્તિમાં, વિવેકે સત્ય જોવાનું. ૧૪
ગ્રહણ વા ત્યાગ નહિ પરમાં, હૃદય નિર્લેપ એ મ્હારૂં,
તથાપિ યોગ્ય આચરણા, ખરો સર્વજ્ઞનો પન્થજ. ૧૫
અલખના દેશમાં રહેવું, સહજનો ધર્મ પોતાનો,
"બુદ્ધ્યબ્ધિ" ગાજશે ગગને, અનુભવ સત્ય એ મ્હારો. ૧૬

ફાગણ વદી બીજી ચોથ. ૧૯૬૭ મુંબાઈ વાલકેશ્વર.

---

# जरा नहि पाछुं वाळी जो.

કવ્વાલિ.

શિખામણ શિષ્ય દઉં તુજને, વિવેકે સર્વ જોઇ લે,
અહન્તાવણ કરેજા સહુ, જરા નહિ પાછું વાળી જો. ૧
અધિકારે મળેલી સહુ, ક્રિયાઓમાં મચી રહેજે,
અધિકારી ક્રિયામાં તું, જરા નહિ પાછું વાળી જો. ૨
ફળોની આશ રાખ્યાવણ, પ્રવૃત્તિમાર્ગમાં રહેજે,
પડે વિઘ્નો સકળ સહજે, જરા નહિ પાછું વાળી જો. ૩
જરા નહિ કીર્તિને ગણજે, સદા નિર્ભય બની રહેજે,
જગત્‌માં સર્વમાં સારૂં, જરા નહિ પાછું વાળી જો. ૪
જગત્ શિક્ષક મનઃ શાળા, બનીને શિષ્ય લેવાનું,
તટસ્થે સર્વ જોવાનું, જરા નહિ પાછું વાળી જો. ૫
અનુક્રમ નિત્ય કાર્યોને, વ્યવસ્થાથી સદા કરજે,
જીવન પરમાર્થનું કરવા, જરા નહિ પાછું વાળી જો. ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સહજ આનન્દનો સ્મર્તા, સદા બનજેજ ઉપયોગે,
દુઃખો સહજે ભલામાટે, જરા નહિ પાછું વાળી જો. ૭
સકળ શબ્દો ખરા-ખોટા, શ્રવણ કરતાં ન લેપાજે,
અનુભવ સર્વનો કરજે, જરા નહિ પાછું વાળી જો. ૮
અપેક્ષાએજ અધિકારી, સકળ છે ધર્મનામાટે,
સકળ તું શાન્તિમાટે કર, જરા નહિ પાછું વાળી જો. ૯
ખરી સ્વતન્ત્રતા ધરવા, સકળ બન્ધન ગણીશ નહિ તું,
પ્રભુની પ્રાપ્તિ કરવામાં, જરા નહિ પાછું વાળી જો. ૧૦
જગતનું બોલવું ઝાઝું, રૂચે તે માનજે યોગ્યજ,
સકળમાટે નહીં એકજ, જરા નહિ પાછું વાળી જો. ૧૧
વિચારોનો મહાસાગર, અહો અવગાહવામાટે,
ગુરૂ નૌકા કરી લે તું, જરા નહિ પાછું વાળી જો. ૧૨
સદા જે ધર્મનાં કાર્યો, સ્વપરમાટે સકળ કરજે,
અમારો ધર્મ ફેલાવા, જરા નહિ પાછું વાળી જો. ૧૩
ખરી ખોટી કરે ટીકા, જગતના લોક બુદ્ધિથી,
ડગીશ નહિ સ્વપ્રતિજ્ઞાથી, જરા નહિ પાછું વાળી જો. ૧૪
ગુરૂગમ જ્ઞાન લેવાને, સદા ઉત્સુક બની રહેજે,
જિનેશ્વર ધર્મ કરવામાં, જરા નહિ પાછું વાળી જો. ૧૫
સકળમાં સામ્યતા ધરજે, કદાપિ બાયલો બન નહિ,
"બુદ્ધ્યબ્ધિ" ઉન્નતિ કરવા, જરા નહિ પાછું વાળી જો. ૧૬

વાલકેશ્વર, મુંબાઈ. ૧૯૬૭ ફાગણ વદી ૫.

---

# अमारा प्रेमसागरमां.

કવ્વાલિ.

જીવો સહુ આત્મના સરખા, ઉઠે સુખના તરઙ્ગો બહુ,
નથી જ્યાં દ્વેષનો ધૂમસ, અમારા પ્રેમસાગરમાં. ૧
હૃદય વિસ્તાર બહુ થાતો, સકલ દોષો જતા તળીએ,
દયાની આર્દ્રતા નિર્ભર, અમારા પ્રેમસાગરમાં. ૨
પ્રગટતો સામ્યતા ચન્દ્ર જ, પ્રસરતાં શાન્તિનાં કિરણો,
વિકલ્પો સહુ સમાતા જ્યાં, અમારા પ્રેમસાગરમાં. ૩
રહે ઘુંઘવાટ વાણીનો, ત્યજાતી નહિ કદી મર્યાદ,
રહે રત્નો સકલ તળીએ, અમારા પ્રેમસાગરમાં. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી ઇર્ષ્યાતણી ખારાશ, ઘણા સમતાતણા બેટો,
ઘણો વિસ્તાર જોવાનો, અમારા પ્રેમસાગરમાં. ૫
ગુરુ નૌકા તરે ઉપર, મુમુક્ષુઓજ ત્યાં બેસે,
લહે છે મુક્તિનો કાંઠો, અમારા પ્રેમસાગરમાં. ૬
જરા નહિ ક્લેશનો તાપજ, ક્ષમાવાયુ વહે ઠંડો,
ટળે છે ભેદના રોગજ, અમારા પ્રેમસાગરમાં. ૭
કરુણાની થતી વૃષ્ટિ, મળેછે મૈત્રીની નદિયો,
ઘણી ગંભીરતા છાજે, અમારા પ્રેમસાગરમાં. ૮
ધુવેછે ચિત્તના મલને, મનુષ્યો મુક્તતા ક્ષારે,
સદા આનન્દમય જીવન, અમારા પ્રેમસાગરમાં. ૯
નથી જ્યાં શુષ્કતા કિઞ્ચિત્, બન્યો વિવેકનો કાંઠો,
પ્રવેશે કોઇ યોગીઓ, અમારા પ્રેમસાગરમાં. ૧૦
નથી જ્યાં સ્વાર્થની સેવાળ, સદા પરમાર્થની ભરતી,
"બુદ્ધ્યબ્ધિ" ધર્મિયો ઝીલે, અમારા પ્રેમસાગરમાં. ૧૧

મુંબાઇ વાલકેશ્વર, ૧૯૬૭. ફાગણ વદી ૭.

---

# सदा समभावमां रहेवुं.

કવ્વાલિ.

મળે જો માનની મિલ્કત, મળે અપમાનનાં જુત્તાં,
નથી એમાં નથી એ હું, સદા સમભાવમાં રહેવું. ૧
ઝુકાવે શિર રાજાઓ, કરે જો નામથી વાહવાહ,
મળે ધિક્કારને ધક્કા, સદા સમભાવમાં રહેવું. ૨
પ્રતિષ્ઠા લોકમાં ભારી, પ્રતિષ્ઠા નાશનો ભય જ્યાં,
નથી ભીતિથકી શાન્તિ, સદા સમભાવમાં રહેવું. ૩
સુણ્યાથી હર્ષ કરનારા, સુણ્યાથી દુઃખ કરનારા,
નથી શબ્દોવિષે મમતા, સદા સમભાવમાં રહેવું. ૪
ભલે આવો ભલે જાવો, કરૂં શું ? હર્ષ કે ચિન્તા,
અમારો દેશ અન્તરનો, સદા સમભાવમાં રહેવું. ૫
સ્ફટિકમાં રક્તતા ભાસે, નથી તે રક્તતા ત્હેની,
ભલે ભાસો ગમે તેવું, સદા સમભાવમાં રહેવું. ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગણું સારૂં તથાપિ દુઃખ, ગણું ખોટું તથાપિ દુઃખ,
નથી સારૂં નથી ખોટું, સદા સમભાવમાં રહેવું. ૭
ગણાતું ચિત્તથી બન્ધન, ગણાતું ચિત્તથી છુટું,
ખરેખર શુદ્ધ નિશ્ચયથી, સદા સમભાવમાં રહેવું. ૮
પલકમાં રાગ ને દ્વેષજ, પલકમાં સુખ ને દુઃખજ,
ક્ષણિકમાં બદ્ધતા શાની? સદા સમભાવમાં રહેવું. ૯
જડોમાં સુખ કે શું? દુઃખ, જડોનો દાસ નહિ ચેતન,
જડોનાં કાર્ય કરવાં પણ, સદા સમભાવમાં રહેવું. ૧૦
ત્યજાયું કીર્તિધન જુઠું, કરીશું કાર્ય કરવાનું,
જગત્સેવા બજાવીને, સદા સમભાવમાં રહેવું. ૧૧
જગત્ ધર્મી બનાવું એ, અમારી તીર્થપૂજા છે,
સકલને સુખ છે વ્હાલું, સદા સમભાવમાં રહેવું, ૧૨
જગત્નું બોલવું મીઠું, જગત્નું બોલવું કડવું.
નથી મીઠું નથી કડવું, સદા સમભાવમાં રહેવું. ૧૩
જગત્ની ભિન્ન દષ્ટિથી, જણાતું ભિન્ન કલ્પેલું,
સ્વભાવે સર્વ ભાવો છે, સદા સમભાવમાં રહેવું. ૧૪
નહીં જાણ્યું નહીં દીઠું, કદાપ બોલશે દુનિયા,
ભલે બોલો કે નહિ બોલો, સદા સમભાવમાં રહેવું. ૧૫
વિષમભાવે વિષમદષ્ટિ, વિષમતા સર્વમાં ભાસે,
વિષમતામાં નથી સ્થિરતા, સદા સમભાવમાં રહેવું. ૧૬
ધૂમાડી બાચકા જેવું, જડોમાં ઈષ્ટ કલ્પેલું,
અનિષ્ટત્વ નથી જડમાં, સદા સમભાવમાં રહેવું. ૧૭
મરણ કે જન્મ નહિ મુઝને, કહુંછું શુદ્ધ નિશ્ચયથી,
મરણને જન્મ વ્યવહારે, સદા સમભાવમાં રહેવું. ૧૮
નહીં છેદાઉં શસ્ત્રોથી, નભોવત્ નિત્ય નિર્લેપી,
ગમન કે આગમન નહિં હું, સદા સમભાવમાં રહેવું, ૧૯
કરાતાં આત્મસાક્ષીથી, જગદ્ઉદ્ધારનાં કૃત્યો,
બની આદર્શવત્ જગમાં, સદા સમભાવમાં રહેવું. ૨૦
મળે તો મેળ સહુ સાથે, મળે છે સામ્યતાએ સહુ,
અભેદોપાસના ભક્તિ, સદા સમભાવમાં રહેવું. ૨૧
જિનેન્દ્રોનું જણાવેલું, અમારૂં તત્ત્વ શોધીશું,
બને તેવા ઉપાયોથી, સદા સમભાવમાં રહેવું, ૨૨
જગત્ની ઐકયતા કયારે, થઈ નહીં ને થવાની નહીં,
વિચારૂં સૂક્ષ્મ તો એવું, સદા સમભાવમાં રહેવું, ૨૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખરા અધ્યાત્મના જ્ઞાને, જગત્‌ની ઐકયતા છે હો !
" બુદ્ધ્યબ્ધિ " શુદ્ધ નિશ્ચયથી, સદા સમભાવમાં રહેવું. ૨૪
ફાગણ વદી ૬. વાલુકેશ્વર મુંબાઈ, ૧૯૬૭.

---

# अमोने ओळखे कोई.

કવ્વાલિ.

અમારૂં નામ દેઇને, ભલે નિન્દો અમારે શું ?
જરા નહિ નામમાં મૂર્ચ્છા, અમોને ઓળખે કોઈ. ૧
તમારી બુદ્ધિ અનુસારે, કરો ટીકા ગમે તેવી,
સકલ છે સ્વપ્નની બાજી, અમોને ઓળખે કોઈ. ૨
ભલું બુરૂં જગત્‌માં બહુ, ગણાયું ભિન્ન દેશોમાં,
યથાવૃત્તિ તથા તેવું, અમોને ઓળખે કોઈ. ૩
અમોને નિન્દતાં નિન્દક, સ્વયં નિન્દાય છે જોશો,
રહ્યો છું ગુપ્ત પડદામાં, અમોને ઓળખે કોઈ. ૪
અમારૂં રૂપ નહિ જાણે, થયા આરોપને દેખે,
અરે તે દેખશે કયાંથી, અમોને ઓળખે કોઈ. ૫
સહજનો ધર્મ નહિ જાણે, પરાયો ધર્મ માનીલે,
ખરો ધર્મી ગણે કોને, અમોને ઓળખે કોઈ. ૬
ખરી નિર્દોષતા કયાંથી, અરે યાવત્ રહ્યાં કર્મો,
સમજતા દોષને જ્ઞાની, અમોને ઓળખે કોઈ. ૭
અધિકારી નથી કોઈ, પરીક્ષાનો પરિપૂર્ણ જ,
અધિકારી થવું દુર્લભ, અમોને ઓળખે કોઈ. ૮
પરાઈ આંખનાં ચશ્મા, વડે જે દેખતા જીવો,
ખરાને ખોળશે તે શું ? અમોને ઓળખે કોઈ. ૯
અમારા ભિન્ન આશયની, કરો ટીકા હજારો પણ,
વળે નહીં કાંઈ બોલ્યાથી, અમોને ઓળખે કોઇ. ૧૦
તમારી દૃષ્ટિનું તમને, અમારી દૃષ્ટિનું અમને,
સકળને ભિન્ન અધિકારે, અમોને ઓળખે કોઈ. ૧૧
તમારા જ્ઞાન અનુસારે, ગ્રહોછો જ્ઞેયનાં ચિત્રો,
અનુભવ વાત છે દુર્લભ, અમોને ઓળખે કોઈ. ૧૨
ખરી સર્વજ્ઞ દૃષ્ટિથી, જુએ જાણે સમાવે સહુ,
" બુદ્ધ્યબ્ધિ " તેહ અધિકારી, અમારા રૂપને જોવા. ૧૩
સં. ૧૯૬૭ ચૈત્ર શુદી ૧૫, વાલકેશ્વર, મુંબાઈ.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# अमारे सर्व खमवानुं.

તપાવે તાપથી ભાનુ, હજારો રશ્મિથી મુજને,
ઘણી લુ વાય છે ઉન્હી, અમારે સર્વ ખમવાનું. ૧
ઘણાં દુર્જન વદન વાદ્યો, ગમે ત્યાં વાગતાં તો શું?
ઉપર કાષ્ટો અધઃ અગ્નિ, અમારે સર્વ ખમવાનું. ૨
પશુસમ મૂર્ખવૃન્દોમાં, ખરા આનન્દનું સ્વપ્નું,
તથાપિ ત્યાં રહી કર્મે, અમારે સર્વ ખમવાનું. ૩
વસ્યો છું વિષવૃક્ષોમાં, વિંટાયો સર્પના વૃન્દે,
હૃદયનાં ભિન્ન લોકોથી, અમારે સર્વ ખમવાનું. ૪
ઘણા ઉપસર્ગ કરનારા, અમારી પાસ વસનારા,
ઉપર ધોળા હૃદયકાળા, અમારે સર્વ ખમવાનું. ૫
અમોને દાબી દેવાને, પ્રપંચો બહુ રચ્યા તો પણ,
જરા ચાલ્યું નહિ ચલશે, અમારે સર્વ ખમવાનું. ૬
ગ્રહણ છે ભાનુની પાછળ, ગ્રહણ છે ચન્દ્રની પાછળ,
મહન્તોને ગ્રહણ પાછળ, અમારે સર્વ ખમવાનું. ૭
પ્રભુની ભક્તિના બળથી, ચઢયાં વાદળ વિખેરાયાં,
હજી ચઢશે વિખેરાશે, અમારે સર્વ ખમવાનું. ૮
ચઢયા વંટોળીયા ઝાઝા, પ્રખર વાયુ ઘણો વાયો,
ગયું તે સહુ જશે ભાવી, અમારે સર્વ ખમવાનું. ૯
ઉપરના ભક્ત ઉપરાંઠા, વિપત્તિમાં ઘણા દૂરે,
પ્રતિકૂળમાં સહુ દૂરે, અમારે સર્વ ખમવાનું. ૧૦
અમારા પુણ્યની છાયા, ઉદય આવે પુનઃ જાવે,
ઘડીના રંગ છે જૂદા, અમારે સર્વ ખમવાનું. ૧૧
ઘડીમાં છાય ને તડકો, ઘડીમાં તાપ ને ઠંડક,
રહીને ચિત્તથી ન્યારા, અમારે સર્વ ખમવાનું. ૧૨
ગમે તેવા પ્રસંગોમાં, અમારો ધર્મ સાચવવો,
વિતે તે ભોગવી લેવું, અમારે સર્વ ખમવાનું. ૧૩
અમારૂં સર્વ નહિ માની, અમારી વાટ લેવાની,
પડયું તે નહિ પડયું લેખી, અમારે સર્વ ખમવાનું. ૧૪
અપ્યારૂં પ્યારૂં સહુ સરખું, ગણી આનન્દ લેવાનો,
"બુદ્ધ્યબ્ધિ" આત્મની મોઝે, ફકીરી શહેનશાહી છે. ૧૫

ચૈત્ર વદી ૩, ૧૯૬૭. મુંબાઈ પાંજરાપોળ.

---



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# अमारी शिख मानी ले.

**ગઝલ.**

કવ્વાલિ.

અમારા હંસ ઉજ્જવલ તું, કરીશ નહિ સંગ કાકોનો,
ઘટે નહિ સંગ દુર્જનનો, અમારી શિખ માની લે. ૧
ઉપરનો પ્રેમ કાળાનો, હૃદયમાં ધૂર્તતા ભારે,
દગો દેશે જશે પ્રાણજ, અમારી શિખ માની લે. ૨
વિજાતિ કાક સોબતથી, પ્રથમ મીઠું પછે ઝેરજ,
રૂપાળી પાંખ પીંખાશે, અમારી શિખ માની લે. ૩
તફાવત વર્ણ આહારે, તફાવત ચાલમાં મોટો,
તફાવત દીલમાં ભારે, અમારી શિખ માની લે. ૪
કરે ઉપકારપર અપકાર, સ્વભાવજ કાક જાતિનો,
પરાયો પ્રાણ વણસાડે, અમારી શિખ માની લે. ૫
તજી મૌક્તિક ગ્રહે વિષ્ઠા, તજે શું? કૂળ ઉત્તમતા,
સરોવર લ્હેર સંભારી, અમારી શિખ માની લે. ૬
રહે સ્વસ્થાનમાં શોભા, પરાયા સ્થાનમાં પીડા,
રહે સન્માન નિજવ્યૂહે, અમારી શિખ માની લે. ૭
ઉલૂકો પીડશે તુજને, કદાપિ ડોક મરડાશે,
સુપક્ષીનો બનીશ શત્રુ, અમારી શિખ માની લે. ૮
ભમીશ હેરાન થઈ ભારે, ભલું નહિ કાક સંગતથી,
સ્વજાતિમાં રહીશ સુખી, અમારી શિખ માની લે. ૯
પડે છે ભેદ દૃષ્ટિનો, ખરેખર કાક ને તુજમાં,
ત્હને ત્હારી ભલી દૃષ્ટિ, અમારી શિખ માની લે. ૧૦
ખરા ઉચ્ચાશયો ત્હારા, વિલય પામે કુસોબતથી,
ખરૂં તુજ કૂળ સન્તોનું, અમારી શિખ માની લે. ૧૧
અરે વિવેક ચઞ્ચુથી, પયઃપાણી કરે જુદાં,
ખરૂં ખોટું કરી જૂદું, અમારી શિખ માની લે. ૧૨
ગ્રહી સાચું તજી કાચું, સફળતા નામની કર તું,
"બુદ્ધ્યબ્ધિ" હંસ પ્યારા રે, અમારી શિખ માની લે. ૧૩

સં. ૧૯૬૭ ચૈત્ર વદી ૪ મુંબાઈ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# अरे तुं आव ठेकाणे.

કવ્વાલિ.

અરે મ્હારા ભ્રમર ભોળા, વનોમાં તું ભમે શાથી,
વિષય પુષ્પો નિરસ ઝાઝાં, અરે તું આવ ઠેકાણે, ૧
ભમે ચંચળ કરી વૃત્તિ, ગમે ત્યાં જાય સ્વચ્છન્દે,
લહે મકરન્દ નહિ કિઞ્ચિત્, અરે તું આવ ઠેકાણે. ૨
કરે ગુંજારવો ઝીણા, પડે નહિ પ્રેમ તુજ સ્વરમાં,
મળે નહિ સાર ભમવાથી, અરે તું આવ ઠેકાણે. ૩
નઠારી ટેવ તુજમાંહિ, ભ્રમણુતાની પડી ક્યાંથી,
કુસંગી સંગથી કાળો, અરે તું આવ ઠેકાણે. ૪
ભ્રમર મ્હારા અરે ભૂંડા, પડેલી ટેવ ટાળી દે,
સફળ થાશે નહીં ઇચ્છા, અરે તું આવ ઠેકાણે. ૫
ઘણાં કંટક ભર્યાં વૃક્ષો, ઘણી પીડા થશે તુઝને,
શિખામણ સન્તની માની, અરે તું આવ ઠેકાણે. ૬
અરે તું ચહાય છે સારૂં, કદી સારૂં મળે નહિ તુજ,
ભમંતાં કાળ વીત્યો બહુ, અરે તું આવ ઠેકાણે. ૭
અરે ખાઇશ બહુ ખત્તા, હજુ પણ શિખ માની લે,
કરૂં આજ્ઞા હવે વેગે, અરે તું આવ ઠેકાણે. ૮
ઘણી શક્તિ ચલાવીને, ત્હને વશમાં કરીશ જ હું,
વખત આવ્યો હવે મ્હારો, અરે તું આવ ઠેકાણે. ૯
હવે નહિ ચાલશે ફન્દો, ખરી દોરીથકી બાંધી,
સદા રાખીશ કબજામાં, અરે તું આવ ઠેકાણે. ૧૦
અમારી શક્તિના જોરે, ગએલાને ગ્રહું પાછો,
"બુદ્ધ્યબ્ધિ" જ્ઞાન ઉદ્યાને, હવે તું આવ ઠેકાણે. ૧૧

૧૯૬૭ ચૈત્ર વદી ૫, વાલુકેશ્વર મુંબાઈ.

---

# *"अनुभव नहि घणो तुजने."

કવ્વાલિ.

હજી જોવું ઘણું બાકી, હજી ભણવું ઘણું બાકી,
કુદંકુદા કરીશ નારે, અનુભવ નહિ ઘણો તુજને. ૧

---

* આ કાવ્યમાં શ્રીમદ્ બુદ્ધિસાગરજી પોતાના કોઇ શિષ્યને શિક્ષા દેતા હોય એવો હાર્દ, તરી આવે છે. (૧) ગુરૂશ્રી શિષ્યને સંબોધીને કહે છે કે, ત્હારે હજી ઘણું જો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અરે ઓ શિષ્ય બાલુડા, રહસ્યો જાણવાં બાકી,
ભણ્યો ભાષા ભલે ત્હો શું? અનુભવ નહિ ઘણો તુજને. ૨

હૃદયનાં શાસ્ત્ર બહુ મોટાં, પરાભાષા ભણ્યાવણુ શું?
હજુ શું? પારખે વસ્તુ, અનુભવ નહિ ઘણો તુજને. ૩

મનુષ્યોના હૃદય ઉદધિ, ઘણા ઉંડા તળે શું છે?
પ્રવેશી સાર લેવાનો, અનુભવ નહિ ઘણો તુજને. ૪

ઘણા આશયથકી બોલે, પ્રતિધ્વનિયો વિચિત્રા ત્યાં,
પરીક્ષા સાર છે દુર્લભ, અનુભવ નહિ ઘણો તુજને. ૫

અસત્ સત્‌ની પરીક્ષામાં, ખરી વિવેકની દૃષ્ટિ,
અરે કોઈ પામતા જ્ઞાની, અનુભવ નહિ ઘણો તુજને. ૬

કુલીશ નહિ અલ્પ બુદ્ધિથી, હજી ભણવું રહ્યું ઝાઝું,
અનુભવ જ્ઞાનશાળાનો, અધુના નહિ ઘણો તુજને. ૭

---

વાનું છે. હજી ભણવાનું પણ ઘણું બાકી છે. તેમ છતાં અભિમાનથી કુદંકુદા કરીશ નહિ.

(૨) ભાષાશાસ્ત્રો ભણવાથી કંઈ હૃદયનાં શાસ્ત્ર ભણાતાં નથી-હજી તો ત્હારે ઘણો અનુભવ લેવાનો છે.

(૩) અન્ય મનુષ્યોનાં હૃદય વાંચતાં ન આવડે ત્યાંસુધી ખરી વિદ્વત્તા નથી. પરાભાષાવિના હૃદયશાસ્ત્રો વાંચી શકાતાં નથી. હજુ તો કોઈ વસ્તુને સમ્યક્ પારખી શકવી દુર્લભ છે. ત્હને હજી ઘણો અનુભવ નથી.

(૪) મનુષ્યોના હૃદયસમુદ્ર ઘણા ઉંડા છે તેના તળીએ શું? છે, તેમાં પ્રવેશીને સાર લેવાનો છે. હજી તે દશાનો ત્હને ઘણો અનુભવ નથી, માટે હજી ઘણો અનુભવ લેવાનો છે.

(૫) મનુષ્યો ઘણા આશયથી બોલે છે. અને તે બોલવાની પ્રતિધ્વનિયો પણ વિચિત્ર ભાસે છે. તેમાં કયી અપેક્ષાએ કોનું બોલવું કયા આશયવાળું છે તેની પરીક્ષા કરીને સાર ખેંચવો દુર્લભ છે. અસત્ અને સત્‌ની પરીક્ષા કરવી મહા દુર્લભ છે.

(૬) સત્ય વિવેકદૃષ્ટિ પ્રાપ્ત કરવાની આવશ્યકતા છે. તે માટે વિદ્યાર્થિપણું હજુ ત્હને યોગ્ય છે-કોઈ જ્ઞાની પુરૂષો સત્ય તત્ત્વ સારાંશ ખેંચી લે છે, માટે તેવી દશા પ્રાપ્ત કર.

(૭) હજી અનેક તત્ત્વોનું ભણવું અવશેષ રહ્યું છે માટે તું કુલીશ નહિ. અનુભવજ્ઞાનશાળામાં હજી તો પ્રવેશ કરવાનો બાકી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અપેક્ષાઓ ઘણી ગંભીર, ઘણા ગંભીર સિદ્ધાન્તો,
રહસ્યો ગુપ્ત બહુ ઉંડાં, અનુભવ નહિ ઘણો તુજને. ૮
સમયજ્ઞાતા થવું દુર્લભ, વિચારી બોલ વદવાના,
હજી નિશ્ચય કરીશ નહિ કંઈ, અનુભવ નહિ ઘણો તુજને. ૯
અપકવ બુદ્ધિથી જાણ્યું, જરા નહિ બહાર પાડીશ તું,
હજી તું સેવ જ્ઞાનીને, અનુભવ નહિ ઘણો તુજને. ૧૦
ઘણા ખત્તા ખઈશ ત્યારે, અનુભવવાત સમજાશે,
સમજ તું વત્સ! વીવેકે, અનુભવ નહિ ઘણો તુજને. ૧૧
હજી નહિ ચિત્ત ઠેકાણે પરખવાની નથી શક્તિ,
અધિકારી થવું બાકી, અનુભવ નહિ ઘણો તુજને. ૧૨
ઉતાવળ અલ્પબુદ્ધિથી, કરીશ તો ઠોકરો ખાઈશ,
પછીથી માનશે સાચું, અનુભવ નહિ ઘણો તુજને. ૧૩
તજી ઉદ્ધતપણું સત્ત્વર, વડેરાને અનુસરવું,
ઘણા કાલે ઘણું જ્ઞાન જ, અનુભવ નહિ ઘણો તુજને. ૧૪
ઘણી મોંઘી ખરી શિક્ષા, ખરેખર જ્ઞાનિ લોકોની,
"બુદ્ધ્યબ્ધિ" સન્ત સેવાથી, અનુભવ પૂર્ણ પરખાશે. ૧૫

ૐ શાન્તિઃ ૩ ચૈત્ર વદી ૫. વાલુકેશ્વર મુંબાઈ, સં ૧૯૬૭.

---

(૮) અપેક્ષાઓ ઘણી ગંભીર છે અને સિદ્ધાન્તો ઘણા ગંભીર છે, માટે હું બધું પામી ગયો એવી બુદ્ધિ રાખીશ નહિ–હજી તો ત્હને ઘણો અનુભવ થયો નથી.

(૯) વખતના જ્ઞાતા થવું દુર્લભ છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને ઓળખવાની બુદ્ધિ પ્રાપ્ત કરવી દુર્લભ છે. અગર સમય (શાસ્ત્ર)ના જ્ઞાત થવું એ કંઇ સામાન્ય વાત નથી–જે જે શબ્દો બોલવા તે વિચારીને બોલવાના છે–હજી તું કોઇ બાબતનો (તત્તત્ વિષયોનું ઘણું અનુભવજ્ઞાન થયાવિના) નિશ્ચય કરીશ નહિ.

(૧૦) અપકવ બુદ્ધિથી જાણેલું એકદમ જરા માત્ર પણ બહાર પાડીશ નહિ–હજી તું જ્ઞાનિને સેવ.

(૧૧) ઘણા ખત્તા ખાઇશ ત્યારે તે તે બાબતોનું અનુભવજ્ઞાન થશે. એમ વિવેક અવબોધ.

(૧૨) હજી ચિત્તનું ઠેકાણું નથી–હજી તો અધિકારી થવું બાકી છે.

(૧૩) અલ્પબુદ્ધિથી ઉતાવળ કરીશ તો ઠોકરો ખાઇશ, પછીથી સાચું સમજાશે.

(૧૪) ઉદ્ધતપણું તજી વડાઓને અનુસરવું જોઇએ–ઘણા કાળે ઘણું જ્ઞાન મળશે.

(૧૫) જ્ઞાની લોકોની ખરી શિક્ષાઓ ઘણી મોંઘી છે. તે સન્ત પુરૂષોની સેવાથી પૂર્ણપણે પરખાશે, અનુભવાશે.

લે. લલ્લુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# अमारा शुक समजी ले.

કવ્વાલિ.

મનોહર મિષ્ટ વદનારા, રૂપાળી પાંખ ધરનારા,
ગમે ત્યાં પ્રેમ નહીં બાંધીશ, અમારા શુક સમજી લે. ૧
ભણાવ્યા પાઠ બહુ બોલે, ઘણાં લોકો ખુશી થાવે,
ફુલાતો નહિ જરા તેથી, અમારા શુક સમજી લે. ૨
સ્વચ્છંદી અન્ય પક્ષીનો, ભમાવ્યો શું ભમે ભોળા,
ઘણા તુજ ઘાતને ઇચ્છે, અમારા શુક સમજી લે. ૩
કપટને કેળવી જો તું, તજીશ પિંજર કદાપિ રે,
લહીશ નહિ સુખ અન્યત્ર, અમારા શુક સમજી લે. ૪
સુવર્ણપિંજરામાંહિ, ઘણાં સ્વાદુ ફળો સ્વાદે,
જરા નહિ આજનો ભય ત્યાં, અમારા શુક સમજી લે. ૫
ફસાવે અન્ય પક્ષીઓ, ઘણી દઈ સુખની લાલચ,
ચહે જે પ્રેમી તે દ્વેષી, અમારા શુક સમજી લે. ૬
સ્વચ્છન્દે ભય ઘણો જ્યાં ત્યાં, ઉપરનું સુખ ઝાકળસમ,
ઘણો પસ્તાઇશ જ અન્તે, અમારા શુક સમજી લે. ૭

---

(૧) આ કાવ્ય શ્રીમદ્ ગુરૂવર પોતાના આત્માને અગર શિષ્યને શુકોક્તિથી સમજાવતા હોય એમ અવબોધાય છે. તેઓ શ્રી જણાવે છે કે હે શિષ્ય! વા હે આત્મન્! તું ગમે તે ઠેકાણે પ્રેમ બાંધીશ નહિ.

(૨) હજી તું પાઠમાત્રથી લોકોને રંજન કરીને જરા માત્ર ફુલાતો નહિ.

(૩) તું સ્વચ્છન્દી અન્ય પક્ષવાળાઓનો અથવા અન્ય પક્ષીઓનો (અન્ય પક્ષવાળાઓનો) ભમાવ્યો શું ભમે છે.? વિપક્ષીઓ-અન્ય જાતીય પક્ષીઓ અથવા પ્રતિપક્ષીઓ ત્હારો નાશ ઇચ્છે છે માટે અમારા હંસ તું બોધ પામ.

(૪) કપટને કેળવીને તું પિંજરને કદાપિ ત્યજીશ તો અન્યત્ર સુખ પામવાનો નથી.

(૫) યદિ તું સુવર્ણપિંજરરૂપ આશ્રયનો પરિહાર કરીશ તો તું સુખ પામીશ નહિ. સુવર્ણપિંજરરૂપ આશ્રયમાં અનુભવિક જ્ઞાનરૂપ ઘણાં સ્વાદિષ્ટ ફળોનો સ્વાદ ચાખીશ, તો રાગ દ્વેષાદિ દુષ્ટ વૃત્તિઓનો કિંચિત્ માત્ર ભય નથી.

(૬) અન્ય પક્ષવાળાઓ પરભાવ સ્વભાવે તને સુખની લાલચ આપીને ફસવશે, અને તું પણ જે પ્રતિપક્ષીઓથી સુખનો અભિલાષ રાખે છે તેજ ત્હને દુઃખદ થશે. શિષ્ય પક્ષમાં અન્યાર્થ અવબોધવું. અને તે અન્યાર્થ સુગમ છે.

(૭) તું સ્વચ્છન્દતાથી જ્યાં ત્યાં પરિવર્તન કરીશ તો ત્યાં રાગાદિક વૃત્તિઓથી મહાભય રહેશે ને સુધાનું બિન્દુ માત્ર પણ પ્રાપ્ત કરી શકીશ નહિ. માટે હે આત્મન્! શુદ્ધસ્વરૂપરૂપ સુવર્ણપિંજરનો આશ્રય તજીશ નહિ. શિષ્યપક્ષમાં-ગુરૂરૂપ આશ્રયને પરિહરવાથી કિઞ્ચિત્ સુખપ્રાપ્તિ નથી ઇત્યાદિ અર્થ અવબોધવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અરે પાંખો વિખેરાશે, બિલાડીનાજ પંજાથી,
ફસાઈશ, વ્યાધની ઝાળે, અમારા શુક સમજી લે. ૮
ફુલાતો નહિ સ્વશોભાથી, અધિકારે મળે શોભા,
નથી શોભા વિજાતિમાં, અમારા શુક સમજી લે. ૯
ખરી સ્વતન્ત્રતા લેવા, હજી અવસર નથી આવ્યો,
હજી પરતન્ત્રતા સારી, અમારા શુક સમજી લે. ૧૦
નથી બળ પક્ષમાં પુરૂં, ચડાવ્યાથી ચડીશ ના તું,
પરખ નિજ યોગ્યતા શું છે? અમારા શુક સમજી લે. ૧૧

---

(૮) હે આત્મન્! તું પરભાવરૂપ જગત્માં પરિભ્રમીશ તો કુમતિરૂપ બિલાડીના તૃષ્ણારૂપ પંજાથી પીંખાઇ જઈશ. અને મોહરૂપ શિકારીની વિષયરૂપ જાળમાં ફસાઇ જઇશ. અને મહા દુઃખ પામીશ; માટે અસંખ્યાત પ્રદેશરૂપ સ્વાશ્રય ત્યજીશ નહિ. શિષ્યપક્ષમાં–દુર્બુદ્ધિરૂપ બિલાડીથી પીંખાઈ જઈશ એમ કહેવાનો ઉદ્દેશ છે, તથા દુર્જન વ્યાધની પ્રપંચરૂપ માયાવી જાળમાં ફસાઈ જઇશ, માટે ગુરૂરૂપ સ્વાશ્રયને કદાપિ તજીશ નહિ.

(૯) હે આત્મન્! સ્ત્રી, પુત્ર, કુટુંબ, આબરૂ, અને ધન, વગેરેના મદથી, બનેલી કૃત્રિમ સ્વશોભાથી કુલાઇશ નહિ, તેમજ જ્ઞાનૈશ્વર્ય, વિદ્યા, ધર્મ, ક્રિયા, મનુષ્યોનું સન્માન, મોટાઈ વગેરેની પ્રાપ્તિથી અહંપણું ધારીશ નહિ; કારણ કે સત્યજ્ઞાન, દર્શન, સમ્યક્ ચારિત્ર અદ્યાપિ પૂર્ણ રીતે તને પ્રાપ્ત થયાં નથી. શિષ્ય પક્ષમાં–વિદ્યા, સન્માન, લોકોની પ્રતિષ્ઠા, વગેરેથી તું હે શિષ્ય! ફૂલાઇશ નહિ.

(૧૦) હે આત્મન્! ખરૂં સ્વાતંત્ર્ય પ્રાપ્ત કરી. સકળ કર્મનો પૂર્ણ ક્ષય કરી પરિપૂર્ણ રીતે સ્વતંત્રતા લેવાનો તને અવસર હજી મળ્યો નથી, માટે હજી તને અપકવ દશામાં ગુરૂ તેમ જ, દેવની આજ્ઞારૂપ પરતંત્રતાજ ઇષ્ટ છે. સિદ્ધાન્તોમાં પણ જણાવ્યું છે કે છદ્મસ્થ દશામાં એટલે જ્યાંસુધી કેવલજ્ઞાન ન થાય ત્યાંસુધીની અવસ્થામાં સદ્ગુરૂની આજ્ઞા અનુસારે વર્તન કરવું જોઇએ. એમ જણાવ્યું છે માટે વર્તમાન કાળમાં પરતંત્રતા જ ઇષ્ટ છે. શિષ્ય પક્ષમાં—હજી હે શિષ્ય! સ્વતંત્રતા તને ઇષ્ટાવહ અદ્યાપિપર્યંત નથી. અધુના તો ગુરૂની આજ્ઞા એ પરતંત્રતાજ શ્રેયઃપ્રદા છે. ગુરૂની આજ્ઞાએ ધર્મ છે એમ સિદ્ધાંતોમાં દર્શાવ્યું છે, માટે પરિપૂર્ણ જ્ઞાન ન થાય ત્યાંસુધી હે શિષ્ય! તારે ગુરૂ આજ્ઞામાં રહેવું જોઇએ.

(૧૧) હે આત્મન્! હજી તને જ્ઞાન દર્શન ચારિત્રરૂપ પક્ષબળ નથી કે જેથી તું ઉડીને મોક્ષમાં તુરત ચાલ્યો જાય! માટે અન્યોના કુલાવ્યાથી તું ફૂલાઈશ નહિ ત્હારી યોગ્યતા શું છે? તેં કેટલા ગુણ પ્રાપ્ત કર્યા છે ને કેટલા અવશેષ છે? તેનો વિચાર કર! તારા માટે અન્ય ગમે તેવી પ્રશંસા કરે તો પણ અન્યનું કહેલું તારામાં છે કે નહિ તે ત્હારે વિચારવું ઘટે છે. શિષ્યપક્ષમાં—હે શિષ્ય! ત્હારે ગુણ અવગુણનો વિચાર કરી તારી યોગ્યતા વિચારવી જોઇએ. પ્રતિપક્ષિઓ ત્હને કાપટયથી ફૂલાવે તોપણ ત્હારે સ્વાશ્રયનો ત્યાગ ન કરવો જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જગત્‌માં દુષ્ટ પક્ષીઓ, નથી ચ્હાતાં ભલું ત્હારૂં,
રચેછે પાડવા બાજી, અમારા શુક સમજી લે. ૧૨

હૃદયને રાખ ઠેકાણે, સલાહો જ્ઞાનીની સારી,
પ્રથમ તો લાગશે કડવી, અમારા શુક સમજી લે. ૧૩

વિપક્ષીનું ઠસાવેલું, પ્રથમ તો લાગશે મીઠું,
પરિણામે થશે બુરૂં, અમારા શુક સમજી લે. ૧૪

ભમાવેલા ભમે ભોળા, ગમે તે માની લે સાચું,
અધુરી બુદ્ધિનું ફળ તે, અમારા શુક સમજી લે. ૧૫

વિપક્ષી ઘાત ઇચ્છે છે, ગમે તે દાવને ખોળે,
ખરૂં સમજાય નહિ ઈષ્ટજ, અમારા શુક સમજી લે. ૧૬

---

(૧૨) હે આત્મન્! ષડ્રિપુ (કામ, ક્રોધ, મોહ, લોભ, મદ, મત્સર) એને કદાચ તું અજ્ઞાનતાથી ત્હારા આત્મસહાયી સમજતો હોઇશ પણ તે ભૂલ છે; પરન્તુ વાસ્તવરીત્યા એ ષડ્રિપુની દુષ્ટ મોહજાળ—વિષયેચ્છા, મમતા છે તેનામાં તું ફસાઈશ તો નર્કગામી થઇશ. તું ખાત્રીપૂર્વક સમજ કે એ રિપુઓ ત્હને અવનત કરવા અનેક ગુપ્ત રચનાઓ કરે છે. શિષ્ય પક્ષમાં—હે પ્રિય શિષ્ય! ત્હારી સદ્‌ગુરૂપ્રત્યેની સદ્‌ભાવનામાં આ ષડ્રિપુ જેવા અનેક ફસવનારા મળશે અને ત્હારી સદ્‌ગુરૂપ્રતિની ભાવના ઉઠી જાય તેને માટે તેઓ પ્રતિપક્ષિઓ પ્રયત્નશીલ થશે પરન્તુ ત્હારે ત્હારા આત્માની સ્થિરતા કરવી. તું હૃદયની સાક્ષિએ પરિપૂર્ણ વિચાર કર.

(૧૩) હે આત્મન્! તું તારા અજ્ઞાનરૂપ અંધકારને દૂર કહાડવા જ્ઞાનરૂપ વિદ્વાનોનો સમાગમ કરી આત્મજ્ઞાન પ્રાપ્ત કર. શિષ્યપક્ષમાં—હે શિષ્ય! તું જ્ઞાની પુરૂષોની સલાહ લઈ યોગ્ય માર્ગે ગમન કર.

(૧૪) હે આત્મન્! રાગ દ્વેષાદિ પ્રતિપક્ષિઓનું સમજાવેલું પ્રથમ તો ત્હને મિષ્ટ લાગશે પણ પશ્ચાત્ કિંપાકફળસમાન કટુરસ અર્પશે. માટે સત્ય વિવેકદૃષ્ટિથી રાગાદિક શત્રુઓનો ત્યાગ કર. શિષ્યપક્ષમાં—હે પ્રિય શિષ્ય! શરૂઆતમાં તને અસત્ પુરૂષનું સમજાવેલું યોગ્ય લાગશે; પરન્તુ પશ્ચાત્ એ ત્હને દુઃખદવસ્થામાં લાવી મૂકશે.

(૧૫) હે આત્મન્! તું મૂર્ખત્વ પ્રાપ્ત કરી મોહમાયાનો ભમાવેલો જગત્‌માં પરિવર્તન કરે છે ને સ્થાને સ્થાને અનેકશઃ દુઃખોને સંપ્રાપ્ત કરી સંતપ્ત રહે છે તે તારી અલ્પબુદ્ધિનું પરિણામ અવબોધાય છે. શિષ્યપક્ષમાં—મૂર્ખ, દુષ્ટ મનુષ્યના ભમાવ્યાથી હે ભોળા શિષ્ય! તું ભમે છે અને અનેક દુઃખોને પ્રાપ્ત કરે છે. પ્રતિપક્ષીઓને ત્હારા વાસ્તવિક સલાહ આપનારા ગણેછે તે ત્હારી અલ્પબુદ્ધિનું ફળ છે.

(૧૬) હે આત્મન્! મોહાદિક પ્રતિપ્રક્ષીઓ ત્હારી સર્વ શક્તિઓનો સત્વર નાશ ઇચ્છે છે ને અનેક પ્રકારના દાવ ખોળે છે; પણ ત્હને હજી ખરૂં ઇષ્ટ કેમ સમજાતું નથી? હજી તું પોતાનું સત્યસ્વરૂપ સમજી લે. શિષ્યપક્ષમાં—હે શિષ્ય! પ્રતિપક્ષીઓ ત્હારા પોતાનાજ નહોય એવા બનીને ગમે તે દાવ ખોળીને તારો નાશ કરવા ઇચ્છે છે પરન્તુ તું તારૂં ઇષ્ટ સમજી લે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અરે એ માન મોજીલા, સ્વધર્મો ત્યાગ નહિ ત્હારા,
તજી ઉદ્ધતપણું સઘળું, અમારા શુક સમજી લે. ૧૭

ચહે બુરૂં સ્વસ્વામીનું, કરે નિન્દા વિપક્ષીમાં,
નથી એ પક્ષી પોતાનું, અમારા શુક સમજી લે. ૧૮

ધરે મર્યાદ તો શોભા, અશોભા જોતજોતામાં,
ભટકવામાં નથી શોભા, અમારા શુક સમજી લે. ૧૯

વિપક્ષી મિત્ર બુદ્ધિથી, કદી તુજને સુજે નહિ શુભ,
જગત્‌માં સર્વથા એવું, અમારા શુક સમજી લે. ૨૦

સુવર્ણ પિંજરે રહેવું, અધિકારી થવા માટે,
પડેલાં દુઃખ સહેવાનાં, અમારા શુક સમજી લે. ૨૧

---

(૧૭) ઉદ્ધતાઈ તજીને હે મોઝીલા આત્મન્! ત્હારા જ્ઞાનાદિક સ્વધર્મોનો ત્યાગ કરીશ નહિ. ઉદ્ધતપણું ત્યાગ કરી સત્ય સ્વીકાર. શિષ્યપક્ષમાં—હે પરભાવમાં સુખની બુદ્ધિધારક શિષ્ય! ત્હારા વિનય, વૈયાવૃત્ય, ગુરૂપારતંત્ર્યતા, ગુરૂઆજ્ઞાપાલનાદિ સ્વધર્મોનો ત્યાગ કરીશ નહિ. ઉદ્ધતપણું ત્યાગ કરીને પોતાના સ્વધર્મનો સ્વીકાર કર.

(૧૮) હે આત્મન્! તું પોતાના દેવગુરૂની પ્રતિપક્ષીઓમાં નિંદા કરે છે એ તારો ધર્મ નથી. તારા પરમાત્મસ્વામિનું તારે ધ્યાન ધરવું જોઇએ. ને તેનાજ ગુણો ગાવા જોઇએ; પણ તેનાથી તું વિપરીત આચરણ કરે છે એ યોગ્ય નથી. શિષ્યપક્ષમાં—હે શિષ્ય! પ્રતિપક્ષીઓમાં તું પોતાના ગુરૂઓની નિંદા કરે છે એ તારૂં શિષ્યપણું માની શકાય નહિ અને તેથી તું ગુરૂનો શિષ્ય કેવી રીતે ગણાય એ તું તારા મનમાં નિશ્ચય કર.

(૧૯) હે આત્મન્! તું સદ્‌ગુણોમાં રમણ કરે તો તેમાં તારી શોભા છે, અશોભાની પ્રાપ્તિ તો રાગાદિ પરભાવમાં પ્રવેશતાં તુર્ત મળે છે, માટે પરભાવમાં ભટકવામાં તારી શોભા નથી એમ નિશ્ચય કર. શિષ્યપક્ષમાં—હે શિષ્ય! મર્યાદામાં રહી તારે કાર્ય કરવાં જોઇએ, શિષ્યધર્મની મર્યાદાનો ત્યાગ કરવામાં તારી શોભા કિઞ્ચિત્ પણ નથી. ગુરૂને ત્યજી અન્યત્ર વિચરવામાં પણ તારી મર્યાદાનો ક્ષય થાય છે

(૨૦) હે આત્મન્! રાગાદિ પ્રતિપક્ષીઓને મિત્ર સમજી તેના કહ્યાપ્રમાણે ચાલીશ તો તને સત્ય સુજવાનું નથી. શિષ્યપક્ષમાં-હે શિષ્ય! પ્રતિપક્ષીઓને મિત્ર ધારી કાર્ય કરીશ તો તને સત્ય સમજાવાનું નથી. જગત્‌માં પ્રતિપક્ષીને મિત્ર કલ્પી તેઓની મતિ પ્રમાણે જે ચાલે છે તે દુઃખી રહે છે; એમ નિશ્ચય કર.

(૨૧) હે આત્મન્! તારે તારા અસંખ્યાત પ્રદેશમાં પરમાત્મશક્તિનો અધિકારી થવા માટે રહેવું જોઇએ ને કર્મના યોગે જે જે દુઃખો પડે તે તારે સહન કરવાં જોઇએ. શિષ્યપક્ષમાં-હે શિષ્ય! ત્હારે ગુરૂના આશ્રયમાં સદ્‌ગુણાધિકારી થવા માટે રહેવું જોઇએ. અને જે જે દુઃખો પડે તે શાંતિથી સહન કરવાં જોઇએ, એ તારો શિષ્યધર્મ હૃદયમાં ધર.

૧૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખરી સ્વતન્ત્રતા શોભે, જગત્માં દિવ્યજ્ઞાનિને,
વિચાર્યાથી મળે સાચું, અમારા શુક સમજી લે. ૨૨

સદા પરતન્ત્રતા સારી, જગત્માં મૂર્ખ જીવોને,
અધિકારી પ્રમાણે સુખ, અમારા શુક સમજી લે. ૨૩

અરે લીલા અને રાતા, અમારા પ્રેમ પંખીડા,
ત્વરિત તું આવ ઠેકાણે, અમારા શુક સમજી લે. ૨૪

ઉછાળા ચિત્તના ત્યાગી, પરાઇ શિખ છોડી દે,
સમર્પણ સર્વ કર મુજને, અમારા શુક સમજી લે. ૨૫

જમાવટ નહિ થશે ત્હારી, મળી શોભા જશે ત્હારી,
ઉડી જાતાં થશે એવું, અમારા શુક સમજી લે. ૨૬

---

(૨૨) હે આત્મન્! ખરી સ્વતંત્રતા તો દિવ્યજ્ઞાનીઓનેજ શોભે છે. એમ તું વિવેકદૃષ્ટિથી વિચાર કરીશ તો તને આ બાબતનું પરિપૂર્ણ ગૂઢ રહસ્ય અવબોધાશે. શિષ્યપક્ષમાં–હે શિષ્ય! ખરી સ્વતંત્રતાના અધિકારી દિવ્યજ્ઞાનીઓ છે, કારણ કે તે પરિપૂર્ણ જ્ઞાનદ્વારા હિતાહિત પ્રવૃત્તિને જાણીને ઇષ્ટમાં પ્રવૃત્તિ કરે છે. હજી તું અધિકારી થયા વિના ખરી સ્વતંત્રતાનું પાત્ર નથી.

(૨૩) પરિપૂર્ણ જ્ઞાનદશા વિના અલ્પજ્ઞ જ્ઞાનદશામાં ગુરૂની આજ્ઞારૂપ પરતંત્રતા શુભાવહ છે. ને અધિકારી પ્રમાણે સુખની પ્રાપ્તિ છે. ત્હારા અધિકારપ્રમાણે તારે વર્તવુંજ જોઇએ. શિષ્યપક્ષમાં–અજ્ઞાનદશામાં હે શિષ્ય! તારે જ્ઞાનીની આજ્ઞાનું પાલન શ્રેયસ્કર છે અને તારા અધિકાર પ્રમાણે ચાલીશ તો તને સુખ છે. એમ શુભાધ્યવસાય ધારણ કર.

(૨૪) હે ભિન્ન ભિન્ન ઇચ્છાને ધારણ કરનારા આત્મન્! તું તારૂં સ્વરૂપ સમજી જલ્દી ઠેકાણે આવ. શિષ્યપક્ષમાં–દુનીઆના અનેક પ્રકારના વિકલ્પો સંકલ્પોનો ત્યાગ કરી હે શિષ્ય! સદ્ગુરૂના ચરણસાનિધ્ય આવ્ય.

(૨૫) ચિત્તમાં થતા વિવિધ પ્રકારના રાગદ્વેષના ઉછાળાનો ત્યાગ કરીને તું પરમાત્માને મન વચન કાયાનું સમર્પણ કરીને સ્થિર થા એજ તારી મહાન્ શોભાનું લક્ષણ છે. શિષ્યપક્ષમાં–સંકલ્પો વિકલ્પોનો ત્યાગ કરીને હે શિષ્ય! તું મન વચન ને કાયાથી સદ્ગુરૂના શરણે આવ.

(૨૬) હે આત્મન્! તું પોતાના શુદ્ધ સ્વરૂપનો ત્યાગ કરીશ તો સમતારૂપ જમાવટ થશે નહિ અને શુદ્ધ જ્ઞાનરૂપ પ્રામાણ્યનો પણ પરિત્યાગ થશે. પરભાવરૂપ ગગનમાં ઉડતાં તારી આવી દશા થશે. –શિષ્યપક્ષમાં–હે શિષ્ય! જો તું સદ્ગુરૂની આજ્ઞાનું ઉલ્લંઘન કરીશ તો તારી સમતારૂપ જમાવટ, શુદ્ધજ્ઞાન ને પ્રામાણ્ય રહેશે નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રતિજ્ઞાની થશે હોળી, વછૂટચું નહિ વળે પાછું,
પુનઃ મળતાં રહે ગાંઠો, અમારા શુક સમજી લે. ૨૭
ગમે તે સ્થિતિમાં સુખડાં, અધિકારી થઈ લેવાં,
"બુદ્ધ્યબ્ધિ" ધર્મ સેવ્યાથી, અમારા શુકને સુખડાં. ૨૮

ॐशान्तिः મુંબાઈ લાલબાગ, પાંજરાપોળ. ૧૯૬૭ ચૈત્ર વદી ૬.

---

# [1]"आम्रवृक्षनी अन्योक्तिमां अध्यात्म उपदेश."
# उछेर्यो अम्ब ! महाहर्षे.

કવ્વાલિ.

કરી કયારો ભર્યું ખાતર, અમે ત્યાં ગોટલો વાવ્યો,
ભર્યું વારિ ટચોટચ ત્યાં, ઉછેર્યો અંબ ! મહાહર્ષે. ૧
ફુટયો અંકુર રાતો શુભ, સુકોમળ પલ્લવો પ્રગટયાં,
કર્યું વાડોલીયું ચોમેર, ઉછેર્યો અમ્બ ! મહાહર્ષે. ૨
પ્રતિદિન વારિથી સિંચ્યો, અનુક્રમ વૃદ્ધિતા પામ્યો,
વધી આશા અહો તુજ સાથ, ઉછેર્યો અમ્બ ! મહાહર્ષે. ૩
કર્યું રક્ષણ પશુઓથી, કર્યું રક્ષણ મનુષ્યોથી,
ઉપદ્રવથી કર્યું રક્ષણ, ઉછેર્યો અમ્બ ! મહાહર્ષે. ૪

---

(૨૭) હે આત્મન્ ! જો ઉપરોક્ત શિક્ષાનો લોપ કરીશ તો સ્વપ્રતિજ્ઞાઓ ભસ્મીભૂત થઇ જશે. અને સ્વસ્વભાવમાંથી ઉદ્વર્તન થયું તો પુનઃ આત્મસ્વભાવમાં આવતાં વિલંબ લાગશે. શિષ્યપક્ષાર્થે-ઉપરોક્ત સદ્ગુણોનું સદ્વર્તન નહિ થાય તો સ્વપ્રતિજ્ઞાઓ લુપ્તપ્રાયઃ નામાવશેષ રહેશે ને પુનઃ સદ્ગુરૂથી વિખુટતાં છતાં અને પુનઃ મળતાં પ્રેમની ગ્રંથી ભિન્ન થઈ જશે, એમ પરિપૂર્ણ સમજી વર્તન કરવું શ્રેયસ્કર છે.

(૨૮) ગમે તે સ્થિતિમાં અધિકારી થઇને હે આત્મન્ ! તારે અનંતસુખ પ્રાપ્ત કરવાનાં છે. બુદ્ધિસાગર કહે છે કે એ સર્વ અમારા આત્માને માટે હિતશિક્ષા છે. ધર્મની સેવા, આરાધના ભક્તિ કરીને અમારૂં સ્વાભાવિક સુખ પ્રાપ્ત કરવું એજ ઈષ્ટ કર્તવ્ય છે. શિષ્યપક્ષ સુગમાર્થ. છે. રાજા, ને સેવક, પતિ ને પત્ની, શિક્ષક ને વિદ્યાર્થી ઇત્યાદિ અનેક પક્ષમાં આ કાવ્યનો અર્થ અવબોધવો. **મધુકર.**

---

૧ આ કાવ્ય શિષ્ય, પુત્ર, આત્મા, સાધુ વગેરેપર લાગી શકે છે. કાવ્યકારે ગુરૂ શ્રીએ શિષ્ય વા આત્માને ઉદ્દેશીને ઉદ્ગાર કાઢયા હોય એમ ભાસે છે. **મધુકર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વધ્યાં ડાળાં વધ્યો ઉંચો, વધ્યો વિસ્તાર ફેલાયો,
થયો પક્ષીતણો આશ્રમ, ઉછેર્યો અમ્બ ! મહાહર્ષે: ૫
અધઃ છાયાતણો આશ્રય, કરે પશુઓ ઘણાં આવી,
અધઃ બેશે મનુષ્યો બહુ, ઉછેર્યો અમ્બ ! મહાહર્ષે. ૬
ઉપર રમવા ચડે બાળક, ચડે વાનર લહે આનન્દ,
થયો સહાયી મઝા લેવા, ઉછેર્યો અમ્બ ! મહાહર્ષે. ૭
રચે પર્ણોતણું તોરણ, શુભેચ્છક હેતુથી લોકો,
ઘણાં ઉંડાં ગયાં મૂળો, ઉછેર્યો અમ્બ ! મહાહર્ષે. ૮
કરે આકાશથી વાતો, પવન ખાતો વધે ઝાઝો,
હલાવે વાયુ શાખાઓ, ઉછેર્યો અમ્બ ! મહાહર્ષે. ૯
પ્રતિષ્ઠા લોકમાં પામ્યો, મનુષ્યો, પ્રેમથી દેખે,
ઘણી આશાથકી પેખે, ઉછેર્યો અમ્બ ! મહાહર્ષે. ૧૦
થયો પૃથ્વી ગ્રહી મોટો, થયો જલતત્ત્વ લઈ મોટો,
થયો વાયુ ગ્રહી મોટો, ઉછેર્યો અમ્બ ! મહાહર્ષે. ૧૧
બનાવ્યું દેહ લઈ તત્ત્વો, પ્રતિદિન પુષ્ટતા પામ્યો,
ગ્રહ્યો ઉપકાર ઘણાઓનો, ઉછેર્યો અમ્બ ! મહાહર્ષે. ૧૨
સકલની સહાય લીધી ત્હેં, બને તે પાછું વાળી દે,
ફળો તું આપ લોકોને, ઉછેર્યો અમ્બ ! મહાહર્ષે. ૧૩
અરે કોઈ પત્થરો મારે, અરે ત્હારાં ફળો લેવા,
બહુ તું રાખ સમતાને, ઉછેર્યો અમ્બ ! મહાહર્ષે. ૧૪
ઝુડે કોઈ લાકડી મારી, હલાવે ડાળ ફળમાટે,
કર ! અપકારપર ઉપકાર, ઉછેર્યો અમ્બ ! મહાહર્ષે. ૧૫
અરે કોઈ પર્ણને તોડે, અરે કોઈ લુમ્બને તોડે,
ગ્રહ્યું તે પાછું વાળી દે, ઉછેર્યો અમ્બ ! મહાહર્ષે. ૧૬
સહન કર તાઢ ને તડકો, અરે ડાળાં ઘણા છેદે,
સહનતા રાખ ઉપકારી, ઉછેર્યો અમ્બ ! મહાહર્ષે. ૧૭
સકલ વૃક્ષોવિષે શ્રેષ્ઠજ, બહુ ઉપકાર કરવાથી,
તજીશ નહિ ટેક પોતાની, ઉછેર્યો અમ્બ ! મહાહર્ષે. ૧૮
કદી કંટાળતો નહિ રે, પડે દુઃખો મહન્તોને,
ગ્રહ્યો અવતાર કર ! પૂરો, ઉછેર્યો અમ્બ ! મહાહર્ષે. ૧૯
પશુ પંખી કરે પીડા, કરે પીડા અવિચારી,
રહી મર્યાદમાં સહ ! તું, ઉછેર્યો અમ્બ ! મહાહર્ષે. ૨૦
સ્તવે નિન્દે અરે દુનિયા, જરા નહિ દુઃખિયો થા તું,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમર્પણ સર્વ ઉપકારે, ઉછેર્યો અમ્બ! મહાહર્ષે. ૨૧
જગત્ મઙ્ગલ ગણે તુજને, શુભાદિ મંગલે પહેલો,
"બુદ્ધ્યબ્ધિ" સુખ લેવાને, ઉછેર્યો અમ્બ! મહાહર્ષે. ૨૨

મુંબાઈ, લાલબાગ. સં. ૧૯૬૭ ચૈત્ર વદી ૭.

---

# बेहिर् अन्तरथकी काळा.

કવ્વાલિ.

બચાવ્યો બહુ દયા લાવી, કર્યું પોષણ દયા લાવી,
કરાવ્યું બહુ પયસનું પાન, બહિર્ અન્તરથકી કાળા. ૧
બચાવ્યો નોલીયાભયથી, દીધો આવાસ સુખકારી,
સ્વજાતિની કરે ઈર્ષ્યા, બહિર્ અન્તરથકી કાળા. ૨
કરાવ્યું સ્નાન ગઙ્ગામાં, કરાવ્યું સ્નાન યમુનામાં,
તથાપિ ના થયો નિર્મલ, બહિર્ અન્તરથકી કાળા. ૩
કરાવ્યું સ્નાન સાબુથી, કરાવ્યું પાન મનભાવ્યું,
કરાવ્યો લેપ ચન્દનનો, બહિર્ અન્તરથકી કાળા. ૪
સુણાવ્યો પાઠ ઈશ્વરનો, રમાડ્યો પ્રેમ લાવીને,
કર્યો ઉપકાર બહુ તુજને, બહિર્ અન્તરથકી કાળા. ૫
કરી શિક્ષા ભલામાટે, કરડ નહિ મૂર્ખ જીવોને,
ચડી બહુ રીસ ઝેરીલી, બહિર્ અન્તરથકી કાળા. ૬
કરડવાને ઘણાં ફાંફાં, ઘણા લાગો અરે જોયા.
ઉછાળ્યો ડંસ દેતાં ઝટ, બહિર્ અન્તરથકી કાળા. ૭
પડ્યો દૂરે પુનઃ આવ્યો, ભયંકર ફેંણ માંડીને,
ઉછાળી ખાડમાં નાખ્યો, બહિર્ અન્તરથકી કાળા. ૮
પુનઃ તું લાગ જોઈને, અરે આવ્યો હઠાવ્યો ખૂબ,
જરા ચાલ્યું નહીં ત્હારૂં, બહિર્ અન્તરથકી કાળા. ૯
અધમતાને નિહાળી તુજ, દયાનાં અશ્રુ ચક્ષુમાં,
બહુ ઉપદેશ દીધો રે, બહિર્ અન્તરથકી કાળા. ૧૦
તજીને વૈરની દૃષ્ટિ, ઘણા કાળે થયો ઉજ્જવલ,
નિકાળી દાઢ બે ઝેરી, બહિર્ અન્તરથકી કાળા. ૧૧

---

૧ શ્રીમદ્ ગુરૂવરે આ કાવ્ય દુષ્ટ મન ઉપર લખ્યું હોય એમ જણાય છે. તેમ દુર્જનરૂપ સર્પપર પણ લાગુ પડે છે. તેમાં સન્ત પુરૂષોની ઉપકાર દૃષ્ટિ તરી આવે છે. સન્ત પુરૂષો અપકારપર ઉપકાર કરે છે. **મધુકર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગયાથી દાંઢ ઝેરીલી, નથી કરડયાથકી હાનિ,
"બુદ્ધયબ્ધિ" સન્તની દૃષ્ટિ, સુધારે સર્વ જીવોને. ૧૨

લાલબાગ-પાંજરાપોળ. ચૈત્ર વદી ૭. ૧૯૬૭. ॐ शान्तिः.

---

# जगत्ने देव सन्देशो.

કવ્વાલિ.

અમારા ધ્યાનમાં ઉજ્જવલ, શુભઙ્કર દેવ દેખાયો,
નમી તેણે કહ્યો મુજને, જગત્ને દેવ સન્દેશો. ૧
અધુના પાપ બહુ થાવે, મનુષ્યો બહુ કરે હિંસા,
અકસ્માતો બહુ તેથી, જગત્ને દેવ સન્દેશો. ૨
રજસ્તમથી નથી શાન્તિ, ચડી દુનિયા પડે જલ્દી,
હૃદયમાં સત્ત્વતા ધારો, જગત્ને દેવ સન્દેશો. ૩
પ્રભુની ભક્તિમાં મ્હાલો, પરસ્પર સમ્પીને રહેશો,
મુનિયોની કરો ભક્તિ, જગત્ને દેવ સન્દેશો. ૪
ગુરુનિન્દા કુલક્ષયકર, પ્રભુનિન્દાથકી નહિ સુખ,
કરો ઉપકાર જીવોપર, જગત્ને દેવ સન્દેશો. ૫
દયાનાં તત્ત્વ ફેલાવો, જગત્ની શાન્તિના માટે,
સકલ ધર્મો દયામાંહિ, જગત્ને દેવ સન્દેશો. ૬
મદિરા માંસ પરિહરશો, પ્રતિદિન ધર્મ આદરશો,
પડે દુઃખો તજો નહિ ધર્મ, જગત્ને દેવ સન્દેશો. ૭
જિનન્દ્રોનાં કથ્યાં તત્વો, હૃદયમાં ધારશો સમજી,
ધરો શ્રદ્ધા ધરો સંયમ, જગત્ને દેવ સન્દેશો. ૮
સકલને આત્મવત્ દેખો, અહન્તા બીજ બાળી ધો,
તજો મમતા ભજો સમતા, જગત્ને દેવ સન્દેશો. ૯
અધિકારે ગ્રહો ધર્મજ, જગત્માં શાન્તિની કુંચી,
"બુદ્ધયબ્ધિ" ધર્મ છે સાચો, જગત્ને દેવ સન્દેશો. ૧૦
મુંબાઈ, વાલુકેશ્વર. ચૈત્ર વદી ૭, સં. ૧૯૬૭. ॐ शान्तिः.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# " हवे ह्हारो भरूसो शो ? "

કવ્વાલિ.

હવે તો બોલ નહીં ઝાઝું, નથી વિશ્વાસ બોલ્યાનો,
ફરી જાવે ઘણું બોલી, હવે ત્હારો ભરૂસો શો ? ૧
ઘણું બોલે કરે થોડું, પ્રતિજ્ઞાઓ તજી કાયર,
મહન્તોના ફરે નહિ બોલ, હવે ત્હારો ભરૂસો શો ? ૨
વિચારો બહુ જણાવે છે, વિચારો શેખશલ્લીના,
વદે છે બોલ સાકરીયા, હવે ત્હારો ભરૂસો શો ? ૩
ઉતારી કૂપમાં હેતે, પલાયન ઝટ કરી જાતો,
ઘણીવારે થયું આવું, હવે ત્હારો ભરૂસો શો ? ૪
કહે છે લાખ વાપરવા, અરે નહીં વાપરે નવને,
કરે વિશ્વાસનો ઘાતજ, હવે ત્હારો ભરૂસો શો ? ૫
ભરે છે હાથ પણ કંજૂસ, તસુ નહિ ફાડતો ફુલણ,
ભણ્યો આવું અરે ક્યાંથી, હવે ત્હારો ભરૂસો શો ? ૬
ચડાવીને રહે દૂરે, ખરી વેળા રહે પાછળ.
ઘલાવે મુખ નીચું તું, હવે ત્હારો ભરૂસો શો ? ૭
ગુરૂભક્તિ સમજતો નહિ, વદી હિમ્મત પછી હારે.
ગુરૂનો ભક્ત તે ક્યાંથી, હવે ત્હારો ભરૂસો શો ? ૮
કરો બસ બહુ થયું જોયું, અમારો માર્ગ લેવા ધો,
ક્ષમા શિક્ષા કરી ત્હેની, હવે ત્હારો ભરૂસો શો ? ૯
નથી ભકતોતણી પરવા, નથી ભક્તિવિના ભકતો,
રહ્યો જ્યાં સ્વાર્થ ને અજ્ઞાન, હવે ત્હારો ભરૂસો શો ? ૧૦
અચળ શ્રદ્ધા નથી પૂરી, ભમે છે ચિત્ત વાયુવત્,
ભમાવ્યાથી ભમે જલ્દી, હવે ત્હારો ભરૂસો શો ? ૧૧
ભરૂસો એક વાણીમાં, મહન્તોની અચળ ધ્રુવવત્
" બુદ્ધ્યબ્ધિ " ભક્ત છે કોઈક, અમે તો જોઇને જોયું. ૧૨

ચૈત્ર વદી બીજી સાતમ, ૧૯૬૭. મુંબાઈ પાંજરાપોળ. ॐ शान्तिः.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# [1]" खरी ए लग्ननी ग्रंथि."

કવ્વાલિ.

થયું તુજ લગ્ન જાણ્યું મ્હેં, કર્યું જે લગ્ન બાહિર્થી,
કર્યું અધ્યાત્મદૃષ્ટિથી, ખરી એ લગ્નની ગ્રંથિ. ૧
પતિ પત્ની રહે સાથે, વિયોગી પ્રાણ પડતાં નહીં,
પતિદુઃખે દુઃખી પત્ની, ખરી એ લગ્નની ગ્રંથિ. ૨
પતિપર પ્રાણ પાથરતી, પતિથી નહિ અધિકું કંઈ,
પતિ સેવા કરે ક્ષણ ક્ષણ, ખરી એ લગ્નની ગ્રંથિ. ૩
પતિ સર્વસ્વ માનીને, પતિ આજ્ઞા ધરે શિરપર,
રહે તન્મય થઈ નિત્યજ, ખરી એ લગ્નની ગ્રંથિ. ૪
રહે જોડું મળી નિર્ભય, નથી જ્યાં ભેદનું સ્વપ્નું,
અખંડાનન્દનો લ્હાવો, ખરી એ લગ્નની ગ્રંથિ. ૫
સકલમાં ઐકયતા બેની, અભિપ્રાયો પડે નહિ ભિન્ન,
સહજ શાંતિ સદા વર્તે, ખરી એ લગ્નની ગ્રંથિ. ૬
પરસ્પર પ્રાણ આહૂતિ, દઇને શુદ્ધ રહેવાનું,
પરમદષ્ટિ સદા છાજે, ખરી એ લગ્નની ગ્રંથિ. ૭
ઉપાધિખેદ નહિ કિઞ્ચિત્ , વિછડવું નહિ મળ્યા પશ્ચાત્ ,
અલૌકિક સુખ ભોગવવાં, ખરી એ લગ્નની ગ્રંથિ. ૮
અનંતજ્યોતિનો દીપક, પ્રકટ કરવો હૃદયમાંહિ,
હૃદયની ઐકયતા નિત્યજ, ખરી એ લગ્નની ગ્રંથિ. ૯
અમર ફળ સ્વાદીને મીઠું, અમર રહેવું નથી મરવું.
જરા નહિ દુઃખનો છાંટો, ખરી એ લગ્નની ગ્રંથિ. ૧૦
કહ્યું જે લગ્ન અન્તરથી, વિચારીને કરી લે તે,
"બુદ્ધયબ્ધિ" જ્ઞાનિયો પામે, ખરી એ લગ્નની ગ્રંથિ. ૧૧

સં. ૧૯૬૭ ના ચૈત્ર વદી ૮. મુંબાઈ, પાંજરાપોળ—લાલબાગ.

---

૧ આ પત્ર શ્રીગુરૂએ કોઇ શ્રાવક શિષ્યને તેના બાહ્યલગ્નપ્રસંગે અન્તરલગ્નપ્રસંગ સમજાવવા લખ્યો છે. **મધુકર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# *" अमारे पन्थमां वहेवुं. "

કવ્વાલિ.

ગુરૂએ બોધ આપીને, અમારી આંખ ઉઘાડી,
અમારા દેશમાં જાવા, અમારે પન્થમાં વહેવું. ૧

ઘણાં કોતર ઘણા ખાડા, ઘણી નદીઓ ઘણી ખાડી,
ઘણી પગશેરીઓ જ્યાં ત્યાં, અમારે પન્થમાં વહેવું. ૨

નથી કોઈ ભોમીઓ પૂરો, બહુ અકળાય મન મ્હારૂં,
ઘણી છે વાંસની ઝાડી, અમારે પન્થમાં વહેવું. ૩

ઘણા વંટોળીયા થાતા, પડે છે ધૂળ, ચક્ષુમાં,
ઘણા કાંટા જ વિખરાયા, અમારે પન્થમાં વહેવું. ૪

ઘણાં આંઘાં ઘણા ટીંબા, પડ્યા આડા ઘણા ડુંગર,
કરે છે ગર્જના સિંહો, અમારે પન્થમાં વહેવું. ૫

ઘણાં નાળાં ઘણા કન્થેર, ઘણા બાવળ ઘણાં ઝાંખર,
વહે છે ખીણમાં ઝરણાં, અમારે પન્થમાં વહેવું. ૬

---

*(૧) શ્રીસદ્ગુરુએ આ કાવ્ય પોતાના ઉપર લખ્યું હોય તેમ ભાસે છે. તેઓશ્રી કહે છે કે, અમારી જ્ઞાનચક્ષુને ગુરૂએ બોધ આપીને ઉઘાડી. અમારા દેશના પન્થમાં અમારે ચાલવાનું છે.

(૨) ત્યાં જતાં વચમાં છળપણાનાં ઘણાં કોતર આવે છે. વિશ્વાસઘાતરૂપ ઘણા ખાડા છે. ઘણા પગદંડાઓ આવે છે.

(૩) કોઈ પૂરો ભોમીયો નથી. રસ્તામાં જતાં મ્હારૂં મન અકળાય છે. કપટરૂપ વાંસની ઝાડીઓ ઘણી છે.

(૪) વિકલ્પ સંકલ્પરૂપ ઘણા વંટોળીયા પ્રગટે છે અને તેથી જ્ઞાનરૂપ ચક્ષુમાં આવરણરૂપ ધૂળ પડે છે, મુક્તિરૂપ દેશના રસ્તામાં ઘણા મિથ્યાત્વરૂપ કલેશના કાંટા વિખરાયા છે.

(૫) સાત ભયરૂપ ઘણાં આંઘાં (મોટા ઉંડા પાતાળ પર્યંતના ખાડા) છે. હર્ષતરંગરૂપ ટીંબાઓ ઘણા છે. માનના ભેદરૂપ ડુંગરો રસ્તામાં આડા પડ્યા છે, સત્તાભિમાનરૂપ સિંહ ગર્જના કરે છે.

(૬) અનેક પદવીઓ લેવારૂપ ઘણાં નાળાં આવે છે. ખેદરૂપ ઘણા કન્થેર આવે છે, ટંટારૂપ બાવળ અને વાગ્યુદ્ધરૂપ ઘણાં ઝાંખર છે. આશારૂપ ખીણમાં ઇચ્છાઓનાં ઝરણો વહે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરસ્પર વૃક્ષ ગંઠાયાં, ઘણી ઝાડી ઘણા વાઘો,
ઘણા જ્યાં ગોખરૂ ને ભંઠ, અમારે પન્થમાં વહેવું. ૭
ઘણી શૂળો ઘણા થુવર, ઘણાં કિંપાકનાં વૃક્ષો,
વધ્યાં તાડો બહુ ઉંચાં, અમારે પન્થમાં વહેવું. ૮
ભકોભક પાદમાં પેશે, ઘણી શૂળો વહે લોહી,
બહુશઃ અંગ છોરાતું, અમારે પન્થમાં વહેવું. ૯
ભયંકર બહુ વસે રીંછો, કુદંકુદા કરે ચિત્તા,
પડે સર્પો ઘણા પાછળ, અમારે પન્થમાં વહેવું. ૧૦
નથી જ્યાં સૂર્યનાં કિરણો, પ્રસરતું ઘોર અંધારૂં,
પડે નહિ સુઝ કયાં છે શું ! અમારે પન્થમાં વહેવું. ૧૧
મુખોને અજગરો ફાડે, ઘણું ખેંચે ગ્રહણ કરવા,
વરૂનાં યૂથ છળ તાકે, અમારે પન્થમાં વહેવું. ૧૨
ઘણા નિર્દય વસે ચોરો, ફરે છે ચોરવા માટે,
ભયંકર રાત્રીઓ કાળી, અમારે પન્થમાં વહેવું. ૧૩
ફરે છે ફાવડીઓ બહુ, ઘણા જ્યાં ભૂતના ભડકા,
અઘોરી લોક માંસાશી, અમારે પન્થમાં વહેવું. ૧૪

---

(૭) જ્ઞાનાવરણીયાદિ પ્રકૃતિયોરૂપ વૃક્ષો એકબીજાથી સંબંધિત થઇને રહ્યાં છે, પ્રપઞ્ચરૂપ ઘણી ઝાડી, અને ક્રૂરપરિણામરૂપ ઘણા વ્યાઘ્રો દેખાય છે, મત્સરરૂપ ગોખરૂ અને ઉદ્વેગરૂપ ભંઠ મુક્તિના રસ્તામાં પડેલા છે, તેમ છતાં અમારે મુક્તિના માર્ગમાં દુઃખ વેઠીને જવું છે.

(૮) વિષયપ્રેમરૂપ ઘણી શૂળો પડેલી છે, માનપ્રતિષ્ઠાનાશક હેલનારૂપી થુવર ઉગ્યા છે. વિષયરૂપ કિંપાકનાં વૃક્ષો ઉગ્યાં છે અને તે કિમ્પાક ફળને પેદા કરનારાં છે. મહત્તારૂપ તાડો રસ્તામાં ઉંચાં વધ્યાં છે.

(૯) વિષયપ્રેમરૂપ શૂળો આત્માના પ્રદેશમાં ભોંકાય છે અને તેમાંથી રૂધિરરૂપ ખરો પ્રેમ નીકળી જાય છે અને તેથી આત્મારૂપ અંગ છોરાઈ જાય છે.

(૧૦) આળરૂપ ભયઙ્કર રીંછો મોક્ષના માર્ગમાં જતાં સામાં દેખાય છે. પૈશુન્યરૂપ ચિત્તાઓ કુદંકુદા કરી રહ્યા છે, ક્રોધરૂપ સર્પો રસ્તામાં જતાં પાછળ પડે છે.

(૧૧) અનુભવજ્ઞાનરૂપ સૂર્યનાં કિરણોનો મોહરૂપ ઝાડીમાં પ્રકાશ થતો નથી અને તેથી બરાબર સુજતું નથી.

(૧૨) પ્રમાદોરૂપ અજગરો મુખ ફાડીને પડ્યા છે અને તે અમને ખેંચવા યત્ન કરે છે. સ્નેહ અને રાગરૂપ વરૂનાં યૂથ ફર્યા કરે છે,

(૧૩) કામરાગરૂપ ચોરો આત્માનું જ્ઞાનાદિ ધન લુંટવા માટે પરિભ્રમે છે. મિથ્યાત્વપરિણતિયોરૂપ ઘોર અન્ધારી રાત્રીઓ છે.

(૧૪) દષ્ટિરાગરૂપ ફાવડીઓ ત્યાં આઘી પાછી ફર્યા કરે છે. ઉન્માદરૂપ ભૂતના ભડકાઓ થાય છે. નિર્દય પરિણામરૂપ અઘોરી લોકો મોક્ષના રસ્તામાં જતાં ખાઈ જાય તેવા આવે છે. એવા એવા દુઃખના હેતુઓને હઠાવીને અમારે મોક્ષમાર્ગમાં ગમન કરવાનું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પગે ચાલી જવું વેગે, પિપાસા ભૂખનાં દુઃખો,
ઘણા દાવાગ્નિના ભડકા, અમારે પન્થમાં વહેવું. ૧૫
છળે રાક્ષસ પ્રપઞ્ચોથી, ઘણો ઉપયોગ દેવાનો,
નિહાળી સર્વ બાજુને, અમારે પન્થમાં વહેવું. ૧૬
ચઢયું વાદળ ઘણું ઘમઘોર, ચમકતી વિજળી ચોમેર,
ઘણો ગાજે ભયંકર ઘન, અમારે પન્થમાં વહેવું. ૧૭
પડે વર્ષા મુશલધારા, વહે છે ધોધ વારિના,
તણાવાનો ઘણો ભય જ્યાં, અમારે પન્થમાં વહેવું. ૧૮
તણાતા પત્થરો જલથી, મહાવ્હેળા વહે જબરા,
તણાતા અજગરો મોટા, અમારે પન્થમાં વહેવું. ૧૯
વદે શૃંગાલનાં વૃન્દો, કટોકટ પલ્વલો ભરિયાં,
નદીઓનાં વધ્યાં યૌવન, અમારે પન્થમાં વહેવું. ૨૦
મળે ઉદધિવિષે નદીઓ, નથી ઉદધિતણો પારજ,
જણાતો પાર નહિ સામો, અમારે પન્થમાં વહેવું. ૨૧
અજાણ્યાં વૃક્ષ બહુ ઉગ્યાં, ફળ્યાં ફુલ્યાં નિહાળું બહુ,
પડચાં હેઠળ ફળો સુન્દર, બુભુક્ષા પીડવા લાગી. ૨૨

---

( ૧૫ ) સચ્ચારિત્રરૂપ પગથી મોક્ષમાર્ગમાં વિચરવાનું છે. ક્ષુધા અને પિપાસાનાં દુઃખ વેઠવાનાં છે. મહાવૈરરૂપ દાવાગ્નિના સંકલેશરૂપ ભડકાઓ દેખાય છે તેનાથી ચેતીને ચાલવાનું છે.

( ૧૬ ) આર્તધ્યાનરૂપ રાક્ષસ, અનેક પ્રપંચોથી છળે છે, માટે ત્યાં ઘણો ઉપયોગ દેઇને ગુણસ્થાનકરૂપ માર્ગમાં જવાનું છે.

( ૧૭ ) રૌદ્રધ્યાનરૂપ ઘમઘોર વાદળું મનરૂપ આકાશમાં ચોમેર ચઢેલું છે તેમાં આપરૂપ વિદ્યુત્ ચમકી રહી છે.

( ૧૮ ) અશુભપરિણામરૂપ વર્ષા મુશલધારાએ વર્ષે છે અને માનરૂપ પર્વતપરથી અશુભ પરિણામરૂપ જલના ધોધ પડે છે, તેમાં તણાવાનો ઘણો ભય રહે છે તોપણ અમારે મોક્ષમાર્ગમાં જવુંજ છે.

( ૧૯ ) અશુભપરિણામરૂપ જલના મહાન્ પ્રવાહરૂપ વ્હેળામાં કદાગ્રહરૂપ પત્થરો પણ તણાય છે. બાહ્યપદાર્થભોગ અને ક્રોધરૂપ સર્પો પણ તે અશુભપરિણામમાં ખેંચાય છે.

( ૨૦ ) સ્વાર્થરૂપ શૃગાલોનાં ટોળાં ફર્યા કરે છે. વાસનારૂપ સરોવર કટોકટ ભરેલાં દેખાય છે. અનેક જાતની તૃષ્ણારૂપ નદીઓનું યૌવન વધ્યું છે.

( ૨૧ ) અને તે સર્વે લોભસાગરમાં જઇને ભળે છે, મલીનતારૂપ ખારાશથી લોભસાગર ખારો ગણાય છે, તેની મર્યાદાનો પાર નથી, તેમ છતાં આવી ભયંકર દશામાં પણ અમારે અલખદેશમાં જવા જ્ઞાનક્રિયારૂપ મોક્ષમાર્ગમાં વહેવું છે, અર્થાત્ ગમન કરવું છે.

( ૨૨ ) કેટલાંક તો દોષરૂપ વૃક્ષો અજાણ્યાં છે તે પણ ફળ્યાં ફુલ્યાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્ષુધાયોગે કર્યું ભક્ષણ, ફળોનું ઉંઘ બહુ આવી,
રહ્યું નહિ ભાન જીવ્યાનું, ગઈ આંખો ઘણી ઉંડી. ૨૩
કથઞ્ચિત્ ઉઘડી આંખો, તૃષા લાગી રહે નહિ પ્રાણ,
સરોવર એક દેખાયું, ગયો ત્યાં દુઃખ વેઠીને. ૨૪
કર્યું જલપાન બહુ પ્રેમે, તૃષા વધતી ગઈ ભારી,
સરોવર પૂર્ણ પી લીધું, જરા શાન્તિ થઈ નહિ પણ. ૨૫
તૃષા વધતી ગઈ તેમજ, સુવાયું વૃક્ષની નીચે,
ક્ષણિક નિદ્રાવિષે સ્વપ્નું, તૃષાથી બહુ ભમું જ્યાં ત્યાં. ૨૬
અરે પીધો મહાસાગર, હૃદય અગ્નિ ભભુકયો બહુ,
તૃષાગ્નિજ્વાલ પ્રસરાઇ, સરોવર એક દેખાયું. ૨૭
સકળ વારિતણું પાનજ, રહ્યું ગંદું જરા પાણી,
અરે તે જીભથી ચાટું, ગયું સ્વપ્નું થયો જાગ્રત. ૨૮
સ્મરણમાં સ્વપ્ન આવ્યું તે, અહો આ શી દશા મ્હારી,
ઉઠી ચાલ્યો વધ્યો આગળ, પ્રવેશ્યો નાળમાં ઝટપટ. ૨૯
પડ્યું પાછળ ભયઙ્કર રીંછ, અરે આગળ પડ્યો અજગર,
ગયો આગળ ગળ્યો તેણે, રહ્યો છાતીથકી બાકી. ૩૦
સ્ફુરાવી શક્તિ પોતાની, કટારીથી ઉદર, ચીર્યું
રૂપાળી અઙ્ગના આવી, કટાક્ષો ફેંકતી દીઠી. ૩૧
અમારા જોરની આગળ, ચલ્યું નહિ જોર તેણીનું,
ગઇ આકાશમાં ઉડી, અમારા શીલના તેજે. ૩૨

---

( ૨૩ ) કેટલાક અજાણ્યા દોષરૂપ વૃક્ષોનાં ફળ ખાધાં. તેથી બહુ ઘેન ચઢ્યું, તેમાં જીવું છું કે કેમ તેનું પણ ભાન રહ્યું નહીં.

( ૨૪ ) તૃષ્ણારૂપ તૃષા લાગી એવામાં આશારૂપ સરોવર દેખાયું ત્યાં ગયો.

( ૨૫ ) તેનું જલ પીધું.

( ૨૬ ) તેથી તૃષા તો વૃદ્ધિ પામવા લાગી. અને એક અસન્તોષ વૃક્ષ નીચે સુઇ રહ્યો. અનુપયોગનિદ્રામાં બાહ્યભાનરૂપ સ્વપ્ન આવ્યું.

( ૨૭ ) તેમાં તૃષ્ણા તૃષાયોગે સમુદ્રો અને સરોવરો પી ગયો.

( ૨૮ ) તેમ ગંદું પાણી પણ પી ગયો તો પણ તૃષ્ણાતૃષા ટલી નહીં.

( ૨૯ ) ઉપયોગ જાગ્રત થતાં તે સ્વપ્નમાં થએલું સ્મરણમાં આવ્યું ને અસન્તોષ વૃક્ષથી ઉઠીને આગળ ચાલ્યો. અશુદ્ધભાવનારૂપ નાળમાં પ્રવેશ કર્યો ત્યાં.

( ૩૦ ) **પ્રમાદરૂપ** અજગર દેખાયો અને પાછળ **આળસરૂપ** ભયંકર રીંછ દેખાયું. આગળ જતાં **પ્રમાદ** અજગર હૃદય સુધી ગળી ગયો.

( ૩૧ ) પણ આત્માની શક્તિ સ્ફુરાવી ભાવનારૂપ કટારીથી **પ્રમાદ** અજગરનું અંગ ચીરી નાખ્યું. તેવામાં એક સુંદર કુમતિ, વિષયવાસનાવાળી સ્ત્રી આવી.

( ૩૨ ) પણ મારા જોર આગળ તેના હાવભાવ નકામા ગયા. અમારા શુદ્ધ બ્રહ્મચર્યના તેજને ન સહન કરનારી તે નભમાં ઉડી ગઇ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



*ઘણાં પશુઓ ચહે ઘાતો, ભયંકર ઘોર જંગલમાં,*
*પ્રપંચી ચોર મળતા બહુ, અમારે પન્થમાં વહેવું.* ૩૩
દશા, મ્હારી મુસાફરની, મુસાફરની ગતિ ન્યારી,
અમોને થાક લાગે પણ, અમારે પન્થમાં વહેવું. ૩૪.
ઘણું જીવન ગયું તો પણ, અમારા દેશનાં ચિન્હો,
પરિપૂર્ણજ જણાતાં નહિ, અમારે પન્થમાં વહેવું. ૩૫
અમોને લેખ મળી આવ્યો, હકીકત પન્થની ત્હેમાં,
ઘણા લેખો નિહાળ્યા ભિન્ન, અમારે પન્થમાં વહેવું. ૩૬
અહો સાચો કયો છે લેખ, પરીક્ષા પૂર્ણ નહિ થાતી,
થયો નિશ્ચય નહીં એકે, અમારે પન્થમાં વહેવું. ૩૭
કરીને લેખનો નિશ્ચય, અમારી બુદ્ધિ અનુસારે,
વધ્યું આગળ મહાકષ્ટે, અમારે પન્થમાં વહેવું. ૩૮
ઘણાં જે પન્થમાં ચિન્હો, ઘણો આતુર જોવાને,
મળે તે પન્થીને પુછું, અમારે પન્થમાં વહેવું. ૩૯
ઘણા પન્થી પુરે સાક્ષી, ખરેખર આજ છે રસ્તો,
જણાવે લેખ પત્થરપર, અમારે પન્થમાં વહેવું. ૪૦

---

( ૩૩ ) ત્રેવીશ વિષયોરૂપ પશુઓ, મારી ઘાત ઇચ્છે છે. અજ્ઞાનરૂપ ભયંકર ઘોર જંગલમાં કામક્રોધાદિ પ્રપંચી ચોરો અમારૂં જ્ઞાનાદિધન લુંટવા પ્રપંચો કર્યાં કરે છે.

( ૩૪ ) હજી મ્હારી મુસાફરની દશા છે. પન્થમાં વહેતાં આયુષ્ય જીવન વીતે છે.

( ૩૫ ) તેમાંનો કેટલોક ભાગ ગયો તોપણ અમારા મોક્ષ દેશનાં પરિપૂર્ણ ચિન્હો જણાતાં નથી.

( ૩૬ ) મોક્ષમાર્ગમાં સંચરતાં વીતરાગોપદેશરૂપ એક લેખ મળી આવ્યો. તેમાં અમારા દેશની હકીકત હતી, મોક્ષમાર્ગસંબંધી અન્ય પણ ઘણા લેખો મળી આવ્યા.

( ૩૭ ) સત્ય અને અસત્ય લેખોની પૂર્ણપણે પરીક્ષા થઇ નહીં.

( ૩૮ ) એક પણ લેખનો પરિપૂર્ણ નિશ્ચય થયો નહીં. તો પણ વીતરાગ ઉપદેશ લેખ તો સર્વ કરતાં પૂર્ણ વિશ્વાસમય છે અને પૂર્ણપણે સર્વ કરતાં સત્ય છે એમ સ્વબુદ્ધ્યનુસાર નિશ્ચય કર્યો. એમ નિશ્ચય કરીને વિરતિરૂપ ગતિથી આગળ પન્થમાં ગમન કર્યું.

( ૩૯ ) મોક્ષપન્થમાં જે જે ચિન્હો એમ જોવાનાં હતાં તે જોવાને ઘણો આતુર બન્યો. અને જે મુસાફર મળે તેને હું પુછવા લાગ્યો. કેટલાંક મોક્ષમાર્ગમાં ગમન કરતાં સ્વદષ્ટિ ખીલવણી પ્રમાણે ચિન્હો જણાયાં.

( ૪૦ ) તેમ તે આજ મોક્ષમાર્ગ છે એમ ઘણા પન્થીઓ સાક્ષી પુરવા લાગ્યા અને મ્હને પણ તે આજ મોક્ષદેશનો માર્ગ છે એમ નિશ્ચય થયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બહુ દુર્બીન વિષે જોયું, ઘણા લોકો જતા દીઠા,
પ્રકાશજ દૂર દેખાયો, અમારે પન્થમાં વેહેવું. ૪૧
વિચરવાનો કર્યો નિશ્ચય, અમારા દેશમાં જઈશું,
"બુદ્ધયબ્ધિ" સન્તનાસાથે, અમારે પન્થમાં વહેવું. ૪૨

ચૈત્ર વદી ૮ સં. ૧૯૬૭ મુંબઈ, પાંજરાપોળ. લાલબાગ. ॐ शान्तिः.

---

# " अमारो तुं थशे त्यारे. "

કવ્વાલિ.

*હૃદયનું રક્ત કાઢીને, લખીશ લેખો પ્રતિજ્ઞાના,
સદા આજ્ઞા ધરીશ શિરપર, અમારો તું થશે ત્યારે. ૧
નથી શઙ્કા કથનમાંહિ, કથાતું સર્વ હિતમાટે,
સમર્પણ સર્વ પોતાનું, અમારો તું થશે ત્યારે. ૨
કરીશ જો પ્રાણ આહૂતિ, અમારા ધર્મને માટે,
મરણની નહીં રહે પરવા, અમારો તું થશે ત્યારે. ૩

---

( ૪૧ ) ધ્યાનરૂપ સૂક્ષ્મ ઉપયોગરૂપ દુર્બીનથી જોયું તો મોક્ષમાર્ગમાં ઘણા યોગીઓ ગમન કરતાં દેખાયા. અને સમાધિ દશામાં જોતાં નિર્વિકલ્પરૂપ પ્રકાશ પણ દૂરથી દેખાયો અને તે પ્રકાશ પણ દૂર દેખાયો. મ્હને નિશ્ચય થયો કે નિર્વિકલ્પ અનુભવ પ્રકાશને પ્રાપ્ત કરતાં કોઈ રીતની હરકત રહેશે નહીં એમ જાણી આગળ મોક્ષના પન્થમાં ગમન કરવાનો નિશ્ચય કર્યો.

( ૪૨ ) અને પૂર્ણ નિશ્ચય થયો કે જ્યારે ત્યારે મોક્ષરૂપ અમારા દેશના માર્ગમાં ગમન કરતાં સ્વદેશમાં જઇશું. શ્રીમદ્બુદ્ધિસાગરજી કહે છે કે સન્તરૂપ જ્ઞાનની સાથે અમારે આ પ્રમાણે નિશ્ચય કરીને મોક્ષમાર્ગમાં પ્રતિદિન ગમન કરવાનું છે. એમ શ્રીમદ્ના લેખનો આશય સમજાય છે. મધુકર.

---

* ( ૧ ) હે ભવ્યાત્મન્ ! ઉપાસક, તું જ્યારે હૃદયનું રક્ત કાઢીને, અર્થાત્ સંપૂર્ણ હૃદયના પૂર્ણ પ્રેમથી, હું તમારી આજ્ઞા શીર્ષપર ધારણ કરીશ એમ પ્રતિજ્ઞાના લેખો લખીશ, અર્થાત્ એવી શુદ્ધપ્રતિજ્ઞા દૃઢ સંકલ્પરૂપ હૃદય પત્રપર લખીશ ત્યારે તું મ્હારો ભક્ત, ઉપાસક શિષ્ય ગણાઈશ.

( ૨ ) ત્હને મ્હારા વચનમાં શંકા લાગશે નહીં અને જે કથાય છે તે સર્વદા સર્વથા સાર્વત્રિક મનુષ્યને હિતકારક છે એવું જાણી પોતાનું સર્વ મ્હને સમર્પણ કરીશ અર્થાત્ મ્હારા માટે તું ત્યાગીશ ત્યારે તું અમારો થઈશ.

( ૩ ) અમારા ધર્મને માટે પ્રાણની આહૂતિ અર્પીશ અર્થાત્ શુદ્ધ ધર્મની પ્રાપ્તિ માટે પ્રાણની પણ દરકાર ન રાખીશ, તેમજ મરણની પણ સ્પૃહા ન ધરીશ ત્યારે તું અમારો ગણાઇશ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હૃદયમાં ચિત્ર શિક્ષાનું, ખરેખર કોતરે ખાન્તે,
જગત્‌ની નહિ જરા લજ્જા, અમારો તું થશે ત્યારે. ૪
ગમે તે થાઓ તો પણ શું? રગોરગમાં તુંહિ સાચો,
ધરે પરમાર્થથી પ્રેમજ, અમારો તું થશે ત્યારે. ૫
કહું તે સર્વ કરવાનું, પ્રયોજન પુચ્છવું નહિ કંઈ,
પટંતર નહીં પડે જો પ્રાણ, અમારો તું થશે ત્યારે. ૬
પડે તે દુઃખ સહવાનાં, ઘણા દુઃખો સુખાર્થે સહુ,
ઘણો ગંભીર યદા થાશે, અમારો તું થશે ત્યારે. ૭
નથી ધડપર શિરજ લેખી, અમારી ભક્તિમાં મસ્તાન,
યદા થાશે કપટ ત્યાગી, અમારો તું થશે ત્યારે. ૮
જગત્‌ના સુખની છાયા, તજી મુજ ટેકને ધરશે,
અહન્તા હૃદયમાં નહિ લેશ, અમારો તું થશે ત્યારે. ૯
ફળોની આશ રાખ્યાવણ, અધિકારે કરીશ કાર્યો,
જગત્‌વાણી ગણીશ નહિ કંઈ, અમારો તું થશે ત્યારે. ૧૦

---

(૪) શિક્ષાનું ચિત્ર ત્હારા હૃદયમાં કોતરાશે અને અજ્ઞ જગત્‌ના લોકોથી લજ્જાયમાન ન થઇશ ત્યારે તું અમારો થશે.

(૫) તું સાચો છે એમ દૃઢ નિશ્ચય કરીને, ગમે તે થાઓ તેમ ત્હારા મનમાં જણાશે અને પરમાર્થપ્રેમમય જીવન થશે ત્યારે તું અમારો ગણાઇશ.

(૬) ત્હારી ઉચ્ચ જીવનસ્થિતિઅર્થે જે જે કહું તે સર્વ ત્હારે પ્રયોજન પુચ્છયા વિના પૂર્ણ વિશ્વાસબળથી કરવાનું છે એમ તું જાણીશ અને પ્રાણ પડતાં પણ હૃદયનું અન્તર ન રાખીશ ત્યારે તું અમારો થશે.

(૭) જે જે દુઃખો પડે તે સહન કરવાંજ જોઇએ. જે જે દુઃખો પડે છે તે પણ ભવિષ્યના સુખાર્થે છે એમ જાણી સમતાથી સહન કરીશ અને ગુપ્ત સિદ્ધાન્તોને જાણી તેમજ દુનિયાનું અનેક પ્રકારનું બોલવું સાંભળીને સર્વ, હૃદયમાં ધારવા માટે ઘણો ગંભીર બનીશ ત્યારે તું અમારો થશે. અર્થાત્ અમારા જ્ઞાનનો અધિકારી ત્યારે તું થશે.

(૮) ધડપર શીર્ષ છેજ નહીં એવી ભાવનાવાળો થઇ ભક્તિમાં મસ્તાન બનીશ અને કપટરહિત થઇશ, અર્થાત્ મ્હારા આત્માની સાથે મળવા સરલતાને ધારણ કરીશ ત્યારે તું અમારો થશે.

(૯) જગત્‌માં પુણ્યયોગે થતાં અનેક પ્રકારનાં સુખ, તદ્રૂપ છાયાનો ત્યાગ કરીને મ્હારા વિચારની શ્રદ્ધા કરશે અને દૃશ્ય વસ્તુઓના સંબંધમાં છતાં પણ તેમાં હું એવી બુદ્ધિ ઉત્પન્ન થશે નહીં ત્યારે તું અમારો શિષ્ય ગણાઇશ.

(૧૦) પૌદ્ગલિક સુખરૂપ ફળની આશા રાખ્યા વિના ત્હારા અધિકાર પ્રમાણે કર્તવ્યહિત કર્મોને કરીશ અને જગત્‌નું ત્હારા પ્રતિ જે બોલવાનું છે તે પણ હિસાબમાં ન ગણીશ ત્યારે તું અમારો થઈશ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહન્તા રૂપમાં નહિ લેશ, અહન્તા નામમાં નહિ લેશ,
સકલ જાણીશ સકલ દેખીશ, અમારો તું થશે ત્યારે. ૧૧
લઘુતા વા પ્રભુતામાં, સદા સાક્ષી થઈ રહેવું,
તજીશ હું તુંતણા ભેદો, અમારો તું થશે ત્યારે. ૧૨
ધરીશ શિરપર પ્રભુ પચ્ચજ, અપેક્ષાઓ સકલ સમજે,
અલખજ્યોતિ પ્રગટ કરશે, અમારો તું થશે ત્યારે. ૧૩
જગત્‌ને અન્યવત્ દેખીશ, અમર એક હંસને દેખીશ.
સ્વભાવે સહુ થતું દેખીશ, અમારો તું થશે ત્યારે. ૧૪
વિયોગી દેહ હોતાં પણ, કરે વ્યવહાર પ્રારબ્ધે,
"બુદ્ધ્યબ્ધિ" યોગ્યતા પામીશ, અમારો તું થશે ત્યારે. ૧૫

સં. ૧૯૬૭ ચૈત્ર વદી ૧૦ મુંબઈ. પાંજરાપોળ, લાલબાગ.

---

# करीश नहि शोक समजु रे.

કવ્વાલિ.

વિવેકી પૂર્ણ શ્રદ્ધાળુ, અરે મુજ શિષ્ય વાડીલાલ,
તજ્યો દેહ ત્હારી જનનીએ, કરીશ નહિ શોક સમજુ રે. ૧

---

(૧૧) રૂપવાળા સાકાર પદાર્થોમાં અહંત્વ ઉત્પન્ન થશે નહિ. અને જે જે નામ પાડવામાં આવે તે નામ તેજ હું છું એવી બુદ્ધિ ઉત્પન્ન થશે નહીં અને તેવી સ્થિતિવડે સકલ પદાર્થોને જાણીશ અને દેખીશ ત્યારે તું અમારો ઉપાસક ગણાઇશ.

(૧૨) લઘુતા અને પ્રભુતામાં સાક્ષીરૂપે રહેવું જોઇએ. રાગ વા દ્વેષના પક્ષમાં ન પડવું જોઇએ. આવી સ્થિતિમાં આવીશ તેમજ આ ત્હારૂં અને આ મ્હારૂં એવા અહંવૃત્તિના ભેદો તજીશ ત્યારે તું અમારો થઇશ.

(૧૩) શીર્ષના મધ્યભાગમાં આવેલા બ્રહ્મરન્ધ્રમાં પચ્ચપરમેશ્વરરૂપે એક અમૂલ્ય તત્ત્વને નિશ્ચયનયતઃ અપેક્ષાએ સમજીને ધારણ કરીશ અને અલક્ષ્ય બ્રહ્મસ્વરૂપને પ્રગટ કરીશ ત્યારે તું અમારો થઈશ.

(૧૪) જગત્ મ્હારૂં નથી એવી શુદ્ધ દૃષ્ટિથી દેખીશ. અજ અમર એક પોતાના આત્મસ્વરૂપને દેખીશ અને સર્વ પદાર્થો પોતપોતાના સ્વભાવે ઉપજે છે, વિણસે છે અને ધ્રૌવ્યપણે છે એમ દેખીશ ત્યારે તું અમારો ગણાઇશ.

(૧૫) દેહ છતાં પણ વિયોગી જેવો પોતાને અનુભવીશ. અને અશનાદિ વ્યવહારને પ્રારબ્ધયોગે અહંત્વનો ત્યાગ કરીને કરીશ, ત્યારે તું અનન્તજ્ઞાનસાગરભૂત પરમાત્મસ્વરૂપની યોગ્યતા પામીશ અને ત્યારે તું અમારો થશે એમ બુદ્ધિસાગર કહે છે. કોને કહે છે ? ઉપાસકને. કોણ કહે છે ? વિચારો ! **મધુકર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જગત્ ઉદધિવિષે જીવો, મરે જીવે શરીરોથી,
અમર આશા નથી ઉંડી, કરીશ નહિ શોક સમજુ રે. ૨
ચલે ઇંદ્રો ચલે દેવો, શરીરો વસ્ત્રના જેવાં,
ટળે જૂનાં મળે બીજાં, કરીશ નહિ શોક સમજુ રે. ૩
થયો ઉત્પાદ તેનો વ્યય, સકલમાં વ્યાપ્તિ છે ત્હેની,
અનન્તાકાળથી જન્મો, કરીશ નહિ શોક સમજુ રે. ૪
હતી માતા ભલી ત્હારી, ઘણી શ્રદ્ધા ઘણી ભક્તિ,
ગુણો તેના ગ્રહી લેજે, કરીશ નહિ શોક સમજુ રે. ૫
કર્યા ઉપકાર માતાએ, સ્મરણમાં રાખજે તેને,
જીવન તું ગાળ ઉપકારે, કરીશ નહિ શોક સમજુ રે. ૬
ઘણી પ્રીતિ ધરી તુજપર, શિખાવ્યો પાઠ પ્રીતિનો,
સકલપર પ્રેમ કર અન્ધો ! કરીશ નહિ શોક સમજુ રે. ૭
જીવંતાં તુજ જનનીના, ગુણો ત્હારા સ્મરણમાં નહિ,
થશે તેની હવે યાદી, કરીશ નહિ શોક સમજુ રે. ૮
રહ્યો જેના ઉદરમાંહીં, સ્મરણમાં કેમ ના આવે,
ગુણો તેના ગ્રહણ કરજે, કરીશ નહિ શોક સમજુ રે. ૯
અમર ચેતન અહો ત્હેનો, અવર અવતાર લેવાયો,
જગત્‌માં પંખીનો મેળો, કરીશ નહિ શોક સમજુ રે. ૧૦
મુસાફરનું મળ્યું ટોળું, સકળના માર્ગ છે જુદા,
મુસાફર તું મુસાફર હું, કરીશ નહિ શોક સમજુ રે. ૧૧
બજાવી કાર્ય પોતાનું, ગઈ તુજ માત પરભવમાં,
ગ્રહી દૃષ્ટાન્ત જાગ્રત થા, કરીશ નહિ શોક સમજુ રે. ૧૨
ગ્રહે છંડે જગજ્જીવો, વપુવસ્ત્રો રહે ત્હેમાં,
રૂવે કોને જુવે કોને, કરીશ નહિ શોક સમજુ રે. ૧૩
ઘણી કીધીજ માતાઓ, પિતાઓ બહુ કર્યા ભમતાં,
સકળ એ કર્મના યોગે, કરીશ નહિ શોક સમજુ રે. ૧૪
અરે સંસાર સંબંધો, પલકમાં સર્વ બદલાતા,
સ્વભાવે એ બને સહુના, કરીશ નહિ શોક સમજુ રે. ૧૫
થશે જો જ્ઞાનથી વૈરાગ્ય, સુધારીશ કાર્ય પોતાનું,
સદા સમભાવમાં રહેજે, કરીશ નહિ શોક સમજુ રે. ૧૬
જીવંતાં મૃત્યુ જેવું છે, મર્યા પશ્ચાત્ નહીં જન્મે,
અહો તે ધન્ય યોગીન્દ્રો, કરીશ નહિ શોક સમજુ રે. ૧૭



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુસાફર ચેત! દુનિયાના, સદા વૈરાગ્યમાં રહેજે,
"બુદ્ધયબ્ધિ" સન્તની સંગત, કરીને શાન્તતા ધરજે. ૧૮

સં. ૧૯૬૭. ચૈત્ર વદી ૧૧ લાલબાગ, પાંજરાપોળ. ॐ शान्तिः ३

---

# " नथी संसारमां शान्ति. "

કવ્વાલિ.

જગતમાં સ્વપ્નવત્ દીઠું, રહે વ્હાલું નહીં કોઈ,
પળકમાં સુખ પલકમાં દુઃખ, નથી સંસારમાં શાન્તિ. ૧
નથી પ્યારી નથી પ્યારૂં, કરેલી કલ્પના ખોટી,
હસો તો શું? રૂવો તો શું? નથી સંસારમાં શાન્તિ. ૨
મળેલા મેળ ક્યાંસુધી, લખેલા લેખ ક્યાંસુધી,
ધરેલું દેહ ક્યાંસુધી, નથી સંસારમાં શાન્તિ, ૩
રૂવે કોને જુએ કોને, તજી દે ભ્રાન્તિ મન માની,
હવે તો માર્ગ પકડી લે, નથી સંસારમાં શાન્તિ. ૪
મજા નહિ મોજ માર્યાથી, હવે તો જોઇ લે સાચું,
જવું પડશે ઉઘાડે હસ્ત, નથી સંસારમાં શાન્તિ. ૫
કળાઓ કેળવો કોડી, ભણો ભાષા કરોડો પણ,
કરી લે જ્ઞાન જિનભાખ્યું, નથી સંસારમાં શાન્તિ. ૭
ઉઘાડું દ્વાર મુક્તિનું, કરી લે યોગ્યતા પૂરી,
તજી મમતા ધરીલે સત્ય, નથી સંસારમાં શાન્તિ. ૮
ચપળતા ચિત્તની ત્યાગી, ગુરૂઆજ્ઞા ધરી શિરપર,
કરી લે કાર્ય પોતાનું, નથી સંસારમાં શાન્તિ. ૯
અરે નહિ હાર નરભવને, ધરી લે સદ્ગુણો પ્રેમે,
નકામી વાત છોડી દે, નથી સંસારમાં શાન્તિ. ૧૦
ગઈ માતા ગઈ પત્ની, અરે એ માર્ગ છેવટનો,
સમજ સમજુ હવે તો ઝટ, નથી સંસારમાં શાન્તિ. ૧૧
મળ્યા તે સર્વ જવાના, મળે તેનું સદા એવું,
ખરો મહાવીરનો ધર્મજ, નથી સંસારમાં શાન્તિ. ૧૨
મનન કર જ્ઞાનિના ગ્રંથો, વખત પાછો નહીં આવે,
તજી આળસ થજે જાગ્રત, નથી સંસારમાં શાન્તિ. ૧૩
રૂચે તો માનીને મીઠું, લખ્યું એ સર્વ કરૂણાએ,
રૂચે તો ધારજે મનમાં, નથી સંસારમાં શાન્તિ. ૧૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લખ્યો આ પત્ર ચંદુલાલ, વિચારી ધર્મ આદરજે,
પ્રસંગે બોધ દેવાયો, નથી સંસારમાં શાન્તિ. ૧૫
ઘણાં કર્મો વિલય કરવા, હૃદયમાં ધાર નિશ્ચયને,
"બુદ્ધ્યબ્ધિ" સન્તના ચરણે, સદા સંસારમાં શાન્તિ. ૧૬
ચૈત્ર વદી ૧૧. લાલબાગ, પાંજરાપોળ મુંબાઈ.

# "स्फुरावो शक्ति चेतननी."

કવ્વાલિ.

દયાળુ ધર્મ શ્રદ્ધાળુ, જગાભાઈ વિચારો પત્ર,[1]
કદી નહિ દિલગીરી ધરવી, સ્ફુરાવો શક્તિ ચેતનની. ૧
સકળ કાર્યો બને યત્ને, થતો શ્રદ્ધાથકી ઉદ્યમ,
અતઃ શ્રદ્ધા હૃદયધારી, સ્ફુરાવો શક્તિ ચેતનની. ૨
અડગ શ્રદ્ધાથકી પ્રગટે, સકલ ધર્મોન્નતિ કાર્યો,
ધરી ઉત્સાહ અન્તરનો, સ્ફુરાવો શક્તિ ચેતનની. ૩
અનન્ત વ્યક્તિ શક્તિને, પ્રગટ કરવા ધરો ધર્મજ,
ધરીને ધૈર્ય અન્તરની, સ્ફુરાવો શક્તિ ચેતનની. ૪
કરે કાયર અતિ ભીતિ, ધરે ઉત્સાહને શૂરો,
"બુદ્ધ્યબ્ધિ" શુદ્ધસદ્કલ્પે, સ્ફુરાવો શક્તિ ચેતનની. ૫

મુંબાઈ, લાલબાગ પાંજરાપોળ. ચૈત્ર વદી ૧૧. ૧૯૬૭. ॐ शान्तिः ३

---

૧ સુશ્રાવક શેઠ જગાભાઈ દલપતભાઈ યોગ્ય બુદ્ધિસાગરના સ્યાદ્વાદધર્મલાભાશીઃ વિશેષતઃ અવબોધવાનું કે અન્તરમાં અનન્તશક્તિના તમે સમુદ્ર છો. જેવા પ્રકારની માનસિક કલ્પના કરો છો તેવા તમે સ્થૂલમાં ભાસો છો, તમે પોતાને અનંત સામર્થ્ય યુક્ત ભાવશો તો, સ્થૂલમાં પણ કિઞ્ચિત્ તેનો અવભાસ થશે કે મ્હારી શક્તિને હું પ્રગટાવવા સમર્થ છું. શોક, ભય આદિના અશુભ વિચારોને હું હઠાવી નાખું છું, એમ નિશ્ચય કરી અશુભ વિચારોને હૃદયમાં સ્થાન પણ ન આપવું જોઇએ. પોતાના સામર્થ્યથી સર્વ વિઘ્નો નષ્ટ થવાનાં છે એમ પૂર્ણ શ્રદ્ધાથી ભાવના કરવી. શ્રદ્ધાનું બળ નદીના પ્રવાહની પેઠે ઉત્તરોત્તર ભૂમિકામાં વધતું જાય છે અને તે શાન્તિ મહાસાગરને પ્રાપ્ત થાય છે. આત્મિક શ્રદ્ધાબળથી મનુષ્યો આશ્ચર્યકારક કાર્યો કરી શકે છે. ઉઠો, જાગો, ધર્મકાર્યમાં યથાશક્તિ મનને યોજો. મનને ગતિ આપીને પૂર્ણ પ્રેમથી તત્ તત્ કાર્યમાં ઉત્સાહ ધારણ કરો. આત્માની શક્તિયોને પ્રગટાવવી એજ મુખ્ય સાધ્યોદ્દેશ સદાકાલ હૃદયમાં સ્મરવો જોઇએ. અધિકારપ્રમાણે વિવેકદૃષ્ટિથી ધર્મમાં પ્રવૃત્તિ કરવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# अमलमां मूक शिक्षाओ.

કવ્વાલિ.

મળ્યો પત્ર મ્હને ત્હારો, હૃદય ખાલી કર્યું ત્હારૂં,
અધિકારી થવામાટે, અમલમાં મૂક શિક્ષાઓ. ૧
સકલ શાસ્ત્રો નિહાળીને, મનન કરવું ઘણું તેપર,
અનુભવજ્ઞાન મેળવવું, અમલમાં મૂક શિક્ષાઓ. ૨
અનુભવ પૂર્ણ કીધાવણ, કરીશ નિર્ણય નહીં કોનો,
સદા કર જ્ઞાનિની સંગત, અમલમાં મૂક શિક્ષાઓ. ૩
ફરીશ નહિ બોલીને બોલો, કરીશ નહિ મૂર્ખની સંગત,
અવિચાર્યું કરીશ નહિ કંઈ, અમલમાં મૂક શિક્ષાઓ. ૪
પ્રભુવત્ સદ્ગુરૂ શ્રદ્ધા, ગુરૂથી નહીં પટંતર લેશ,
દશા એવી કરી લે ઝટ, અમલમાં મૂક શિક્ષાઓ. ૫
પરમ પ્રીતિ પરમ શ્રદ્ધા, ગુરૂપર જેટલી ત્હારી,
થશે તું તેટલો ઉચ્ચજ, અમલમાં મૂક શિક્ષાઓ. ૬
વિવેકે કાર્ય કર સમજી, સકલમાં સદ્ગુણો દેખજ,
સુધારી લે સકલ ભૂલો, અમલમાં મૂક શિક્ષાઓ. ૭
ધરીને સાધ્યની દૃષ્ટિ, સ્મરણમાં રાખશે લક્ષ્યજ,
અખંડાનન્દ લેવાને, અમલમાં મૂક શિક્ષાઓ. ૮.
ઘણા કાળે અરે મળશે, અનુભવજ્ઞાન સુખકારી,
"બુદ્ધ્યબ્ધિ" વીરને સેવી, અમલમાં મૂક શિક્ષાઓ. ૯

સં. ૧૯૬૭ ચૈત્ર વદી ૧૧. મુંબાઈ, પાંજરાપોળ.

---

૧ શ્રીમદ્ કહે છે કે, મ્હને ત્હારો હે શિષ્ય! પત્ર મળ્યો. ત્હારૂં હૃદય હજી પરિસહો સહવાને શક્તિમાન્ થયું નથી. મ્હારી કહેલી શિક્ષાઓ અમલમાં મૂકીશ તો તું અધિકારી થઇશ. શાસ્ત્રોને વાંચીને તે તે વિષયોપર ઘણું મનન કરવું જોઇએ અને અનુભવજ્ઞાન મેળવવું જોઇએ. અનુભવજ્ઞાન તે તે બાબતનું કર્યા વિના કોઈ પણ વસ્તુના નિશ્ચયપર આવવું યોગ્ય નથી. હમેશાં ત્હારે જ્ઞાનિની સંગતિ કરવી જોઇએ. ગુરૂ ત્હારાપર કેવી દૃષ્ટિ રાખે છે એ ત્હારે જોવાનું નથી પણ ત્હારે તો ત્હારા અધિકારપ્રમાણે વર્તવું જોઇએજ. કોઇ પણ બાબતની પ્રતિજ્ઞાના બોલો બોલીને પશ્ચાત્ ફરી જઇશ નહીં. મૂર્ખની સંગતિ કરીશ નહીં. પૂર્ણ વિચાર કર્યા વિના કોઇ પણ કાર્ય કરીશ નહીં. પ્રભુની પેઠે ગુરૂને પણ ઉપકારી માની તેમનાથી અન્તર રાખીશ નહીં. ત્હારી ગુરૂપર પરમશ્રદ્ધા અને પરમપ્રીતિ જેટલી થશે તેટલોજ તું ઉચ્ચ થવાનો છે એમ નક્કી સમજ. એવી ત્હારી દશા થતાં ત્હારામાં સદ્ગુણો ઘણા પ્રગટશે. વિવેકથી કાર્ય કર. ગુણાનુરાગને ધારણ કર, સાધ્ય લક્ષ્યદૃષ્ટિથી અખંડાનન્દ પ્રાપ્ત કરવા, શિક્ષાઓને અમલમાં મૂક. શ્રીમહાવીર પ્રભુની સેવા કર, ઘણા કાળે અનુભવ મળશે. **મધુકર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# सागरनी अन्योक्तिमां आत्माने उपदेश.
# " सागर ! गंभीरता साचव ! "

સવઇયા એકત્રીસાની ચાલ.

તીર્થંકરના મુખે ચડીયો, તીર્થંકર માતાને સ્વપ્ન,
મંગલકારી લક્ષ્મીધારી, સાગર ! ગંભીરતા સાચવ ! ૧
તુજ ઉદરમાં શું શું ભરીયું, કોઇ ન પામે હ્હારો પાર,
ઉત્તમતા હ્હારી તેમાટે, સાગર ! ગંભીરતા સાચવ ! ૨
મોટા મોટા મુનિવર આપે, ઉપમા સાગરની સુખકાર,
મોટા પેટે જગમાં મોટો, સાગર ! ગંભીરતા સાચવ ! ૩
રત્નાકર કહેવાતો સાચો, શાથી ખારો થઇયો ભવ્ય,
ચઉદ રત્નનો સ્વામી થઇને, સાગર ! ગંભીરતા સાચવ ! ૪
સાગરવર ગંભીરા ગણુતા, જૈનો સૂત્રવિષે જયકાર,
તુજ છોળે ભય પામે લોકો, સાગર ! ગંભીરતા સાચવ ! ૫

---

(૧) સાગરની અન્યોક્તિમાં આત્માને ગંભીરતા ધારણ કરવાનું જણાવતા છતા, શ્રીમદ્ કહેછે કે હે સાગર ! હે આત્મન્ ! તું તીર્થંકરના મુખે ચડયો છે, હ્હારી ઉત્તમતાનું સ્વપ્ન તીર્થંકરની માતાને આવે છે, ચૌદ સ્વપ્નમાં તું હોવાથી તું મઙ્ગલકારી છે; માટે હે આત્મન્ ! તું હ્હારી ગંભીરતા સાચવ, સાગર પક્ષના શબ્દો આત્મામાં એવી રીતે સમજવા કે હે આત્મન્ ! તું તીર્થંકરના મુખે કથાયો છે, હે આત્મન્ ! તુંજ તીર્થંકર થાય છે, અને હ્હારી તીર્થંકરરૂપે થવાની ઉત્તમતાને લીધે તીર્થંકરની માતાને ચતુર્દશ સ્વપ્ન આવે છે, તું આત્મા તીર્થંકર થતાં હ્હારી આવી ઉચ્ચદશા થાય છે એવું હ્હારૂં ઉચ્ચ સ્વરૂપ છે માટે તું પરભાવરૂપ ચંચળતાનો ત્યાગ કરીને નિજગુણ સ્થિરતારૂપ ગંભીરતાને સાચવ !

(૨) હ્હારા અનન્ત જ્ઞાનાદિ ગુણનો પાર કોઈ છદ્મસ્થ જીવો છાદ્મસ્થિક જ્ઞાનવડે પામી શકતા નથી, આત્માના ગુણોનો પાર પામી શકાતો નથી, એટલા બધા હે આત્મન્ ! હ્હારામાં ગુણો છે.

(૩) માટે તેવી ઉત્તમતા હ્હારી સ્થિરતારૂપ ગંભીરતાવડે જાળવી રાખ.

(૪) જ્ઞાનાદિ અનન્ત ગુણરત્નોનો આકર છે તોપણ તું શાથી ખારો થયો ! ઉત્તરમાં કહેવાનું કે, અનાદિથી અશુદ્ધ પરિણતિ હ્હને લાગી રહી છે તેની ખારાશ હ્હને છે.

(૫) **सागरवरगंभीरा** એ લોગસ્સના પાઠવડે હ્હારી ઉત્તમતા સૂચવાય છે માટે રાગ-દ્વેષની છોળોની વૃદ્ધિ કરીશ નહીં કારણ કે તેથી અન્ય જીવોને તું ભય પમાડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધુંધવાતો તું અહર્નિશ રહે, ઈર્ષ્યા કરવી ઘટે ન તુજ,
કોપે ચડીયો વહાણ બુડાડે, સાગર ! ગંભીરતા સાચવ ! ૬

નિર્મલ મીઠા જલની નદીઓ, તુજ સંગતથી ખારી થાય,
મર્યાદાથી પૂજે લોકો, સાગર ! ગંભીરતા સાચવ ! ૭

ઘણી પૃથ્વીને રોકી લોભે, જગમાંહી પામ્યો વિસ્તાર,
તૃષ્ણા ચંચળતા ત્યાગીને, સાગર ! ગંભીરતા સાચવ ! ૮

રીઝયો પળમાં લક્ષ્મી આપે, રોષે પળમાં કરે વિનાશ,
પત્થર સંગે જડ થઈ ના જા, સાગર ! ગંભીરતા સાચવ ! ૯

રત્નો રાખે છે અન્તરમાં, કચરો કાઢી નાખે બહાર,
વિવેક શિખ્યું જગ તુજથી એ, સાગર ! ગંભીરતા સાચવ! ૧૦

વિષ અમૃત પણ તુજમાં ભરીયું, દાવાનલ તુજમાં રહેનાર,
પોતાનું પોતે જાણીને, સાગર ! ગંભીરતા સાચવ ! ૧૧

---

( ૬ ) અશુદ્ધ પરિણુતિના યોગે તું અહર્નિશ, હે આત્મન્ ! ધુંધવાતો રહે છે, અન્યની ઇર્ષ્યા કરવી ત્હને ઘટતી નથી, ત્હને ક્રોધ કરવો ઘટતો નથી, કોપથી આશ્રિત જનોને તું બુડાડે છે.

( ૭ ) ક્ષમાદિ પરિણુતિરૂપ નદીઓ પણ ત્હને લાગેલી કર્મરૂપ ખારાશને લીધે ખારી બની ગઇ છે અર્થાત્ તે પણ અશુદ્ધ બની ગઈ છે, ત્હારી મર્યાદાથી લોકો પૂજે છે. એ ફક્ત ત્હારા ગુણથી છે.

( ૮ ) પરભાવરૂપ પૃથ્વીને રોકીને તું પરભાવથી વિસ્તાર પામ્યો છે એમ સમજ, અને સ્વસ્વભાવ પૃથ્વી અને ક્ષાયિકભાવાદિના વિસ્તારને તું પ્રાપ્ત કર. ભયતૃષ્ણા અને ચંચળતા વગેરેનો ત્યાગ કરીને ત્હારી સ્થિરતારૂપ ગંભીરતાને સાચવ.

( ૯ ) આત્મભાવે રંગાયલો તું પોતાને જ્ઞાનાદિ લક્ષ્મીનો લાભ આપે છે અને ક્રોધે તું અન્યનો નાશ કરવા સમર્થ થાય છે અને તેથી તું ખારાશમાં વધારો કરે છે. પત્થર આદિ પદાર્થોની સંગતિથી તું પણ જડ બનીશ નહીં, સારાંશ કે અજ્ઞાનિયોની સંગતિથી મૂર્ખ, બન નહીં.

( ૧૦ ) જ્ઞાનાદિ રત્નોને અન્તરમાં રાખે છે અને કચરાને બહાર કાઢી નાખે છે આવો ત્હારો મૂળ વિવેક છે તે ગુણુને જગત્ પણ આદરે છે. આવી ત્હારી વિવેક દૃષ્ટિને તું ભૂલી ન જા અને સ્થિરતારૂપ ગંભીરતા સાચવ !

( ૧૧ ) મિથ્યાત્વ આદિ કર્મરૂપ વિષ પણ ત્હારામાં છે અને જ્ઞાન સુખ વગેરે ગુણરૂપ અમૃત પણ ત્હારામાં છે, વિષયવાસના કામરૂપ દાવાનલ પણ ત્હારામાં છે. એવું પોતાનું સ્વરૂપ જાણીને વિષ અને દાવાનળને દૂર કર અને અમૃતમય થા ! આવી ત્હારી ગંભીરતા સાચવ !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વયં નથી રત્નોનો દાની, જળ જાતાં નિર્મલ થઈ જાય,
દોષી ચન્દ્ર ઉપર તુજ પ્રીતિ, સાગર! ગંભીરતા સાચવ! ૧૨
તૃષા છિપાવા મનુષ્ય આવે, પણ પાછા ફરતા નિરાશ,
તૃષાવિનાશક કૂપક સારો, સાગર! ગંભીરતા સાચવ! ૧૩
તુજ કાંઠાને પામી જગમાં, સુખિયા થાવે નર ને નાર,
ઉછળી પરને કરો ન પીડા, સાગર! ગંભીરતા સાચવ! ૧૪
તુજવણ મુનિયો વિજય કરે નહીં, વિજય નામ તુજવણ છે જૂઠ.
વલોવતાને દેછે રત્નો, સાગર! ગંભીરતા સાચવ! ૧૫
ત્હારૂં સ્વપ્નું થાતાં સુખડાં, આંખે દીઠે રહે ન દુઃખ,
ત્હારા ગુણ ગણ અપરંપારજ, સાગર! ગંભીરતા સાચવ! ૧૬

---

(૧૨) પોતાની મેળે નિમિત્તકારણવિના જ્ઞાનાદિ રત્નોનો તું દાતાર અન્યને થતો નથી. ત્હારૂં ચૈતન્યરૂપ જળ જાતાં તું નિર્મળ દેખાય છે, ગુણાનુરાગ દૃષ્ટિથી દોષી એવા સંસારી અને કિઞ્ચિત્ જ્ઞાની પ્રકાશી આત્મા ઉપર પણ ત્હને પ્રીતિ ઉત્પન્ન થાય છે. આવી ત્હારી ગંભીરતાને જાળવી રાખ, (ત્હારા મૂળધર્મને તું ચૂકીશ નહીં એમ કહેવાનો આશય છે.)

(૧૩) હે આત્મરૂપ સાગર! ત્હારીપાસે અન્ય મનુષ્યો તૃષ્ણારૂપ તૃષા શમાવવાને માટે આવે છે પણ ત્હને કર્મના યોગે લાગેલી અશુદ્ધ પરિણતિરૂપ ખારાશ દેખીને આશા છોડીને પાછાં ફરે છે, કારણ કે અશુદ્ધ પરિણતિરૂપ ખારાશના યોગે ધર્મરૂપ જલને તેઓ જુદું પાડી ગ્રહણ કરતા નથી, ત્હારા કરતાં સન્તોષરૂપ મિષ્ટ જલનો કૂપ પણ તૃષાને નાશ કરવાથી કેમ ત્હારા કરતાં સારો ન ગણાય? અર્થાત્ ગણાયજ. માટે હે આત્મન્! ત્હારામાં રહેલી અશુદ્ધતાનો નાશ કર. તું આવો મહાન્ છતાં એક સન્તોષ ગુણનેજ માત્ર ધારણ કરનારની આગળ હીન જેવો કેમ બને છે? ત્હારામાં અશુદ્ધ પરિણતિરૂપ રહેલી ખારાશ ટળતાં, (રાગ દ્વેષ ટળતાં) તું મહાન્ મિષ્ટ સાગર ગણાઇશ, કરોડો મનુષ્યો ત્હારા ધર્મજલનું પાન કરીને સન્તોષ પામશે.

(૧૪) નર અને નારીઓ, ત્હારા સમ્યક્ત્વરૂપ કાંઠાને પામી સુખી થાય છે, માટે હે સાગરરૂપ આત્મન્! નિન્દા ચંચળતારૂપ ઉછાળાવડે અન્ય જીવોને ભય ક્લેશ-રૂપ પીડામાં નાખો નહીં! ત્હારી ગંભીરતામાંજ ત્હારી શ્રેષ્ઠતા છે.

(૧૫) શુદ્ધાત્મરૂપ સાગરને પામ્યાવિના મુનિયો મોહાદિકનો વિજય કરી શકતા નથી. વિજય, ચન્દ્ર, વિમલ, રત્ન, મુનિ વગેરે નામો, તું જો નથી તો સર્વે મિથ્યા છે, કારણ કે આત્મરૂપ સાગરને પામ્યા વિના કોઈ મુનિ થઇ શકતા નથી. ત્હને જે વલોવે છે અર્થાત્ ત્હારામાં ઉંડો ઉતરી જાય છે તેને તું જ્ઞાનાદિ રત્નો આપે છે.

(૧૬) ત્હારૂં સ્વપ્ન આવતાં પણ સુખ થાય છે, અને હે આત્મસાગર! જો દિવ્ય ચક્ષુથી તું સાક્ષાત્ દેખાય તો, સર્વ દુઃખો પલાયન કરી જાય, એમાં શું કહેવું! ત્હારા ગુણનો પાર નથી અર્થાત્ અનન્ત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્ણ પ્રેમથી તુજને ગાયો, ગંભીર ગુણથી જગ જયકાર,
થઈ પ્રતિષ્ઠા થશે વધારે, સાગર! ગંભીરતા સાચવ! ૧૭
ગંભીર ગુણ દોષોને ઢાંકે, જ્ઞાનાદિક ગુણના ભણ્ડાર,
"બુદ્ધ્યબ્ધિ" તું પૂજ્ય અમારો, સાગર! ગંભીરતા સાચવ! ૧૮
૧૯૬૭ ચૈત્ર વદી ૧૩. લાલબાગ, પાંજરાપોળ, મુંબાઈ. ॐ शान्तिः ३.

---

# " जणायुं स्वप्नवत् सघळुं."

કવ્વાલિ.

ઘણાં શહેરો ઘણાં ગામો, ઘણા દેશો અહો જોયા,
ઘણું જોયું શ્રવણ કીધું, જણાયું સ્વપ્નવત્ સઘળું. ૧
ઘણું ખાધું ઘણું પીધું, ધમાધમ ખૂબ રે કીધી,
ઘણું દીઠું ગયું જોતાં, જણાયું સ્વપ્નવત્ સઘળું. ૨
અહન્તાથી કર્યું મ્હારૂં, થયું રૂપાન્તરજ ત્હેનું,
ઘણું જોયું તપાસીને, જણાયું સ્વપ્નવત્ સઘળું. ૩
ગયા રાજા ગઈ રૈયત, અવસ્થા એક નહીં કોની,
કરૂં મમતા હવે શામાં, જણાયું સ્વપ્નવત્ સઘળું. ૪
વપુનું રક્ત બાળીને, કર્યાં જે કાર્ય મન પ્યારાં,
અમારા દેખતાં ટળીયાં, જણાયું સ્વપ્નવત્ સઘળું. ૫
ઘણા કીધા ઉપાયો પણ, મર્યા મિત્રો અમારા કેઈ,
ઉઠેલા વારિપરપોટા, જણાયું સ્વપ્નવત્ સઘળું. ૬
નથી શિષ્યો અમર કોઈ, નથી ભક્તો અમર કોઈ,
નથી શિષ્યો નથી ભક્તો, જણાયું સ્વપ્નવત્ સઘળું. ૭
કર્યા પણ નહીં થયા મ્હારા, કર્યું પણ નહીં થયું મ્હારૂં,
નથી મ્હારૂં ગમે તેવું, જણાયું સ્વપ્નવત્ સઘળું. ૮
અમારી વાત વિશ્રામા, ગયા કેઈ તજી દેહો,
નથી રોવું અરે શા હેત, જણાયું સ્વપ્નવત્ સઘળું. ૯

---

(૧૭) ત્હને પૂર્ણ પ્રેમથી ગાયો. સમતારૂપ ગંભીર ગુણથી જગત્માં જય કરનાર થા! ત્હારા ગુણથી જગત્માં ત્હારી પ્રતિષ્ઠા થઇ છે અને પ્રતિદિન વૃદ્ધિ પામશે, માટે હે આત્મન્! ત્હારી સમતારૂપ ગંભીરતાને સાચવ! (સમતા અગર સ્થિરતા એકરૂપ છે.)

(૧૮) હે આત્મન્! સમતારૂપ ગંભીરતા ત્હારા અન્ય અનેક દોષોને ઢાંકી દે છે. માટે જ્ઞાનાદિક ગુણના ભંડાર આત્મસાગર! તું અમારો પૂજ્ય છે. તું તેજ હું છું, માટે સમતારૂપ ગંભીરતાને પ્રગટ કરીને તેનું રક્ષણ કર! રાગદ્વેષના મહાન્ ઉછાળાથી ત્હારી સમતારૂપ ગંભીરતા રહેતી નથી માટે મૂળ સમતારૂપ ગંભીર ગુણને પ્રાપ્ત કર. ॐ. મધુકર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘડીમાં હર્ષનાં સ્થાનો, ઘડીમાં શોકનાં સ્થાનો,
નથી આશ્રય અચળ કોઇ, જણાયું સ્વપ્નવત્ સઘળું. ૧૦
અહો ઉદધિતરઙ્ગોવત્, પ્રતિક્ષણ વસ્તુ બદલાતી,
નથી વસ્તુ અમારી કોઇ, જણાયું સ્વપ્નવત્ સઘળું. ૧૧
રહ્યો નહિ રાગ ચિરસ્થાયી, જગત્માં કોઇનો ક્યારે,
કરૂં કોના ઉપર મમતા, જણાયું સ્વપ્નવત્ સઘળું. ૧૨
અરે જે પ્રાણ પાથરતા, અમારાપર બની ભક્તો,
ગયા તે સ્વપ્નમાં નાવે, જણાયું સ્વપ્નવત્ સઘળું. ૧૩
ખરૂં સુખ ક્યાંય દીઠું નહિ, જગત્ની બાહ્યવસ્તુમાં,
અનુભવ એ અમોને છે, જણાયું સ્વપ્નવત્ સઘળું. ૧૪
મનુષ્યોનો ક્ષણિક સ્નેહજ, સકલની ભિન્ન દૃષ્ટિયો,
હવે તો ભૂલ નહિ ખાવી, જણાયું સ્વપ્નવત્ સઘળું. ૧૫
સકલ ચેલા સકલ ભક્તો, તમારૂં કાર્ય સાધીલ્યો,
અમારૂં સાધ્ય કરવાનું, જણાયું સ્વપ્નવત્ સઘળું. ૧૬
અરે હું માફી માગું છું, ખમાવું સર્વ જીવોને,
ક્ષમા કરશો અમોને સહુ, જણાયું સ્વપ્નવત્ સઘળું. ૧૭
હવે તો ઊઠ ઉભો થા, તપાસી જો ખરૂં સુખ ક્યાં,
"બુદ્ધ્યબ્ધિ" હાથમાં ઋદ્ધિ, જણાયું સુખ અન્તરમાં. ૧૮

સં. ૧૯૬૭, ચૈત્ર વદી ૧૪. મુંબાઈ, પાંજરાપોળ.

---

## "નથી મનમાં પછી શું? દુઃખ."

કવ્વાલિ.

ભલે વન્દો ભલે નિન્દો, જગત્ની વાત છે ઝાઝી,
ગમે તે બોલ બોલો પણ, નથી મનમાં પછી શું? દુઃખ. ૧
ભલે આવો ભલે જાવો, અમારૂં માનતાં પીડા,
પ્રતિષ્ઠા કીર્તિની લાલચ, નથી મનમાં પછી શું? દુઃખ. ૨
જગત્ના અન્ધ વ્હેળામાં, નથી વહેવું નથી કહેવું,
અધિક વા ન્યૂનની ચિન્તા, નથી મનમાં પછી શું? દુઃખ. ૩
નથી સત્તાતણો ફાંકો, નથી વિદ્યાતણો ફાંકો,
મનાવાનો જરા યત્ન જ, નથી મનમાં પછી શું? દુઃખ. ૪
અમારૂં નામ દેઇને, વિશેષણ દો ગમે તેવાં,
બુરા સારા વદો શબ્દો, નથી મનમાં પછી શું? દુઃખ. ૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમારે વીરનું ધ્યાનજ, પ્રવૃત્તિ વીરની પ્યારી,
પ્રભુના ધર્મવણ બીજું, નથી મનમાં પછી શું? દુઃખ. ૬
ભણીશું ને ભણાવીશું, લખીશું વાંચીશું સુખકર,
અહન્તાનું મહાસ્વપ્નું, નથી મનમાં પછી શું? દુઃખ. ૭
વચોવચ ગામમાં કૂવો, અભિપ્રાયો જનોના ભિન્ન,
ધરો જુદા અભિપ્રાયો, નથી મનમાં પછી શું? દુઃખ. ૮
પ્રભુ મહાવીરની સામે, જગત્‌ના ભિન્ન અભિપ્રાયો,
જગત્‌ની માન્યતા [1]નાના, નથી મનમાં પછી શું? દુઃખ. ૯
જગત્ સહુ બોલતું રહેશે, અમારૂં કાર્ય કરવાનું,
"બુદ્ધ્યબ્ધિ" ધર્મઉપયોગે, વરીશું સુખ અન્તરનું. ૧૦

સં. ૧૯૬૭ ચૈત્ર વદી અમાવાસ્યા. મુંબઈ, પાંજરાપોળ. ૐ शान्तिः.

---

# ધમાધમ છોડીદે પાડા.

કવ્વાલિ.

થયો મસ્તાન ફાલીને, અણીલાં શિંગડાં મારે,
ગમે તેની પડે પૂઠે, ધમાધમ છોડીદે પાડા. ૧
ફરે સ્વેચ્છાથકી જ્યાં ત્યાં, બગાડે ખેતરો પુષ્કળ,
નથી સારૂં અરે ત્હેમાં, ધમાધમ છોડીદે પાડા. ૨
ચડાવે શિંગડે વેલા, કરે મસ્તી બહુ બૂરી,
ગળે કોઈ બાંધશે ડેરો, ધમામમ છોડીદે પાડા. ૩
અરે તું તોડીને રસ્સી, ફરે છે ભૂતની પેઠે,
બુરી આદત શિખ્યો ક્યાંથી, ધમાધમ છોડીદે પાડા. ૪
ધણી સામે થતો મોહે, હરાયા ઢોરમાં લેખું,
શિખામણ માન સ્વામીની, ધમાધમ છોડીદે પાડા. ૫
સરોવર ડોળતો આખું, ઘણો મકલાય તોફાને,
નથી તુજને જરા શાન્તિ, ધમાધમ છોડીદે પાડા. ૬
જુએ નહિ લાભ વા હાનિ, કરે મૂતરે સરોવરમાં,
થયો મોટો હવે તો લાજ! ધમાધમ છોડીદે પાડા. ૭
અરે તું માથું મારીને, ઉખેડે વેલને છોડો,
બગાડે માલ મોંઘેરો, ધમાધમ છોડીદે પાડા. ૮

---

[1] નાના ( ભિન્ન ભિન્ન પ્રકારની. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અરે તુજ નાક વિંધાશે, ભુખ્યો તું ખૂબ ટળવળશે,
જુએ છે લાગ સ્વામી તુજ, ધમાધમ છોડીદે પાડા. ૯
કળાથી ઝટ થઈશ વશમાં, વખત તે આવશે પાસે,
જુએ છે સ્વામી તાકીને, ધમાધમ છોડીદે પાડા. ૧૦
વખત આવ્યો હવે પાસે, થશે વશમાં કહ્યું કરશે,
"બુદ્ધ્યબ્ધિ" વાત અન્તરની, અમારા યોગિયો જાણે. ૧૧

સં. ૧૯૬૭ વૈશાખ શુદી ૧, મુંબાઈ. ॐ शान्तिः

# मुसाफरनुं कयुं घर छे.

કવ્વાલિ.

મુસાફર બહુ મળ્યા માનવ, જગત્‌ની ધર્મશાળામાં,
મળી છૂટા થવું સહુને, મુસાફરનું કયું ઘર છે. ૧
રહ્યા તીર્થંકરો નહિ કોઈ, ગયા રાણા ગયા શેઠો,
અમીરી વા ફકીરીમાં, મુસાફરનું કયું ઘર છે. ૨
પડ્યાં નામો સકળ મિથ્યા, ધર્યાં રૂપો નથી નિજનાં,
ગમે ત્યારે જવું પડશે, મુસાફરનું કયું ઘર છે. ૩
ઉઠાવી તંબુઓ જાવું, મળે નહીં કયાંય વિશ્રાન્તિ,
સકળ દેખ્યું રહે ત્યાં રે, મુસાફરનું કયું ઘર છે. ૪
ચણાવ્યા બંગલા જૂઠા, ચણાવ્યા મહેલ પડવાના,
વપુઘરનો ભરૂસો શો? મુસાફરનું કયું ઘર છે. ૫
જગત્‌માં સૂર્ય ને ચંદ્રજ, ઠરે નહીં ઠામ તે કયારે,
રહે નહિ ઠામ તારાઓ, મુસાફરનું કયું ઘર છે. ૬
અમારા પ્રેમપંખીડા, મુસાફર જાગ નિદ્રાથી,
ગ્રહી લે સત્યનો રસ્તો, મુસાફરનું કયું ઘર છે. ૭
ઘણો રસ્તો રહ્યો બાકી, પ્રમાદોને ત્યજી જાવું,
"બુદ્ધ્યબ્ધિ" માર્ગ મુક્તિનો, મુસાફરનું ખરૂં શિવ ઘર. ૮

ॐ शान्तिः સં. ૧૯૬૭ વૈશાખ શુદી ૨ રવિ. મુંબઈ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# कमलनी अन्योक्तिमां अन्यने सदुपदेश.

કવ્વાલિ.

કમળ તું શોભતું સારૂં, મલિનતાથી રહી ન્યારૂં,
પડિશ ના ગંદકીમાં તું, ત્હને શોભે નહિ એવું. ૧
કરિશ નહિ કુમતિ કીધું, રહ્યાથી સ્વચ્છ શાન્તિ છે,
અરે ઓ ભોગ કાદવમાં, પડ્યાથી ખૂબ કરમાઇશ. ૨
અરે ઓ કામના તાપે, કદી નહિ શાન્તિ વળવાની,
ખરૂં છોડી ગ્રહે જૂઠું, કદાપિ સુખ નહિ પામે. ૩
પજવશે તુજને લોકો, અરે ઓ ભ્રષ્ટ થાવાથી,
લજાવે કૂળને કમળો, નહિ એ ન્યાય કમળોનો. ૪
અરે ઓ તુજ ઉત્તમતા, સમજતાં કેમ છંડે છે,
પડે જો પ્રાણ તો પણ શું? કદાપિ ધર્મ નહિ તજવો. ૫
ખરી શોભા બની રહેશે, સ્વભાવે એમ રહેવાથી,
સ્વભાવે શીતતા ત્હારી, કદી ના ઉષ્ણ તું થાજે. ૬
ભલું ત્હારૂં થશે તેથી, ભલામાં ભાગ લેવાશે,
ભલી કીર્તિ પ્રસરશે રે, શિખામણ એજ સન્તોની. ૭
સરોવર આદિની સંગે, પવિત્રાઈ સદા રહેશે,
સદા તું વારિની સંગે, ઉપર તરશે ઉપર રહેશે. ૮
વપુની ખાખ થાતાં રે, ખરૂં તું શીલ ના તજજે,
અખંડાનન્દની પ્રાપ્તિ, પરમપદ પામશે નક્કી. ૯
ખરો એ યોગીનો યોગી, પ્રકાશી સૂર્યવત્ નક્કી,
"બુદ્ધ્યબ્ધિ" સદ્ગુણો લેવા, પ્રભુના પંકજે રહીને. ૧૦

સં. ૧૯૬૭ માગશર શુદી ૮ વલસાડ.

---

# सनातन जैन बन्धुओ.

કવ્વાલિ.

બનો બહાદુર બધા જૈનો, શુરાતનને સ્ફુરાવી લ્યો,
કરીને ધર્મ ફેલાવો, સનાતન જૈન બંધુઓ, ૧
પ્રભુ મહાવીરનાં તત્ત્વો, ભણાવો ને ભણો પ્રેમે,
બધા જૈનો બનાવો ને, સનાતન જૈન બંધુઓ. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શમાવો ક્લેશની હોળી, પરસ્પર મિત્રતા રાખો,
ખરા જ્ઞાને ખરા જૈનો, સનાતન જૈન બંધુઓ. ૩
લડો નહિ ગચ્છના ભેદે, અરે મહાવીરના ભક્તો,
જગત્‌ની ઉંઘ ઉડાડો, સનાતન જૈન બંધુઓ. ૪
ખરા તન મન ને ધનથી, કરોને ધર્મની વૃદ્ધિ,
કમાણી ધર્મની સાચી, સનાતન જૈન બંધુઓ. ૫
શિખરપરથી પડ્યા નીચે, અરે જોતાં જણાશે એ,
પગથીયાપર ચડો જલ્દી, સનાતન જૈન બંધુઓ. ૬
સુસંપી ચાલશો સઘળા, કુસંપે ધર્મની હાનિ,
વિચારી લ્યો સુધારી લ્યો, સનાતન જૈન બંધુઓ. ૭
ધરો નહિ મૃત્યુની પરવા, ધરો નહિ લાજ વા ભીતિ,
કરો હિંમતથકી કાર્યો, સનાતન જૈન બંધુઓ. ૮
જીવન સઘળું સમર્પીને, કરોને ધર્મનાં કાર્યો,
ઉઘાડો આંખ અજ્ઞાની, સનાતન જૈન બંધુઓ. ૯
તજો દરકાર લક્ષ્મીની, તજો દરકાર મમતાની,
મળ્યું તે ધર્મ માટે સહુ, સનાતન જૈન બંધુઓ. ૧૦
ધરો વ્યવહાર ને નિશ્ચય, ખરી છે ધર્મની સેવા,
હતા પૂર્વે તથા થાશો, સનાતન જૈન બંધુઓ. ૧૧
અરે દ્યો પ્રાણુ આહૂતિ, પ્રભુનો ધર્મ ફેલાવા,
જીગરથી બોધ આપોને, સનાતન જૈન બંધુઓ. ૧૨
કદી ઢીલા થવું નહિ હો, કરે શું? બાયલો જન્મી,
ભલામાં ભાગ લેશો સહુ, સનાતન જૈન બંધુઓ. ૧૩
સદા જૈનોન્નતિ માટે, કરો તૈયારીઓ સર્વે,
સફળતા જન્મની કરવી, સનાતન જૈન બંધુઓ. ૧૪
જગત્‌માં જન્મીને જેણે, કરી નહિ ધર્મની વૃદ્ધિ,
લજાવી કૂખ માતાની, સનાતન જૈન બંધુઓ. ૧૫
ઉદય નહિ જ્ઞાનવણ સ્વપ્ને, ખરૂં એ ચિત્ત માની લ્યો,
ગુરૂકૂળો ખરાં સ્થાપો, સનાતન જૈન બંધુઓ. ૧૬
બનો ને બ્રહ્મચારિયો, અરે વિદ્યાર્થિયો સઘળા,
ગજાવોને જગત્ સઘળું, સનાતન જૈન બંધુઓ. ૧૭
જમાનો ઓળખી ચાલો, નવો જુસ્સો ધરો દિલમાં,
ધરો પરમાર્થની વૃત્તિ, સનાતન જૈન બંધુઓ. ૧૮
ચતુર્વિધ સંઘની સેવા, ભલા એ ભાવના મેવા,
ખરૂં એ તીર્થ પૂજી લ્યો, સનાતન જૈન બંધુઓ. ૧૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુણાનુરાગને સેવો, તજોને દષ્ટિ દોષોની,
ગણોને સર્વને સરખા, સનાતન જૈન બંધુઓ. ૨૦
પડો પાછા કદી નહી લેશ, સદા આગળ ચડો સર્વે,
સદા જય જૈન શાસનનો, સનાતન જૈન બંધુઓ. ૨૧
સલાહ શ્રી સદ્‌ગુરૂની લેઈ, કરો કાર્યો બધાં બાકી,
ઘણું ખોયુંજ ઉંઘ્યાથી, સનાતન જૈન બંધુઓ. ૨૨
કરો નહિ પાછી પાની રે, સનાતન ક્ષત્રિના પુત્રો,
સદા છે ધર્મથી ચડતી, સનાતન જૈન બંધુઓ. ૨૩
ખરા જીગરથકી ગાયું, રગોરગમાં ઉછળતું લોહી,
બધું એ ધર્મના માટે, સનાતન જૈન બંધુઓ. ૨૪
બજાવું ફર્જ મ્હારી હું, સુણાવું ચેતી લ્યો સઘળા,
"બુદ્ધ્યબ્ધિ" જૈન ધર્મે જય, સનાતન જૈન બંધુઓ. ૨૫

મુકામ-વલસાડ. સં. ૧૯૬૭ માગશર શુદી ૯.

---

# विचारी ले खरूं शुं छे ?

કવ્વાલિ.

જગત્ જંજાળમાં શાન્તિ, થઈ નહિ ને થવાની નહિ,
ગઈ માતા કરીશ નહિ શોક, વિચારી લે ખરૂં શું છે? ૧
રડીશ નહિ સ્વાર્થનામાટે, બને છે કર્મ અનુસારે,
કરે ચિન્તા વળે નહીં કંઈ, વિચારી લે ખરૂં શું છે? ૨
ખરા ઉપદેશ જનનીના, હૃદયમાં ધારજે સઘળા,
સુધારી લે અરે જીવન, વિચારી લે ખરૂં શું છે? ૩
થવાનું તે થશે જોશે, સદા શોક જ નહીં રહેશે,
પ્રભુનાં શાસ્ત્ર વાંચીને, વિચારી લે ખરૂં શું છે? ૪
હૃદયમાં ધૈર્યતા ધરજે, વિપત્તિ સહુ પડી ખમજે,
વખત આવે મળે છે બોધ, વિચારી લે ખરૂં શું છે? ૫
અરે પરમાર્થના પ્રેમે, જગત્‌માં સર્વ આદરવું,
થવાનું તે થયું કર્મે, વિચારી લે ખરૂં શું છે? ૬
અરે વાદળતણી છાયા, સમી શાતા ટળે ક્ષણમાં,
મુસાફર ! ચેતીલે જલ્દી, વિચારી લે ખરૂં શું છે? ૭
થયો આઘાત જો મનમાં, વિચારી લે બને મોહે,
ખરી વિવેક દષ્ટિથી, વિચારી લે ખરૂં શું છે? ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મને તો બોધ અનુસારે, જગત્માં શાન્તિ નહિ ભાસી,
જગત્ પડદાવિષે છાનું, વિચારી લે ખરૂં શું છે? ૯
સદા સમભાવમાં રહેવું, બની આદર્શવત્ જગમાં,
"બુદ્ધ્યબ્ધિ" ધર્મ છે સાચો, અમારો એ સદા બેલી. ૧૦
મુકામ-મુંબાઈ, લાલબાગ, સં. ૧૯૬૭. વૈ. શુ. ૨. ॐ शान्तिः ३

# आत्मोद्धार.

કવ્વાલિ.

પરંજ્યોતિ પ્રભુ ઘટમાં, સ્વયંદૃષ્ટયા કરીશ દર્શન,
પ્રભુ મ્હારો વસે ઘટમાં, નમું તુજને નમું તે હું. ૧
નથી તું હું તણા ભેદો, સમાયું સર્વ મ્હારામાં,
અમારામાં અનન્તું સુખ, ક્હું નિજને ભજું નિજને. ૨
સ્વયં દ્રષ્ટા સ્વયં દર્શન, સદા આનન્દમય પોતે,
અમારી ભાવના કાઢે, હૃદય ઉદ્ગારમય શબ્દો. ૩
પટંતર પ્રેમમાં નહિ છે, અમારો પ્રેમ ઈશ્વરનો,
અહો આત્મન્! તુંહિ જ ઈશ્વર, લગી લગની નહીં છૂટે. ૪
નિરઞ્જન નાથને મળવું, દલાલી શબ્દ શું? કરશે,
દિશાઓ શાસ્ત્ર દેખાડે, જવું મ્હારે સ્વયં શક્ત્યા. ૫
હવે નહિ પ્રાણુની પરવા, સનાતન દેવને મળતાં,
મળેલો પ્રેમ નહિ છૂટે, પ્રભુ પામ્યા વિના કદીએ. ૬
ઉપર આકાશ વાદળીઓ, અધઃ ભાગે મહી દરિયો,
વચોવચ નાથને મળવું, મળી તન્મય થઈ રહીશું. ૭
થઈને એક રસરૂપે, સદા આનન્દમય રહીશું,
હૃદય સાક્ષી જણાવે છે, પ્રતિધ્વનિયો ઉઠે છે બહુ. ૮
કદી છોડું નહીં વાલ્હા, અમારી ભક્તિનો ભક્ત જ,
જગત્ની નહિ હવે પરવા, અમારા આત્મમાં સઘળું. ૯
જગત્ના ચક્રવર્તિને, જગત્ના સર્વ ઇન્દ્રોને,
મળે નહિ સુખ અન્તરનું, અમારામાં અનંતું સુખ. ૧૦
મળ્યાં અમૃતતણાં ભોજન, જગત્નો બાદશાહ પોતે,
"બુદ્ધ્યબ્ધિ" યોગિયો સન્તો, સદા મસ્તાન છે જગમાં. ૧૧
સં. ૧૯૬૭ વૈ. શુદ ૨, મુંબાઈ. ॐ शान्तिः ३

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# अरे ओ काक! था उज्वल.

કવ્વાલિ.

બહિર કાળા હૃદય કાળા, સકળમાં દોષ જોનારા,
હૃદય નિષ્ઠુર બહુ ચંચળ, અરે ઓ કાક! થા ઉજ્જવલ. ૧
કરે ચેષ્ટા અરે ખોટી, પઠાવે પાઠ, દોષોનો,
જુવે ચાંદાં ગમે ત્હેનાં, અરે ઓ કાક! થા ઉજ્જવલ. ૨
અરોચક શબ્દ વદનારા, અરોચક ચાલ ધરનારા,
બુરીવૃત્તિજ ધરનારા, અરે ઓ કાક! થા ઉજ્જવલ. ૩
કરે સન્તોતણું ભૂંડું, બગાડે આશ્રમોને બહુ,
ત્હને વંચે અહો પરભૃત, અરે ઓ કાક! થા ઉજ્જવલ. ૪
બુરૂં દર્શન અરે ત્હારૂં, તજી સારૂં ગ્રહે દોષો,
નિહાળે દોષદૃષ્ટિથી, અરે ઓ કાક! થા ઉજ્જવલ. ૫
સ્વજાતિ પુષ્ટિ કરનારા, પરાયાં બાળ ખાનારા,
તજીને દોષ સહુ ત્હારા, અરે ઓ કાક! થા ઉજ્જવલ. ૬
કરીને સંગતિ ત્હારી, થયો ઝટ હંસલો દુઃખી,
દ્વિજોને નહિ ભરૂસો તુજ, અરે ઓ કાક! થા ઉજ્જવલ. ૭
કરાવ્યું સ્નાન ગઙ્ગાથી, બહુ સાબુથકી ચોળ્યો,
વળ્યું નહિ વાન અંગોનું, અરે ઓ કાક! થા ઉજ્જવલ. ૮
કુભોજનનું કરે ભક્ષણ, ચ્હેછે પ્રાણીનું મૃત્યુ,
ભર્યો ઘટ વારિનો બોટે, અરે ઓ કાક! થા ઉજ્જવલ. ૯
મનુષ્યોની વસે પાસે, વસે તિર્યંચની પાસે,
ગ્રહી નહિ હંસની ટેવો, અરે ઓ કાક! થા ઉજ્જવલ. ૧૦
અતિશય જ્ઞાનીઓ તુજને, સુધારીને કરે ઉજ્જવલ,
"બુદ્ધ્યબ્ધિ" સન્તની સંગત, સકલ તીર્થોતણું તીર્થ જ. ૧૧

સં ૧૯૬૭. વૈશાખ શુદી ૩ મુંબાઈ,

---

૧ આ કાવ્ય અધ્યાત્મ વિષયનું છે. મનને કાકસમાન ગણી તેને નિર્મલ થવાનો ઉપદેશ આપ્યો છે. દુર્જનપર પણ આ કાવ્ય લાગી શકે છે. મધુકર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# गुरुने दक्षिणा आपो.

કવ્વાલિ.

અમારો શિષ્ય થાવાની, ત્હને ઇચ્છા થતી જો ચિત્ત,
પ્રથમ તો પ્રેમ લાવીને, ગુરૂને દક્ષિણા આપો. १
ગુરૂનાં દ્વાર છે ખુલ્લાં, ગુરૂ સર્વસ્વ છે મ્હારા,
પ્રથમ એ સત્યબુદ્ધિની, ગુરૂને દક્ષિણા આપો. २
હૃદયના પ્રેમનાં પુષ્પો, ખરી ભક્તિતણી માળા,
પ્રથમ પૂજી ગુરૂ પશ્ચાત્, ગુરૂને દક્ષિણા આપો. ३
નથી મ્હારૂં જગત્માં કંઈ, સકલ પરમાર્થનું કરવું,
મનુષ્યોની ખરી સેવા, ગુરૂને દક્ષિણા આપો. ४
યથા કહેવું તથા રહેવું, ગુરૂના પાદમાં શીર્ષજ,
નથી ધડપર શિરજ એવી, ગુરૂને દક્ષિણા આપો. ५
ગુરૂના દેહની છાયા, ગુરૂના પ્રાણનાં તત્ત્વો,
ગુરૂનું ચિત્ત થાવાની, ગુરૂને દક્ષિણા આપો. ६
ગુરૂની આંખ થાવાની, ગુરૂની જીભ થાવાની,
ગુરૂના પાદ થાવાની, ગુરૂને દક્ષિણા આપો. ७
ગુરૂનું કાર્ય કરવાની, ગુરૂના દાસ થાવાની,
ગુરૂના હાથ થાવાની, ગુરૂને દક્ષિણા આપો. ८
હૃદયની શુદ્ધિ ધરવાની, સકલ ઉપસર્ગ સહેવાની,
ખરો ઉપદેશ દેવાની, ગુરૂને દક્ષિણા આપો. ९
સદા પરમાર્થ કરવાની, સુજનતા નિત્ય ધરવાની,
વિનયની મૂર્તિ થાવાની, ગુરૂને દક્ષિણા આપો. १०
અહંતા સ્વાર્થ તજવાની, પ્રભુનો ધર્મ ધરવાની,
"બુદ્ધચબ્ધિ" આર્ય થાવાની, ગુરૂને દક્ષિણા આપો. ११

સં. ૧૯૬૭ વૈશાખ અક્ષયતૃતીયા. મુંબાઈ, પાંજરાપોળ. ॐ शान्तिः ३

---

# म्हने हो वीरनुं शरणुं.

કવ્વાલિ.

જગત્માં સર્વ યોદ્ધામાં, પ્રભુ મહાવીર તું મોટો,
હઠાવ્યો મોહને જલ્દી, મ્હને હો વીરનું શરણું. १



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અતિ ગંભીરતા ત્હારી, ગમન શાળાવિષે કીધું,
જણાવ્યું નહિ સ્વયં જ્ઞાની, મ્હને હો વીરનું શરણું. ૨
જણાવી માતૃભક્તિ બહુ, અરે જનની ઉદરમાંહિ,
પ્રતિજ્ઞા પ્રેમ જાળવવા, મ્હને હો વીરનું શરણું. ૩
અરે એ જ્યેષ્ઠ બન્ધુની, ખરી દાક્ષિણ્યતા રાખી.
ગુણો ગણતાં લહું નહિ પાર, મ્હને હો વીરનું શરણું. ૪
યશોદા સાથ પરણીને, રહ્યો નિર્લેપ અન્તરથી,
થશે ક્યારે દશા એવી, મ્હને હો વીરનું શરણું. ૫
જગત્ ઉદ્ધાર કરવાને, યતિનો ધર્મ લીધો ત્હેં,
સહ્યા ઉપસર્ગ સમભાવે, મ્હને હો વીરનું શરણું. ૬
અલૌકિક ધ્યાન ત્હેં કીધું, ગયા દોષો થયો નિર્મલ,
થયો સર્વજ્ઞ ઉપકારી, મ્હને હો વીરનું શરણું. ૭
ઘણા ઉપદેશ દીધા ત્હેં, ચતુર્વિધ સંઘને સ્થાપ્યો,
ત્હને મેં ઓળખી લીધો, મ્હને હો વીરનું શરણું. ૮
અનન્તાનન્દ લીધો ત્હેં, જીવન ત્હારૂં વિચારૂં હું,
"બુદ્ધ્યબ્ધિ" બાળ હું ત્હારો, શરણ ત્હારૂં શરણ ત્હારૂં ૯

સં. ૧૯૬૭ વૈશાખ શુદી ૫. મુંબાઈ, પાંજરાપોળ. ॐ शान्तिः ३

---

# "कर्युं हस्ते हृदय वाग्युं."

કવ્વાલિ.

[1]રહીને ચિત્તના વશમાં, ખરાને પૂંઠ મ્હેં દીધી,
બુડ્યો ખાબોચીયામાંહિ, કર્યું હસ્તે હૃદય વાગ્યું. ૧
પ્રભુની આણ લોપીને, થયો હું કર્મના વશમાં,
પ્રભુ તું જાણતો સર્વે, કર્યું હસ્તે હૃદય વાગ્યું. ૨
કર્યું છાનું રહે નહિ કંઈ, ઉદય આવ્યું સહ્યું સર્વે,
કર્યું મિથ્યા નથી થાતું, કર્યું હસ્તે હૃદય વાગ્યું. ૩
જગત્માં વાસના વાદળ, વરસતું સર્વ ઠેકાણે,
ભમાવે શીર્ષ અન્તરથી, કર્યું હસ્તે હૃદય વાગ્યું. ૪
થતાં વૃષ્ટિ ઉગે અંકુર, ઉગે નહિ ખારી ભૂમિમાં,
થશે એવું જણાયું દીલ, કર્યું હસ્તે હૃદય વાગ્યું. ૫

---

૧ આ કાવ્ય આન્તરિક ઉદ્ગારમય છે એમ ભાસેછે. મધુકર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્યું દેવું ચુકાવાનું, જરા નહિ શર્મ રાખે તે,
છુટે તીર્થંકરો નહિ કોઈ, કર્યું હસ્તે હૃદય વાગ્યું. ૬
સ્વયં સંસાર વિસ્તાર્યો, અમારી ભૂલ છે તેમાં,
ખમાવું છું ખમી લેશો, કર્યું હસ્તે હૃદય વાગ્યું. ૭
જીવન્ ભાવી થશે ઉંચું, ચઢ્યાં વાદળ વિખેરાશે,
કર્યું પ્રારબ્ધ ભોગવવું, કર્યું હસ્તે હૃદય વાગ્યુ. ૮
થયાં નિજ હસ્તથી કર્મો, અહો ત્યાં પ્રેરણા મનની,
ઉદયથી ચિત્ત દબતું નહીં, હવે તો આવશે વશમાં. ૯
નહીં લેપાય નભ કોથી, ધરીશ નિર્લેપતા તદ્વત્,
"બુદ્ધયબ્ધિ" સાક્ષી પોતાની, જગત્ના બોલ બેરંગી. ૧૦

સં. ૧૯૬૭ વૈ. શુ. ૬ મુંબાઈ.

---

# "अरे कूतर! हवे था शान्त."[૧]

કવ્વાલિ.

ઘણું પોષી કર્યો મોટો, અમારી પાસમાં રાખ્યો,
ખવાર્યાં માલ મોંઘેરા, અરે કૂતર! હવે થા શાન્ત. ૧
ભસેછે મુખ ફાડીને, ડરે નહીં ડાંગ દેખાડે,
મુસાફરને બહુ કરડે, અરે કૂતર! હવે થા શાન્ત. ૨
કરેછે રીસ આવ્યાપર, અદેખાઈ સ્વભાવે બહુ,
અહા મૈથુનમાં નિર્લજ્જ, અરે કૂતર! હવે થા શાન્ત. ૩
ઘરોઘરમાં ભમેછે બહુ, બરાબર ઉંઘ નહીં લેતો,
ચુસે અસ્થિ ગણીને સુખ, અરે કૂતર! હવે થા શાન્ત. ૪
ધરે ખાવાતણી આશા, કરેછે કૂતરાંથી કલેશ,
લડેછે વૈર લાવીને, અરે કૂતર! હવે થા શાન્ત. ૫

---

૧ આ કાવ્ય આધ્યાત્મિક છે. આત્મારૂપ સ્વામી મનરૂપ કૂતરાને શાન્ત થવાનો ઉપદેશ આપે છે. આત્માએ મનને ઉત્પન્ન કર્યું છે, મનમાં કલેશ થાય છે, મનમાં મૈથુનની ઇચ્છા થાય છે, મનમાં વૈર રાખીને અન્યનો પ્રાણ લેવાય છે. મનમાં રીસ ઉત્પન્ન થાય છે, મન ઠેકાણે ઠેકાણે આશાથી ભમે છે, શાન્તિરૂપ ઉંઘને મન લેતું નથી, પુદ્ગલપદાર્થોને મન ચુસે છે, મન અનેક પ્રકારની ત્યાગ કરેલી વસ્તુઓને પુનઃ ઇચ્છે છે તેથી તેને કૂતરાની ઉપમા આપીને આત્માએ શાન્ત થવાનો સારી રીતે ઉપદેશ આપ્યો છે. આત્મા મનરૂપ કૂતરાને કહે છે કે તું મારી આજ્ઞામાં વર્ત. ઇત્યાદિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહ્યું કર! સ્વામીનું પ્રેમે, તજી દે સંગ ખોટાનો,
ધણીતું કર કહ્યું ટાંપુ, અરે કૂતર! હવે થા શાન્ત. ૬
અરે તું ઓંકીને ખા નહીં, પડી એ ટેવ બહુ વરવી,
ગમે નહિ ટેવ એ ત્હારી, અરે કૂતર! હવે થા શાન્ત. ૭
થઈ હુશિયાર રહેવાનું, જરા નહિ ગંદકી કરવી,
"બુદ્ધયબ્ધિ" સન્તની સંગે, સુધરતાં વાર શી? લાગે. ૮
સં. ૧૯૬૭ વૈશાખ શુદી ૭. મુંબાઈ, પાંજરાપોળ. ॐ शान्तिः ३

## "तजी भ्रान्ति मळी शान्ति."

કવ્વાલિ.

અમારૂં આ તમારૂં આ, અમો મોટા તમો છોટા,
સકલ દુઃખો અહંતાથી, તજી ભ્રાન્તિ મળી શાન્તિ. ૧
સદાનું ઇષ્ટ નહિ કોઈ, અરૂચિકર નથી કોઇ.
જડોમાં કલ્પના મોહે, તજી ભ્રાન્તિ મળી શાન્તિ. ૨
ગ્રહીને ઇન્દ્રિયોદ્વારા, સમર્પે ચિત્ત જે વિષયો,
સુખેચ્છાને અહન્તાની, તજી ભ્રાન્તિ મળી શાન્તિ. ૩
અનન્તાકાળથી ચિત્રો, થયાં જે દેહના રૂપે,
વપુ જે હાલ તે નહિ હું, તજી ભ્રાન્તિ મળી શાન્તિ. ૪
છવાયો કર્મ વાદળથી, તથાપિ રૂપ છે ન્યારૂં,
સહજ આનન્દમય ચેતન, તજી ભ્રાન્તિ મળી શાન્તિ. ૫
તજી મર્યાદ રૂપોની, તજી મર્યાદ બાંધેલી,
અનેકાકાર પુદ્ગલની, તજી ભ્રાન્તિ મળી શાન્તિ. ૬
સહજનો ધર્મ ત્યાગીને, નથી લેવું અપર કાંઈ,
સહજની દૃષ્ટિથી જોતાં, તજી ભ્રાન્તિ મળી શાન્તિ. ૭
જાુવું તો નહિ અરે એ હું, વદું તે નહિ અરે એ હું,
સહજ ચૈતન્યમય શાશ્વત, તજી ભ્રાન્તિ મળી શાન્તિ. ૮
બળું નહિ ને ગળું નહિ હું, નહીં છેદાઉ શસ્ત્રોથી,
નથી હલકો નથી ભારે, તજી ભ્રાન્તિ મળી શાન્તિ. ૯
નથી હું રંગ નથી હું ગંધ, નથી હું રૂપ વા શબ્દો,
અજબ છે ખેલ ચેતનનો, તજી ભ્રાન્તિ મળી શાન્તિ. ૧૦
અમોને વીરના બોધે, અમારૂં રૂપ સમજાયું,
"બુદ્ધયબ્ધિ" ધ્યાનની ધારા, સદા આનન્દની ગઙ્ગા. ૧૧

સં. ૧૯૬૭ વૈશાખ શુદી ૭ મુંબાઈ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# " ઠરીને બેશ હે વાનર !"

કવ્વાલિ.

અરે કાળા વદનવાળા, અમારી પાસ રહેનારા,
ધમાધમ ખૂબ કરનારા, ઠરીને બેશ હે વાનર ! ૧
કુદંકૂદા કરે ઝાઝી, ચડે વૃક્ષો ઉપર જલ્દી,
હલાવે ડાળ ડાળીઓ, ઠરીને બેશ હે વાનર ! ૨
હુકુંહુકા કરી કૂદે, વિખેરી નાખતો પુષ્પો,
ફળોને તોડતો ઝાઝાં, ઠરીને બેશ હે વાનર ! ૩
ગમે તે વૃક્ષપર ચડતો, ફળોનો ઘાણ બહુ કાઢે,
ડરાવ્યાથી ચડે ઉંચો, ઠરીને બેશ હે વાનર ! ૪
બગાડે ક્ષેત્ર વાવેલું, ઘણી મસ્તી કરે દોડી,
બગાડે ધાન્ય વાવેલું, ઠરીને બેશ હે વાનર ! ૫
ભમેછે વાડીઓમાં બહુ, કુદીને તોડતો ડાળાં,
સતાવ્યાથી થતો સામો, ઠરીને બેશ હે વાનર ! ૬

---

( ૧ ) આ આધ્યાત્મિક કાવ્ય છે. શ્રીમદ્, વાનરની પેઠે ચંચળ એવા મનને વાનરનું ઉપનામ આપીને નીચે પ્રમાણે પ્રબોધે છે. રાગદ્વેષરૂપ કાળા મુખવાળા હે વાનર ! તું અમારી સાથે રહેનારો છે, છતાં તું પરભાવ રમણતારૂપ ખૂબ ધમાધમ કરનાર છે. હવે તો હે મનવાનર ! ઠરીને બેશ.

( ૨ ) વિષયરૂપ વૃક્ષોપર બહુવાર ચઢીને વિકલ્પસંકલ્પરૂપ કુદંકૂદા કરે છે. ઇન્દ્રિયોની વૃત્તિયોને હલાવે છે. હવે તું શાન્ત થા.

( ૩ ) કષાયના ઉછાળાના શબ્દોરૂપ હુંકુંહુંકાને હે મનવાનર ! તું કરી મૂકે છે. ધર્મવૃક્ષના સંયમ પુષ્પોને વિખેરી નાખે છે અને ચારિત્રરૂપ ફળને તોડી નાખે છે. કષાયોની ઉપશમતાને ચારિત્ર કહે છે હવે તો હે મનવાનર ! ઠરીને બેશ.

( ૪ ) પરભાવરૂપ ગમે તે વૃક્ષપર ચઢી જાય છે, અને ઘણાં સમતાઆદિ ફળોનો નાશ કરી દે છે. ત્હને ડરાવવામાં આવે છે તો ઉંચો ચઢે છે, આવી ત્હારી ખરાબ વૃત્તિને તજીને હે મનવાનર ! હવે તો ઠરીને બેશ.

( ૫ ) આત્મારૂપ ક્ષેત્રના અસંખ્યાત પ્રદેશમાં ધર્મરૂપ ધાન્ય વાવ્યું હોય છે તેને તું બગાડે છે, અને ક્ષેત્રમાં ચપલતારૂપ દોટ મૂકીને ઘણું તોફાન કરે છે, તેવું મૂર્ખપણું ત્યજીને હે મનવાનર ! હવે તો ઠરીને બેશ.

( ૬ ) ક્ષમા, વૈરાગ્યતા, આદિ ઘણી વાડીઓમાં ભમીને વ્રતોરૂપ ડાળાંને તોડે છે. તને સતાવ્યાથી સામો થાય છે. શ્રીમદ્ કહે છે કે ત્હને સતાવ્યાથી ઉલટો સામો થાય છે, આવી ત્હારી બેવકુફાઈ ત્યાગીને હે મનવાનર ! હવે તો શાંત થા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શિશુઓને પમાડે ભય, પલકમાં નાસી તું જાવે,
ઘણો ચંચળ બન્યો મૂર્ખા, ઠરીને બેશ હે વાનર ! ૭

ઘરોઘર છાપરાં કૂદે, પરાઈ વસ્તુ ચોરી લે,
શિખામણ મૂર્ખને શાની ? ઠરીને બેશ હે વાનર ! ૮

ધરેછે રીસ અન્તરમાં, કપટ ઈર્ષ્યા ધરેછે લોભ,
અડપલાં બહુ કરે કૂડાં, ઠરીને બેશ હે વાનર ! ૯

ગણે નહિ સાંકળો બાંધી, કરેછે ઢોંગ ઠગવાને,
ફરેછે દોડતો જ્યાં ત્યાં, ઠરીને બેશ હે વાનર ! ૧૦

સ્વભાવે બહુ બન્યો ચંચળ, વળી પીધો ઘણો દારૂ,
નિસરણીઓ મળી તેને, પગે કરડ્યો વળી વીંછી ! ૧૧

નહીં મૂકે હવે બાકી, ભટકતો કૂદતો જ્યાં ત્યાં,
ઘણું તોડે ઘણું ફોડે, જરા જપવા નહીં દે તે ! ૧૨

---

(૭) કરૂણા અને પ્રેમ આદિ બાળકોને ભય પમાડે છે. તને પકડવા જતાં પલકમાં નાસી જાય છે. હે મૂર્ખ ! તું ઘણો ચંચળ બન્યો છે, તે ઠીક નથી તેમાં તારી શોભા નથી માટે હવે તો શિક્ષા માનીને શાન્ત થા.

(૮) એક ઠેકાણેથી અન્યત્ર ઘરપર ચઢીને કુદંકૂદા કરે છે. વિષયપદાર્થોરૂપ જડ વસ્તુઓને આત્મારૂપ સ્વામીની આજ્ઞા વિના ચોરીને ખાય છે. ત્હને કોઇ યોગી પકડવા જાય છે તો અન્તરમાં ક્રોધ કરે છે.

(૯) સર્વ જીવોને તું આળ, નિન્દા અને ભય વગેરેનાં અડપલાં કરે છે. મનમાં ઇર્ષ્યા, દ્વેષ અને ઘણો લોભ ધારે છે તે હિતાવહ નથી.

(૧૦) પ્રત્યાહારરૂપ સાંકળો ત્હને બાંધી પણ ત્હેને તું હિસાબમાં ગણતો નથી. આત્મારૂપ સ્વામીને ઠગવાના ઢોંગને ધારે છે. આકાશ, પાતાળ, ગમે તે દેશમાં, શહેરમાં, વનમાં, સમુદ્રમાં, બાગમાં દુકાનમાં દોડીને ફરે છે.

(૧૧) સ્વભાવે તું ચંચળ બન્યો છે, અને મોહરૂપ દારૂનું ત્હેં પાન કર્યું છે. ઇચ્છાઓના હેતુઓરૂપ નિસરણીઓ તને પ્રાપ્ત થઈ છે અને તને તૃષ્ણારૂપ વિંછી કરડ્યો છે.

(૧૨) હવે તું દોડંદોડા કરવામાં બાકી ક્યાંથી રાખી શકે ? આત્માને ક્ષણમાત્ર પણ શાન્ત થવા દેતો નથી. અસંખ્યાત પ્રદેશરૂપ ઘરમાં પ્રવેશીને ચારિત્રની અમૂલ્ય વસ્તુઓને તું તોડે છે. ક્રોધ, માન, માયા, અને લોભના આવેશમાં તું બહુ તોફાન કરે છે હવે તો તું સ્થિર થા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્હને તાબે કરીશ વાનર? કળાઓ કેળવી કોડી,
"બુદ્ધચબ્ધિ" ધ્યાનના બળથી, ઠરીશ નક્કી હવે વાનર ! ૧૩

સં. ૧૯૬૭ વૈશાખ શુદી ૭ મુંબાઈ.

---

# "अमारुं शुं करी शकशो?"

કવ્વાલિ.

અમારા ઈષ્ટ સાધનમાં, પ્રતિપક્ષી બનેલાઓ,
ધરી ઈર્ષ્યા થઈ સામા, અમારૂં શું કરી શકશો? ૧
ભલે નિન્દાતણાં બણગાં, ગમે ત્યાં ફુંકશો ત્હો શું?
પ્રપંચો બહુ રચીને પણ, અમારૂં શું કરી શકશો? ૨
પડે છે કર્મના ઉદયે, વિપત્તિયો સહી સહશું,
નથી કર્મો વિના દુઃખો, અમારૂં શું કરી શકશો? ૩
ભલે ભાંડો ઘણી ગાળો, અમોને ગાળ નહિ લાગે,
અરૂપી હાથ નહિ લાગું, અમારૂં શું કરી શકશો? ૪
ભમાવી મૂર્ખ લોકોને, હૃદય રેડો તમારૂં બહુ,
અમારા આત્મમાં સમતા, અમારૂં શું કરી શકશો? ૫
જગત્ માને કે નહિ માને, નથી પરવા અરે ત્હેની,
દયાદૃષ્ટિ તમારાપર, અમારૂં શું કરી શકશો? ૬
પ્રભુ મહાવીરના બોધે, હૃદયની શુદ્ધતા કરશું,
તમે તો દેખતા રહેશો, અમારૂં શું કરી શકશો? ૭
તમારૂં બહુ ભલું કરવા, અમારા પ્રાણ પણ ખુરબાન,
નથી જોવા તમારા દોષ, અમારૂં શું કરી શકશો? ૮
વહે અશ્રુતણી ધારા, અમારી આંખમાંથી રે,
સુજો સાચું તમોને જ્ઞાન, અમારૂં શું કરી શકશો? ૯
પ્રતિપક્ષી નથી મનમાં, ભલે હો તો અમારે શું?
નથી શત્રુ નથી મિત્રજ, અમારૂં શું કરી શકશો? ૧૦
સદા વ્યવહાર નિશ્ચયથી, અમારો ધર્મ સાધીશું,
હૃદયમાં વૈર નહિ મુજને, અમારૂં શું કરી શકશો? ૧૧

---

(૧૩) હે મનવાનર! હું ત્હને તાબે કરીશ. જ્ઞાન, ધ્યાન અને સમાધિયોગની અનેક કળાઓ કેળવીને હું તને વશમાં કરીશ. બુદ્ધિસાગર કહે છે કે હે મનવાનર! તું ધ્યાનના બળથી સ્થિર થવાનો અને મારી આજ્ઞા પ્રમાણે વર્તવાનો એમ નિશ્ચય થયો છે.

મધુકર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બુરૂં કરવા અમારૂં બહુ, કરો તે જાણવામાં સહુ,
સકળ એ કર્મના વશથી, અમારૂં શું કરી શકશો? ૧૨
લખ્યું જે ભાવી ઉદરમાં, થશે તે ભોગવીશું સહુ,
તમો પણ આત્મવત્ મ્હારા, અમારૂં શું કરી શકશો? ૧૩
કરો જે તે અમારૂં નહિ, સપાટામાં નહીં આવું,
"બુદ્ધ્યબ્ધિ" સન્તની દૃષ્ટિ, અમારૂં ઇષ્ટ કરવાની. ૧૪

મુંબાઈ, પાંજરાપોળ. સં. ૧૯૬૭ વૈશાખ શુદી ૭.

# दया आवे तमारापर.

કવ્વાલિ.

અમારૂં પાપ ધુવો છો, બની ધોબી વગર પૈસે,
તમારા કર્મમાં એવું, દયા આવે તમારાપર. ૧
વિચાર્યાવણ પ્રતિપક્ષી, બનીને બહુ થતા ભારે,
તમારૂં નહિ થશે ધાર્યું, દયા આવે તમારાપર. ૨
ઘટાટોપે વળે નહિ કંઈ, ખરૂં તે ગાજશે ગગને,
થશો હલકા પ્રપઞ્ચોથી, દયા આવે તમારાપર. ૩
થઈને કાનના કાચા, અભિપ્રાયો ઘડો ઉંધા,
ઘડો જૂઠું થશે દુઃખો, દયા આવે તમારાપર. ૪
ધરો આગમ ઉપર શ્રદ્ધા, ચલો આગમ અનુસારે,
તપાસો શું? કર્યું સારૂં, દયા આવે તમારાપર. ૫
પડો તો વાગશે નક્કી, થશે કલેશે બહુ હાનિ,
ચડાવી દુનીઆ પાડે, દયા આવે તમારાપર. ૬
કલહનાં બીજ રોપ્યાથી, નઠારો સ્વાદ ભોગવશો,
હવે તો બહુ કહી થાકયો, દયા આવે તમારાપર. ૭
પ્રતિપક્ષી બન્યા બનશો, કદાપિ સાર નહિ કાઢો,
સ્વભાવજ ત્યાગવો દુર્લભ, દયા આવે તમારાપર. ૮
અહંતા જ્ઞાનની ધારો, પ્રશંસે ભક્તલોકો પણ,
વળે નહિ શાન્તતાવણ કંઈ, દયા આવે તમારાપર. ૯
પડાવ્યો સમ્પમાં ભેદજ, ઘણા નિન્દક બનાવ્યા લોક,
મ્હને પણ કલેશમાં ખેંચો, દયા આવે તમારાપર. ૧૦
થઈ વિરૂદ્ધ બહુ બોલો, બળો ઈર્ષ્યાથકી મુજપર,
ખણે ખાડો પડે તે ત્યાં, દયા આવે તમારાપર. ૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહો હો ચંડકોશીક પર, પ્રભુ શ્રી વીરની દૃષ્ટિ,
તથા અન્તરથકી મુજને, દયા આવે તમારાપર. ૧૨
અહિંસાભાવની વૃદ્ધિ, થતી નિન્દા નથી કરવી,
તમારા સદ્ગુણો દેખું, દયા આવે તમારાપર. ૧૩
સહન કરશું ઉદય આવ્યું, સદા સમભાવથી સર્વે,
અહિંસાધર્મ સેવ્યાથી, દયા આવે તમારાપર. ૧૪
કરૂણાદૃષ્ટિની વૃષ્ટિ, તમારાપર સદા વર્ષો,
"બુદ્ધ્યબ્ધિ" વીરના બોધે, દયા આવે તમારાપર. ૧૫
સં. ૧૯૬૭ વૈશાખ શુદી ૮ મુંબાઈ. ॐ शान्तिः.

---

# *हृदयभानु प्रकाशी था.

કવ્વાલિ.

છુપાયું તેજ નહિ છીપે, છવાયાં વાદળાં તો પણ,
અનન્તા સૂર્યનો ભાસક, હૃદયભાનુ પ્રકાશી થા. ૧
ચઢીને મેઘ બહુ કાળા, વરસતા વિજળી ઝબકે,
જણાતી તેજની ઝાંખી, હૃદયભાનુ પ્રકાશી થા. ૨
ભયઙ્કર મેઘ ગાજે ને, પવનની મન્દતા તો પણ,
સુજાડે માર્ગ જાવાનો, હૃદયભાનુ પ્રકાશી થા. ૩
કરે છે વાદળાં જોરજ, અરે તુજને બહુ છ્હાવા,
ઉગે તેમજ ખસે વાદળ, હૃદયભાનુ પ્રકાશી થા. ૪
ઘણા બોલે ઘુવડવૃન્દો, કિરણ પડતાં છુપાતા તે,
ટળે તમ તેજ પ્રસરંતાં, હૃદયભાનુ પ્રકાશી થા. ૫

---

*(૧) હૃદયમાં રહેલા જ્ઞાનસૂર્ય તું પ્રકાશી થા. કર્મરૂપ વાદળાંથી ત્હારૂં તેજ છુપાયું છે તોપણ ત્હારૂં તેજ અન્તે છુપાશે નહીં. અનન્ત અર્થાત્ અનેક બાહ્યસૂર્યોનો પ્રકાશક તું છે. બાહ્યસૂર્યોને પણ તું પ્રકાશે છે.

(૨) મોહનીયકર્મરૂપ કાળા મેઘ ચઢીને વરસે છે, ઈર્ષ્યારૂપ વિજળીઓ ચમકે-છે તેવા વખતમાં પણ ત્હારો ઝાંખો ઝાંખો કંઇક પ્રકાશ પડે છે.

(૩) અજ્ઞાનરૂપ ભયંકર મેઘ ગાજે છે અને તે વખતે ભાવનારૂપ વાયુ મન્દ હોય છે તો પણ સત્યતત્ત્વનો ઝાંખી દૃષ્ટિએ પણ માર્ગ સુજાડે છે.

(૪) રાગદ્વેષ, અને માયા આદિ વાદળાં ત્હને છાઇ લેવા ઘણું જોર કરે છે તો પણ તું જેમ જેમ ઉગતો જાય છે તેમ તેમ વાદળાં ખસતાં જાય છે.

(૫) મિથ્યાત્વાદિ નાસ્તિક ઘુવડો તારા મન્દ મન્દ તેજ વખતે ઘણું બોલે છે પણ ત્હારો પ્રકાશ બરાબર પડતાં તે મૌન થઇ જાય છે. જેમ જેમ તેજ પડે છે તેમ તેમ અંધકાર ટળે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહર્ષિયો ત્હને ધ્યાવે, સ્તુવે વન્દે કરે કીર્તન,
રહ્યો આકાશમાં શોભે, હૃદયભાનુ પ્રકાશી થા. ૬
જગત્માં સર્વથી મોટો, નથી ત્હારા સમું કોઈ,
અણુસમ તુજ આગળ સહુ, હૃદયભાનુ પ્રકાશી થા. ૭
પ્રકાશે સર્વને ક્ષણમાં, પ્રખર કિરણે હિમજ ગાળે,
અનન્તાકાશનો દીવો, હૃદયભાનુ પ્રકાશી થા. ૮
નક્ષત્રો ચન્દ્ર તારાઓ, ગ્રહોનું તેજ તુજ આગળ,
સમાતું તુજમાં તું ધન્ય, હૃદયભાનુ પ્રકાશી થા. ૯
અરૂણોદય થતાં ઝટવાર, જીવોની નિન્દ ભાંગે છે,
કરે છે કાગડા કા કા, હૃદયભાનુ પ્રકાશી થા. ૧૦
જીવાડે સર્વ જીવોને, સુઝાડે સર્વને સાચું,
અકળ મહિમા લહું નહિ પાર, હૃદયભાનુ પ્રકાશી થા. ૧૧

---

( ૬ ) મહર્ષિયો ત્હને ધ્યાવે છે, વન્દે છે, સ્તવે છે, તું અસંખ્યાત પ્રદેશરૂપ આકાશમાં શોભે છે.

( ૭ ) જગત્માં સર્વ જડ પદાર્થોનો પ્રકાશક હોવાથી તું મહાન્ છે. અને ત્હારામાં જડ પદાર્થો ભાસે છે માટે ઉપમાએ તે અણુ જેવા છે.

( ૮ ) તું પોતાના પ્રકાશથી અહંત્વ, મમત્વરૂપ હિમના પર્વતોને ગાળી નાખે છે. લોકાકાશ અને અનન્ત અલોકાકાશનો પ્રકાશ કરનાર તું દીપક છે.

( ૯ ) હૃદયમાં રહેલા કેવલજ્ઞાનરૂપ સૂર્યની આગળ મતિજ્ઞાનના ભેદરૂપ નક્ષત્રો, અને તારાઓ તથા શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન તે ચન્દ્રના જેવું છે. તથા મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અને વિભંગજ્ઞાન તે ગ્રહોના સમાન છે. તે સર્વનું તેજ તું ઉગે છતે કંઇ પણ ઉપયોગરૂપ કાર્યમાં ચાલતું નથી, અને ત્હારા તેજમાં તે સર્વેનું તેજ સમાઈ જાય છે. કહ્યું છે કે **बीजा ज्ञानतणी प्रभा रे, एहमां सर्व समाय, रविप्रभाथी अधिक नहीं रे, नक्षत्रगण समुदाय रे, भविया वन्दो केवलज्ञान.**

( ૧૦ ) ત્હારો અનુભવ—જ્ઞાનરૂપ અરૂણોદય જીવોની મોહનિદ્રાનો નાશ કરે છે. ત્હારા ઉગવાની પૂર્વે અરૂણોદય થતાં નાસ્તિક પાખંડી કાગડાઓ કા કા શબ્દોથી કાકારોળ કરે છે. પણ તેથી તુજ મહિમા ઘટતો નથી પણ વૃદ્ધિ પામે છે, અને કાગડાઓ પણ તારા તેજના પ્રતાપે કંઇક પણ દેખી શકે છે. મિથ્યાત્વજ્ઞાન પણ સમ્યગ્જ્ઞાનનું વિપરિણમન છે, તેથી તે પણ જ્ઞાનનો કોઈ જીવો આશ્રય કરે છે.

(૧૧) સર્વ જીવોને તું જીવાડે છે, સર્વને સાચું સુઝાડે છે, ત્હારો અકળ મહિમા છે, ત્હારા મહિમાનો પાર પામી શકાતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુ મહાવીરમાં પ્રગટયો, ઉપાસક હું બન્યો ત્હારો,
“ બુદ્ધ્યબ્ધિ ” નિત્ય નિર્મલ તું, હૃદયભાનુ પ્રકાશી થા. ૧૨

૧૯૬૭ વૈશાખ શુદી ૧૦. મુંબાઈ, પાંજરાપોળ. ॐ शान्तिः.

# विचारीने विचार्युं ए.

કવ્વાલિ.

બહિર્માં ચિત્ત યોજ્યાથી, પ્રગટતો રાગને દ્વેષજ,
પ્રગટતી મોહની ઘેનજ, વિચારીને વિચાર્યું એ. ૧
શુભાશુભ કલ્પના ઉઠે, જગત્ના જડ પદાર્થોમાં,
અહો સંસાર તાવત્ છે, વિચારીને વિચાર્યું એ. ૨
અમારો રાગી આ દ્વેષી, ઉઠે એ કલ્પના યાવત્,
નથી તાવત્ ખરી સમતા, વિચારીને વિચાર્યું એ. ૩
ચરમસમતા પ્રગટવાથી, થતી સર્વજ્ઞની દૃષ્ટિ,
ઘણા સમતાતણા ભેદો, વિચારીને વિચાર્યું એ. ૪
રહે વૈરાગ્ય દુઃખોથી, રહે વૈરાગ્ય વાંચ્યાથી,
સમાધિ ધ્યાનમાં તે નહિ, વિચારીને વિચાર્યું એ. ૫
સમાધિમાં ખરૂં સુખ છે, અનુભવ એ મળ્યો મુજને,
સમાધિમાં ખુમારી બહુ, વિચારીને વિચાર્યું એ. ૬
રહે એકાન્તમાં આનન્દ, અમોને ધ્યાનમાં ઓરજ,
ભુલાતી વાત દુનિયાની, વિચારીને વિચાર્યું એ. ૭
પ્રકાશ્યા જે સ્ફુર્યા ઉદ્ગાર, સહજ સુખનો સ્વયં આશ્રય,
“ બુદ્ધ્યબ્ધિ ” દીર્ઘદૃષ્ટિથી, વિચારીને વિચાર્યું એ. ૮

૧૯૬૭ વૈશાખ શુદી ૧૨. મુંબાઈ, લાલબાગ, પાંજરાપોળ.

---

(૧૨) હે કેવલજ્ઞાનસૂર્ય, તું શ્રીમન્ મહાવીરસ્વામીમાં વૈશાખ શુદી દશમના દીવસે પ્રકટયો હતો, અને તેથી તેઓએ કરોડો જીવોને તાર્યાં હતા, અને સુખી કર્યાં હતા. બુદ્ધિસાગર કહે છે કે હૃદયમાં રહેલા નિત્યનિર્મલ કેવલજ્ઞાનરૂપ સૂર્ય તું પ્રકાશ કરનારો થા. આત્માના અસંખ્યાત પ્રદેશમાં ક્ષાયિકભાવે કેવલજ્ઞાન પ્રગટે છે. હૃદયશુદ્ધિ થવાથી અને રાગદ્વેષનો નાશ થવાથી કેવલજ્ઞાન પ્રગટે છે, માટે તેને હૃદયભાનુ કહીને પ્રકાશ કરવાની પ્રાર્થના કરી છે. મધુકર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રતિષ્ઠા કીર્તિમાં શું? સુખ.

કવ્વાલિ.

વપુ ને પ્રાણથી પ્યારૂં, હૃદયમાં વિત્ત જે ઝીણું,
અમારે ત્યાગ કરવાનો, પ્રતિષ્ઠા કીર્તિમાં શું? સુખ. ૧
અસર થાવા નહિ દેવી, અમારે કીર્તિની મનપર,
નથી મનમાં પછી છે શું? પ્રતિષ્ઠા કીર્તિમાં શું? સુખ. ૨
પ્રતિષ્ઠાનું પ્રયોજન શું? અસર મનપર થવા નહિ દઉં,
પ્રતિષ્ઠા, કલ્પના મનની, પ્રતિષ્ઠા કીર્તિમાં શું? સુખ. ૩
ફસાયા લોક કીર્તિમાં, પ્રતિષ્ઠામાં ફસાયા લોક,
સમર્પે પ્રાણ તે માટે, પ્રતિષ્ઠા કીર્તિમાં શું? સુખ. ૪
પ્રતિષ્ઠાનારી પ્રાપ્ત્યર્થમ્, જરા ઉદ્યમ નથી કરવો,
પ્રતિષ્ઠા ત્યાગથી ત્યાગી, પ્રતિષ્ઠા કીર્તિમાં શું? સુખ. ૫
પ્રતિષ્ઠા માન્યતા જુદી, જગત્‌ના ભિન્નદેશોમાં,
પ્રતિષ્ઠા સ્ત્રી તજ્યાથી શીલ, પ્રતિષ્ઠા કીર્તિમાં શું? સુખ. ૬
પ્રતિષ્ઠા આશથી દુઃખજ, પ્રતિષ્ઠા નાશથી દુઃખજ,
નથી એ આત્મનો ધર્મજ, પ્રતિષ્ઠા કીર્તિમાં શું? સુખ. ૭
પ્રતિષ્ઠાની નથી ઇચ્છા, ગમે તેવું વદો લોકો,
નથી હર્ષજ નથી ચિન્તા, પ્રતિષ્ઠા કીર્તિમાં શું? સુખ. ૮
પ્રતિષ્ઠા વાદળા જેવી, પ્રતિષ્ઠા પાન પાકેલું,
પ્રતિષ્ઠા ચિત્તની ભ્રમણા, પ્રતિષ્ઠા કીર્તિમાં શું? સુખ. ૯
પ્રતિષ્ઠાએ કર્યાં હેરાન, હવે તો કલ્પના ત્યાગી,
અમારૂં કાર્ય સાધીશું, પ્રતિષ્ઠા કીર્તિમાં શું? સુખ. ૧૦
જગત્‌ની કલ્પનાઓમાં, પ્રતિષ્ઠાની મહાફાંસી,
પ્રતિબન્ધન કરાવે બહુ, પ્રતિષ્ઠા કીર્તિમાં શું? સુખ. ૧૧
હવે ત્હારી નથી ઇચ્છા, તજી સંગત થયો સુખી,
જરા નહિ વેદવી મનથી, પ્રતિષ્ઠા કીર્તિમાં શું? સુખ. ૧૨
ગમે તેવા પ્રપઞ્ચોથી, સુકીર્તિને નથી ગ્રહવી,
કરો કીર્તિ અમારે શું? પ્રતિષ્ઠા કીર્તિમાં શું? સુખ. ૧૩
સુકીર્તિનારી ભોગેચ્છા, રહે તાવત્ અહો મનમાં,
નથી રે ભાવથી શીયલ, પ્રતિષ્ઠા કીર્તિમાં શું? સુખ. ૧૪
જગત્‌માં કીર્તિના માટે, ઘણી ઈચ્છા ઘણાં સંકટ,
જગત્ સહુ કીર્તિનું પ્યાસી, પ્રતિષ્ઠા કીર્તિમાં શું? સુખ. ૧૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જગત્‌ની દૃષ્ટિથી અવળું, અમારૂં સાધ્ય અન્તરનું,
અમારો માર્ગ છે ન્યારો, પ્રતિષ્ઠા કીર્તિમાં શું? સુખ. ૧૬
નથી અપકીર્તિની ભીતિ, નથી નિન્દાથકી ભીતિ,
પ્રતિષ્ઠા નાશથી નહિ દુઃખ, પ્રતિષ્ઠા કીર્તિમાં શું? સુખ. ૧૭
કર્યાથી કલ્પના દુઃખજ, નથી જ્યાં કલ્પના ત્યાં સુખ.
"બુદ્ધ્યબ્ધિ" મંગલો પામે, પ્રકાશે ભાનુની પેઠે. ૧૮

વૈશાખ શુદી ૧૪. સં. ૧૯૬૭, મુંબાઈ.

---

# सदा आनन्दमां रहॉशुं.

કવ્વાલિ.

પ્રભુની ભક્તિના પ્યાલા, બનીને ભક્ત પીશું શીઘ્ર,
ખરી મન શાન્તતા ધારી, સદા આનન્દમાં રહૉશું. ૧
શુભાશુભ કર્મના યોગે, ઉદય શાતા અશાતા જે,
તટસ્થે ભોગવીને પણ, સદા આનન્દમાં રહૉશું. ૨
ગમે ત્યાં જાઈશું ફરશું, અધિકારે બન્યું કરશું,
કર્યાનું હુંપણું ત્યાગી, સદા આનન્દમાં રહૉશું. ૩
મળે જો માન વા અપમાન, નથી મનમાં પછીથી શું?
સહી ઠંડક સહી તાપજ, સદા આનન્દમાં રહૉશું. ૪

---

(૧) શ્રી જિનેશ્વર ભગવાનના ભક્ત બનીને તેમની ભક્તિના પ્યાલાને પીશું. સર્વ જીવોપર સમતા ભાવની બુદ્ધિધારણ કરીને આનન્દમાં રહીશું.

(૨) શુભ અને અશુભ કર્મના ઉદયથી શાતા અને અશાતાને તટસ્થ ભાવ ધારીને અર્થાત્ બન્ને પ્રકારની વેદનીયથી પોતાના આત્માને ભિન્ન ધારીને સમભાવે સર્વે સહીશું.

(૩) શ્રી જિનેન્દ્રની આજ્ઞા મસ્તકે ચઢાવીને જ્યાં સ્થિરતા અનુભવાશે ત્યાં ગમન કરીશું અને પોતાના સાધુના અધિકારપ્રમાણે યથાશક્તિ ચારિત્ર પાળી, અહંતાનો ત્યાગ કરીને સ્વપરનું હિત કરીશું.

(૪) ભગવાન્‌ની આજ્ઞાપ્રમાણે ચાલવામાં જ શ્રેય છે તેમ છતાં કોઈ માન કરે વા કોઇ અપમાન કરે તો મારે મનમાં તત્‌સંબંધી કોઈ પણ જાતિનો વિચાર કરવો ઘટતો નથી. શીત અને તાપના ઉપસર્ગો સહન કરીને અન્તરમાં આનન્દ ધારણ કરીશું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગણો હલકો નથી હલકો, ગણો મોટો નથી મોટો,
અમારૂં રૂપ ધ્યાઈને, સદા આનન્દમાં રહીશું. ૫
અમારી પાસ આવો વા, ન આવો તો અમારે શું ?
બને તે સર્વ જોઈશું, સદા આનન્દમાં રહીશું. ૬
ધરેલા દેહનું પોષણ, કરીલેશે કર્યાં કર્મો,
તજી ચિન્તા ભજી સમતા, સદા આનન્દમાં રહીશું. ૭
થયાં તે કર્મ ટાળીશું, થશે તે કર્મ ટાળીશું,
કરી આલોચના ઉંડી, સદા આનન્દમાં રહીશું. ૮
અમારા આત્મવત્ સર્વે, જગત્‌ના સર્વ જીવો છે,
સકળમાં એકતા ધારી, સદા આનન્દમાં રહીશું. ૯
મનઃ સંકલ્પની સૃષ્ટિ, બહિર્વૃત્તિથકી ઉઠે,
વિલય કરશું અનુભવથી, સદા આનન્દમાં રહીશું. ૧૦
મળ્યું મળશે સહજભાવે, ગણી અમૃત વહીશું ધર્મ,
"બુદ્ધ્યબ્ધિ" શુદ્ધ ઉપયોગે, સદા આનન્દમાં રહીશું. ૧૧

સં. ૧૯૬૭ મુંબાઈ. વૈશાખ શુદી ૧૫, પાંજરાપોળ.

---

(૫) શ્રી સર્વજ્ઞ મહાવીરની આજ્ઞા પ્રમાણે ચાલતાં કોઇ હલકો ગણે તો પણ હું હલકો નથી કદાપિ માન આપીને કોઇ મોટો ગણે તો પણ મહત્તામાં કુલાઇને હું પોતાને મોટો માનનાર નથી. અમારા આત્માનું સત્તાએ રહેલું શુદ્ધસ્વરૂપ ધ્યાઇને સદાકાલ આનન્દમાં રહીશું.

(૬) જગત્‌ના લોકો અમારી પાસે આવો અગર ન આવો તો અમારા મનમાં તત્સંબંધી કશું કંઇ નથી, આવો અને જિનવાણી સાંભળો તો હે દુનિયાના લોકો! તમને લાભ છે. ભવિષ્યમાં જે જે બનાવો બનશે તે સર્વે જોઇશું અને સદાકાળ આનન્દમાં રહીશું.

(૭) જે શરીર કર્મના યોગે ધાર્યું છે તેને કર્માનુસારે યથાશક્તિ નિર્દોષાહારથી પોષીશું. ચિન્તાનો ત્યાગ કરીને અને સમતાને ભજીને આનન્દમાં રહીશું.

(૮) પૂર્વભવમાં જે જે કર્મ થયાં તેને વ્યવહાર અને નિશ્ચયચારિત્રવડે ટાળીશું. હૃદયમાં પાપકર્મનો પશ્ચાત્તાપ કરીશું અને આત્માને શાન્તપણે ભાવી આનન્દમાં રહીશું.

(૯) અમારા આત્માની પેઠે જગત્‌ના જીવોને ભાવી સર્વની દયા કરવા યથા શક્તિ પ્રયત્ન કરીશું અને સકલ જીવોમાં ઐક્યતા ધારીને સદા આનન્દમાં રહી શું.

(૧૦) મનના સંકલ્પની સૃષ્ટિની રચના બહિર્વૃત્તિના યોગે ઉત્પન્ન થાય છે. તેને જૈન શાસ્ત્રોના અનુભવવડે વિલય કરીશું. અને સદા આનન્દમાં રહીશું.

(૧૧) ઉપશમાદિ આત્માના સહજ ધર્મના ભાવે જે મળ્યું અને ભવિષ્યમાં મળશે તેને અમૃત સમાન ગણીને જૈન ધર્મનું અવલંબન કરી, આત્માનો શુદ્ધ ઉપયોગ પ્રાપ્ત કરીને તેવડે આનન્દમાં રહીશું. મધુકર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# अमारो शुद्ध आरीसो.

કવ્વાલિ.

જણાવે રૂપ છે તેવું, બજાવે ફરજ પોતાની,
સકલનો ન્યાય જ્યાં સરખો, અમારો શુદ્ધ આરીસો. ૧
સકલ જ્ઞેયો જણાવીને, રહે ન્યારો સ્વયં નિર્મલ,
બને સાક્ષી સકલનો તું, અમારો શુદ્ધ આરીસો. ૨
નથી ઈન્દ્રોતણી પરવા, નથી રાજાતણી પરવા,
સમાવે સર્વને નિજમાં, અમારો શુદ્ધ આરીસો. ૩
સમારે સર્વ જીવો જગ, નિહાળી અંગ પોતાનું,
અબોલો દોષને કાઢે, અમારો શુદ્ધ આરીસો. ૪
જણાવે દોષ ને સદ્ગુણ, કરે ઉપયોગ સહુ તારો,
ધરે આશ્ચર્યકર શક્તિ, અમારો શુદ્ધ આરીસો. ૫
જગત્ ભાસે સકલ તુજમાં, જગત્ સઘળું ઉદરમાંહિ,
જગત્ બિન્દુ સમું તુજમાં, અમારો શુદ્ધ આરીસો. ૬
નથી કાળો નથી ધોળો, નથી પીળો નથી રાતો,
નથી લીલો નથી ભુરો, અમારો શુદ્ધ આરીસો. ૭
નથી ટુંકો નથી લાંબો, નથી પહોળો નથી જૂનો,
નથી ઉન્હો નથી ઠંડો, અમારો શુદ્ધ આરીસો. ૮
ગમન કરતો નથી પોતે, સ્વયં સહુ ભાસતું તેમાં,
સમાયો આંખમાં જોતાં, અમારો શુદ્ધ આરીસો. ૯
અમારી પાસમાં રહેતો, સદા આનન્દ દેનારો,
ચમકનારો સદા તેજે, અમારો શુદ્ધ આરીસો. ૧૦
સદા સમભાવ રૂપે જે, રહે છે તેજની મૂર્તિ,
"બુદ્ધ્યબ્ધિ" સર્વથી શ્રેષ્ઠજ, અમારો શુદ્ધ આરીસો. ૧૧

સં. ૧૯૬૭ વૈશાખ વદિ ૧. મુંબાઈ, પાંજરાપોળ.

---

# खरो श्रावक नथी ए तो.

કવ્વાલિ.

ધરાવ્યું નામ શ્રાવકનું, નથી આચાર ને શ્રદ્ધા,
જિનાજ્ઞાની નથી પરવા, ખરો શ્રાવક નથી એ તો. ૧
ગુરૂવરની નથી ભક્તિ, નથી ભક્તિ જિનેન્દ્રોની,
પ્રપઞ્ચોથી ઉદર ભરતું, ખરો શ્રાવક નથી એ તો. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી ગંભીરતા મનમાં, નથી મધ્યસ્થતા મનમાં,
નથી સત્તર ગુણો જેમાં, ખરો શ્રાવક નથી એ તો. ૩
વદે જૂઠું કરે ચોરી, વ્યભિચારી અનાચારી,
હૃદય જૂઠું વદે જૂઠું, ખરો શ્રાવક નથી એ તો. ૪
ગુરૂનિન્દા કરે પાછળ, ધરે આચાર નહિ સારો,
વિનયથી હીન ઈર્ષ્યાળુ, ખરો શ્રાવક નથી એ તો. ૫
સમજ નહિ જૈન તત્ત્વોની, ગુરૂવન્દન કરે નહિ જે.
ગુરૂ આજ્ઞા ધરે નહિ દીલ, ખરો શ્રાવક નથી એ તો. ૬
ઉપરથી સાચવે કિઞ્ચિત્, નથી સાધર્મિની ભક્તિ,
નથી સુણતો ગુરૂ વ્યાખ્યાન, ખરો શ્રાવક નથી એ તો. ૭
ગુરૂના દોષ ખોળે છે, નથી સેવા નથી નીતિ,
સ્વચ્છન્દી, ધર્મનું નહિ ભાન, ખરો શ્રાવક નથી એ તો. ૮
ભમાયો ભૂતવત્ ભમતો, હૃદયનો શૂન્ય ને મૂઢજ,
નિરક્ષર ડોળડાહ્યો જે, ખરો શ્રાવક નથી એ તો. ૯
ગુરૂથી પણ બને ડાહ્યો, નથી આગમ ઉપર શ્રદ્ધા,
કુતર્કોથી કરે ઝઘડા, ખરો શ્રાવક નથી એ તો. ૧૦
કહું આ દેશવિરતિની, અપેક્ષા લેઈને સઘળું,
યથાશક્તિ ગુણો ધારે, ખરો શ્રાવક બને એ તો. ૧૧
નથી અહંકાર લક્ષ્મીનો, નથી અહંકાર વિદ્યાનો,
અધિકારે કરે સઘળું, ખરો શ્રાવક બને એ તો. ૧૨
પડે જો પ્રાણ તો પણ જે, ગુરૂશ્રદ્ધા નહીં છોડે,
"બુદ્ધ્યબ્ધિ" સાધુનો સેવક, ખરો શ્રાવક બને એ તો. ૧૨

મુંબાઈ, પાંજરાપોળ. વૈશાખ વદિ ૧.

---

# "अमारा वीरनी मूर्ति."

કવ્વાલિ.

પ્રભુ મહાવીર સ્મરવાને, ગુણો વીરના જ લેવાને,
ગુણો લેવાજ આરીસો, અમારા વીરની મૂર્તિ. ૧
ખરી સમતા જણાવે છે, ખરી કરણી ભણાવે છે,
હૃદયમાં પ્રેમ પ્રગટાવે, અમારા વીરની મૂર્તિ. ૨
પ્રભુનું ઉચ્ચ ચારિત્ર જ, પઢાવે છે સુભક્તોને,
બનાવે વીરના જેવા, અમારા વીરની મૂર્તિ. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનન્યપ્રેમ શ્રદ્ધાથી, પ્રભુ મહાવીરસમ લાગે,
નિસરણી મુક્તિની સાચી, અમારા વીરની મૂર્તિ. ૪
હૃદય સંતાપ ધોવાને, બની ગંગા સમી નિર્મળ,
ખડું કરતી જીવન વૃત્તાંત, અમારા વીરની મૂર્તિ. ૫
મનોવૃત્તિ સુધારે છે, હૃદયના દોષ ટાળે છે,
ચપળતા ચિત્ત વારે છે, અમારા વીરની મૂર્તિ. ૬
પ્રભુનું ધ્યાન ધરવાને, ખરૂં આલંબન જ મોટું,
સમર્પે ધૈર્યતા ઉંચી, અમારા વીરની મૂર્તિ. ૭
હૃદયને વીરમય કરવા, પ્રભુ વિરહે અમોને તો,
"બુદ્ધ્યબ્ધિ" સ્થાપના સાચી, અમારા વીરની મૂર્તિ. ૮
ॐशान्तिः ३. મુંબાઈ, પાંજરાપોળ. સં. ૧૯૬૭ વૈશાખ વદી ૨.

---

# "वधीशुं आत्मसामर्थ्ये."

કવ્વાલિ.

મળ્યો તુજ પત્ર વાંચ્યો મ્હેં, વિચારીને વિચાર્યું એ,
હજારો વિઘ્ન ઓળંગી, વધીશું આત્મસામર્થ્યે. ૧
થતું સહુ કાર્ય ઉદ્યમથી, સતત અભ્યાસના બળથી,
નિરાશાનું નથી સ્વપ્નું, વધીશું આત્મસામર્થ્યે. ૨
થતી સંકલ્પથી સિદ્ધિ, નથી દુઃખો વિના સુખડાં,
વપુનો ભોગ આપીને, વધીશું આત્મસામર્થ્યે. ૩
નથી પ્રખ્યાત થાવાની, જરા ઇચ્છા હૃદય સ્ફુરતી,
બરાબર લક્ષ્ય રાખીને, વધીશું આત્મસામર્થ્યે. ૪
અહો ! મહાવીરના જેવા, હજુ ઉપસર્ગ નહિ દીઠા,
અમારા વીરને ધ્યાઈ, વધીશું આત્મસામર્થ્યે. ૫
નથી સુણવી જગત્ કહેણી, સતત અભ્યાસ કરવાનો,
નથી રહેવું હવે પાછળ, વધીશું આત્મસામર્થ્યે. ૬
પ્રભુ મહાવીરનું ચિત્રજ, ખડું કરશું હૃદય આગળ,
સુધારીશું જીવન બાકી, વધીશું આત્મસામર્થ્યે, ૭
કરીશું ચિત્ત કાબુમાં, ધરી ઉત્સાહમય વૃત્તિ,
રૂચે તો શિષ્ય માની લે, વધીશું[1] આત્મસામર્થ્યે. ૮
ઘણા બોલે અહો તે સત્ય, ઘણા કરતા અહો તે સત્ય,
નથી એવું અમે માન્યું, વધીશું આત્મસામર્થ્યે. ૯

---

૧ આગળ જઇશું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વયંબુદ્ધિ પરીક્ષાવણુ, અનુભવ સત્યને ક્યાંથી,
અનુભવ જ્ઞાનથી આગળ, વધીશું આત્મસામર્થ્યે. १०
અહો એ ચક્ષુપર પાટા, અરે બાંધી નથી ફરવું,
જણાવે છે અનુભવ એ, વધીશું આત્મસામર્થ્યે. ११
જિનેન્દ્રોનાં સ્મરી વૃત્તાંત, અમારૂં સાધ્ય સાધીશું,
"બુદ્ધ્યબ્ધિ" સિદ્ધ થાવાને, વધીશું આત્મસામર્થ્યે. १२
સં. ૧૯૬૭ વૈશાખ વદી ૫. મુંબાઈ, પાંજરાપોળ.

# हुकम मारो सुशिष्योने.

કવ્વાલિ.

દઈ ઉપદેશને ખાવું, ગમે તેને ખરા ભાવે,
કરી ઉપકારને ખાવું, હુકમ મારો સુશિષ્યોને. १
કરૂણા સર્વપર કરવી, બુરાનું પણ ભલું કરવું,
ધરો મહાવીરની આજ્ઞા, હુકમ મારો સુશિષ્યોને. २
પ્રભુનો ધર્મ જાણીને, સદાચરણો હૃદય ધરવાં,
વધારો જૈન શાસનને, હુકમ મારો સુશિષ્યોને. ३
મળ્યું તે સર્વને દેવું, યથાશક્તિ ધરી ભક્તિ,
સમાગમ સન્તનો કરવો, હુકમ મારો સુશિષ્યોને. ४
લઘુતા ચિત્તમાં ધરવી, ગરીબોનાં હૃદય લહુવાં,
ગરીબોનાં હૃદય જોવાં, હુકમ મારો સુશિષ્યોને. ५
તવંગર વા ગરીબોમાં, કદાપિ ભેદ નહિ ધરવો,
બુરામાં ભાગ નહિ લેવો, હુકમ મારો સુશિષ્યોને. ६
પ્રતિજ્ઞાઓ કરી વહવી, હઠાવો દોષીના દોષો,
કરો પરમાર્થનાં કાર્યો, હુકમ મારો સુશિષ્યોને. ७
ઘણા ઉપસર્ગ વેઠીને, વિવેકે કાર્ય આદરવાં,
ગુણાનુરાગ આદરવો, હુકમ મારો સુશિષ્યોને. ८
જિનાગમની ધરી શ્રદ્ધા, યથાશક્ત્યા વ્રતો ધરવાં,
જગત્સેવા ભલી કરવી, હુકમ મારો સુશિષ્યોને. ९
રમણતા જ્ઞાનમાં કરવી, અહંતાને પરિત્યજવી,
ક્રિયાયોગી થવું જ્ઞાને, હુકમ મારો સુશિષ્યોને. १०
અધિકારે કરો કાર્યો, મળે તે શક્તિ વાપરવી,
"બુદ્ધ્યબ્ધિ" ધર્મની સેવા, હુકમ મારો સુશિષ્યોને. ११
વૈશાખ વદી ૬. સં. ૧૯૬૭ મુંબાઈ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# जैनो करशो जयजयकार.

સવૈયા.

જૈન ધર્મનું જ્ઞાન કરીને, સંપીને ચાલો નરનાર,
ત્રણ તત્ત્વની શ્રદ્ધા ધારી, જૈને કરશો જયજયકાર. १
જિનવરવાણી શ્રદ્ધા ધારો, આગમ વર્તે છે સુખકાર,
વૈર વિરોધો સર્વ સમાવી, જૈને કરશો જયજયકાર. २
બ્હાદૂર જૈને પૂર્વસમયના, ક્ષત્રિયો શૂરા સરદાર,
મસ્તક મૂકી ધર્મ દીપાવ્યો, જૈને કરશો જયજયકાર. ३
એક બીજાનું ખંડન કરતાં, થાશો અન્તે બહુ ખુવાર,
ધર્મદાઝને હૃદયે ધારી, જૈને કરશો જયજયકાર. ४
અભિમાનરાસભપર બેસી, શોભા પામો નહીં લગાર,
અભિમાન ઈર્ષ્યાને ત્યાગી, જૈને કરશો જયજયકાર. ५
એક બીજાની સહાય લઈને, જીવે છે સઘળો સંસાર,
યથાશક્તિથી સહાય કરીને, જૈને કરશો જયજયકાર. ६
પૂર્વસમયમાં વિદ્વાને બહુ, પરવાદીના ટાળ્યા ખાર,
પૂર્વસમય પાછો લાવીને, જૈને કરશો જયજયકાર. ७
સંપવિના નહિ જંપ કદાપિ, સંપવિના દુઃખી નરનાર,
સંપ કરીને પ્રેમ ધરીને, જૈને કરશો જયજયકાર. ८
ત્યાગો નિન્દા પાપરાક્ષસી, નિન્દાથી નીચા અવતાર,
નિન્દાની આદત ત્યાગીને, જૈને કરશો જયજયકાર. ९
એક બીજાના સદ્ગુણ લેવા, પામો મનમાં હર્ષ અપાર,
સદ્ગુણ દૃષ્ટિ ચિત્ત ધરીને, જૈને કરશો જયજયકાર. १०
ગંભીર દૃષ્ટિ રાખી મનમાં, ઉત્તમ આચરશો વ્યવહાર,
બુદ્ધિસાગર સર્વ પ્રયત્ને, જૈને કરશો જયજયકાર. ११

સં. ૧૯૬૭ વૈશાખ વદી ૧૩. મુંબાઈ, પાંજરાપોળ. ॐ शान्तिः ३

---

# सुधारीशुं जीवनरेखा.

કવ્વાલિ.

રહીને દુઃખના સામા, અનુભવ સર્વ કરવાના,
કરીને વજ્રસમ છાતી, સુધારીશું જીવનરેખા. १
ખુશામતથી રહી દૂરે, મળ્યું સાચું જણાવીશું,
કથન રૂપું ક્રિયા સોનું, સુધારીશું જીવનરેખા. २

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહીને સર્પની પાસે, રહીને વાઘની પાસે,
પશુઓમાં રહી પ્રેમે, સુધારીશું જીવનરેખા. ૩
અમારી સાક્ષી પૂરે છે, હૃદય ઈશ્વર બની પોતે,
જરા નહિ હારવી હિમ્મત, સુધારીશું જીવનરેખા. ૪
તનુના જેમ પડછાયા, તથા પૂર્વે કર્યું તેવું,
હવે તો સત્યની ઝાંખી, સુધારીશું જીવનરેખા. ૫
જિનાજ્ઞા ધારવી શિરપર, ભલે દુનિયા પડે સામી,
હૃદયના ઉચ્ચ આશયથી, સુધારીશું જીવનરેખા. ૬
રગોરગમાં અમારો યોગ, રગોરગમાં અમારો દેવ,
રગોરગમાં પ્રભુ ધ્યાઈ, સુધારીશું જીવનરેખા. ૭
સમાયો જ્ઞાનમાં મેરૂ, સમાયો જ્ઞાનમાં સાગર,
ગ્રહી સાચું યથાશક્તિ, સુધારીશું જીવનરેખા. ૮
દિવાની દુનિયા બોલે, ગમે તેવું ભલે તો શું?
પવિત્રાઇ ખરી મનની, સુધારીશું જીવનરેખા. ૯
હ્રદયની શુદ્ધતા માંહિ, અમારી શહેનશાહી છે,
ઉપરનો ડોળ ક્યાંસુધી, સુધારીશું જીવનરેખા. ૧૦
લગનવા ચિત્તની લાગી, પ્રભુમહાવીર જીવનપર,
પરમ પ્રેમે પ્રભુ થાવા, સુધારીશું જીવનરેખા. ૧૧
અમારી પાસ છે સઘળું, અનન્તાનન્દમય ચેતન,
“બુદ્ધયબ્ધિ” શુદ્ધ સંયમથી, સુધારીશું જીવનરેખા. ૧૨

સં. ૧૯૬૭ જેઠ વદી ૩ મુંબાઈ. ॐ शान्तिः.

---

# “ कुशिष्यो नहि मळो क्यारे. ”

કવ્વાલિ.

ઉપરથી શિષ્ય વ્યવહારે, ગુરૂશ્રદ્ધા નથી મનમાં,
ગુરૂ નિન્દા કરે પાછળ, કુશિષ્યો નહિ મળો ક્યારે. ૧
વદે છે કલેશકર વાણી, હઠીલાઈ ઘણી મનમાં,
હૃદય કાતી મુખે અમૃત, કુશિષ્યો નહિ મળો ક્યારે. ૨
વચનશસ્ત્રોતણા ઘા દે, વિનયથી હીન મન રહેતું,
કરે ઈર્ષ્યાજ અન્યોની, કુશિષ્યો નહિ મળો ક્યારે. ૩
વનોમાં વાસ છે સારો, પશુની સંગતિ સારી,
બુરી કુશિષ્યની સંગત, કુશિષ્યો નહિ મળો ક્યારે. ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પલકમાં તોષને રોષજ, હૃદય વિંધે વચન બાણે,
કરાવે કલેશ અન્યોથી, કુશિષ્યો નહિ મળો ક્યારે. ૫
કરે અહંકાર સ્વચ્છંદે, લઘુતાનું નથી લક્ષણ,
હૃદય છે સર્પના જેવું, કુશિષ્યો નહિ મળો ક્યારે. ૬
કપટબાજી કરે ઝાઝી, રહે ક્રોધે જ ધગધગતા,
ધમાધમમાં રહે રાજી, કુશિષ્યો નહિ મળો ક્યારે. ૭
કરી નિશ્ચય ફરી જાવે, વદે જૂઠું ધરીને સ્વાર્થ,
ઘણું ચંચળ રહે મનડું, કુશિષ્યો નહિ મળો ક્યારે. ૮
પ્રતિપક્ષી બની સત્ત્વર, કનડવાને કરે ઉદ્યમ,
ગુરૂના બોલ ઉત્થાપક, કુશિષ્યો નહિ મળો ક્યારે. ૯
નથી ભક્તિ નથી પ્રેમજ, કરે સહુ લોક લજ્જાથી.
હૃદયના તુચ્છ નારદસમ, કુશિષ્યો નહિ મળો ક્યારે. ૧૦
સડેલા પાનની પેઠે, બગડતા ને બગાડે અન્ય,
સુધરતા નહિ શિખામણથી, કુશિષ્યો નહિ મળો ક્યારે. ૧૧
વિનય નહિ વાણી વા તનમાં, ભમે છે ભૂતવત્ જ્યાં ત્યાં,
નથી પરમાર્થની કરણી, કુશિષ્યો નહિ મળો ક્યારે. ૧૨
નથી વર્તન હૃદયથી શુદ્ધ, કરે ઉપકારપર અપકાર,
બગાડે જ્યાં રહે તેનું, કુશિષ્યો નહિ મળો ક્યારે. ૧૩
થઈ ઉલંઠ બહુ બોલે, વિચારી નહિ વદે વાણી,
છકી જાવે જરા ચઢતાં, કુશિષ્યો નહિ મળો ક્યારે. ૧૪
રહે છે કલેશમાં વૃત્તિ, નથી આત્માર્થની દૃષ્ટિ,
નથી પરમાર્થમાં વૃત્તિ, કુશિષ્યો નહિ મળો ક્યારે. ૧૫
ફસાવે ફન્દમાં જનને, તરંગી ચિત્તને ઉંધા,
પઠિત પોપટ સમી વિદ્યા, કુશિષ્યો નહિ મળો ક્યારે. ૧૬
ગુરૂનો દ્રોહ કરનારા, થતા દુઃખી સ્વયં જ્યાં ત્યાં,
"બુદ્ધ્યબ્ધિ" સત્ય શિષ્યોની, જગત્માં છે બલિહારી. ૧૭

સં. ૧૯૬૭ જેઠ વદી ૪ શુકર, મુંબાઈ.

---

# मदत करशो म्हने देवो.

કવ્વાલિ.

પ્રભુ મહાવીર શાસનનો, ઉદય કરવા વહે વૃત્તિ,
કુસંપી બીજ દહવાને, મદત કરશો મ્હને દેવો. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરમ નિર્મલ જિનાગમને, જગત્માં વ્યાપ્ત કરવાને,
હૃદયથી પ્રેમ લાવીને, મદત કરશો મ્હને દેવો. ૨
જગત્ને ધર્મ દેવામાં, જગત્નાં પાપ ધોવામાં,
દયાનો બોધ દેવામાં, મદત કરશો મ્હને દેવો. ૩
સહજ સન્તોષ લેવાને, સહજ સન્તોષ દેવાને,
પ્રભુનું ધ્યાન ધરવાને, મદત કરશો મ્હને દેવો. ૪
જનોમાં એકતા કરવા, જનોમાં મૈત્રી ખીલવવા,
ભયંકર ક્લેશ હરવાને, મદત કરશો મ્હને દેવો. ૫
જનોનાં અશ્રુઓ લ્હુવા, જનોને સત્ય દેવાને,
મહન્તો યોગીઓ સન્તો, મદત કરશો મ્હને દેવો. ૬
ગુણોથી આર્ય કરવાને, અનાર્યોને વહે ઈચ્છા,
સદા શ્રી જૈનશાસનમાં, મદત કરશો મ્હને દેવો. ૭
ઘણા ગ્રન્થો પ્રગટ કરવા, ઘણા લેખો પ્રગટ કરવા,
દયા વ્યાખ્યાન દેવાને, મદત કરશો મ્હને દેવો. ૮
ચતુર્વિધ સંઘમાં સંપજ, સદા વિસ્તારવા માટે,
સકલ યોગો પ્રકટ કરવા, મદત કરશો મ્હને દેવો. ૯
સકલ જૈનોન્નતિ કરવા, ઉપાયો સત્ય આદરવા,
કરૂણા સર્વપર કરવા, મદદ કરશો મ્હને દેવો. ૧૦
સદા અપકારપર ઉપકાર, વિરોધીનું ભલું કરવા,
હૃદયની ઉચ્ચતા કરવા, મદત કરશો મ્હને દેવો. ૧૧
પ્રકટ દ્વેષાગ્નિ ઓલ્હવવા, દઉં ઉપદેશ સમતાના,
હૃદયનાં ઝેર હરવાને, મદત કરશો મ્હને દેવો. ૧૨
સદા પરમાર્થનું જીવન, અમારૂં સર્વ કરવાને,
અખંડાનન્દ વરવાને, મદત કરશો મ્હને દેવો. ૧૩
દયા ઝરણાં વહાવાને, અરે નિર્દય મનુષ્યોમાં,
દયામાં નિત્ય રહેવાને, મદત કરશો મ્હને દેવો. ૧૪
સદા ઉપદેશ દેવાને, પ્રભુ મહાવીર આગમનો,
સમાધિ શર્મ વરવાને, મદત કરશો મ્હને દેવો. ૧૫
પરમ શાન્તિ પ્રકટ કરવા, હૃદયની શુદ્ધતા કરવા,
ક્રિયાઓ ધર્મની કરવા, મદત કરશો મ્હને દેવો. ૧૬
પરમ શક્તિ ખીલવવાને, સહજ સ્વતન્ત્ર થાવાને,
“ બુદ્ધ્યબ્ધિ ” ધર્મ કાર્યોમાં, મદત કરશો મ્હને દેવો. ૧૭

સં. ૧૯૬૭ જેઠ વદી ૧૧. શ્રી રવિસાગર જયંતી દીવસે. મુંબાઈ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# थयो विद्वान् तथापि शुं ?

કવ્વાલિ.

નથી પરમાર્થની વૃત્તિ, સુજનતા ચિત્તમાં નહિ લેશ,
અહન્તાનો બન્યો ઉદધિ, થયો વિદ્વાન્ તથાપિ શું ? ૧
અસૂયાની વહે વૃત્તિ, ધમાધમથી વહે જીવન,
સકલના દોષની નિન્દા, થયો વિદ્વાન્ તથાપિ શું ? ૨
લઘુતાનું થયું સ્વપ્નું, પ્રપઞ્ચો સ્વાર્થના નાના,
દયાનો લેશ નહિ મનમાં, થયો વિદ્વાન્ તથાપિ શું ? ૩
નિપુણ ગીર્વાણવાણીમાં, નિપુણ ઈંગ્લીશ ભાષામાં,
હૃદયમાં સ્વાર્થની હોળી, થયો વિદ્વાન્ તથાપિ શું ? ૪
નિપુણ વ્યાખ્યાન દેવામાં, નિપુણતા ભાષણોમાંહિ,
સકલપર પ્રેમ નહિ પ્રગટ્યો, થયો વિદ્વાન્ તથાપિ શું ? ૫
નથી મધ્યસ્થતા મનમાં, ધર્યો નહિ ભાવ મૈત્રીનો,
ગુણાનુરાગ નહિ ધાર્યો, થયો વિદ્વાન્ તથાપિ શું ? ૬
ભલામાં ભાગ નહિ લીધો, વદાયું જૂઠ વાણીથી,
ગરીબોનાં ગળાં રેંસ્યાં, થયો વિદ્વાન્ તથાપિ શું ? ૭
ગુરુભક્તિ નથી આજ્ઞા, સદાચારો ધર્યા નહિ કોઈ,
નથી નીતિ નથી રહેણી, થયો વિદ્વાન્ તથાપિ શું ? ૮
ધરી નહિ ધર્મમાં પ્રીતિ, ભણ્યો નહિ ધર્મના ગ્રન્થો,
નથી અધ્યાત્મનું જ્ઞાનજ, થયો વિદ્વાન્ તથાપિ શું ? ૯
ગમન ઉન્માર્ગમાં કીધું, કુસમ્પે કલેશ બહુ કીધા,
કદાગ્રહ ચિત્તમાં ધાર્યો, થયો વિદ્વાન્ તથાપિ શું ? ૧૦
લડાવ્યા લોકને ભારી, અશાન્તિ બીજ જગ વાવ્યાં,
જગતનું નહિ કર્યું શ્રેયજ, થયો વિદ્વાન્ તથાપિ શું ? ૧૧
વિષયના ફન્દમાં રાચ્યો, ગણ્યા નહિ આત્મવત્ જીવો,
મનોવૃત્તિ સુધારી નહિ, થયો વિદ્વાન્ તથાપિ શું ? ૧૨
વિવાદાર્થે ધરી વિદ્યા, અસન્તોષે સદા મ્હાલ્યો,
કરુણા કોઈપર નહિ રે, થયો વિદ્વાન્ તથાપિ શું ? ૧૩
કરી પઞ્ચાત અન્યોની, અધર્મીનો બની સાથી,
કર્યા નહિ મૂર્ખને સમજુ, થયો વિદ્વાન્ તથાપિ શું ? ૧૪
હૃદય શુદ્ધિ કરી નહિ કંઈ, વિચારી જો હૃદયમાં સહુ,
દિધો ઉત્તર લખીને પત્ર, થયો વિદ્વાન્ તથાપિ શું ? ૧૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વપર કલ્યાણ કરવાને, કરો ઉપયોગ વિદ્યાનો,
"બુદ્ધ્યબ્ધિ" લેખ વાંચીને, સુધારી લે જીવનરેખા. ૧૬

---

# કર્યું શું લક્ષ્મીને ધારી.

કવ્વાલિ.

હૃદયને ખોલ જાગ્રત થા, વિચારી જો ફસાયો કયાં,
અહન્તા શું? ધરે ફોગટ, કર્યું શું? લક્ષ્મીને ધારી. ૧
ભલે શ્રીમન્ત કહેવાયો, જગત્માં માન બહુ પામ્યો,
સ્વપરની ઉન્નતિમાટે, કર્યું શું? લક્ષ્મીને ધારી. ૨
ધનોપાસક મનુષ્યોએ, કરી જીહા પ્રશંસાને,
મનુષ્યોનાં હર્યાં નહિ દુઃખ, કર્યું શું? લક્ષ્મીને ધારી. ૩
ગણીને વિત્તને ઈશ્વિર, થયો કંજુસનો શિરદાર,
જરા નહિ આવશે સાથે, કર્યું શું? લક્ષ્મીને ધારી. ૪
કર્યાં નહિ ધર્મનાં કાર્યો, કરી નહિ સાધુની ભક્તિ,
ભલામાં ભાગ નહિ લીધો, કર્યું શું? લક્ષ્મીને ધારી. ૫
દયામાં વાપર્યું નહિ વિત્ત, બનીને સ્વાર્થનો દાસજ,
શુણ્યો નહિ સદ્ગુરૂનો બોધ, કર્યું શું? લક્ષ્મીને ધારી. ૬
ગુરૂકૂળો સ્થપાવ્યાં નહિ, દિધું નહિ દાન વિદ્યામાં,
કરી નહિ ધર્મની ચડતી, કર્યું શું? લક્ષ્મીને ધારી. ૭
સુપાત્રે દાન નહિ દીધું, લખાયા ગ્રન્થ નહિ કોઈ,
છપાયાં પુસ્તકો નહિ કોઈ, કર્યું શું? લક્ષ્મીને ધારી. ૮
ગરીબોનાં હર્યાં નહિ દુઃખ, નથી ઉપકારની વૃત્તિ,
પ્રપઞ્ચોનો બન્યો આશ્રમ, કર્યું શું? લક્ષ્મીને ધારી. ૯
કર્યાં આરંભનાં કાર્યો, અસત્યોનું બન્યો મન્દિર,
કરી ચોરી કપટ ધારી, કર્યું શું? લક્ષ્મીને ધારી. ૧૦
બુડાયું લોભ સાગરમાં, અનીતિમાં વહ્યું જીવન,
કર્યાં કલેશો જગત્માં બહુ, કર્યું શું? લક્ષ્મીને ધારી. ૧૧
બુરામાં ભાગ લીધા બહુ, સતાવ્યા બહુ મનુષ્યોને,
વિવેકે કાર્ય નહિ કીધાં, કર્યું શું? લક્ષ્મીને ધારી. ૧૨
લઘુતાને ધરિ નહિ લેશ, તણાયો લોભ સાગરમાં,
હૃદય શુદ્ધિ કરી નહિ રે, કર્યું શું? લક્ષ્મીને ધારી. ૧૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુકૃત્યો બહુ કર્યાં કાળાં, અદેખાઈ કરી નિન્દા,
વધાર્યો ક્રોધનો અગ્નિ, કર્યું શું? લક્ષ્મીને ધારી. ૧૪
હર્યાં નહિ દુઃખિનાં દુઃખો, સદાચારો ધર્યા નહિ અંગ,
મનોવૃત્તિ સુધારી નહિ, કર્યું શું? લક્ષ્મીને ધારી. ૧૫
કર્યું નહિ ધર્મનું જ્ઞાનજ, ધર્યો નહિ ધર્મ શ્રદ્ધાથી,
ખરી લક્ષ્મી નહીં જાણી, કર્યું શું? લક્ષ્મીને ધારી. ૧૬
ગધેડાપર ભર્યું ચંદન, વિચારીને સુધારી લે,
"બુદ્ધ્યબ્ધિ" સદ્ગુણો લેઈ, સફલતા લક્ષ્મીની કરવી. ૧૭

સં. ૧૯૬૭ અશાડ વદી ૧૨ મુંબાઈ.

---

# "તદા તું શ્રેષ્ઠ કહેવાશે."

કવ્વાલિ.

મળ્યો તવ પત્ર વાંચ્યો મ્હેં, થવાનું શ્રેષ્ઠ ત્હેં ધાર્યું,
કહું તે તું કરે જ્યારે, તદા તું શ્રેષ્ઠ કહેવાશે. ૧
સદા સુમતિ હૃદય ધરવી, વિવેકે સર્વ આદરવું,
વિચારી બોલને બોલીશ, તદા તું શ્રેષ્ઠ કહેવાશે. ૨
સદા ગંભીર મન ધરવું, વિનય કરવો મહન્તોનો,
મળ્યું તેમાં અહન્તા નહિ, તદા તું શ્રેષ્ઠ કહેવાશે. ૩
વિચારો ઉચ્ચ ધરવા મન, સદાચારોપ્રતિ પ્રીતિ,
યથાશક્તિ કરીશ દાનજ, તદા તું શ્રેષ્ઠ કહેવાશે. ૪
વડેરાનો વિનય કરવો, લઘુતા ચિત્તમાં રહેશે,
કરીશ નિષ્કામથી કરણી, તદા તું શ્રેષ્ઠ કહેવાશે. ૫
અનુભવ જ્ઞાનમાં પ્રીતિ, જીવોપર પ્રેમની વૃત્તિ,
ગુરૂની ભક્તિને ધારીશ, તદા તું શ્રેષ્ઠ કહેવાશે. ૬
મળે લક્ષ્મી પ્રભુતા નહિ, મળે સત્તા અહન્તા નહિ,
ગણીશ તું આત્મવત્ સહુને, તદા તું શ્રેષ્ઠ કહેવાશે. ૭
ગુરૂને દેવમાં શ્રદ્ધા, હૃદયનિર્લેપતા કરવી,
ગુણાનુરાગને ધારીશ, તદા તું શ્રેષ્ઠ કહેવાશે. ૮
સરલતા ચિત્તમાં ધારીશ, પરમક્ષાન્તિ હૃદય વસશે,
સદા આનન્દમયવૃત્તિ, તદા તું શ્રેષ્ઠ કહેવાશે. ૯
રહી ન્યારો હૃદયથી સહુ, કરીશ કાર્યો ભલા માટે,
પ્રતિકૂલનો રહે નહિ ભાવ, તદા તું શ્રેષ્ઠ કહેવાશે. ૧૦



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પડે તે દુઃખ સહવાનાં, કરેલાં કર્મ ભોગવવાં,
જરા નહિ દીનતા મનમાં, તદા તું શ્રેષ્ઠ કહેવાશે. ૧૧
ભલામાં ભાગ લેવાને, સદા ઉજમાળ થઈ રહેશે,
યથાશક્તિ કરીશ સાચું, તદા તું શ્રેષ્ઠ કહેવાશે. ૧૨
જીવન સઘળું ભલામાટે, નથી મ્હારૂં નથી ત્હારૂં,
સહજ સ્થિરતા ધરીશ મનમાં, તદા તું શ્રેષ્ઠ કહેવાશે. ૧૩
ધરીશ અધ્યાત્મમાં વૃત્તિ, રહસ્યો ધર્મનાં ધારીશ,
સકલ સિદ્ધાન્તને જાણીશ, તદા તું શ્રેષ્ઠ કહેવાશે. ૧૪
કરીશ સન્તોતણી સેવા, કરીશ તું ધર્મ ફેલાવો,
કરીશ પરમાર્થનું જીવન, તદા તું શ્રેષ્ઠ કહેવાશે. ૧૫
હૃદયશુદ્ધિ કરીશ જ્યારે, સકલના દોષ ધોવાના,
દયાવૃત્તિ હૃદય ધારીશ, તદા તું શ્રેષ્ઠ કહેવાશે. ૧૬
ધરી વ્યવહારને નિશ્ચય, ખરા સમભાવને ધારીશ,
"બુદ્ધ્યબ્ધિ" ધર્મને ધારીશ, તદા તું શ્રેષ્ઠ કહેવાશે. ૧૭

મુંબાઈ, સં. ૧૯૬૭ વૈશાખ વદી ૪.

---

# ज्ञान अने क्रियाथी मोक्ष.

ગઝલ.

"અરે અજ્ઞાનથી અંધા, ક્રિયાઓ પૂતળી પેઠે,
કરેછે ને કરાવેછે, સ્વયં નાચે નચાવે છે." ૧
"અહો ઉન્મત્તની પેઠે, વદેછે જ્ઞાનવણ શબ્દો,
ધમાધમમાં ધશી પડતા, કરૂંછું શું? વિચારે નહિ." ૨
અરે એવી પ્રવૃત્તિથી, ચડાતું નહિ મનુષ્યોથી,
ક્રિયારૂચિ ઘણા જીવો, મકર વૃત્તિ, કદા ગૃહમાં. ૩
નથી વિજ્ઞાનથી નિશ્ચય, ગ્રહે નહિ યુક્તિથી સાચું,
કરેછે સ્થૂલ બુદ્ધિથી, અધિકારી અરે તેવા. ૪
બધું એ અન્ધશ્રદ્ધાથી, કરેછે બાળ જીવો રે,
કરે નહિ જ્ઞાનની રૂચિ, અધિકારી થશે કયારે. ૫
ક્રિયાનું જ્ઞાન થાશે તો, ક્રિયા સહ આવશે લેખે,
ક્રિયાવણ પંગુ છે જીવો, અરે વિજ્ઞાનવણ અંધા, ૬
ગુરૂગમ જ્ઞાન લેઇને, પ્રવૃત્તિ યોગ આરંભો,
ધરો અધ્યાત્મમાં નિષ્ઠા, વિકલ્પો સહુ ટળે તેથી. ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નયોનું જ્ઞાન થાવાથી, ટળે સહુ ક્લેશના ઝઘડા,
નથી શાસ્ત્રાર્થના ભડકા, યથારૂપે જણાતું સહુ. ૮
અનુભવ જ્ઞાનની મૈત્રી, વધાઈ મુક્તિની નક્કી,
અલખની ધૂનની ધારા, ટળેછે મોહની વૃત્તિ. ૯
ક્રિયાની ઉચ્ચતા થાવે, મનોવૃત્તિતણી સ્થિરતા,
સ્વયં વિજ્ઞાનઘન ધારો, ખરો એ યોગ જ્ઞાનીનો. ૧૦
ક્રિયાભેદો અસંખ્યાતા, વિષમતા ભાવના ભેદે,
ભલી ઉપયોગ નિસ્સરણી, ચડોને મુક્તિના મહેલે. ૧૧
ધરો મધ્યસ્થતા જ્ઞાને, પ્રવૃત્તિપાર અલબેલો,
પ્રવૃત્તિની નિવૃત્તિમાં, "બુદ્ધ્યબ્ધિ" લક્ષ દેવાનું. ૧૨

કાર્તિકમાસ, સુરત.

---

# सदा मन राख आनंदी.

કવ્વાલિ.

સુબોધી જાગૃતિચંદ્ર, બનીને સૃષ્ટિનો સાક્ષી,
વિકલ્પોને સમાવીને, સદા મન રાખ આનંદી. ૧
કરાતું ને કરાશે એ, અદા કરવી ફરજ મારી,
કરીશ ના ભાવિની ચિન્તા, સદા મન રાખ આનંદી. ૨
સદા સુકૃત્ય કરવાનાં, નથી ફળની જરા ઇચ્છા.
બને તે જોઈ લે આંખે, સદા મન રાખ આનંદી. ૩
અરે મારૂં થશે શું? એ, કરીશ નહિ દીનતા કિઞ્ચિત્,
સુધારો શુદ્ધ સંકલ્પો, સદા મન રાખ આનંદી. ૪
વિચારો શુદ્ધ સહુ કરવા, વિચારો દુષ્ટ સહુ ત્યજવા,
કરી લે આત્મની શુદ્ધિ, સદા મન રાખ આનંદી. ૫
ગમે તેવા પ્રસંગોમાં, મગજની રાખજે સમતા,
મગજ ખોવું કદી નહિ હો, સદા મન રાખ આનંદી. ૬
ઘણું સુણતાં ઘણું જોતાં, અનુભવ આવશે મનમાં,
ભ્રમરવત્ સાર ખેંચી લે, સદા મન રાખ આનંદી. ૭
કર્યાં કર્મો ઉદય આવે, જણાવે છાંયને તડકો,
ઉદય આવ્યાં સકલ વેદી, સદા મન રાખ આનંદી. ૮
બનીને મેરૂવત્ ધીરો, હૃદય સૃષ્ટિ સુધારી લે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુપમ સુખ દેખાશે, સદા મન રાખ આનંદી. ૯
કરે દુનિયા નથી તે તું, સદા નિર્ભય બન્યો રહેજે,
યથાપરિણામ તેવો તું, સદા મન રાખ આનંદી. ૧૦
પવિત્રાઈ ધરી મનની, પ્રભુની ધારણા ધરજે,
"બુદ્ધયબ્ધિ" ધર્મને ધારી, સદા મન રાખ આનંદી. ૧૧

માગશરમાસ. મું. વલસાડ.

---

# साधुशिष्य प्रबोधपत्र.

કવ્વાલિ.

અરે પરમાર્થના શિષ્યો, જગત્ જંઝાળના ત્યાગી,
બન્યા તેવા બની રહેશો, ધરો ચારિત્રમાં પ્રીતિ. ૧
વિનાશી વિશ્વના ખેલો, કદી નહિ થાય પોતાના,
નિહાળી આત્મને ન્યારો, ધરો ચારિત્રમાં પ્રીતિ. ૨
સદા વૈરાગ્યમાં રહેશો, સમિતિ પાંચ આદરશો,
ધરી ગુપ્તિ મઝાની રે, ધરો ચારિત્રમાં પ્રીતિ. ૩
જગત્નો પ્રેમ છે જૂઠો, કદી વિશ્વાસ ના કરશો,
અરે સ્વાર્થી બને ભકતો, ધરો ચારિત્રમાં પ્રીતિ. ૪
મરી જાવું અરે અન્તે, ફના થાશે સહુ દીઠું,
વિચારી જ્ઞાનથી સાચું, ધરો ચારિત્રમાં પ્રીતિ. ૫
ક્રિયા રૂચિ કરી સાચી, ક્રિયાઓ પ્રેમથી કરશો,
તજીને સંગ બાહિર્નો, ધરો ચારિત્રમાં પ્રીતિ. ૬
બની ગંભીર બહાદૂરો, ક્ષમા રાખો સહુ સાથે,
અહં, મમતા તજી વેગે, ધરો ચારિત્રમાં પ્રીતિ. ૭
પ્રભુનો વેશ ભજવી લ્યો, ગુરૂની શિખ માનીને,
સદા ચડતી કળા થાશે, ધરો ચારિત્રમાં પ્રીતિ. ૮
વિનય એ ધર્મ છે મોટો, વિનયથી શત્રુઓ વશમાં,
ગુરૂની [1]આણમાં ધર્મજ, ધરો ચારિત્રમાં પ્રીતિ. ૯
સજી સદ્ગુણની દૃષ્ટિ, તજી અવગુણની દૃષ્ટિ,
ભલામાં ભાગ લેવાને, ધરો ચારિત્રમાં પ્રીતિ. ૧૦
પ્રમાદો આવતા વારો, કરોને સંગ જ્ઞાનિનો,
સકળ કર્મો તજી દેવા, ધરો ચારિત્રમાં પ્રીતિ. ૧૧

---

૧ આણમાં ( આજ્ઞામાં )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અરે ઓ વીરના પુત્રો, જરા નહિ રાખશો ખામી,
હઠાવી ઘો કષાયોને, ધરો ચારિત્રમાં પ્રીતિ. ૧૨
વિકારો આવતા વારો, બહુ વાંચો ભલા ગ્રન્થો,
તજી વિકથાતણી વાતો, ધરો ચારિત્રમાં પ્રીતિ. ૧૩
જુવાની ભરતીના જેવી, સદા સંભાળતા રહેશો,
જશે જોયું સહુ ચાલી, ધરો ચારિત્રમાં પ્રીતિ. ૧૪
બહુ ઉપસર્ગ આવ્યાથી, ડરો નહિ ચિત્તમાં કિઞ્ચિત્,
વિપત્તિમાં ધરી ધીરજ, ધરો ચારિત્રમાં પ્રીતિ. ૧૫
કરો ઉપકારનાં કાર્યો, વિચારી બોલશો જ્યાં ત્યાં,
કરો સહુ કાર્ય જયણાએ, ધરો ચારિત્રમાં પ્રીતિ. ૧૬
પરમ્પર મહા ગુરૂઓની, સ્મૃતિથી સદ્ગુણો લેશો,
સદા વ્યવહારનિશ્ચયથી, ધરો ચારિત્રમાં પ્રીતિ. ૧૭
ભલી અમૃતસમી શિક્ષા, અજિતચેતન કરો ધર્મે,
"બુદ્ધયબ્ધિ" પત્ર વાંચીને, ધરો ચારિત્રમાં પ્રીતિ. ૧૮

પોષમાસ શુદી ૧. સં. ૧૯૬૭ દહાણુ.

---

## "अमारे कार्य करवानुं."

કવ્વાલિ.

ભલું કરતાં ભલું થાશે, ભલું દેશો ભલું લેશો,
ભલામાં ભાગ લેવાનું, અમારે કાર્ય કરવાનું. ૧
વિચારો આપવા સારા, ધરી ઉદારવૃત્તિને,
સકલનું દુઃખ હરવાનું, અમારે કાર્ય કરવાનું. ૨
કર્યાથી દાન બહુ વધતી, મળેલી શક્તિયો સર્વે,
ખરૂં દૃષ્ટાન્ત ઉદધિનું, અમારે કાર્ય કરવાનું. ૩
મળ્યું જે વિત્ત માટી તે, કદાપિ તે ન રહેવાનું,
વિવેકે ભવ્ય જીવોનું, અમારે કાર્ય કરવાનું. ૪
મળ્યું તે આપવું સહુને, સકલનો હક્ક છે તેમાં,
જુઓ દૃષ્ટાન્ત જગમાંહિ, અમારે કાર્ય કરવાનું. ૫
સકલને સુખ છે વ્હાલું, સકલને દુઃખ નહિ વ્હાલું,
સકલને પૂર્ણ સુખકારક, અમારે કાર્ય કરવાનું. ૬
જિનાગમના અનુસારે, સ્વપરની ઉન્નતિ માટે,
સદા શ્રી જૈનશાસનનું, અમારે કાર્ય કરવાનું. ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુસાફર સહુ મનુષ્યો છે, અરે મેમાનના મેળા;
પરસ્પર શાન્તિ દેવાનું, અમારે કાર્ય કરવાનું. ૮
ખરાં સુખડાં મળ્યાવણ તો, ખરી સ્થિરતા નથી થાતી,
ઉપાયો સર્વ દેવાનું, અમારે કાર્ય કરવાનું. ૯
લઈશું ને દઈશું સુખ, પરસ્પર ઉન્નતિ કરશું,
ઉદયવૃદ્ધિ ખરી લેખી, અમારે કાર્ય કરવાનું. ૧૦
હરીશું ચિત્તના રોગો, હરાવીશું ઉપાયોથી,
જગત્માં જન્મીને પ્રેમે, અમારે કાર્ય કરવાનું. ૧૧
સકલનું સંહરી પોતે, કદી નહિ શ્રેષ્ઠ થાવાનું,
ખરૂં તે સુખ અન્તરમાં, અમારે કાર્ય કરવાનું. ૧૨
કરો વાંચી મનન તેનું, ઉતારો દીલમાં સઘળું,
"બુદ્ધચબ્ધિ" મંગલો માટે, અમારે કાર્ય કરવાનું. ૧૩

માહમાસ શુદી ૨. સં. ૧૯૬૭ અગાસી.

---

# अमारा भक्त गणवाना.

કવ્વાલિ.

અમારૂં દીલ નહિ જાણે, અમારા ભક્ત તે શાના,
અમારા દીલના આશય, ગ્રહે તે ભક્ત ગણવાના. ૧
ઘણા આશય અપેક્ષાથી, વદું તે સર્વ જે જાણે,
જણાવે અન્યને જાણ્યું, અમારા ભક્ત ગણવાના. ૨
અપેક્ષાઓ ઘણી ઉંડી, અમારા બોલમાં જ્યાં ત્યાં,
પરીક્ષાની કસોટીમાં, અમારા ભક્ત ગણવાના. ૩
ઘણા છે ભક્તના ભેદો, બને છે ભક્તિથી ભક્તો,
રંગોરંગમાં વસેલાઓ, અમારા ભક્ત ગણવાના. ૪
હૃદયના આશયો સર્વે, કહ્યા વણ જ્ઞાનથી ખેંચે,
નથી કીર્તિતણી ઇચ્છા, અમારા ભક્ત ગણવાના. ૫
સમર્પણ ભક્તિના માટે, જીવન સઘળું કર્યું નક્કી.
હૃદયનો પ્રેમ જ્યાં સાક્ષી, અમારા ભક્ત ગણવાના. ૬
નથી ભક્તિ જરા ઘટતી, ભમાવ્યાથી ભમે નહિ જે,
હૃદય અધ્યાત્મમાં વહેતું, અમારા ભક્ત ગણવાના. ૭
ઘણી શ્રદ્ધા નથી શઙ્કા, જરા નહિ સ્વાર્થનો છાંટો,
પડે તે દુઃખ સહનારા, અમારા ભક્ત ગણવાના. ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમારા કાર્યમાં ભેગા, થતા નહિ ડોળડાહ્યા જે,
ધરે સમતા તજે મમતા, અમારા ભક્ત ગણુવાના. ૯
ઉપરનો ડોળ નહિ કરતા, વદે તેવું કરે નિશ્ચય,
પરમ પ્રેમે વહે જીવન, અમારા ભક્ત ગણુવાના. ૧૦
કરે છે જ્ઞાનની વૃદ્ધિ, કરે છે દીલથી સેવા,
"બુદ્ધયબ્ધિ" ભક્ત છે નિશ્ચય, પ્રગટતા સદ્ગુણો નક્કી. ૧૧
ૐ શાન્તિઃ ૩ માઘ વદી ૧૪. મુંબાઈ,

---

# "नथी दहाडा सकल सरखा."

કવ્વાલિ.

સમર્પે દુઃખ શિરપર તુઝ, અહર્નિશ કર્મ સાહિબ જે,
ગણી પ્યારૂં સકળ સહેજે, નથી દહાડા સકળ સરખા. ૧
ગણીને ઉત્સવો સરખા, સકળ ઉપસર્ગને સહેજે,
ચુકાવી લે કર્યું દેવું, નથી દહાડા સકળ સરખા. ૨
જરા નહિ હાર હિમ્મતને, અનુભવ દુઃખ શાળાને,
ઘણું ત્યાં સૂક્ષ્મ જોવાનું, નથી દહાડા સકળ સરખા. ૩
ઘણા તાપે ઘણી વૃષ્ટિ, બને છે સર્વ સુખમાટે,
ધરી લે શાન્તતા મનમાં, નથી દહાડા સકળ સરખા. ૪
થતું ને જે થશે ભાવી, ઉદય માટે સકળ માની;
સદા આનન્દમાં રહેજે, નથી દહાડા સકળ સરખા. ૫
અરે શાતા અશાતામાં, કદી લેપાય નહિ મનથી;
ખરો સુખી જગત્માં તે, નથી દહાડા સકળ સરખા. ૬
બહુ ચિન્તા કરે શાને, કર્યાં સહુ કર્મ ભોગવવાં,
નથી ઘટતું નથી વધતું, નથી દહાડા સકળ સરખા. ૭
થવા નહિ દે અસર મનપર, ભલે આવે પછી સઘળું,
કદી આનન્દ ટળશે નહિ, નથી દહાડા સકળ સરખા. ૮
દીવાની દુનિયા બોલે, ભરોસો રાખ નહિ કિઞ્ચિત્,
જગત્માં સ્થૂલને જોતાં, નથી દહાડા સકળ સરખા. ૯
ગમે તે આવવા દે દુઃખ, સદા નહિ પાસ રહેવાનું,
સ્વયં તે નષ્ટ થાશે સહુ, નથી દહાડા સકળ સરખા. ૧૦
ગણીને સર્વેથી સુખી, જીવન વહેજે સદા બાકી,
"બુદ્ધયબ્ધિ" સામ્ય મન થાતાં, સદા દહાડા સકળ સરખા. ૧૧
ૐ શાન્તિઃ ૩ વાલકેશ્વર, મુંબાઈ. ચૈત્ર શુદી ૩.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# जिनवाणी.

( ઓધવજી સંદેશો કહેશો શ્યામને—એ રાગ. )

જીનવાણીને નમન કરૂં કર જોડીને,
જેથી ભવસાગરનો પાર પમાય જો,
પીસ્તાલીશ આગમરૂપે જે શોભતી,
પૂર્વાચાર્યો કથી ગયા સુખદાય જો. જીનવાણી. ૧
સુવિહિત આચાર્યોના ગ્રન્થો શ્રેષ્ઠ છે,
વન્દુ તેને ભાવધરી જયકાર જો,
પુણ્યોદયથી શ્રવણ મનન તેનું થતું,
મિથ્યાતમ મનમાંથી ઝટ વિખરાય જો. જીનવાણી. ૨
જીનવાણીમાં શ્રદ્ધા ભક્તિ ધારીએ,
વિપરીત ભાષણ કરીએ નહિ લવલેશ જો,
ગુરૂગમ લેઈ સાંભળીએ બહુ ભાવથી,
ભવભય ભ્રાન્તિ નાસે શાન્તિ હમેશ જો. જીનવાણી. ૩
કળિકાળે જીન આગમનો આધાર છે,
વિનયભક્તિથી સેવો વાંચો સાધુ જો,
ગુરૂ બહુમાન કરીને સાંભળવાં ઘટે,
સમજો સાચું આજ્ઞાધારક શ્રાદ્ધ જો. જીનવાણી. ૪
જીનવાણીનો લાભ ભવીને આપવો,
શરણ શરણ જીનવાણીનું સુખકાર જો,
આગમ આરાધે તે પામે જ્ઞાનને,
આગમ પૂજો ધ્યાવો નર ને નાર જો. જીનવાણી. ૫
આગમના અનુસારે લખવું બોલવું,
આગમથી ચાલે છે શિવપુર પન્થ જો,
આગમ દીપક સહાયે સઘળું દેખીએ,
આગમ અનુસારે રચવા શુભ ગ્રન્થ જો. જીનવાણી. ૬
આગમથી જીનશાસન ચાલે હાલમાં,
કેઈક ભવ્યો પામે તેનો સાર જો,
બુદ્ધિસાગર આગમ અનુભવ લેઇને,
શિવસુખસાધક બનીએ મહા અવતાર જો. જીનવાણી. ૭

સં. ૧૯૬૭ વૈશાખ શુદી ૪, મુંબાઈ. ॐ शान्तिः ३

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# "समय त्हारी बलिहारी."

કવ્વાલિ.

ગતિ છે દૈવની ન્યારી, ઘડીના રંગ છે જૂદા,
અકળ ઘટના ઘડે છે તું, સમય ત્હારી બલિહારી. ૧
ઉદયને અસ્તનાં ચક્રો, સકલના શીર્ષપર ભમતાં,
જરા વિશ્રામ નહિ લેતાં, સમય ત્હારી બલિહારી. ૨
ઘડીમાં દિવ્ય વાજીંત્રો, ઘડીમાં રોકકળ ભારે,
થતું સહુ કર્મ અનુસારે, સમય ત્હારી બલિહારી. ૩
હતું નહિ તે થતું પલમાં, થવાનું તે વિલય પામે,
જણાવે કર્મનાં નાટયો, સમય ત્હારી બલિહારી. ૪
કરે છે ઉચ્ચને નીચા, કરે છે નીચને ઉંચા,
બજાવે કાર્ય પોતાનું, સમય ત્હારી બલિહારી. ૫
ચડાવે હસ્તિની ઉપર, પલકમાં રાસભ સ્વારી,
શરમ નહિ ઇન્દ્રની ધારે, સમય ત્હારી બલિહારી. ૬
કરે છે સર્વનું ભક્ષણ, બચે છે યોગિયો કોઇ,
ગતિ ત્હારી સકળથી ભિન્ન, સમય ત્હારી બલિહારી. ૭
સમયનો પાર પામીને, નિરંજન સિદ્ધતા વરવી,
"બુદ્ધયબ્ધિ" જ્ઞાન પામીને, સમય જીતી થવું નિર્ભય. ૮

જેઠ સુદિ ૫. ૧૯૬૭. મુંબાઈ. ॐ शान्तिः ३

---

# श्रीमद् रविसागरजी महाराजनी स्तुति.

ઘનઘટા ભુવનરંગ છાયા, એ રાગ.

નમું રવિસાગર ગુરૂરાયા, જિનશાસન જય વર્તાયા.
સંવત્ ઓગણીશત સાત, મૌન એકાદશી વિખ્યાત;
લઈ દીક્ષા ને સુખ પાયા, નમું રવિસાગર. ૧
વિચર્યા બહુ ગામોગામ, કીધી યાત્રાઓ બહુ ઠામ;
સમતા ગુણ ઉરમાં લાયા, નમું રવિસાગર. ૨
દિધી દીક્ષાઓ બહુ હાથે, જન પ્રતિબોધ્યા બહુ નાથે;
વૈરાગી ત્યાગી સુહાયા, નમું રવિસાગર. ૩
બ્રહ્મચારી પૂર્ણ પ્રતાપી, દશ દિશમાં કીર્તિ વ્યાપી;
ભક્તોના મનમાં ભાવ્યા, નમું રવિસાગર. ૪



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રદ્ધાળુ ધર્મે પૂરા, ક્રિયામાં નિશદિન શૂરા;
તજી દૂર મમતા ને માયા, નમું રવિસાગર. ૫
સુડતાલીશ વર્ષે સવાયા, શુભ સંયમની લય લાયા;
સંવેગી શીર સુહાયા, નમું રવિસાગર. ૬
ઓગણીશ ચોપનની સાલ, જેઠ એકાદશી રવિવાર;
મેહસાણે સ્વર્ગ સિધાયા, નમું રવિસાગર. ૭
વંદુછું સદ્ગુણધારી, એવા ગુરૂની બલિહારી;
બુદ્ધિસાગર ગુણ ગાયા, નમું રવિસાગર. ૮

સં. ૧૯૬૭ જેઠ વદી ૧૧, મુંબાઈ.

---

# "पामी नृजन्म भवमां करी शी कमाणी."

વસંતતિલકા વૃત્તમ્.

હું કોણ છું ? ભુવનમાં કઈ વસ્તુ મ્હારી,
ઉંડો વિચાર કરતાં જીવ ખૂબ મૂઝે;
મોટો થયો હવે અરે મન જો વિચારી,
પામી નૃજન્મ ભવમાં કરી શી કમાણી. ૧
વાતો કરી બહુ નિરર્થક આયુ ગાળ્યું,
લોકો લડાવી જગમાં બહુ કર્મ બાંધ્યું;
અજ્ઞાન વાસિતમના થઈ ખૂબ મ્હાલ્યો,
પામી નૃજન્મ ભવમાં કરી શી કમાણી. ૨
વિશ્વાસઘાત પરના બહુ વાર કીધા,
નિન્દા કરી અવરને બહુ આળ દીધાં;
દ્વેષે બહુ ધમધમ્યો કરી ક્રોધ ભારી,
પામી નૃજન્મ ભવમાં કરી શી કમાણી. ૩
જાુઠું વધો દિવસમાં બહુ વાર લોભે,
ચોરી કરી અવરની છળ ખૂબ તાકી;
કર્માભિલાષ મનમાં નહિ ચિત્ત શુદ્ધિ,
પામી નૃજન્મ ભવમાં કરી શી કમાણી. ૪
મ્હારૂં કરી મન વિષે બહુ પાપ કીધું,
દુર્ધ્યાનના વશ થઈ શુભ ના વિચાર્યું,
દીધાં ન દાન પરને કરૂણા કરીને,
પામી નૃજન્મ ભવમાં કરી શી કમાણી. ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સેવા કરી ન ગુરૂની બહુ ભાવ લાવી,
કીધી ન ભક્તિ ગુરૂની નહિ જ્ઞાન લીધું;
સત્ સેવના કરી નહિ શુભ બુદ્ધિ ધારી,
પામી નૃજન્મ ભવમાં કરી શી કમાણી. ૬
દુષ્કૃત્યના વશ થયો શુભ કૃત્ય ભૂલ્યો,
મોહે અરે ભવપયોધિ ન પાર પામ્યો;
કીધી ન ઉત્તમ દયા જગમાં જીવોની,
પામી નૃજન્મ ભવમાં કરી શી કમાણી. ૭
થૈ આશ દાસ જગમાં મનમાન્યું ખાધું,
શોભા કરી તનુતણી બહુ ખેલ ખેલ્યો;
સેવ્યો પ્રમાદ રિપુને બહુ પ્રેમ લાવી,
પામી નૃજન્મ ભવમાં કરી શી કમાણી. ૮
હાંસી કરી અવરની ખુબ ચિત્ત રીઝ્યો,
માની બની મનવિષે ખલ ખૂબ ફૂલ્યો;
ભૂલો પડ્યો ભવવિષે થઈ મોહ ઘેલો,
પામી નૃજન્મ ભવમાં કરી શી કમાણી. ૯
વાંચ્યું ઘણું નહિ રહ્યું મન ઠામ ક્યારે,
વક્તા થઈ કર્યું નહીં શુભ કાર્ય સારૂં;
જ્ઞાની થઈ ધરી નહીં પરમાર્થ વૃત્તિ,
પામી નૃજન્મ ભવમાં કરી શી કમાણી. ૧૦
ચિત્તે ધરી નહિ અરે કરૂણા જીવોની,
પ્રેમે ધરી નહિ અરે મનમાંજ મૈત્રી;
મધ્યસ્થભાવ મનમાં શુભ ના વિચાર્યો,
પામી નૃજન્મ ભવમાં કરી શી કમાણી. ૧૧
કીધી ધમાધમ બહુ કરી ખૂબ ચર્ચા,
વાવ્યાં અરે મહીવિષે બહુ ક્લેશ બીજો;
ભૂલ્યો ભણી તજી અરે શુભ આત્મવૃત્તિ,
પામી નૃજન્મ ભવમાં કરી શી કમાણી. ૧૨
કાન્તાવિષે મન દિધું ધરી મોહ માયા,
શુદ્ધોપયોગ મનમાં ઘડીએ ન ધાર્યો;
શિક્ષા ધરી મન વિષે નહિ સત્ય શોધ્યું,
પામી નૃજન્મ ભવમાં કરી શી કમાણી. ૧૧
સ્વાર્થો તજી નહિ કર્યાં પરમાર્થ કાર્યો,
ધાર્યો ન પ્રેમ જગમાં સહુ જીવ સાથે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભૂલો પડ્યો દુઃખ લહ્યો નહિ એક આરો,
પામી નૃજન્મ ભવમાં કરી શી કમાણી. १४
ક્રોધી થઈ ઝટ કર્યાં બહુ કર્મ કાળાં,
ઘાતો કરી મનવિષે પર જીવની રે;
સાધ્યું ન સાધુ થઈ સંવર કાર્ય સારૂં,
પામી નૃજન્મ ભવમાં કરી શી કમાણી. १५
ભૂલ્યો હવે ફરી ગણું થઈ શુદ્ધવૃત્તિ,
નક્કી ધરૂં મનવિષે પરમાત્મભક્તિ;
જાગ્યો હવે મન ધરૂં પરમાત્મ વાણી,
બુદ્ધચબ્ધિ ધર્મ ધરિને કરીશું કમાણી. १६
સં. ૧૯૬૭ આષાડ વદી ૧. મુંબાઈ, લાલબાગ.

---

# गुरुस्तुति.

( ઓધવજી સંદેશો કહેશો શ્યામને, એ રાગ. )

નમન કરૂં સુખસાગર ગુરૂજીને સદા,
વૈરાગી ત્યાગી સમતા ભંડાર જો,
ઓગણીશ શત તેતાલીશમાં દીક્ષા ગ્રહી,
રવિસાગર ગુરૂ પાસે જગજયકાર જો. નમન૦ ૧
પઞ્ચ મહાવ્રત પાળે ગુરૂ આજ્ઞા ધરી,
ગુર્જરદેશે ગુરૂની સાથ વિહાર જો,
ગુરૂની સેવા મીઠા મેવા માનતા,
ગુરૂ આજ્ઞા ઉઠાવે થઈ તૈયાર જો. નમન૦ ૨
આવશ્યક દશવૈકાલિક કંઠે કર્યું,
સજ્ઝાયોને સ્તવનોનો નહિ પાર જો,
ગુરૂની વાણી આચરણામાં મૂકતા,
સંયમનો ખપ કરતા નિશદિન સાર જો. નમન. ૩
ગુરૂની પાસે બેસી ધર્મકથા સુણે,
ક્ષાન્તિ લઘુતા સરળપણું ધરનાર જો,
વિનયમૂર્તિ વૈયાવચ્ચ ઘણું કરે,
ગંભીરતા ને ઉત્તમતા ગ્રહનાર જો, નમન૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાણી વિચારી બોલે વિકથા પરિહરે,
મૈત્રી ભાવના મનમાંહિ ધરનાર જો,
સર્વ જીવોપર કરૂણા ધરતા ભાવથી,
સદ્ગુણદષ્ટિ ધારક મહા અનગાર જો. નમન૦ ૫

વૃદ્ધાવસ્થામાં પણ સંયમ સાચવે,
ધરી શિથિલતા દોષ ન સેવે લગાર જો,
પરઉપકારી સંયમમાર્ગે ચૂડામણિ,
પંચસમિતિ ગુપ્તિ પાલનહાર જો. નમન૦ ૬

દિન દિન ચડતા પરિણામે સંયમ વહે,
ક્રિયાધર્મના અનુભવને વહનાર જો,
સંપ્રતિકાળે ઉત્કૃષ્ટા શુભ સંયમી,
મળે ન જોડી જોતાં જગ નિર્ધાર જો. નમન૦ ૭

ઓગણીશ સત્તાવનના માગશર માસમાં,
સુદિ છઠ્ઠના રોજે ગુરૂની પાસ જો,
દીક્ષા લીધી પાલણપુરમાં મ્હેં ભલી,
ગુરૂકૃપાથી આનન્દ લીલ વિલાસ જો. નમન૦ ૮

જેની કૃપાથી દુઃખ દોહગ્ગ દૂરે ટળે,
જેના ગુણગણ ગણતાં પામુ ન પાર જો,
વ્હાલ ધરે મુજ ઉપર હિત શિક્ષા કહે,
કીધો મારો દીક્ષા દઈ ઉદ્ધાર જો. નમન૦ ૯

ગુરૂના ગુણ ગાતાં ભક્તિ બહુ ઉલ્લસે,
દોષ ટળે મળે શાશ્વત સુખ આધાર જો,
દર્શન દીઠે મનની આશાઓ ફળે,
પૂર્વપુણ્યથી સદ્ગુરૂનો અવતાર જો. નમન૦ ૧૦

ગુરૂ દીવો ને સદ્ગુરૂ જાણો દેવતા,
ગુરૂ સર્વસ્વ માન્યું મન ધરી પ્યાર જો,
બુદ્ધિસાગર સદ્ગુરૂ ભક્તિ સદા મળે,
અન્તર્યામી ગુરૂ હૈયડાના હાર જો. નમન૦ ૧૧

સં. ૧૯૬૭ આષાઢ વદી ૧૦. મુંબાઈ, પાંજરાપોળ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( ૧૬૬ )

# " गुरुजी दक्षिणा लेशो. "

કવ્વાલિ.

હૃદયચક્ષુ ઉઘાડયું મુજ, ખરૂં તે શું? જણાવ્યું મુજ,
અનન્યપ્રેમથી પ્રાર્થું, ગુરૂજી દક્ષિણા લેશો. ૧
હૃદય લો આ ભલા માટે, તમારૂં સર્વ છે ત્હેમાં,
ગ્રહો આ આંખ જુવો સહુ, ગુરૂજી દક્ષિણા લેશો. ૨
ભલા બે હસ્ત લો મ્હારા, ચરણપર શીર્ષ મૂકું છું,
ત્વદર્થે પાદ આ બે છે, ગુરૂજી દક્ષિણા લેશો. ૩

---

(૧) શિષ્ય સ્વકીય ધર્મે સદ્ગુરૂને ગુરૂદક્ષિણાની પ્રાર્થના કરે છે, તે અત્ર જણાવવામાં આવે છે. શિષ્ય કથે છે કે હે સદ્ગુરો! આપે મ્હને આત્મતત્ત્વનો સદ્બોધ આપીને હૃદયચક્ષુ ઉઘાડયું, અને સત્ય ચૈતન્યમય આત્માને દર્શાવ્યો, તેથી હું આપને નમસ્કાર કરૂં છું. કહ્યું છે કે **अज्ञान तिमिरान्धानां, ज्ञानाञ्जन शलाकया ॥ नेत्रन्मुन्मीलितंयेन, तस्मै श्रीगुरवे नमः ॥ १ ॥** નવતત્ત્વાદિનું યથાર્થ સ્વરૂપ દર્શાવીને મ્હને સત્યજ્ઞાનનો પ્રકાશ આપ્યો માટે આપશ્રીના ઉપકારનો બદલો વાળી શકાય તેમ નથી. હું આપને અનન્ય પ્રેમથી પ્રાર્થના કરૂં છું કે આપ મારી દક્ષિણા સ્વીકારશો.

(૨) સ્વપરના કલ્યાણ માટે મ્હારૂં હૃદય આપને સોંપું છું અર્થાત્ આ હૃદય આપશ્રીનું આજથી છે તે હૃદયમાં આપનો સદ્બોધ ભરાશે અને એ હૃદયમાં આપનાવિના અન્યનું ચિંતવન થશે નહિ. એ હૃદયમાં આપનું સર્વ છે એમ માનીને આપે તેની ઉન્નતિ કરવી, હૃદયમાં દ્વિધાભાવ હવે રહેવાનો નથી. મારી આંખોનું સમર્પણ આપને કરૂં છું અર્થાત્ સારાંશ કે મારી બે આંખોવડે આપની આજ્ઞા પ્રમાણે પદાર્થોનું વિલોકન કરાશે. બે આંખોવડે જે જોવાય છે તે આપશ્રીની આજ્ઞા પ્રમાણે સ્વપરની ઉન્નતિ માટે છે. રાગ અને દ્વેષરહિત દશાએ આંખોથી સર્વ દેખાઓ એવી આંખોની દક્ષિણા હું આપને સમર્પુ છું, અર્થાત્ આજથી હું આંખોને આપની માની ઉપર્યુક્ત શ્રેયાર્થ પદાર્થોને દેખીશ.

(૩) મારા બે હસ્ત હે સદ્ગુરો! આપને સમર્પુ છું. હસ્તવડે જગત્ના જીવોનું ભલું થાય એવાં કાર્ય કરવાં જોઇએ, હસ્તવડે દાન દેવાં જોઇએ. જ્ઞાન, દર્શન અને ચારિત્ર ગુણની પ્રાપ્તિમાટે હસ્તથી કાર્યો કરવાં જોઇએ. આજથી આપની આજ્ઞા પ્રમાણે ઉપર્યુક્ત શ્રેયઃ કાર્યોમાટે બે હસ્ત વાપરીશ આપની આજ્ઞા પ્રમાણે આપનાજ હસ્ત માનીને ધર્માદિ શ્રેયઃ કાર્યમાં પ્રવૃત્તિ કરીશ. આપના ચરણકમલપર શીર્ષ મૂકીને એવી પ્રાર્થના કરૂં છું કે ધારેલા શીર્ષવડે આપની આજ્ઞા પ્રમાણે આત્માની ઉન્નતિ થાય, અને જગત્માં ધર્મનો ફેલાવો થાય એમ શુભ તર્કોમાં મસ્તકને વાપરીશ. હે સદ્ગુરો! તમારા માટેજ આ બે પગ છે અર્થાત્ તમારી આજ્ઞા પ્રમાણે શુભકાર્યોમાં બે પાદને વાપરાશ એવી ભાવનાથી પગની દક્ષિણા આપને સમર્પુ છું. અર્થાત્ બે પગને શુભ કાર્યમાં વાપરીશ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમર્પું કાન બે મ્હારા, સમર્પું જીભ તે લેશો,
ખરી નિષ્કામની ભક્તિ, ગુરૂજી દક્ષિણા લેશો. ૪
ભવોભવમાં સદા ભક્તિ, જીવન અર્પણ કર્યું તે લો,
પ્રતિષ્ઠા કીર્તિને ધનની, ગુરૂજી દક્ષિણા લેશો. ૫
અનન્ય શુદ્ધ શ્રદ્ધાના, સુકોમળ પુષ્પથી પૂજું,
તમારો હું તમે તે હું, ગુરૂજી દક્ષિણા લેશો. ૬

---

(૪) મ્હારા બે કાન આપને સમર્પું છું કાનથી કોઈની નિન્દા સાંભળવી નહિ. સત્પુરૂષોના ઉત્તમ શબ્દો સાંભળવા. રાગ અને દ્વેષનો નાશ કરે, અને દયાદિ સદ્ગુણો ઉત્પન્ન કરે. ઇત્યાદિ ગુણોત્પાદક શબ્દ સાંભળવા એ કાનનું કાર્ય છે. આપનાજ કાન છે એમ જાણી કર્ણદ્વારા ઉત્તમ શુભ ધર્મ શબ્દોને સાંભળીશ. જિવ્હા ઉદરમાં આહાર ચાવીને નાખવાને માટેજ ફક્ત નથી કિન્તુ જિવ્હાવડે સુશબ્દો બોલવા, સત્ય બોલવું, ઉત્તમ વ્યાખ્યાનો દેવાં, સ્વ અને પરના ભલા માટે જિવ્હાવડે વાણી બોલવી એજ જિવ્હાનું કાર્ય છે. કોઇનો પ્રાણ હણાય એવું જિવ્હાથી ન બોલવું એમ પ્રતિજ્ઞા કરૂં છું અને તે પ્રમાણે વર્તીશ એમ આપની જિવ્હા માનીને પ્રવૃત્તિ કરીશ. ઉપર્યુક્ત જિવ્હા સત્કાર્યરૂપ હું આપશ્રીને દક્ષિણા સમર્પું છું. જેમાં અશુભ વાસના વા વિષયવાસનાની ઇચ્છા નથી એવી નિષ્કામ ભક્તિની દક્ષિણા સમર્પું છું તે લેશો. આજથી હું નિષ્કામ ભક્તિ કરીશ અને જગત્‌ના ભલા માટે પણ નિષ્કામ બુદ્ધિથી પ્રવર્તીશ.

(૫) ભવોભવમાં આપની ભક્તિ થાઓ. આપના સદ્ગુણોનો ઉપાસક બન્યો છું. મ્હારૂં જીવન આપને સમર્પું છું તે આપ કૃપા કરીને લો. સારાંશ કે મ્હારૂં જીવન ઉત્તમ ધર્મકાર્યો કરવામાં ગાળીશ. મ્હારા જીવનનો અભિમાન ત્યાગ કરૂં છું અને પરમાર્થનાં કાર્યો કરવા જીવન ધારૂં છું તેમાં હું એવો પ્રત્યય ન થાય તેવી ભાવનાની ઉત્પત્તિ માટે આપને જીવન સમર્પણ કરૂં છું. આજથી પ્રતિષ્ઠા કીર્તિ અને ગૃહસ્થદશામાં જે શિષ્ય હોય તેની અપેક્ષાએ ધન. એ ત્રણનું આપને સમર્પણ થાય છે. એ ત્રણમાં અહંત્વ બુદ્ધિ થાય છે તેનો ત્યાગ કરૂં છું અને જગત્‌ના શ્રેયઃ માટે તેમાં થતું અહંત્વ તજું છું આપને સમર્પું છું તેનો ભાવાર્થ એ છે કે હવે એ ત્રણને પોતાનાં નહિ માની આપની આજ્ઞા પ્રમાણે વર્તીશ.

(૬) હે સદ્ગુરો ! આપના ઉપર મ્હારી સદાકાળ અનન્ય શ્રદ્ધા છે તે અનન્ય શ્રદ્ધારૂપ સુકોમલ પુષ્પથી આપને પૂજું છું. આપનાસંબંધી મારા હૃદયમાં અનન્ય શ્રદ્ધા છે તે શ્રદ્ધા ચોલમજીઠના રંગ જેવી છે. કદી ગમે તેવા મનુષ્યોના સમાગમથી પણ આપપ્રતિની અનન્ય શ્રદ્ધા ન્યૂન થવાની નથી. હે સદ્ગુરો ! હું તમારો છું આપની આજ્ઞાનો હું ઉપાસક છું, હું આપના ઉપર અત્યંત પ્રેમ ધારૂં છું ત્યારે તે વખતે આપના આત્માને મારારૂપે ભાળું છું તેથી તમે તે હું એવો અનન્ય સંબન્ધ અનુભવાય છે. મારામાંથી અહંત્વ કાઢી નાખું અને તમને ધ્યેયરૂપે ધારૂં છું ત્યારે त्वमवाहं એવું ભાન થાય છે. તમારી જે દિશા છે તેજ મારી દિશા છે એવં. આપની ભક્તિના દ્વારા અહંત્વભાવનો નાશ અને અનન્યદશાની આપને દક્ષિણા સમર્પું છું તે કૃપાદૃષ્ટિ કટાક્ષતઃ ગ્રહણ કરશો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી હું ને તમે એવું, સદા જ્યાં ઐક્ય આનન્દમય,
" બુદ્ધ્યબ્ધિ " પ્રેમ લાવીને, ગુરૂજી દક્ષિણા લેશો. ૭

સં. ૧૯૬૭ આષાઢ શુદિ ૩ મુંબાઈ. ॐ शान्तिः. ॐ शान्तिः ॐ शान्तिः ३.

---

(૭) હે સદ્ગુરો! આપના સદ્ગુણોની પ્રાપ્તિ માટે આપના સદ્ગુણો ઉપર પ્રેમ ધારણ કરૂં છું અને સદ્ગુણ પ્રેમની ભાવનામાં જ્યારે લીન થઈ જવામાં આવે છે ત્યારે હું અને તમે એવું ભાન ભૂલી જવાય છે અને તત્ સમયે આપનું અને મ્હારૂં ઐક્ય અનુભવાય છે અને તત્ સમયે સત્વાનન્દગુણ ખીલી ઉઠે છે અને આપના સદ્ગુણોની સાથે ઐક્ય થતાં અપૂર્વ સુખની ઝાંખી અનુભવાય છે, એવી મારા આત્માની દશાની હું આપને દક્ષિણા આપું છું. સારાંશ કે આપની આજ્ઞા પ્રમાણે ચાલવાથી અહંત્વભાવનો નાશ થાય છે. આ સર્વસ્વ તમારૂં છે એવી ભાવનાની આપને દક્ષિણા આપતાં મન, વાણી, કાયા, અને નામાદિમાં અહંત્વ ઉઠતું નથી. અને મન, વાણી અને કાયાવડે ધર્મવ્રતોનું આચરણ થાય છે. હે સદ્ગુરો! હું આપનો છું, આપના અને મારા વચ્ચે દ્વિધાભાવ નથી. આપના આત્માની દશા પ્રાપ્ત કરવા માટે રાગદ્વેષ અને વિષયભોગ આદિ પાપવાસનાનો ત્યાગ કરીને આપને હું સર્વસ્વ માનીને અનુસરૂં છું. માટે હે સદ્ગુરો! મારા ઉપર પૂર્ણ પ્રેમ લાવીને ગુરૂદક્ષિણા ગ્રહણ કરશો. ગુરૂશ્રીના કહેવાનો આશય આદેય છે. મધુકર.

સમાપ્ત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only